સૌરાષ્ટ્રની રસધાર

ત્રીજી સેર

આવૃત્તિ ૧ લી
પ્રત—૧૦૦૦૦

સંવત ૧૯૭૯
સને ૧૯૨૩

પ્રકાશક
સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર
રાણપુર—(બી એસ રેલ્વે) કાઠિયાવાડ
કિંમત ૧—૮—૦

મુદ્રક અને પ્રકાશકઃ—
અમૃતલાલ દલપતભાઇ શેઠ,

મુદ્રણસ્થાનઃ—
સૌરાષ્ટ્ર મુદ્રણાલય.
ગીબ રોડ—રાણપુર.

સૌરાષ્ટ્ર
ની
રસધાર

અનુક્રમણિકા

(જુઓ પાનું ૪)

જેની જીભે સાક્ષાત સરસ્વતી હતાં,
જેનાં જીવનમાં શૌર્ય, સત્ અને પરમાર્થ ભર્યાં હતાં,
લાખોનાં દાનને જે લાત મારી શકતા,
રાજાના પણ રાજાને જે કડવું કહી શકતા,
જેણે ક્ષત્રીઓનાં ક્ષાત્રતેજ ટકાવ્યાં અને જગમશ દૂર કર્યાં,
જેણે જગતને ચંદ અને ઈશર બારોટ આપ્યા,
કામબાઈ અને જાનબાઈ સમા સતીઓ સમર્પી,

પરંતુ

જેના વંશજોનો વિશેષભાગ આજે
સરસ્વતીથી રીસાયો છે, સતથી અળગો થયો છે,
ઓજસહીન અને ખુશામતખોર થયો છે,
કંજુસને કર્ણ કહેનાર, લંપટને ભીષ્મ ભણનાર.
એટલું જ [illegible] થયો છે, તે

તે ચારણ દેવોને

તેનાજ તેજનો આ એક [illegible]
તેનાજ કાવ્ય ઉપવનનું એક ન્હાનું ઝરણું,

રસધાર

ભક્તિભાવે સમર્પણ.

તે એવી આશા સાથે, કે
તેનો ભવ્ય ભૂતકાળ પાછો વળે,
તેની જીભે સરસ્વતી અને સત્ ફરી [illegible],
તે સાચા દેવ બને, શૌર્યના સાગર ફરી ઉલ[illegible]વે,
આ નિસ્તેજ બનેલા ભારતને ફરી તેજવંતું, શૌર્યવંતું,
કવિતાભર્યું બનાવે.

લી હું છું આપનો ગુણગ્રાહક,
અમૃતલાલ દલપતભાઈ શેઠ.



બે બોલ

મુંબઈના કોઈ એક લેખકે એક વાર ઉદ્‌ગાર નાખેલો કે "કાઠીઆવાડ-ગુજરાતની ભૂમિમાં કવિતાને પ્રેરે એવું કશું રહ્યું નથી. એટલે આપણે એ પ્રેરણા લેવાને માટે કાશ્મીર જવું પડે છે"

એવું આકરું મેણું પામેલ આ કાઠીઆવાડની—આ સૌરાષ્ટ્રની—ભૂમિની તાકાતનો, પણ બની તેટલી પિછાન આપવાનો 'રસધાર'નો અભિલાષ છે

સૌરાષ્ટ્રના મર્મભેદો આજે કાંઈ પહેલવહેલા પ્રકાશમાં આવે છે એમ તો નથી. દલપતરામ કવિના વખતમાં કે કદાચ તેથી યે વધુ સમયથી, 'ગુજરાતી' પત્રના દિવાળીના અંકમાં સૌરાષ્ટ્રની પ્રાચીન કવિતાનો ઝરો ચાલુ જ હતો છે. એના વિન્દુ મેળવ્યા પછી જ ઘણું ભાગે એ રસ-મધુના વધુ મદ ઝીલનારા લાગ્યા હતા.

ત્યાર પછી "કાઠિયાવાડી જવાહીર"ના પ્રયોજક સદ્‌ગત શ્રીમદ્ વસનજીએ પણ એ પ્રવાહની અંદર પોતાની નાની શી નીક મેલાવી હતી. પણ નવા સાહિત્યના પ્રચંડ વેગમાં તે વખતે આપણો લોક સમુદાય તણાતો હતો. પ્રાચીનતા પ્રત્યે અતિશય અણગમો વ્યાપેલો હતો. 'અસ્મિતા'ના યુગ હજુ નહોતો બેઠો.

ત્યાર પછી બંધુ કહાનજી ધર્મસિંહે 'કાઠિયાવાડી સાહિત્ય' નામના કાઠિયાવાડી દુહાઓના બે સંગ્રહો વાટે એ વહેનને જોશ દીધું. કમભાગ્યે એ સુંદર સંગ્રહની અંદર અર્થો સમજાવવાનું રહી ગયું છે.

ત્યાર પછી બંધુ હરગોવિંદ પ્રેમશંકરે "કાઠિયાવાડની જૂની વાર્તાઓ" પ્રકટ કરી. 'ગુજરાતી'માં પ્રસિદ્ધ થએલી થોડીક વાર્તાઓ ઉપરાંત પોતાની પાસેના ઘણો સંગ્રહ તેમણે ગુજરાતી આલમને ચરણે ધરી પોતાના અનેક વર્ષોના સાહિત્ય પરિશ્રમને તેમણે સફળ કર્યો.

પોરબંદરને તીરેથી પણ એક સુંદર, ને સુવ્યવસ્થિત પ્રયાસ થયો. બંધુ જગજીવન કાલિદાસ પાઠકે "મકરધ્વજવંશી મહીપમાળા" નામના ન્હાનકડા પુસ્તકમાં 'જેઠવા વંશ'ના અતિ પ્રાચીન પૂર્વજોની હકીકતો ઇતિહાસના દટાએલા ખંડેરોમાંથી ખોદી કાઢી, ઘણે સ્પષ્ટ રીતે પ્રકટ કરી. એ માટીના પડેપડમાં બાઝેલું

મનોહર સાહિત્ય સંક્ષેપમાં સારૂં કરીને અજવાળે આણ્યું. છતાં જેઠ-વાઓની અદ્દભુત પ્રેમ–શૌર્ય કથાઓ હજુ પૂરેપુરી નથી કહેવાઈ ગઈ. બરડાની બખોલોમાં કૈં કૈં મીઠા ઝરાઓ હજુ સંતાતા સંતાતા વહેતા હશે. એક દિવસ કોઈક લોભીઓ આપણને એ બતાવશે.

આ 'રસધાર'ની અંદર જરા જૂદો માર્ગ પણ લેવાયો છે. સોરાષ્ટ્રનાં કેટલીએક કવિતા કેટલીએક શૌર્યવંત વ્યક્તિઓના ઈતિ-હાસની સાથે આલોગીને ઉભી છે.

એ કવિતાઓ કોઈ નાલયક પુરૂષોની નથી. ગોહિલકૂળ, જેઠવા–કૂળ, ઝાલાકૂળ, અગર બાબર ખુમાણ વગેરે નામાંકિત કાઠી કુળોના એ બધા પુરૂષો મહાન્ હતા તેઓની જીવન–કથાઓ, વિના કવિતાએ પણ કવિતા સરખી જ રસવતી છે જ્યાં જ્યાં જીવનની મહત્તા, ત્યાં ત્યાં કવિતા તો કદાચ પોતાની મૌન વણાયલને બેઠેલ જ હોય છે.

હિમાલયના બરફ–શિખરો ઉપર સૂર્યનાં કિરણો પડે, અને વિગલિત બનીને ધારારૂપે વહેવા લાગતું એ બરફ શિખર, કદી ન ગાએલું એવું કલકલ ગાન કરવા લાગે છે, એવી જ રીતે ઈતિહાસની અંદર પણ ચારણનાં કલ્પના-કિરણોનો સ્પર્શ થતાં, એવું જ રસઝરતું એક ગાન ઉઠે છે 'રસધાર'ની અંદર એકલા કલ્પના નથી ગાતી ઈતિહાસ તે એ ગવરાતો રહી છે.

દુહાઓનું સાહિત્ય ઘણું ગે બહાર આવ્યું છે. પરંતુ, ગીતો, કવિતો અને છંદનું સાહિત્ય હજુ પ્રસિદ્ધ નથી પામ્યું. એ બધું સાહિત્ય પ્રકટ કરવાનો 'સૌરાષ્ટ્ર'ના મનોરથ છે જ્યાં સુધી સંઅંક ચાલી શકે ત્યાં સુધી પ્રતિવર્ષ 'રસધાર' દ્વારા એ મનોરથ પાર ઉતારવાની ઉમેદ છે વાંચકો એ સમજવા યત્ન કરશે, તો એમાંથી સુધા–રસના ફૂવારા જ છૂટશે.

એકની એક જ વાત કહેવાની છે કે પ્રાચીન સૌરાષ્ટ્રના

એ ચિહ્ન દેવાંનો પરિશ્રમ છે. સૌરાષ્ટ્ર પોતાનાં પાંચ રત્નો વડે જ બીજા પ્રાંતોથી જૂદો પડે છે, અગર ઊંચો ચડે છે, એમ નથી સૌરાષ્ટ્રની વિશિષ્ટતા તો અનેક છે. 'સૌરાષ્ટ્ર' એક–અને એકલો જ છે. સૌરાષ્ટ્ર બે નથી. સૌરાષ્ટ્ર જેટલો જીવતો દેખાય છે, તેથી અનેક-ગુણો તો એ દટાએલો પડ્યો છે.

આજથી બરાબર એક વરસ પહેલાં 'સૌરાષ્ટ્ર'ની અંદર ચાર વાર્તાઓ પ્રકટ થએલી. 'રસધાર'નો ઝરો તે વખતથી શરૂ થયો.

એ વાર્તાઓને મળેલા લોક-સત્કારથી જ "રસધાર" ને પુસ્તકાકારે પ્રયોજવા પ્રેરણા થઇ. એ મંગળમુહૂર્તનું, ને પ્રેરણાનું માન હડાળાના રસજ્ઞ રાજવી શ્રી વાજસૂરવાળાને ઘટે છે. 'ચાંપરાજ-વાળા' ને 'ભોળો કોત્વાળ' એમની જ કહેલી વાતો છે. કેટલાંએ વાચક-યુગલોની આંખોમાં આંસુ પડાવનાર "આહેરની ઉદારતા" અને "પ્રબળ પાપનું પરિણામ" પણ એમણે જ લખી મોકલેલી બે વાતો છે.

'રસધાર' ના આરા પર એમનું નામ કાયમ અંકાએલું રહેશે.

ત્યાર પછી "આનું નામ તે ધણી" અને "રંગ છે રવાભાઇ રજપૂતને" એ બે અમોલી ભેટ ધરનાર અમારા સ્નેહી ભાઇ પોપટલાલ છગનલાલ વડોદ—(દેવાણી) વાળા છે. સોરાષ્ટ્રની રજપૂત કોમને માટે પ્રીતિની જે શગડી એમના દિલમાં સળગી રહી છે, તેના જ આ બે તણખાઓ ગણી શકાય.

વળા રાજ્યના વિદ્વાન્ રાજકવિશ્રી ઠારણભાઇએ 'રાવળ જામ ને જેસા જમાદાર' તથા 'રાયસિંહજી' ની કાવ્યબદ્ધ કિમ્મતી વાતો સ્વહસ્તે લખી મોકલેલી, અને પોતાની પાસેનો, ગીત કવિતોનો મોટો ખજાનો અમારી પાસે ધરી દીધેલો. એમાંથી પણ અમે ઉપયોગ કર્યો છે. એ પ્રૌઢ કર્ણ કવિશ્રીને કંઠેથી ગાજતી ચારણી કવિતા સાંભળવી, એ એક અમોલી જીવન-લ્હાણ છે. એવા કવિઓની આજે સોરાષ્ટ્રમાં ખેંચ છે. જોડકણાં જોડનારા ચારણોનો રાફડો ફાટ્યો છે.

લીંબડીના રાજકવિશ્રી શંકરદાનભાઇ તો સોરાષ્ટ્રની આ પ્રવૃત્તિ પર સદાય ઓછા ઓછા જ થતા આવ્યા છે. 'રસધાર' ની અશુદ્ધિઓ શુદ્ધ કરવા, તેમજ કેટલીએક વાર્તાઓને લગતું દુહા-કવિત વિગેરે સાહિત્ય મેળવી આપવા તેઓશ્રી કાયમ હર્ષભેર આતુર રહેતા. 'રસધાર' ને શિરે એમનું પણ ઋણ ઓછું નથી.

અને કાઠીઆવાડની ચારણ-કોમના મુરબ્બી મનાતા એ પ્રખર વૃદ્ધ શ્રી પીંગળશીભાઇ, જે આજે ભાવનગરના રાજકવિપદને શોભાવી રહ્યા છે, એમની મમતાને તો રસધાર શી રીતે ભૂલે? કલાકોના કલાક સુધી બેસી બેસીને અતિ ધીરજપૂર્વક અને રસભેર એમણે 'રસધાર'ના વહેનનો ખડબચડો માર્ગ સરખો કરી આપ્યો, ને પત્રવ્યવહારથી પૂછાવેલી હકીકતોના પણ વિના કંટાળ્યે ખુલાસાઓ

મોકલ્યા. 'રા'નવઘણ'ની વાર્તા એમની કહેલી છે. 'સેજકજી' ને મોખડાજી'ની અંદર યોજાએલા છંદો પણ એમની જ મધુર કૃતિઓ છે.

" ગોકુળીયું નાનું ગામડીયું " વગેરે મનમોહક પદો રચ્યા, કોઈ પુરાણા ભક્ત કવિની ભ્રાંતિ કરાવનાર, ગામડીયાં લોકોને ગાવા માટે ભક્તિભાવભર્યાં ગીતો રચ્યા ગામે ગામે ચટક લગાડનાર આ પીંગળશી કવિ સોરાષ્ટ્રમાં એક જ છે, એ નથી કવિતાના નવા યુગ-પ્રવર્તકોમાંથી કોઈએ નથી આપ્યું, એવું કંઈક આ કાઠીઆવાડને પીંગળશીભાઈએ આપ્યું છે એ આશા રાખીએ છીએ કે એમણે જે આપ્યું છે તેની કિંમત જાણ થાય, અને જીવનના આ સંધ્યાકાળે એ કવિ વધુ ને વધુ ભજનાં લલકારે

આ તમામ સહૃદયતાના ગહરા નિઃસ્પૃહ, નિઃસ્વાર્થભરી મમતાનું "સોરાષ્ટ્ર" સદા ઋણી રહેશે

આ ઉપરાંત કવિ કાનજી પોતાની પાસેનો આખો સંગ્રહ યોગ્ય ઉપયોગ માટે અમને આપી દીધો, તેમનો ઉપકાર માનવો પણ અમે ચુકી શકતા નથી

કાઠિયાવાડના [illegible], કેપ્ટન સાહેબ જોરાવરસિંહજી ભાઈએ આ રસધારમાં અનેક રીતે સહાય કરી છે. તેનું ઋણ પણ જેટલા અંશે આથી ચુકવ્યું ગણાતું હોય તેટલે અંશે અમે ચુકવવાનું યોગ્ય ધારીએ છીએ.

છેલ્લું, અને સહુથી વધુ અગત્યનું નામ આવે છે અમારે ત્યાંજ રહી અમારી સાથે કામ કરનાર ગઢવી શ્રી માધવદાનભાઈનું. એક તરફથી અમે 'રસધારનું' નામ જાહેર કરી નાખ્યું, ત્યાં બીજી જ પ્રભાતે આ ગઢવીનું સાહિત્યને દ્વારે અકસ્માત આગમન થયું. રસધારનો બાકીનો સંગ્રહ એમને આભારી છે. એ ભાઈ એક કુલીન ચારણપુત્ર છે. બહુશ્રુત છે. મોટા કવિઓના પાસે જે વૃત્તાંતો ન મળી શકે, તેવા કેટલાક વૃત્તાંતો ભાઈ માધવદાન પોતાની ન્હાનાં ગામોની મુસાફરીમાંથી મેળવી શકેલા છે.

કેટલોએક સંગ્રહ તૈયાર કરેલો પડ્યો રહ્યો છે વિશેષ સંશોધન ચાલુ જ છે. આવતે વર્ષે પણ એનો એ જ રસ 'સોરાષ્ટ્ર'ના પ્રેમીઓને અમે પાવાના છીએ. બેશક, આવતા વર્ષનો સંગ્રહ, વધુ વ્યવસ્થિત, વધુ શુદ્ધ, અને વધુ રસભર્યો થવાનો.

તા. ૧૩–૧૦–૨૨


શુદ્ધિ-પત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૨૧	નમ્રતાપૂર્વ	નમ્રતાપૂર્વક
૪	૭	કર્યો	કર્યો
૬	૯	ચારે	ચારે
૭	૨૨	કે	કહ્યું કે
૮	૬	રમૂકય;	રમૂકયા;
૧૬	૧	આહ્રંદ	આક્રંદ
૧૭	૧૧	ાજ	ફોજ
,,	૧૬	હતાં	હતા
૨૦	૧૮	ગાડા ખડુએ	ગાડા ખેડુએ
,,	૨૫	ઠઠોળયો	ઠઠોળયો
૨૩	૧૧	તો	બહુ તો
૨૫	૨૨	કહેવરા૦	કહેવરાવ્યું
૨૬	૧	માબાપને	માબાપને
૨૯	૨૧	રહેવાનો.	રહેવાનો
૩૦	૪	બધ	બહીક
૩૭	૧૬	ણ્યાછે ?"	જાણ્યાછે ?"
૪૩	૯	આદર્યું	આદર્યું
૪૫	૨૫	તાલો	તોલો
૪૮	૧૧	નિર્દોષ	નિર્દોષ
,,	૧૫	વાર્યો	વાર્યો
૫૨	૧૭	પાળે	પાળે !
,,	૧૯	ખાદું	ખાડું !
૬૬	૩	તાણી	રજપૂતાણી
,,	૪	છે	પૂછે
૬૭	૨૦	લોહીમ	લોહીમાં

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
,,	૨૧	ભરવ	ભરવી
૬૯	૩૧	રાની	રાજા
,,	,,	રાહોડ	રાઠોડ
૭૦	૪	ાતાની	પોતાની
,,	૯	ગયા	ગયાં.
,,	૧૦	ઐંગાર	એંગાર
,	૧૭	ખરીઓનો	ખરીઓનો
૭૧	૪	કોઇ કોઇ	કોઇના ઘરમાં કાંઇ
,,	૭	વા	વગર
,,	૧૨	નહ	નહીં
૭૨	૧૮	कटान	कांठान
૭૩	૩	વપ	વર્ષ
૭૩	૨૪	પ ડું	પાડું
૭૫	૧૦	હુવાલદારની કરી	હુવાલદારની વાત કરી
,,	૨૦	મદદ	મદદ કરે
૮૨	૨૭	સોપી	સોંપી
૮૪	૧૮	આલાવો	ચલાવો
૮૭	૨	કુંડારેલા	કંડારેલા
૮૯	૧	એ તો	જુએ તો !
૮૯	૧૬	કુવો	મને એ કુવો !
૯૦	૧	મ	કમા એમ
૯૧	૨૪	तुन	तुां
૯૨	૧	अंम	अंग
૯૩	૧૭	काधर	काधिर
૧૦૦	૪	જતા	સુજતા
૧૦૮	૨૧	વખતે	ચડયા." એ વખતે
૧૦૯	૧૭	મોડભા	મોરભાઇ
૧૧૧	૧૬	અથાંકો	અર્યાંકો

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૨૩	૨	ધ્રુજે	ધ્રુજે
૧૨૫	૧૩	મળતાં જે	મળતાં જ
૧૩૧		રતા	ફરતા
૧૩૬	૨૨	જુવાનીએ	જુવાનીઆં
૧૩૯	૧૫	ચથા	થયા
૧૪૮	૧૫	ત્ય	ત્યાં
૧૪૯	૪	ફુકડાં	હરણું
૧૫૪	૨૩	જ	જાહેર
૧૫૬	૧	નીમાની	નીર માની
૧૬૦	૭	કાઠે	કાંઠે
૧૬૧	૧૫	નરખ	નિરખતા
૧૬૨	૮	મુંઝાતો તો	મુંઝાતો હતો
૧૭૦	૧૦	લોહી લોહાણ	લોહી લોહાણ કરી
૧૭૪	૧૫	માણ	ખુમાણ
૧૭૬	૫	(ઇ ઇં)	(ઇં)
૧૮૧	૨૫	રંભાધણી	પેરંભ–ધણી
૧૮૩	૨૧	શંકર	સંકરં
૧૮૬		જગ ચા	જગ ચાર
૧૯૦	૧	ઉનાયો	ઉતાર્યો
૧૯૨	૨૫	નેગ્રડી	નેહડી
૧૯૮	૨૫	ખોઢીદાર	ખોડીદર
૨૦૨	૧૫	પહુંચ્યો	પહોંચ્યો
૨૦૩	૨	કર્યું	કર્યું
૨૦૫	૨૬	એહે છે,।	એહો છે,
૨૦૬	૯	ને	નો
૨૦૬	૨૭	વળાં વરૂવડી	વળાં પૂગ્ણ વરૂવડી
૨૦૭	૧૪	બાચૂત	બાચૂત

સૌરાષ્ટ્રની રસધાર.



રંગ છે રવાભાઇ રજપૂતને !



વિક્રમ સંવત ૧૮૭૦ની રામનવમીની એ સુંદર સવાર હતી. ચૈત્ર માસના કુમળા સૂર્યનાં પ્રતાપી કિરણોએ જગતને જાગ્રત કરી દીધું હતું. પક્ષીઓ કલરવ કરી રહ્યા હતા; નજીક-આંબાવાડીઓમાં કોયલો ટૌકા કરી રહી હતી. આ સમયે ભાવનગર પાસે વરતેજ ગામને સિહોર વચ્ચેના મધ્ય પ્રદેશમાં એક ઘોડેસ્વાર રજપૂત યુવક પોતાની પડીહાર તલવારના સડ ઉપર આંગળીઓ ફેરવતો, ઘોડી મદિર ચાલે ચલાવતો, ગાતો, ધીમા દોહરાના મધુર ગાનમાં મસ્ત થઇ જતો હતો. પોતાની પાસે કાઠના ડક્કડતા પૈડાંનાં બે ગાડાં હતાં. એક ગાડું ગુણુ પરમાર નામનો રાજપૂત હાંકતો હતો; અને બીજું ગાડું જગો મકવાણા નામનો કોળી હાંકતો.

વરતેજ અને સિહોર વચ્ચે કાણીયા આંબા નજીક આવતા દૂર ૫૦-૬૦ સ્ત્રી પુરૂષનો કાફલો ચાર પાંચ ગાડાં સાથે જતો હતો. તે જોઇ રાજપૂત યુવકે પોતાની ઘોડીની લગામ જરા ઢીલી કરી અને આગળ વધ્યો.

આગળનો સંઘ દ્રષ્ટિમર્યાદામાં આવ્યો અને યુવકે નજર માંડી નિરખવા માંડ્યું. હજુ તો એ શંકાશીલપણે મનમાં વિચાર કરે છે કે:-"આતો આપણા ગામના ગોરધનશેઠ ! અને પેલા હડવાના ચાંપશી શેઠ !"—ત્યાં તો સંઘમાંથી અવાજ આવ્યો.

"ઓહો હો હો ! આ તો આપણા રવાભાઇ ! પધારો બાપુ, પધારો. તમે ક્યાંથી ?"

"ગોરધનશેઠ જેસ્વામીનારાયણ! ચાંપશીશેઠ જેસ્વામીનારાયણ!" રવાભાઇએ જવાબ વાળ્યો: "આપણા ઓરડા ચણાય છે, તેના સારૂ કાટ લેવા હું ભાવનગર ગયો હતો."

"ઠીક થયું, ઠીક." એ ત્રણ શેઠીયા બોલ્યા: અમે સૌ ભાવનગર કારજ ઉપર ગયા હતા. ત્યાંથી આજ ઘેર જઇએ છીએ. સાથ પાંચ સાત હજારનું જોખમ છે. સારૂં થયું તમારો ઘર સુધીનો સંગાથ થયો."

"ઠીક! ભલે! જો એમ હોય તો આપણે સૌ સાથે [illegible]. પરન્તુ મારે હજુ હોશીઆરી રાખવી પડશે." એમ કહી રવાભાઇએ પોતાના [illegible] આગળ કરી [illegible] વાણિયાના ગાડાં [illegible] પોતે [illegible] સવાર [illegible].

[illegible] કાઠીયા [illegible] રસાલા [illegible] એટલે રવાભાઇએ પૂછ્યું [illegible] ક્યાં [illegible]!"

[illegible] બોલ્યા: "આ [illegible] છે. કેઇ [illegible] સાથે જરજોખમ હોય તો અમારે [illegible] માટે સાથે ચાલવું એવો હમારી હુકમ છે."

આવો જવાબ છતાં રવાભાઇને શંકા રહી "તેમ હોય તો પણ ભલે, અમને તમારી જરૂર નથી. કારણ, હું રાજપૂત–ગીરાશીઓ છું, અને સાથે છું. તમે તમારે પાછા વળો." પણ સૌ વાણિયાઓ બોલ્યા કે "એક કરતા બે ભલા; માટે એ ભલે સાથે આવે." રવાભાઇએ વધુ આગ્રહ ન કર્યો અને સૌ રસાલાએ આગળ ચાલવા માંડ્યું.

રવાભાઇ કાઠિયાવાડમાં આવેલા પચ્છેગામના દેવાણી ભાયાત-વડાદ (દેવાણી)ના ભાગદાર હતા; અને ગોરધનશેઠ તથા તેમનાં ભાઇઓ તેમની પ્રજાજન હતા. સૌ ભાવનગરથી આવતાં જળીયા આંબા આગળ સાથે થયા હતા.

સાંજના ચાર વાગ્યા પછી ચોગઠ અને ઢંઢાળીઆ ગામ વચ્ચે કાળીસર નદી ઉતરી સૌ સામે કાંઠે ચડ્યા; ત્યાં દૂરથી

બે શસ્ત્રધારી પુરુષો રસ્તા. વચ્ચે બેઠેલા રણધીર રવા ભાઈએ જોયા. પ્રથમથી જ આ રાજપૂત યુવક ચારે તરફ નજર ફેરવતો હોશીઆરીથી ચાલતો હતો. પોતે માર્ગમાં બેઠેલ શસ્ત્રધારી પુરુષોને જોઈ આડી અવળી નજર ફેરવી. ત્યાં તો દૂરથી આડેમાર્ગે બીજા બે શસ્ત્રધારી પુરુષોને પોતા તરફ આવતા જોયા. એક તો પ્રથમથી જ સાથે ચાલતા બે હથીયારબંધ માણસો પ્રત્યે તમને વહેમ હતો જ, અને તેમાં આ બધે ભેગા જોઈ તમને ખાત્રી થઈ કે સાથે ચાલતા શસ્ત્રધારીઓ જુબેદાર નથી, પરંતુ આ વાણિયાઓ [illegible] હેઠ [illegible] [illegible] વખત આવી સંડોવ્યો છે એમ ધાર [illegible] [illegible] કરી, [illegible] [illegible] [illegible] છે તે જોતા રવાભાઈ આગળ ચાલ્યા.

આડમાર્ગેથી [illegible] [illegible] આગળ બેઠેલા છે ભાઈઓ [illegible] ગયા, [illegible] [illegible] ગાડા આવ્યા એટલે રસ્તા વચ્ચે ઊભા [illegible] ઉભા [illegible] ગયા અને કહ્યું "અમને અહીં [illegible] રવાનો શક છે, માટે આ ગાડાઓની જડતી લેવા દ્યો."

ગાડા અટક્યા એટલે રવાભાઈ તો ચેતી ગયા; અને પોતે ઘોડી ઉપરથી ઉતરી, પોતાના બન્ને ગાડાવાળાને સાથે લઈ આગળ આવ્યા, અને જડતીને બહાને ગાડા અટકાવ્યાનું જાણી આગળ ઉભેલા શસ્ત્રધારીઓને નમ્રતા પૂર્વક કહ્યું: "ભાઈઓ! આગળના ગામે દરબારી પોલની રૂબરૂ તમે તપાસ કરજો, પરંતુ આમ વગડાનાં જડતી ન હોય. માટે બાજુ ખસો અને ગાડા ચાલવા દ્યો." આટલું કહેતા જુબેદાર તરીકે સાથે ચાલતા બે માણસો પૈકી [illegible] બોલ્યો: "દરબાર! તમારા કાટનાં ગાડાંની જડતી લેવી નથી; માટે તમે તમારાં ગાડાં હાંકી ચાલતા થાઓ; અને આ બીજાં ગાડાંઓની જડતી ભલે લ્યે."

રવાભાઈ પ્રપંચ પામી ગયા. સાથે ચાલતા બન્ને આદમી જુબેદાર નહીં; પરંતુ આ લૂંટારૂ ટોળીમાંના જ માણસો

છ એમ આત્રા થઈ ચૂકી અને બોલ્યા: "આ બધા બાડાં મારાં છે. કાટનાં ગાડાં કાંઈ જુદાં નથી. તમારી ઇચ્છા હું જાણી ચૂક્યો છું. પણ ભાવનગરની જમણી ભુજા આ દેવાણીને તમે નહીં જાણતા હો. હું તેનો નાસ્સદાર! મારા દેહમાં પ્રાણ હશે, ત્યાં સુધી તમારી ઇચ્છા પૂરી નહીં જ પડે. મારા કુળની સજ્જનતા અને શૂરવીરતાની શાખ ઉપર આ સૌએ મારો આશ્રય કર્યો છે. તેના પ્રમાણ તરીકે પ્રાણાંતે પણ હું તમો પાપીઓનો પંજો આ પ્રવાસીઓ ઉપર પડવા નહીં દઉં. છતાં એક નિયમને ખાતર હું ફરી નમ્રતા-પૂર્વક કહું છું કે:—ભાઈઓ! જવા દો, અમને જવા દો. આજે રામનવમી છે; મને નકોરડો ઉપવાસ છે. નાહક મારા જીવને ક્લેશ થશે. માટે બાજુએ ખસી જાઓ!"

[illegible] વાતચીતથી ઉશ્કેરાઈ [illegible] નગારાં [illegible] 'મારવામાં અને જાઓ [illegible] હુકમ [illegible]. અને તરત [illegible] ઉપર [illegible] તેમાંના એક બહારવટિયાએ પોતાની [illegible] ભાલામાં એવું [illegible] બોલ્યા કે "આપણા [illegible] એક [illegible]." એટલામાં એક જણે દરબાર ઉપર [illegible] ઘોડાનો [illegible] ઘા કર્યો: પણ [illegible] ચપળતાથી [illegible] ઘા [illegible] દીધો. ત્યાં રવાભાઈ બોલ્યા: "ભાઈઓ! હું એકલો [illegible] છું. દુશ્મનો વધારે છે. તમે [illegible] મારી પીઠ સંભાળજો. સ્વામીનારાયણ સહાય કરશે." રવાભાઈએ તલવાર ખેંચી.

[illegible] સૌ બીકથી દૂર ભાગી ગયા. સાથેના રાજપૂતમાંથી પણ રાજપૂતાઈની રજ ઉડી ગઈ; પણ જગો કોળી હાથમાં મોટું આડું લઈ દુશ્મનનાં ઘા ઝીલવા રવાભાઈની પીઠ પાછળ આવી ઉભો. આ બધું એક ક્ષણમાં બની ગયું.

બહારવટિયાઓ ઘોડાનો ઘા ખાલી જવાથી વધારે ખીજાયા; અને રવાભાઈ હજી તો તૈયારીમાં હતા; ત્યાં તો દુશ્મનમાંથી એકે જોરથી રવાભાઈ ઉપર તલવારનો ઘા કર્યો. રવાભાઈ જરા પાછળ હઠી ઘા ચૂકાવવા ગયા ત્યાં તો હાથના જમણા કાંડા ઉપર સખ્ત ઘા પડ્યો.

એક તો નકોરડો ઉપવાસ હતો; તેમાં પાછા હઠતાં ઠેસ આવી અને ઉપરથી ઘા પડયો; એટલે શરીર લથડયું અને લથડતાં શરીર ઉપર દુશ્મને તરતજ લાગ જોઇ બીજો ઘા કર્યો. પરંતુ ઘણીજ ચપળતાથી એ ઘા ચૂકવી, પડતાં પડતાં સ્વાભાઇએ તરવારનો જોરથી લેખણવઢ ઘા કરી એકને જમીનદોસ્ત કર્યો અને પોતે પાછા ઉભા થઇ ગયા. એટલામા બીજા દુશ્મને માથા ઉપર તરવારનો ઘા કર્યો તે પોતાને માથામાં વાગ્યો, પરંતુ તરવારના એકજ ઘાથી તે દુશ્મનને તો પૂરો ઠાર કર્યો આમ એક ઠાર થયો અને એક [illegible] જખમાયો. એટલે બાકીના દુશ્મનો [illegible] થઇ ગયા અને બન્ને લાશો ઉપાડી જીવ લઇને નાઠા.

સ્વાભાઇના [illegible] ફાગીએ [illegible] ઉપર [illegible] ઘા અને [illegible] એક [illegible] ઘા લાગેલા છે. છતાં શૂરા ચંડાળા રાજપૂત સામે [illegible] દુશ્મનો પાછા હઠ્યા [illegible] વાઘેરો [illegible] હોઇ દુશ્મનોને પકડી લીધા [illegible] લાકડી [illegible] [illegible] ઘા [illegible] દુશ્મનોને ખબર [illegible] ગયા [illegible] બેશુદ્ધ થયા [illegible] સ્વાભાઇને [illegible] લઇ સૌ ધીમે ધીમે ઘર તરફ રવાના થયા.

સ્વાભાઇ સ્વામીનારાયણના પરમ ભક્ત હતા પોતે બેભાન થતા પહેલાંજ સૌને કહી દીધું કે "મારા પ્રાણ જાય તો ભલે. પણ મને મારા ભાઇઓ દારૂ પાય ના પાવા દેશો નહી. ક્ષત્રીઓ તો યુધ્ધમાં મરી સ્વર્ગે સિધાવે"

મોડી રાત્રે સૌ વડોદરે આવી પહોંચ્યા; સ્વાભાઇની માતાને પુત્ર ઘવાયાની ખબર પડી; માતાએ મોઢાનાંથી દુ:ખનો એક શબ્દ સરખોય ન કાઢયો.

"મારા પુત્રનું તો ગમે તે થાય પરંતુ મારી વસ્તીના જાનમાલનું રક્ષણ થયું એટલે મારો પુત્ર જીવતો છે એમ જ હું સમજું છું."

ભાવનગર મહારાજ જશવંતસિંહજીને આ શૂરવીરતાના સમાચાર તરત જ મળી ગયા. તેમણે ખાસ વડોદ કહેવરાવ્યું કે: "રવાભાઈ સાજા થાય ને માથે પાણી નાખો ત્યારે અમને ખબર આપજો." બે માસ પડદે રહ્યા પછી, રવાભાઈને માથે પાણી નાખવામાં આવ્યું. ભાવનગર મહારાજને ખબર કરવામા આવ્યા. મહારાજશ્રીએ સોનાની મૂઠની તરવાર તથા સોનેરી શેલું ભેટ મોકલ્યાં; ભારે શાબાશી આપી; શૂરવીરતાની કદર કરી.

× × × × ×

થોડા વખત પહેલા ભાલ પ્રદેશનાં એક ગામમા ચાર્દે લાવદો મળ્યો હતો. નવાબખાં જમાદાર નામનો એક વૃદ્ધ સિંધી ત્યા મ્હેમાન તરિકે આવેલો. જમાદાર ડાયરાઓમા બેસવાવાળા એટલે અફીણના વ્યસની હતા ચોરે કસુંબો નીકળ્યો જમાદારે કસુંબો લેતા પહેલાં આગળાથી છાંટા નાખી, "રંગ છે રવાભાઈ રાજપૂતને" એમ રંગ આપી કસુંબો લીધો. આ ડાયરાને કુતુહલ થયું; સૌએ પૂછ્યું કે 'રવાભાઈ કે ?" જમાદારે ઉપરના ધીંગાણાની વાત કરી કે

" ભાવનગર રાજ્યનો ભાલ દેશનો હું જમાદાર હતો રાજ્યનું ભરણું ભરવા ભાવનગર ગયો હતો ત્યાં કેટલાક વાણીઆઓ પાંચ સાત હજારના જોખમ સાથે નીકળવાની બાતમી મળવાથી અમે છ જણાની ટોળીએ તેમનુ હેરૂ લીધુ બે જણ, વાણિયા સાથે જુંબેદાર તરિકે શાલ્યા અને બીજા આગળ ચાલ્યા. કાળીસર નદી પાસે અમે ભેટો કર્યો અને પછી ધીંગાણુ જામ્યું. ત્યારે જાણ્યું કે ખરો રાજપૂત તો એક રવાભાઈ ! ત્યારથી હું રવાભાઈ રાજપુતને રંગ આપ્યા પછીજ કસુંબો પીઉં છું."

આ વાત બન્યાને આજે ૬૩ વર્ષ થયાં છે. ઓ ત્રેસઠ વર્ષના ક્રુર કાળ ! દૂર થા, દૂર થા.

જટો હલકારો

———*○*———

આંબલા ગામને ચોરે ગરાશીઆઓનો ડાયરો બેઠો હતો. સાંજ પડતી હતી અને ઠાકર મહારાજની ઝાલરની વાટ જોવાતી હતી. નાનાં છોકરાં આવીને નગારાં ઉપર દાંડીનો ઘા કરત કરતા આરતીની પ્રસાદી લેવા આતુર બની નાચતાં હતાં.

એ સમયે બજારમાં થઇને એક રજપૂત નીકળ્યો; પછવાડે રજપૂતાણી ઘુમટો તાણીને ચાલી આવતી હતી. રજપૂતે ડાયરાને રામરામ કરવા જેટલો પણ વિવેક ન બતાવ્યો; પણ ચોરે બેઠેલી મંડળીમાંથી એક ભાઇએ બાઇના અંગ પર નજર નાખીને રજપૂત મુસાફરને ટપાર્યો કે: "ભાઇ આંહીં રાત રોકાઇ જાઓને!"

"શું કામે?" મુસાફર રજપૂતે આંખ ત્રાંસી કરીને ખુમારીમા સામો સવાલ કર્યો.

"બહુ અસૂર થઇ ગયું છે. તમારે આઘેરા જવુ હશે: આ બાઇ માણસ સાથે છે; વળી માથે પાચ પંદરન. દાગીના છે: શા માટે જોખમ ખેડવું?" ડાયરામાંથી બે ત્રણ જણ બોલી ઉઠયા.

રજપૂતનો હાથ બગલમાં દાબેલી તરવારની મૂઠ પર ગયો: તોરમાં ને તોરમા રજપૂતે જવાબ પરખાવ્યો કે: "એમ હું યે કાંઇ બાયડી નથી; ઠાકોરો! પાણીઅ ળીનો હોય તે ભલે હાલ્યે આવે. બાયડાને વળી અસૂર શું ને વ્હેલું શું?

આવો જવાબ સાંભળીને ગરાશીઆનાં મ્હો ઝંખવાણા પડી ગયાં. મનમાં થયું કે આ મિજાજીન કયાંથી બોલાવ્યો? કોઇએ કે "મરવા ધો એને".

રજપૂત રજપૂતાણી ચાલી નીકળ્યાં.

ગામની કોળીવાડમાં વિજળીને વેગે વાત પહોંચી ગઇ કે [illegible] ચાલ્યો જાય છે! હશિયાર કોળીએ લાકડીઓ લઇને આડે

માર્ગે થાતા શિહોરને રસ્તે બે એક ગાઉ આઘા એક ન્હેરામાં જઈને લપાઈને બેઠા.

રજપૂત રજપૂતાણી ચાલ્યાં જાય છે; દિવસ આથમી ગયો છે; આઘે આઘેથી ઠાકરની આરતીના રણકાર સંભળાય છે. ભૂતાવળો [illegible] નીકળી હોય એમ દૂર દૂરના ગામડાંના ઝુંડમાં દીવા ઝબકવા લાગ્યા; પગઝાંઝર ઘુઘરીઓના અવાજ પણ રણક્યા; બાઈ પાછળ નજર કરે ત્યાં સાંગાસરાંનો હલકારો માથે ટપાલની થેલી મૂકી, હાથમાં ઘુઘરીઆળું ભાલું લઈને [illegible] જેવો ચાલ્યો આવે છે. કમરમાં નવી સજાવેલી [illegible] મ્યાનવાળી તલવાર ટીંગાય છે. [illegible] ઉપાડીને જટો હલકારો ચાલી નીકળ્યો છે.

[illegible] જટો [illegible] આવતી રજપૂતાણીની [illegible] થઈ ગયો. [illegible]

રજપૂત ઘોડા કદમ [illegible] ચાલી [illegible] હતા. [illegible] રજપૂતાણીને [illegible] છેટું પડેલું જોઈને પછવાડે જોયું. પરપુરુષ સાથે વાતો કરતી આને [illegible] ઘણું કહી ધમકાવી નાખી.

"મારા પીયરનો હલકારો છે, મારો ભાઈ છે" બાઈએ કહ્યું.

"ભલે ભાઈ, છાનીમાની ચાલી આવ. મા'રાજ ! તમે પણ જરા માણસ ઓળખતા જાઓ !" રજપૂતે જટાને [illegible] "ભલે બાપા !" એમ કહીને જટે પોતાનો વેગ ધીરો પાડ્યો અને ખેતરવા છેટું રાખીને જટો ચાલવા લાગ્યો.

ન્હેરામાં જ્યાં રજપૂત યુગલ ઉતરે છે, ત્યાં તો બાર જણાએ પડકારો કર્યો. રજપૂતના મ્હોંમાંથી બેચાર ગાળો નીકળી ગઈ; પણ મ્યાનમાંથી તરવાર ન નીકળી શકી. કોળીઓએ આવીને એને રાંઢવાથી બાંધ્યો; બાંધીને દૂર ફેંકી દીધો.

“બાઇ, ઘરેણાં ઉતારવા માંડ”. બાઇને લૂંટારાએ કહ્યું.

રજપૂતાણીએ અંગ ઉપરથી એક એક દાગીના કઢવાનુ શરૂ કર્યું. એના હાથ, પગ, છાતી વગેરે અંગો ઉઘાડાં પડવા લાગ્યાં. લાવણ્યવંતી એ કાયાએ કોળીઓની આંખોમાં કામના ભડકા જગાવ્યા. જુવાન કોળીઓએ પહેલાં તો જીભથી મશ્કરી શરૂ કરી; બાઇ શાંત રહી; પણ જ્યારે કોળીઓ એના અંગને અડકવા નજીક આવવા લગ્યા, ત્યારે રજપૂતાણી ઝેરીલી નાગણની જેમ ફુંફાડો મારીને ખડી થઇ ગઇ.

“ અલ્યા, પકડો એ સતીના પુછડીને ” કોળીઓએ અવાજ કર્યો.

બાઇએ આકાશ સામે જોયું, ત્યાં જટાના ઘુઘરા ઘમક્યા. બાઇએ બૂમ પાડી. [illegible] જટો પહોંચ્યો. કોળી લાકડી લઇને [illegible] તૂટી [illegible]. [illegible], તરવાર ચલાવી, [illegible] કોળીના પ્રાણ લીધા. [illegible] લાકડીઓનો માર એ ઘડીએ [illegible]. [illegible] મૂક્યું. બીકથી બાકીના કોળા નાઠી [illegible] પડ્યો. એની ખોપરી ફાટી ગઈ હતી: એના પ્રાણ નીકળી ગયા હતા.

બાઇએ જટાને પોતાના ખોળામાં [illegible]; તરત રજપૂત કહે કેઃ- “ હાલો ત્યારે ”

“ હાલશો ક્યાં? બાયલા! શરમ નથી આવતી? ઓલ્યો બ્રાહ્મણ મારા શિયળ માટે મરેલો પડ્યો. છે. જા, ઠાકોર તારે માર્ગે. મારે હવે તારી પથારીમા સૂવાનુ ન હોય. હવે તો આ મારા ઉગારનાર બ્રાહ્મણ ભેગી ચિતામાં જ હું સોડય તાણીશ.”

“ તારા જેવી કૈક રાંડ મળી રહેશે. ” એમ કહીને રજપૂત ચાલી નીકળ્યો.

રજપૂતાણી એ જટાના શબને ખોળામાં ધરી પરોઢીયા સુધી અંધારે બેઠી રહી. પ્રભાતે આજુબાજુથી લાકડાં વીણી લાવી; ચિતા ખડકી, શબને ખોળામાં લઇ પોતે ચડી બેઠી; ને [illegible] પ્રગટાવ્યો. બન્ને જણાં બળીને ખાખ થયાં. ગોહિલવા

હની અંદર આંબલા ગામથી શિહોર જવાને રસ્તે, આંબલા અને રામધરી વચ્ચેના ન્હેરામાં આજ પણ એ જટાનો પાળીઓ ને સતીનો પંજો હયાત છે. કોઇ ચારણે કહેલા દુહા હજી પણ ચારણોની જીભે છે કે:

પર ઉપકારે વઢગો પડે, ભલો કર્યો ભારાથ;
સાચો અપસર સાથ, જરૂર વર્યો તું જટીઆ !

(પારકાને બચાવવા તેં ભારે ધીંગાણું કર્યું હે જટીયા ! જરૂર તને મૃત્યુ પછી કોઇ અપસરા જ વરી હશે.)

અહરાણ આવ્યા ટુંટવા; કહો અવરને કાજ,
અભંગ તું વણ આજ, જરૂર મરે કો જટીઆ !

(અસૂરો —બા'મારો લાગ્યા આવ્યા. તેની સામે બીજાને ખાતર ઓ જટીઆ ! તારા વિના કોણ મરે ?)

આંબલેથી આવતાં, પોઢ્યો રણને પાટ,
અલ રાખી અપીઆત, તેં તો જમદઢ જટીઆ.

(આંબલા ગામથી આવતાં, તું રણમાં સુતો. હે જમ સરખા બેર· વર જટીઆ, તેં તો પૃથ્વિ પર વીખ્યાતિ મેળવી)

૧૧

વલીમામદ આરબ

તે વખતે કાઠિયાવાડમાં રેલ્વે નહોતી. વલીમામદ આરબને અમરેલીમાં નોકરી ન ફાવી, એટલે તે વડેદરા જવા નીકળ્યો. રસ્તામાં દેરડી ગામના પાદરમાં આઈ જાન બાઈનું દેવળ છે; ત્યાં વડલાની ડાળે પોતાનો હુમાચો ટાંગીને આરબ તડકો ભાળવા બેઠા.

ખોપાળા ગામનો એક વાણિયો લાઠી પોતાના દીકરાની વહુને ઘરેણું ચડાવવા ગયેલો, પણ ત્યાં કાંઇક તકરાર થવાથી ઘરેણું પાછું લઇને ઘોડી પર ચડી ઘેરે જતો હતો. તે પણ આ વડલાને છાંયે ગ્રીમણ કરવા બેઠો. વાણિયાનો સ્વભાવ છે કે કાંટીયા વાગુંથી કાયમ ડરે. ડરીને એને ખવરાવી પીવરાવી દોસ્તી બાંધી લ્યે. ખોપાળાના શેઠે આરબને કહ્યું કે "ચાઉસ, ચલો રોટી ખાવા."

"નાહીં, હુમ ખાયા." ચાઉસે જવાબ વાળ્યો.

આખરે વાણિયાએ રકઝક કરીને આરબને ત્રણ ચાર ઢેબરા ખવરાવ્યાં. બપોર નમી ગયા—એક બીજાને ક્યાં જવું છે તેની પૂછપરછ થઇ ગઇ. બેય જણનો રસ્તો ખોપાળા સુધી સાથે ચાલતો હતો. એટલે સાથે મુસાફરી કરવાનું ઠર્યું.

આરબે પૂછ્યું; "શેઠ, કાંઇ જોખમ પાસે છે ?"

શેઠ કહે; "નારે બાપુ ! અમે તે જોખમ રાખીએ ? પંડે પંડ જ છું."

"આરબે ફરી કહ્યું: "શેઠ, છુપાવશો નહીં. હોય તો મ્હારા હાથમાં સોંપી દેજો; નહીંતો જાન ગુમાવશો."

શેઠ કહે: "તમારા ગળે હાથ, કાંઇ નથી." શેઠના ખડીઆમાં ત્રણ હજાર રૂપિયાનું ઘરેણું ડાબલામાં રાખેલું હતું.

બન્ને આગળ ચાલ્યા. આકડીઆ અને દેરડી વચ્ચેના

લાખા ગાળામાં આવે, ત્યાં તો ગીગા શિયાળ નામનો કોળી પોતાના અઢાર જુવાનોને લઈ ઓડા બાંધી ઉભેલો.

શેઠે આ જમદૂતોને દૂરથી આવતા જોયા; શેઠના રામ રમી ગયા, એનાથી બોલી જવાયું.

' ચાઉસ ! શું કરશું ?"

" કુછ ! આપણી પસે [illegible] ને [illegible]શે ?"

" ચાઉસ આની પાસે [illegible] હજારના દાગીના છે."

" [illegible] બનીઆ, [illegible] ગોળો [illegible] કે ? હવે લાવ, હળો [illegible] નહીં તો આ [illegible] ગીઓ તારો જાન લેશે."

[illegible] ચાઉસે ડબરો [illegible] પોતાના હાથમાં [illegible]. સામે આવનાર કોળીઓએ [illegible], અને બૂમ પાડી, ' એ ચાઉસ, રહેવા દે, [illegible] '

ચાઉસ [illegible] ' [illegible] ' [illegible] મારો બચાવ મને [illegible] " [illegible] કોળીઓએ એને ન રોક્યો. આરબને [illegible] વચન " અબ્બા ચાઉસ ! મરવા માટે ડબરો લીધો કે ?"

ચાઉસ કહે, " ઉસકા અનાજ ખાયા."

' અનાજ ! મફત નીકળી જશે, ડબરો છાડ !

" નહીં ઉસકા અનાજ ખાયા "

" ચાઉસ, છોકરાં વાટ જોઈ રહેશે "

" નહીં ઉસકા અનાજ ખાયા."

ચાઉસે બીજું એક વણ પણ ન કહ્યું. આને બસ એક જ ધૂન હતી કે "ઉસકા અનાજ ખાયા."

કોળીઓએ ચાઉસનો પીછો લીધો, પણ ચાઉસની નજીક જવાની કોઈની હિંમત ન ચાલી; કારણ કે ચાઉસના હાથમાં દારૂગોળો ભરેલી બંદુક હતી. કોળીઓને ખબર હતી કે આરબની બંદુક કદી ખાલી ન જાય.

હુમાચાઆ હાગીનાનો ઠબરો, હાથમાં બંદુક, અને આરબ ઝપાટાભેર રસ્તો કાપતો જાય છે. કોળીઓ આઘે આઘે ચાલ્યા આવે છે; જરા નજીક આવીને તીર કામઠાં ખેં-ચીને તીરનો વરસાદ વરસાવે છે; આરબ એ તીરને શરીર-માંથી ખેંચી, ભાંગી, ફેંકી દેતો જાય, કોળીઓને બંદુકની કાળી નાળ બતાવી ડરાવતો જાય. એટલે ડરીને કોળીઓ દૂર રહી જાય અને આરબ રસ્તો કાપતો જાય.

આરબ શા માટે બંદુકનો પ્રહાર કરતો નથી? કારણ કે એ ભરેલી દારૂગોળી સિવાય, બીજી વખત અવાજ કરવાનં એની પાસે કાંઈ નથી. માટે જ દેવળ કરાવીને એ પોતાનો બચાવ કરે છે.

ત્યાં તો આકડીઆ ગામની લગોલગ આવી પહોંચ્યા. કો-ળીઓએ જાણ્યું કે આરબ જીવતો આ ગામની અંદર પેસી જશે. [illegible] જુવાન [illegible] ત્યારે શરમ [illegible] બાર બાર જુવાન [illegible] જાણો જાવ ભૂંડા લાગશો. બાયડીઓને મોઢું [illegible] શો.

એ સાંભળતાં તો કોળીઓ [illegible] ગોળી છોડી, [illegible] વાગી, [illegible] ગોળી [illegible] ગઈ. તો આર-બની ગોળી!

આરબ પડતાં બેઠો; કોળીઓ એના [illegible] તૂટી પડ્યા, આરબના હાથમાં [illegible] જમૈયો [illegible] કોળીઓને એકલાએ જમૈયાથી સુવાડ્યા. ગામ નજીક આવી ગયું. બીજો અને એના જીવતા સાથીઓ પાછા ચાલ્યા ગયા.

લોહીમાં તરબોળ એ આરબ ધીરે ધીરે ડગલા માંડે છે; એની આંખો પર લોહીના થર બાઝી ગયા છે: શરીરમાંથી લોહી ટપકી રહ્યું છે; એને રસ્તો દેખાતો નથી; સીતાપરી નદીમાં એ ઉતર્યો અને એક વીરડા ઉપર મોઢું ધોવા બેઠો.

નદીને સામે કાંઠે આઇ જાનબાઇની જગ્યાના ઓટા ઉપર ગામના તાલુકદાર ચારણ વીકાભાઇ બેઠેલા, એની નજર પડી

કે કોઇ લોહીલોહાણુ, જખમી આદમી પાણી પીવા બેઠો છે. વીકાભાઇ એની પાસે આવ્યા, અંધ બની ગયેલો આરબ પોતાનો હુમાચો બેહાથે ફગાવી બૂમ પાડી ઉઠયો કે: "ચોર, ચોર."

વીકાભાઇએ આરબને સાંત્વન આપ્યું. એનું શરીર સાફ કર્યું. ઘેર લઇ ગયા, પડદે રાખ્યો, હોંશીઆર વાણંદને બોલાવી જખમો પર ટેભા લેવરાવ્યા અને બરદાસ કરવા લાગ્યા.

ત્યાં તો ગીગો શિયાળ પોતાનાં ૩૦ માણસોને લઇ આવી પહોંચ્યો, વીકાભાઇને કહે કે: "મારો ચોર સોંપી આપો; નહીં તો ગામની ચારે પાસ કાંટાના બળીઆ મૂકી મળગાવી દઇશ" વીકાભાઇ કહે: "ગીગા, શરણે આવેલાન ન સોંપાય. હું ચારણીનું દૂધ ધાવ્યો છું".

ગીગો કહે: "મારા ગામને પાદર મારા ભાણેજની ચેહ બળે છે; એ જુવાન ભાણેજના મારનારને હું [illegible] પાણી ત્યારેજ મને ઠારક થાય."

વીકાભાઇના ૬૦ રબારી હાથમાં લાકડી લઇને ઉભા રહી ગયા અને ગીગાને હાકલ કરી કે: "તો હવે થઇજા માટી, મારા શરણે આવેલાને તું એમ અમે જીવતા છીએ ત્યાં સુધી લઇ જઇશ?" ગામ આખું ગરજી ઉઠયું. ગીગો લજવાઇને નાઠ્યો ગયો.

દિવસ ગયા, આરબને આરામ થયો. સૂતાં કે બેસતાં આરબ પોતાનો હુમાચો છોડતો નથી. આરામ થયે એણે વીકાભાઇની રજા માગી.

વીકાભાઇ કહે: "ચાઉસ! રસ્તામાં ખરચી છે કે?"

ચાઉસ કહે "ના,"

વીકાભાઇએ ખરચી બંધાવી. આરબે આજીજી કરી કે "વીકાભાઇ, ખોપાળા સુધી મને મૂકવા આવો." વીકાભાઇ સમજ્યા કે આરબ ગીગા શિયાળથી ડરીને માગણી કરે છે. બન્ને જણા ખોપાળે પહોંચ્યા. આરબના મનમાં તો મુંઝવણ જાગી હતી. દાગીનાવાળા વાણીઆનું નામ એને યાદ નહોતું.

ત્યાં તો બજારમાં એ વાણીઆને જોયો, દોડીને એણે પેલો દાગીનાનો ડબરો વાણીઆના હાથમાં મૂકી કહ્યું, "આ તમારા "દાગીના, ગણી લ્યો."

વીકાભાઈની તાજ્જુબીનો પાર ન રહ્યો. એ પૂછે છે કે" "ચાઉસ ! આટલી મુડી બગલમાં હતી તોયે કહેતા હતા કે પાસે કાંઈ નથી ?"

આરબે ઉત્તર દીધો કે: "એ તો પારકી થાપણ."

વીકાભાઈ બોલ્યા "રંગ છે ચાઉસ !"

એને સમજાયું કે આરબે આ પારકા માલને ખાતર ધીંગાણું ખેડયું હતું—પોતાને ખાતર નહીં. એણે શેઠને બધી વાત કહી સંભળાવી. જેની સ્વપ્ને પણ આશા નહોતી એ દાગીના મળતાં શેઠનો આનંદ સમાતો નહોતો. એણે આરબને બક્ષીસ આપવા માંડી -રૂપિયા પાંચ ! આરબે રૂપિયા સાથે ગડ઼વી પાછા ધરી દીધા.

વીકાભાઈએ શેઠની પીઠ પર એક આસડાનો ઘા કર્યો, ને બોલ્યા. "કમજાત ! તારા પાંચ હજારના દાગીના ખાતર મરવા જનારાને રૂા પાંચ આપતાં તું શરમાતો નથી ?"

× × × ×

આરબ વડોદરા પહોંચી ગયો. એના અંતરમાં વીકાભાઈનું નામ રમતું રહ્યું. આરબનો બચ્ચો ઉપકાર ન ભૂલે !

× × × ×

વડોદરાના મહારાજા ફતેહસિંહરાવના દરબારમાં આરબ નોકરી કરે છે. મહારાજાના એક વણિક મિત્ર પોતાની સ્ત્રીને પરગામ તેડવા ગયા. સાથે આરબને મોકલવામાં આવ્યો.

શેઠાણી રથ જોડીને વડોદરા તરફ ચાલ્યાં આવે છે. બપોરને વખતે એક વાવ આવી ત્યાં રથ છૂટયો.

શેઠાણીએ આરબને કહ્યું: "વાવમાં જઈને પાણી લઈ આવો, ચાઉસ"

આરબે ચોપાસ જોઈને જવાબ દીધો, “ રથ છોડીને હું જાઉં ! ”

“ ચાઉસ, ગાંડા છો ? એટલી વારમાં આંહી કોણ આવી ચડે છે ? ”

અચકાતે હૈયે, બંદુક આંહીં થડ ટેકવી આરબ વાવમાં પાણી ભરવા ઉતર્યો. બહાર આવીને જ્યાં જુએ ત્યાં ન મળે બંદુક, ન મળે શેઠાણી. ગાડા-ખેડુએ આંગળી બતાવી કહ્યું: “ ઓ જાય ઉંટ ઉપર ચડેલા બે સંધીઓ—બંદુકને અને શેઠાણીને લઈને. ”

આરબ વાવના પથ્થર પર માથું પટકવા, ચીસો પાડવા લાગ્યો. પણ શું કરે ? બંદુક ગઈ. ત્યાં તો [illegible] ચડીને એક જુવાન નીકળ્યો. [illegible] જોયો, વાત સાંભળી, [illegible] “ [illegible] હોય તો ઉપાડ આ બંદૂક, [illegible] મારી [illegible] વિધાતા જે કરે તે સાચું. ”

વિજળીના ઝબકારાને વેગે આરબે ઘોડી પર છલાંગ મારી. હાથમાં બંદુક લીધી અને ઘોડી મારી મૂકી. જોતાં જોતામાં સંઘીના ઉટની પાછળ ઘોડીના ડાબલા ગાજ્યા.

ઉટ ઉપર એક સંઘી માખરે, એક પછવાડના [illegible] અને વચ્ચે બેસાડેલાં શેઠાણીને. આરબ શી રીતે ગોળી છોડે ! પાછલાને મારતાં ગોળી શેઠાણીને યે વાગી નાખે ! આરબ મુંઝાય છે.

ઉટના પાછલા સવારના હાથમાં પણ આરબની બંદુક ભરેલી તૈયાર છે. એણે મોખરેના સવારને કહ્યું: “ જરાક ઉંટને આડો કર, એટલે આ ઘોડેસ્વારને પૂરો કરૂં. ”

ઉંટ આડો કર્યો ત્યાં તો આરબની ગોળી સનનન કરતી છૂટી; મોખરેનો હાંકનાર પડયો. બીજી ગોળી ઉંટ ઉપર, ઉંટ

પડયો. ત્રીજી ગોળીએ પછવાડેના સંધીને ઠાર કર્યો. શેઠાણીને અને શેઠાણીના ૨૫ હજારના દાગીનાને બચાવીને આરબ પાછો વળ્યો.

× × × ×

બહાદૂર આરબ હવે તો મહારાજાનો અંગ રક્ષક બન્યો છે; બહુ બોલવાની એને આદત નથી; નીચું જોઇને જ એ ચાલે છે.

ફરી એના શૌર્યનું પ્રમાણ થયું. મહારાજાને શિકાર ખેલતાં ખેલતાં સિંહના પંજામાંથી એણે એક દિવસ ઉગારી લીધા. ત્યારથી એ મહારાજાના સૈન્યમા મોટો હોદ્દેદાર બન્યો.

* * *

પેશકશી ઉઘરાવવા માટે મહારાજા પોતે સૌરાષ્ટ્રમાં દર વરસે મોટી ફોજ લઇને આવે. આ વખતે એ ફોજનો સેનાપતિ એ વૃદ્ધ આરબ હતો. દરેકેદરેક રાજ્યમાં જો મહારાજા સરકાર જાય તો વસ્તીને તેમજ તે રાજ્યને હાડમારીની હદ ન રહે: એટલે રાજાઓ પોતેજ, સીધા હાર થઇને સામે પગલે ચાલી, ખંડણી ભરી આવતા. આ વખતે લીંબડી મુકામે તંબુ નખાયા હતાં.

વૃદ્ધ આરબના મગજમાં એક માનવી તરવરી રહ્યો'છ— એનો જીવનદાતા વીકાભાઇ. પણ, આરબ એ નામ ભુલ્યો છે; ગામનું નામ પણ યાદ નથી; 'ઇકુડી, ઇકુડી' કરે છે. એના મનમાં હતું કે જો ભેટો થાય, તો એ જીવનદાતાનું થોડું કરજ ચૂકાવું.


એક દિવસ રાજાઓની કચેરી ગાયકવાડના તંબુમાં ભરાણી. ઝરીના ચાકળા પર આરબનું આસન છે. આરબ ઉઠીને બહાર ગયેલ ત્યાં વીકાભાઇ તંબુમાં આવી પહોંચ્યા. આવીને ખાલી પડેલી પેલા આરબની ગાદી પર ઝૂકાવ્યું.

મહારાજા ફતેહસિંહરાવની આંખ ફાટી રહી, ત્યાં આરબ અંદર આવ્યો. આઘેથી જોતાં જ વીકાભાઇને ઓળખ્યા.

" ઓ મારા જીવનદાતા, મારા બાપા," કરતો દોડીને વીકા-ભાઈના ચરણમાં પડયો. મહારાજાને તમામ વૃત્તાંતથી વાકેફ કર્યા.

મહારાજાએ જાહેર કર્યું કે: "રાજા સાહેબો! આ વીકાભાઈ જેના હામી (જામીન) થાય તેની પેશકશી અમે ખમશું."

ત્યારથી પ્રત્યેક રાજ્યમાં વીકાભાઈને અનહદ આદરમાન મળવા લાગ્યાં. નાણાંનો પણ તોટો ન રહ્યો. આજ એની ત્રીજી પેઢી આકડીયાના અરધ ભાગનો ભોગવટો કરે છે. આ લગભગ સંવત ૧૯૧૫ પછીની વાત છે.



ગરાસણી

"ગેમા ભાઇ! આ દીકરીને આજ એને સાસરે મૂકવા જાવાં છે. તો તમે સાથે જશો ને ?"

"હરબાર, ત્રણ ટકાનું યે જ્યાં જોખમ ન હોય ત્યાં મારૂં વળાવું ન હોય; પાંચ પચીસ હજારના દાગીના હોય એવા ગામતરામાં જ ગેમાનું વળાવું દીપે. જાઓ, બીજાં સપારડાં ઘણાં છે." ગેમે જવાબ દીધો.

× × × ×

આ ગેમો કારડીઓ રજપૂત હતો. પચ્છેગામની અંદર આવા ૪૦-૫૦ કારડીઆઓ ગરાશીઆનો પગાર ખાતા હતા. કયાંયે વળાવે (ગામતરામાં સાથે) જવું હોય, ત્યારે પસાયતા તરીકે એ બધા પાસેથી કામ લેવાતું. બધા કારડીઆની અંદર ગેમો બહુ જોરાવર જવાન હતો. ગેમો વળાવીઓ બનીને જે ગાડા સાથે ચાલે, એ ગાડાને પડખે કોઇ બદમાસ ચડી શકે નહીં. જેવા તેવાને તો ગેમો ઉપર લખ્યા મુજબના તોછડા જવાબ જ દેતો. એના મગજમાં ખુમારી ભરાઈ હતી.

એક દિવસ ગામના બાપુ ખુમાણસંગજી તરફથી ગેમાને તેડું આવ્યું. ખુમાણસંગજીનાં દીકરી રૂપાળીબા એમને સાસરે હેબતપર ગામમાં હતાં. ત્યાં એ દીકરીને સીમંત હતું. ખોળો ભરીને તેડી લાવવાનાં હતાં. એક વેલડું, બે છોડીઓ. અને સાથે ગેમો, તેમજ બીજા એક કારડીઓ—એ બધાં હેબતપર ગયાં.

હેબતપરથી પચ્છેગામ આવતાં મોણપુર ગામ સુધી આશરે દસ ગાઉનું બાલનું રણ છે. દિવસે એમાં મુસાફરી થાય નહીં; કારણ, પાણી વિના પ્રાણ જાય. એટલે રૂપાળીબાને રાતે રવાના કરવામાં આવ્યાં. વેલડીમાં રૂપાળીબા અને બે છોકરીઓ બેઠી.

બીજા ગાડામાં ગેમો, એનો બીજો સંગાથી અને પાણીનાં બે માટલાં હતાં. બધાં ચાલી નીકળ્યાં. રૂપાળીબાની પાસે એક દસ્કોતરો હતો, એમાં પાંચ હજારના હેમના દાગીના હતા; અંગ ઉપર પણ ઘરેણાંનો શણગાર હતો.

ગાડાં ચાલ્યાં એટલે ગેમાએ તો પછેડી ઓઢીને લાંબા પડી ઉંઘવાનું શરૂ કર્યું. ઘોર અંધારામાં એનાં નસ્કોરાં ગાજવા લાગ્યાં. ગાડાવાળાએ એક વાર ટપારી જોયું કે: "ગેમાભાઇ, સત અંધારી છે. ઉંઘવા જેવું નથી હો."

ગેમાએ જવાબ દીધો કે: "એલા, ઓળખ છ તું આ ગેમાને? ગેમો હોય ત્યાં લૂંટારા ન ડોકાય. છાનોમાનો ગાડું હાંક્યો આવ."

ગેમો નસ્કોરાં ગજાવવા લાગ્યો. ફરીવાર વેલડીનો પડદો ઉઘાડી રૂપાળીબાએ પણ કહી જોયું કે: "ગેમાભાઇ, સૂવાય નહિ."

ગેમો ઉંઘમાં ને ઉંઘમાં બબડતો હતો કે: "હું કોણ? ગેમો!"

એમ કરતાં વેળાવદર ગામ વળોટાયું. હોટ બે ગાઉ માથે એક તળાવડી છે. ગાડાખેડુએ નજર કરી તો ત્યાં એ તળાવડીમાં આગના તણખા ઉડતા દેખાયા. વ્હેમ આવ્યો કે કોઇ ચકમક કરે છે. ગેમાને એણે હાકલ કરી.

ગેમાનો તો એક જ જવાબ: "મને ઓળખ છ? હું ગેમો."

ગાડાં તળાવડીની નજીક પહોંચ્યાં. ગાડાખેડુને દસ બાર આદમીનું ટોળું દેખાયું; એની છાતી થડકી ઉઠી; ગેમાને એણે ઢંઢોળ્યો; પણ ગેમો કાંઇ ઉઠે? એ કોણ? એ ગેમો!

જોત જોતામાં તો બાર જણા વેલડીને ઘેરીને ઉભા રહ્યા. પડકારો કર્યો. ગેમો જાગીને આંખો ચોળે છે અને હાકલ કરે છે કે: "ઓળખો છો? હું ગેમો!" ત્યાં તો એક ડાંગનો

ચા પડયો અને ગેમો જમીનદોસ્ત બન્યો. એના હાથ પગ બાંધ્યા, બેસાડીને હાથપગને એક બંધે બાંધ્યા. પગના ગોઠણ ઉભા કરાવી, પછી ગોઠવણ નીચે સોંસરી એક લાકડી નાખી, એક ધકકો દઇ, દડાની માફક ગબડાવી દીધો (આ ક્રિયાને 'રણગોળીટો કર્યો,' એવું કહેવાય છે. રણગોળીટો, એટલે રણનો દડો. આદમી આ રીતે દડા જેવો બની જાય છે.)

બાઇએ વેલડીના પડદા ખોલી નાખ્યા અને બદમાશોએ માગ્યા મુજબ પાંચ હજારના દાગીનાની પેટી આપી દીધી તારાઓના પ્રકાશમાં રૂપાળીબાનાં અંગ ઉપર સોનું ચળકી ઉઠયું. બદમાશો બોલ્યા કે: "અંગ પરથી ઘરેણાં ઉતાર.' બધાં ઘરેણાં ઉતાર્યાં; બાકી રહ્યાં પગનાં કડલાં.

"કડલાં ઉતાર." બદમાશોએ બૂમ પાડી.

બાઇ વિનવવા લાગી, "ભાઇ! આ નરેડીનાં નક્કર કડલા છે ને વળી ભીડેલાં છે હું ભર્યે પેટે છું, મારાથી નહી ઉઘડે. આટલેથી ખમૈયા કરો."

"સાફાઇ કર મા, કાઢી દે!" "ત્યારે લ્યો, તમે જ કાઢી લ્યો." એમ કહીને રૂપાળીબાએ વેલડીમાં બેઠાં બેઠાં પગ લાંબા કર્યા. પોતાના જંતરડાની મજબૂત દોરીઓ ભરાવીને બે કોળી સામસામા કડલાં ખેંચવા લાગ્યા અને બીજા વાતોમા રોકાયા; કોઇનું ધ્યાન નહોતું.

રૂપાળીબાએ ત્રાંસી નજર નાંખી. બીજું કાંઇ ન દેખ્યું: ફક્ત ગાડાનાં આડાં (લાકડાના ભૈડા) દેખ્યાં. વિચાર કરવાનો એ વખત નહોતો. નીચ મનુષ્યો એ રજપૂતાણીના શરીરની મશ્કરી કરતા હતા. રૂપાળીમાએ એક આડું ખેંચ્યું અને નીચે બેસી કડલાં ખોલનારા બે જણની ખોપરી પર અકકેક ઘા કર્યો. ખોપરી ફાટી ગઇ, બેય જણા ધરતીપર ઢળ્યા ગરાસણીને શૂરાતન ચડી ગયું; એ આડું લઇને કૂદી પડી ઘસ માણસોની લાકડી પોતાના અંગપર પડતી જાય; માર વા-

ગળાં પોતે ગોઠણભર થઇ જાય; પાછી ઉઠીને આડાનો ઘા કરે. એ ઘા ! ચંડી સ્વરૂપિણી એ ક્ષત્રીયાણીનો ઘા ! જેના પર પડે તેને ફરી ઉઠવા ન આપે.

૧૮ વરસની ક્ષત્રીયાણી લાકડીઓના ઘા અને તરવારોના ઝાટકા ઝીલતી ઘુમે છે; જે પડયા તેમાંના એકની તરવાર એના હાથમાં આવી છે; પછી તો જગદમ્બાનું રૂપ પ્રગટ થયું; બચેલા બદમાસો પલાયન કરી ગયા.

ગેમો રણગોળીટો થઇને ઝાંખરામાં પડેલો. બાઇએ કહ્યું કે: " છોડી નાખો એ બાયલાને."

છૂટીને ગેમો ચાલ્યો ગયો; મ્હોં ન બતાવી શકયો; પચ્છે-ગામમાં ડોકાયો નહીં.

ગરાસણી યુવતીની છાતીમાં શ્વાસની ધમણ ચાલતી હતી: એના અંગે અંગ ઉપરથી લોહી નીતરતું હતું; નેત્રોમાંથી જવા-ળાઓ છૂટતી હતી. હાથમા લોહીથી તરબોળ તરવાર ! કાળી રાતે કોઇ ચંડિકા ! વાહ ગરાસણી !

એણે ગાડામાં બેસવાની ના પાડી. ધીંગાણું કરનાર મા નવી બેસી શકે નહીં. એના શરીરમાં શૌર્ય ફાટફાટ થતું હોય છે. ચાહે તેટલા ઘા પડયા હોય, પણ એ આઉના ગાઉ ચાલી શકે; એનું લોહી શાંતિ પામે નહીં. રૂપાળીબા ગાડાંની પાછળ પાછળ એ ચંડી રૂપે ચોપાસ નજર કરતાં ચાલી નીકળ્યાં.

સવાર પડયું ત્યાં મોણપરનું પાદર આવ્યું. એ એમના મામા-શ્રી દાદભાનું ગામ હતું. મામાને ખબર મોકલ્યા કે " કસુંબો લઇને આવે."

કસુંબો લઇને મામા હાજર થયા. દીકરીને ઝખ્મોની પીડા ન દેખાય માટે કસુંબો લેવરાવ્યો. મામાએ આગ્રહ કર્યો કે " બેટા રોકાઇ જા."


" ના, મામા, જલદી ઘેરે પહોંચવું છે; માને અને મારા બાપુને મળી લેવું છે." ગાડાં ચાલી નીકળ્યાં.

પછી ગામમાં બ્હેનના ધીંગાણાની વાત પ્રસરી ગઇ. તમામને ચેતાવી દેવામાં આવ્યાં કે "કોઈ એનાં વખાણ ન કરશો. ઉલટું એને પાછી પાડવા જેવા વેણ કહેજો, નહીં તો એને ચમક ઉપડશે." ચમક ઉપડે એટલે માણસ મરી જાય.

લોહી નીતરતાં બ્હેન ઘેર આવ્યાં. ઢોલીઆમાં સૂવાડયાં: બધાંય ઠપકો દેવા લાગ્યાં કે: "બેટા ! બહુ અઘટિત કર્યું. પાંચ હજારનાં ઘરેણાં જાત તો ક્યાં બાપુને ખોટ આવી જાત ?"

"પણ હું શું કરૂં ? મારી આબરૂ પર કોઈ હાથ નાખી શકે ?" દીકરીએ જવાબ દીધો. બે કલાકમાં તો એનો જીવ ચાલ્યો ગયો; પણ એનો ઇતિહાસ હજુ આજ સુધી નથી ગયો.

તો પચીસ વરસ પહેલાંની આ બીના છે.



આહેરની ઉદારતા

(ચાળીશ વરસ પહેલાં બનેલી એક સાચી વાત.)

ભાદર કાંઠે એક નાનું ગામડું છે. ત્યાં એક આહેરનું કુટુંબ વસતું હતું. ખેડનો ધંધો હતો. કુટુંબના મુખી વજસીને આધેડ ઉંમરે એક પુત્ર અને ત્યાર પછી એક પુત્રી પ્રાપ્ત થયાં હતાં. પૈસે ટકે, વ્હેવારે, કુટુંબ સુખી હતું. ખેતીના ઉત્તમ ધંધાથી નિર્દોષ જીવન અને કુટુંબ વ્યવહાર સારો ચાલતો હતો. વજસીનો ભાઈ તેનાથી જૂદો થઇ ખેડ ચલાવતો હતો; ને પણ સુખી હતો.

વજસીના કુટુંબમાં માત્ર પોતે, તેની સ્રી રાજીબાઇ, પુત્ર વિક્રમશી અને પુત્રી રૂપી, એટલા ચાર જણાંજ હતાં. વિક્રમશી દશ વર્ષનો થયો, ત્યારે તેનું વેવીશાળ પાંચેક ગાઉ દૂર આવેલાં ગામડામાં વસતા એક સારા આબરૂદાર આહેરને ત્યાં કરવામાં આવ્યું. કન્યા સોનબાઇની ઉમર આઠેક વરસની હતી. વિક્રમશી કોઇ કોઇ વેળા પોતાના સાસરાને ત્યા જતો, સોનબાઇ અને વિક્રમશી, એક બીજાને સારી રીતે જોઈ શકતાં. નિર્દોષ ભોળા દિલનાં એ ગામડાઓએ માં અંદર અંદર સ્નેહ વધતો ચાલ્યો.

વિક્રમશીની ઉંમર સતર અઢાર વરસની થઇ, ત્યારે તેના બાપે લગ્નની તૈયારી કરવા માંડી. વિક્રમશીને બહુ ખેદ થવા લાગ્યો. સોનબાઇનું લગ્ન પોતા સાથે કરવા દઇ તેનું જીવન આખું બગાડવું, એ તેને મહાન પાપ સમાન લાગવા માંડ્યું. કોઇ પણ સારે સ્થળે તેના લગ્ન થાય અને એ સુખી થાય, એમ અંતઃકરણથી ઇચ્છવા લાગ્યો. પોતે લગ્ન કરવા ખુશી નથી, એમ ઘણીવાર મિત્રોદ્વારા પોતાનાઆપને કહેવરાવ્યું; છેવટે પોતે પણ કહી ચૂક્યો.

" પણ કારણ શું છે ? " કાંઈ ઉતર આપી શક્યો નહિ.

"કેકાણું ગમતું ન હોય તો બીજે કરીએ."

વિક્રમશીને ઉલટો ખેદ થયો.

"ના, બાપા! એ કારણ નથી."

"ત્યારે શું છે? હવે તો હું માંડ એકાદ પછેડી કાઢીશ. મને લ્હાવો લેવા દેને બાપુ!"

એમ કહી વજસીએ વિવાહની તૈયારી કરવા માંડી. વિક્રમશી પછી કાંઈ બોલી શકયો નહીં.

લગ્ન થયાં. સોનબાઈ બહુજ હરખભરી આવી. પહેલી જ રાત્રે બંને મળ્યાં કે તુર્ત, વિક્રમશી ગળગળો થઈ બોલ્યો:—

"મારા બાપને મેં ઘણીએ ના પાડી, પણ તેણે માન્યું નહીં. હું પુરૂષત્વમાં નથી! આણું આવે ત્યાંસુધી રહેવું પડશે; પછી ઘેર જઈ બીજે જજે!"

સોનબાઈ તુરત બોલી:

"તેથી શું થયું? એમ શું કહો છો? આપણે સાથે રહી પ્રભુ ભજન કરશું."

"ના, તારૂં જીવન બગાડવા નહીં દઉં."

"મારૂં જીવન અહીં બગડે નહીં સુધરશે. તમારી સાથે સુખમાં રહીશ. બીજી વાત મૂકી દો."

દસ દિવસે માવિતરથી સોનબાઈને તેડવા તેનો ભાઈ ગાડું લઈને આવ્યો. વિક્રમશીએ સોનબાઈને જવાની રજા આપી. પણ સાથે એક કુટુંબનીજ કોઈ છોકરી હતી, તેની સાથે સોનબાઈએ પોતાના ભાઈને કહેવરાવ્યું :—

"મને, આણું વાળી તેડી જશો તો સારૂં નહીં થાય. મારે આવવું નથી!"

ભાઈ કાંઈ કારણ તો સમજ્યો નહીં; પણ આગ્રહ કરી સોનબાઈને તેડી જવી ઠીક લાગ્યું નહીં.

"કમુરતાં છે; ભૂલમાં મારાથી તેડવા અવાઈ ગયું છે; ફરી આવીશ."—કહી વજસીની રજા લઈ ઘેર ગયો. અને પોતાના

માબાપને. સોનબાઇએ કહેવરાવેલો સંદેશો કહ્યો. સોનબાઈ ન કહેવરાવે ત્યાં સુધી તેડવા જવાનું બંધ રાખ્યું.

વજસી અને રાજીબાઇ, બંને ડોસો ડોસી હવે શાંત સુખમય દિવસો ગાળે છે. પોતાની વૃદ્ધાવસ્થામાં લાડ પાળનાર, આજ્ઞાંકિત દીકરા વિક્રમશીને અને ડાહી, સ્નેહાળ વહુ સોનબાઇને જોઇ આનંદ લેતાં, આશીર્વાદ દેતાં પ્રભુ ભજન કરે છે. ક્યારેક ક્યારેક રૂપાંને સારૂં ઠેકાણું મળે, એ એને ઘેર જાય અને સુખી થાય;—એ જોવાની ઇચ્છા, તે બંને ડોસલાંને થઇ આવે છે. પણ તેને વિક્રમશી જેવો ભાઈ છે; તે બધું ઠીક કરશે; એવા વિચારથી એ ફીકર તો બહુ ન કરતાં માત્ર, કાલું કાલું-દાદા કહી ખોળામાં બેસી સુચ્છા તાણે એવું પ્રભુ આપે—એ દિવસો જોઇને જવાય તો ઠીક, એટલી ઇચ્છા તો રહેતી. પણ ચ આનંદ એમના નસીબમાં નહીં હતો, તે એ બિચારા જાણતાં ન હતાં.

સોનબાઇનાં રૂપ–ગુણ–શીલ અને સ્વભાવ જોઇ જોઈ વિક્રમ શીને વધારે ને વધારે ખેદ થવા લાગ્યો !

પુરૂષાતનમાં ન હોય તેણે સ્ત્રીનાં કપડાં પહેરી, પાવૈયાના મઠમાં બેસવું જોઇએ; નહીંતર સાત જન્મારા એવા ને એવા આવે-એવી વાતો તેણે સાંભળેલી. તે ઉપરથી ઘર છોડી પાવયાના મઠમાં બેસાય તો પૂર્વના પાપમાંથી મુક્ત થવાય, તેમજ સોનબાઇ પણ બીજે ઘર કરી સુખી થાય, એવા વિચાર તેને ઘણીવાર આવતા. પણ, ડોસા ડોસીને કચવાવે તેવો તે ન હતો, તો તેમને મૂકીને જવાનું તો તે કેમજ કરે ?

ચાર પાંચ મહિના તો આમ ચાલ્યું, તેટલામાં વજસી ગુજરી ગયો; થોડેક દિવસે રાજી ડોસી પણ તેની પછવાડે ગયાં; હવે વિક્રમશીને પોતાનો વિચાર પાર પાડવાની તક મળી.

"ઘણા મહિના થઇ ગયા છે અને તું તારે માવતરે પણ ગઈ નથી; માટે ખુશીથી એક આંટો જઇ આવ, તારા માવતરને મળી આવ.' એમ તેણે સોનબાઇને કહ્યું. પણ, સોનબાઈએ જવા ના પાડી, ત્યારે વિક્રમશીએ કહ્યું કે:

"હું પણ ભેળો આવું. ચાલ, આપણે બંને જઈ આવીએ."

આ વાત સોનબાઇને રૂચી. તેણે હા પાડી. રૂપીને ઘેર રાખી, સોનબાઇને લઇ, પોતાના સાસરાને ઘેર ગયો.

એકાદ દિવસ રહી, તેના સાસરાને એકાંતમાં, પોતાની સ્થિતિની વાત કરી કહ્યું:

" મારે નગર જઇ પાવૈયાના મઠમાં બેસવું છે; તમારી દીકરીને સારે ઠેકાણે આપી દેજો ! "

સોનબાઇના બાપને આ વાત સાંભળી બહુ ખેદ થયો. લાચારીથી વિક્રમશીને નગર જવાની તેણે પણ સલાહ આપી સોનબાઇના મનની વાત તો તે કાંઇ જાણતો ન હતા. બીજે દિવસે વાળુ કરી સૌ સૂતા; એટલે વિક્રમશી છાની રીતે ગાડું જોડી ચાલતો થયો. સવારે સોનબાઇને, વિક્રમશી રાત્રે ચાલ્યા ગયાની ખબર પડી. ભોળવાઇને પોતે આ પ્રમાણે પોતાનાં માવતરને ત્યાં આવી તેથી બહુજ પસ્તાવા લાગી ! છાનું છાનું રોઇ. પોતાના મનની વાત માવતર પાસે મૂકવાની હિંમત ચાલી નહીં.

વિક્રમશીએ ઘેર આવી, પોતાના કાકાને બધી વાત કહી. ખોરડાં, ખેતર, એ બધુ પોતાના કાકાને આપી, બધી તરેહની ભલામણ કરી, રૂપીને કોઇ સારે ઠેકાણે પરણાવો, ઘરની ઘરવખરી તેને કરીયાવરમાં આપવાનુ કહી, રૂપીને પણ કાંઇ કહ્યા વગર ઘોડીએ ચડી ચાલતો થયો. નગરમાં પાવૈયાના મઠમાં જઇ, સ્ત્રીનાં કપડાં પહેરવાનો વિચાર જણાવ્યો. છ મહિના રહી પોતાની ખાત્રી થયા વિના સ્ત્રીના પોશાક નહીં પહેરવા દેવાનું અને છ મહિના સાથે રહેવાનું મઠના મુખી પાવૈયાએ કહ્યું. વિક્રમશી ત્યાં રહ્યો.

વિક્રમશી ગયા પછી તેના કાકાએ તે ખબર સોનબાઇના બાપને મોકલ્યા. સોનબાઇને ખબર પડી ત્યારે તે બિચારીની કાંઈક પણ જે આશા હતી તે પણ ગઇ. રોઈ છાની થઇ રહી.

થોડેક દિવસે, ત્યાંથી દસ બાર ગાઉ દૂર આવેલા ગામડાના ઘરભંગ થએલ એક સારા આબરૂદાર લખમશી નામના આહેરનું માગું આવ્યું; તે સોનબાઇના બાપે તુરત જ સ્વીકાર્યું.

સોનબાઈ બિચારી કાંઇ બોલી શકી નહીં. લખમશી સોનબાઇને ઘરથી પોતાને ઘેર તેડી ગયો.

પહેલી જ રાત્રે લખમશીને સોનબાઇએ હાથ જોડીને પોતાને છ મહિનાનું વ્રત હોવાનું કહ્યું. સમજુ લખમશી ખુશીથી કબૂલ થયો–" બહુ સારૂં. વ્રતનો ભંગ શા માટે કરવો? "

સોનબાઇને બધી રીતે ત્યાં અનુકૂળતા હતી; પણ તેનું મન તો વિક્રમશીમાંજ લાગી રહ્યું હતું!

શીઆળાના દિવસો છે; લહાણી પડી ચુકી છે; સારા સારા, શીઆળાની ખેડનો ગુણ સમજનારા ખેડુતોએ સાંતી જોડી દીધાં છે. લખમશીએ કુંડાં ખળામાં નાખી, પોતાના ખેતરમાં હળ જોડ્યું છે.

નગરથી માગણી માગવા પાવૈયાનું એક ટોળું નીકળ્યું. વિક્રમશી પણ પોતાની ઘોડી ઉપર ચડી સાથે ચાલ્યો છે. લખમશીના ખેતરની પાસે થઈને એક ગાડામાર્ગ જતો હતો. બપોર થવા આવ્યા છે; સાંતી છુટવાનો સમય છે; સોનબાઈ ભાત લઈ માર્ગે ચાલી આવે છે; સામેથી પાવૈયાનું ટોળું આવે છે. વિક્રમશી સૌની પાછળ ધીમો ધીમો ચાલ્યો આવે છે. લખમશીના ખેતરની પાસેજ સોનબાઇ પહોંચી. વિક્રમશીને આવતો જોઇ ઉભી રહી. નજીક આવતાં સોનબાઇને ઓળખી, વિક્રમશી પણ ઉભો રહ્યો. સોનબાઇની આંખમાંથી આંસુ ચાલવા લાગ્યાં.

" આમ કરવું હતું ? "

" તું સુખી છો ? " વિક્રમશીથી કાંઈ વિશેષ ન બોલાયું !

" હું સુખી હતી ! શું કામે મૂકીને ગયા ? "

" ત્યારે શું તારો ભવ બગાડું ? "

બન્ને જણાં સામસામાં ઉભાં છે; લખમશી ખેતરને બીજે શેઢે સાંતી હાંકતો હતો તે ઉભું રાખી આ બધું જુએ છે.

" ભાત જાય છે ? તારૂં ખેતર કયાં છે ? "

“ આજ મારૂં ખેતર.”

“ સાંતી હાંકે છે એજ તારો ધણી ?”

“ હા. હવે તો એમજ !”

“જો, તારો ધણી અહીં જોઈ રહ્યો છે; ખીજાશે. તું જા” ?

“ હા, હું તો જઈશ ભલે મને કહેવું હોય તે કહે ! આયર ! તમે બહુ બગાડયું. સુખે સાથે રહી પ્રભુ-ભજન કરત; પણ હવે શું થાય ! મારા હાથનું એક ટંક જમીને જાઓ તો સંતોષ થાય.”

“ તારે ઘેર આવું, એ તારા ધણીને ન પોસાય; તેમ આ પાવૈયા પણ ન રોકાય. તો મારે તેમની સાથે જાવું જ પડે ?”

સોનબાઈ અકળાઈ ગઈ; ઘોડીની લગામ ઝાલી બોલી.

“ મારૂં એટલું વેણ તો પાળો !”

“ ભલે, તારો ધણી કહેશે તો રોકાઈશ.” એટલું કહી ઘોડી હાંકી, સોનબાઈ નિસાસા નાખતી લખમશી પાસે ભાત લઈને ગઈ. લખમશીએ સાંતી છોડયું અને ખાવા બેઠો. કાંઈક ક્રોધથી તેણે પૂછયું.

“ કોની સાથે વાતો કરતી હતી ? કેમ રોઈ છો ?”

સોનબાઈએ ખુલ્લા દિલથી સત્ય હતું તે બધુ કહ્યું. વિકમશી પોતાનો આગલો ઘરવાળો છે, પોતાનો પ્રેમ હજુ તેના ઉપર જેવો ને તેવો જ છે. પોતાને છોડી છાનોમાનો ચાલ્યો ગયો હતો, તે આમ અચાનક મળી ગયો. એને એક રાત પોતાને ત્યાં આવી રહેવાનો પોતે આગ્રહ કર્યો છે. લખમશી સોનબાઈ સામું જોઈ રહ્યો; કાંઈક વિચારમાં પડયો; સાંતી જોડવાને બદલે સોનબાઈની સાથે ગામમાં આવ્યો. પાવૈયાનું ટોળું બપોરા કરવાને ગામને ચોરે ઉતરેલ હતું; વિકમશી પણ ત્યાં હતો. સોનબાઈ અને લખમશીને આવતાં વિકમશીએ જોયાં. લખમશી હમણાં આવી કાંઈક કહેશે એમ વિચારતો હતો, તેટલામાં તો લખમશીએ

તેને પોતાને ઘેર આવવા કહ્યું; વિક્રમશીથી ના કહેવાઇ નહીં 'ઘેર જાઉં, પછી એને ઠીક પડે તેમ કરે.' એમ વિચાર કરી, પાવૈયાના મુખીની રજા લઇ, ઘોડી લઇને લખમશીને ત્યાં ગયો. લખમશીએ બહુ આદર સત્કાર કર્યો. વિક્રમશીને બ ઇ હતી તેનાથી ઉલટું જ બન્યું.

લખમશીએ ધીમે ધીમે બધી વાત વિક્રમશીથી જાણી લીધી. આમ વાતોમાં સાંજ પડી.

લખમશી માતાનો ભક્ત હતો, ભુવો પણ હતો. તેના ફળીમાંજ એક સારી ઓરડી બનાવી, માતાજીની સ્થાપના કરી હતી. હમેશ સાંજરે, સુર્યાસ્ત સમયે, તે માતાજીને ઓરડે માળા ફેરવવા જતો હતો તેમ ગયો. ધુપ કર્યો; માળા ફેરવી; માતાજીની સ્તુતિ કરવા લાગ્યો. તેને એકદમ આવેશ આવ્યો ને ધુણવા લાગ્યો. સોનબાઇ ઘરમાં રાંધતી હતી, ત્યાં તેમણે લખમશીની હાક સાંભળી; એકદમ બહાર આવી વિક્રમશીને કહ્યું:

" જાઓ, ઝટ પગે લાગો ! "

વિક્રમશી તુરત જઇ પગે પડ્યો. લખમશીએ ધુણતા ધુણતાં, તેના માથા ઉપર પોતાના બંને હાથ મૂકી આશીર્વાદ દીધો.

આશીર્વાદની સાથે જ, વિક્રમશીમાં નવીન તેજ—હૅવત આવી ગયું.

બંને માતાના ઓરડામાંથી બહાર આવ્યા.

" કાં ભાઇ ! કેમ છે ? "

" ભાઈ! તમારી અને માતાજીની આસ ઉપર પુરી દયા થઈ. "

લખમશીના ચહેરા પર અવર્ણનીય શાંતિ છવાઇ રહી. તેણે કહ્યું: " ત્યારે વિક્રમશી ! આ સોનબાઇ તારી સ્ત્રી છે

તારા ઉપર એનો પુરો ભાવ છે; સુખેથી તારે ઘેર તેને તેડી જા. માતાજી તમને સુખી રાખે અને મીઠાં મોં કરાવે. ”

વિક્રમશી ઉપકાર નીચે દબાઇ ગયો; ગળગળો થઇ ગયો અને બોલ્યો:

“ લખમશી ભાઇ ! આ ચામડાના જોડા સીવડાવું, તોય તમારા ઉપકારનો બદલો વાળી શકું તેમ નથી; કોઇ રીતે વળે તેમ નથી. તમે મારે ઘેર મારા ભેળા આવો તો હું જાઉં !

લખમશીએ ખુશીથી હા પાડી.

થતા જ ગાડું જોડયું. સોનબાઇનો હર્ષ હૃદયમાં સમાતો નથી. વિક્રમશી ઘોડી ઉપર ગાડાની વાંસે, બહુ જ આનંદમાં, મનમાં ને મનમાં લખમશીના ગુણ ગાતો ચાલ્યો આવે છે.

વિક્રમશીને ઘેર પહોંચ્યાં. તેનો કાકો—આખું કુટુંબ બહુજ રાજી થયું. બીજે દિવસે લખમશીએ જવાની રજા માગી. પોતાના કાકાની સલાહ લઈ વિક્રમશીએ બ્હેન રૂપાને લખમશી વેરે આપવા પોતાનો વિચાર જણાવ્યો. લખમશીને આગ્રહ કરી રોકયો. લખમશીએ ખુશીથી કબૂલ કર્યું.

આસપાસનાં નજીકનાં સગાંઓને તેડાવી, સારો દિવસ જોવરાવી, વિક્રમશીએ રૂપીનાં લગ્ન કરી. કરીયાવર સારી રીતે આપી, લખમશીને પોતાને ઘેર મોકલ્યો.



ચાંપરાજવાળા

કાઠિયાવાડમાં ભાદર કાંઠે જેતપુર નામે સુંદર શહેર છે. કાઠી રાજાઓની અસલ રાજધાની ચીતળ. ચીતળ ભાંગ્યા પછી જેતપુર જામ્યું.

જૂના કાળની આ કથા છે. આ જેતપુર શહેરની અંદર એક મોચીની દુકાન હતી, ત્યાં એક દિવસ એક ફકીર આવીને બેઠો. મોચીના હૃદયમાં ફકીર પ્રત્યે ભક્તિભાવ થયો. એણે ફકીરને ચલમ ભરીને ગાંજો પાયો. ફકીરનું મગજ તર થઇ ગયું, બહુજ પ્રસન્ન થઇને ફકીર બોલ્યો કે: "બચ્ચા! માગ, માગ."

હલકા હૃદયનો મોચી બીજું શું માગી શકે? એણે કહ્યું કે "સાંઇ બાબા, સાચે સાચ પ્રસન્ન થયા હો તો એટલું માગું છું કે અમદાવાદના સુબાની શાહજાદી મારે ત્યાં આવે."

ફકીરના હૈયા ઉપર સખ્ત આઘાત થયો. એ બોલ્યો. "અરે મોચી? મેં તને ખુદાનો બંદો માનીને વરદાન દીધું. તારા દિલમાં કોઇ ઉમદા ચીજનો પોકાર ઉઠશે એમ મેં ધાર્યું હતું. ફરી વિચાર કર, હે મંદ અક્કલના આદમી!"

મોચી કહે: "ત્યારે એમજ કહોને સાંઇ, કે તમારે મને મફતનો ઉડાડવો જ હતો! આપવું હોય તો આપો મેં માંગ્યું તે."

નિરાશ થઇને ફકીરે એને ચાર દીવા દીધા અને કહ્યું કે આ દીવા કરીશ ત્યારે ચાર ફિરસ્તાઓ હાજર થશે, તારા મનમાં આવે તે એને ફરમાવજે."

ફકીર ચાલ્યો ગયો. રાત પડી; મોચીએ દીવા પ્રગટાવ્યા; ચાર ફિરસ્તા સલામ કરીને ઉભા રહ્યા. મોચીએ કહ્યું કે: અમદાવાદના સુબાની બેટીને આંહીં હાજર કરો. ફિરસ્તા ગયા; થોડી વારમાં એ નિદ્રામય તરૂણીને પલંગ સમેત મોચીના ઘરમાં લાવીને હાજર કરી.

મોચીનુ ઘર. ચામડાની દુર્ગંધની અંદર એ અતરો ને ફુલોની ખુશબો વચ્ચે સૂનારી શાહજાદી કયાં સુધી ઉંઘી શકે? યુવતી ઉઠી. ઝબકીને ચોપાસ જોયું, ચોમેર એની આંખના ડોળા ફરી રહ્યા છે; મનમાં ને મનમાં વિચારે છે કે: "રે અલ્લા! હું કયાં પડી છું" મોચી તો દિવાનો બની બનીને આ નાજનીને મનાવે, ફોસલાવે, પણ તે બધુ શા કામનુ?—પ્રભાત થયા પહેલાં તો મોચીની આજ્ઞા પ્રમાણે ફિરસ્તાઓએ એ પથારી સહિત શાહજાદીને પાછી અમદાવાદના મહેલમા પહોંચાડી દીધી.

પછી તો રોજ રાત્રિયે મોચી આજ્ઞા કરે; ફિરસ્તા એ સૂબાની બેટીને ઉઠાવી લાવે આખી રાત ત્યાં રાખીને પાછી પ્રભાતે એ પથારી અમદાવાદ પહોચે.

શાહજાદીના ચહેરા ઉપરનુ નુર ઉડવા લાગ્યુ હતુ એના દિલમાં હરદમ ઉદાસી ભરાયેલી રહેતી, એને કયાંએ સુખ નહોતું. એક દિવસ એની માએ પુછયુ બહુ બહુ મનાવી કે: "બેટા, કાં, એવી કઈ છૂપી પીડા ત્હારા દિલમા દાબઇ ઘઇ છે?"

શાહજાદીએ રડતે મ્હોએ બધી વાત સમજાવી કે: "હે અમ્મા! રોજ રાત્રિએ કોઇ મને એક મોચીના ઘરમા ઉઠાવી જાય છે."

માએ દિલાસો દીધો. શાહજાદીને શીખવ્યુ કે. "બેટા! આજ રાતે જઇને, એ મોચી સાથે ખુશ મિજાજથી વાત કરજે. પછી એનુ નામ ઠામ પૂછી લેજે."

તે રાત્રિએ શાહજાદી મોચીને ઘેર પહોચી, મોચીની સાથે હસીને બોલી. પુછયું કે. "તમે કોણ છો?"

મોચીની છાતી ગજ ગજ ઉછળી પડી. ઓછો ઓછો બનીને બોલ્યો: "ઓહો! આજ તો તમે બોલ્યા ખરાં." પછી મોચીએ પોતાનુ નામ ઠામ વગેરે બધી હકીકત હર્ષમાં ને હર્ષમાં કહી સંભળાવી.

ઘેર પહોંચીને શાહજાદીએ માને વાત કરી. સૂબા પાસે વાત મૂકાણી; એક ફોજ તૈયાર થઇ ને જેતપુર તરફ ચાલી નીકળી.

જેતપુરમાં એભલવાળા નામે કાઠી દરબાર રાજ્ય કરતા હતા. એના મોટા દીકરાનું નામ ચાંપરાજવાળા હતું. ખૂબ પ્રતાપી જુવાન. એક દિવસે પરોઢીએ ચાંપરાજવાળો નહાવા જતો હતો. તેવામાં રસ્તાની એક બાજુ ચાર બાઈઓને રડતી જોઈ. ચારે બાઈઓ સાથે બેસીને રડતી હતી અને [illegible] બોલીને રડતી હતી. ચાંપરાજવાળાએ આ બાઈઓને એ વિચિત્ર બનાવનું કારણ પૂછ્યું.

રમણીઓ કહે: "અમે ચારે અપ્સરા [illegible]. [illegible] ! [illegible] આવે છે; આહીં [illegible] [illegible] એક [illegible], [illegible] આ [illegible] સારાનું [illegible]; [illegible] [illegible] ચાંપરાજવાળો [illegible] [illegible] [illegible] અમે [illegible] આનંદ કરીએ [illegible]" [illegible] ગુરૂઈ પૂછ્યું: "શા માટે ધિંગાણું થશે? [illegible] શું કારણ આવે છે?"

અરસપરસ એ બાઈઓ બોલી [illegible]

"તમે ઓળખો છો સુંદરીઓ?"

"હા જી તો, લગી પાનેજ અમારા ભગિનીના ભરથાર ચાંપરાજવાળા!"

"હે રમણીઓ! સત્વર પડતું આવે છે, હું રજા લઉં છું; પણ આ રુદન રીને દિલાસો દેજો. જેમ તેમ કરીને પણ હું એ [illegible]ગીને પહેલ વહેલા નહીં મરવા દઉં."

એમ કહીને ચાંપરાજવાળો ચાલી નીકળ્યો. દિવસ ઉગ્યો એટલે પેલા મોચીને બોલાવીને ખુબ ધિક્કાર દીધો. પછી સમસ્ત કાઠી ડાયરાને ધિંગાણાના સમાચાર દીધા. એક મોચીની દુષ્ટતાને ખાતર આજ હજારો શૂરવીરો હણાશે એવું સહુએ સમજી લીધું. કાઠીના દીકરાઓ સજ્જ થવા લાગ્યા.

મોચડાને ચાંપરાજવાળો ભૂલ્યો નહીં. એને શહેરના કોઠા ઉપર ખભામાં બેડી નાખી બેસાડી દીધો.

અમદાવાદની [illegible] પંઢાની વાડી બુચાનો યુદ્ધ ચડે છે. પણ ઢોલ વાગે [illegible] શી રીત ચડે? યુદ્ધમાં ઉલ્લાસ [illegible] ઢોલ વગાડનારો તો એકજ [illegible] ત્યારે [illegible] વગાડવાનું [illegible]

[illegible] ઢોલ વગાડતાં [illegible] મુસલમાન [illegible] ઉપર [illegible] ઉંચા [illegible] અનુસાર યુદ્ધમાં [illegible]

[illegible]
[illegible]

([illegible] પક્ષમાં મુસલમાનો [illegible] તલવાર [illegible] જાણી ગયો.)

આ છેલ્લી ઊઠતો પેલી ઊઠયો પાત,
ભૂખમા પડી પ્રાત [illegible] અભડાવ્યુ એમડા

(જમવાની પ્રથા એવી છે, તેમાં તો પ્રથમ રાજાઓ જમવા બેસે, ને પછી જ તારો વારો આવે, કારણ કે તું નીચ વર્ણનો હતો. પરંતુ આ યુદ્ધરૂપી જમણમાં તો બીજા તમામ ક્ષત્રીઓની પહેલાં તું દોડયો ગયો. પહેલું ભોજન તું જમ્યો. રાજાઓ (ભૂપો) ભ્રાંતિમાં પડી ગયા! એ લોકોનું જમણ તેં અભડાવ્યું, અર્થાત્ એ લોકોની કીર્તિ તું છીની ગયો.)

[illegible] નહીં માણુ ખાવાં માય,
[illegible] આપણ વાચ જે જમાતે એમડા.

(રણુ મેદાનમાં, (યુદ્ધનાં ખળામાં) તારૂં માથું શંકરે જ શોધ્યું. કારણ કે પોતાની રૂંઢમાળાની અંદર એવા પરાક્રમી માથાને પરોવીને પહેરવા શંકર ઉત્સુક હતા. ત્યારે કેમ ન જડ્યું એ માથું ? કારણ કે અપસરાઓ તારા પરાક્રમ પર એટલી બધી મુગ્ધ બની ગએલી કે એ માથું ઉપાડી જવા ઝૂંટાઝૂંટ ચાલી. એટલી બધી અપસરાઓ હતી કે માથાના તલ તલ જેટલા ટુકડા કરીને બધીઓ અકેક ઉપાડી ગઇ.)

ખિંગાળામાં આખરે ચાંપરાજવાળાનું માથું પડ્યું. માથા વિનાનું એ ધડ, દુશ્મનોની આખી સેના સાથે ઝુઝવા લાગ્યું. દુશ્મનોને નસાડ્યા. નસાડતાં નસાડતાં છેક લાઠી ગામ સુધી મુસલમાનોને હાંકી ગયું. લાઠીને પાદર એ પરાક્રમી ધડ પડ્યું. આજ લાઠીમાં એ વીરનરનો પાળીઓ ઉભો છે.

સર ગોળી સાબળ તણા માથે મે' થીઆ
(તોય) ચાંપો ચાયે ના ઓળા એભલરાઉત

(તીર, ગોળીઓ અને ભાલાઓના વરસાદ ચાંપરાજવાળાને માથે વરસતા હતા; છતાં એ એભલવાળાનો દીકરો ચાંપરાજ કોઇ ઓથ (ઓળા) લઇને એ વરસાદમાંથી બચવાની ઇચ્છા કરતો નથી. અર્થાત્ એ રણમાંથી નાસી ન ગયો.)

ખાંડા તણો ખડયે પોહવ પારીસો કીઓ
કર દીધા કલબે આડા એભલરાઉત

(આ દુહામાં યુદ્ધને જમણની ઉપમા દેવાએલી છે. હે રાજા (પોહવ) ! યુદ્ધમાં (ખડયે) તેં તલવારો (ખાંડાં) નું જમણ પીર-સ્યું (પારીસો કર્યો.) એટલા બધા આગ્રહથી પીરસ્યુ કે, હે એભલના પુત્ર ! તારા મહેમાન મુસલમાનોએ (કલબે) "બસ બસ" બોલીને આડા હાથ દીધા. અર્થાત્ તારી તલવારોથી દુશ્મનો ત્રાસ પામી ગયા.)

પતશાહે પતગરીઆં નહીં પોહપ પાછાં જાય,
ચાંપો છાબમાં માંય, ઉઠે એભલરાઉત.

(માળી ફૂલ લઇને બાદશાહને ભેટ ધરવા ગયો. છાબની અંદર ચંપાનાં ફૂલ મુક્યાં હતાં. બાદશાહે તે જોયાં. એણે ફૂલો ન

રાખ્યાં (પતંગીઆં) પુષ્પો (પોહપ) પાછાં ગયાં શા માટે ? બાદશાહને બીક લાગી કે કદાચ એ ચંપાના ફૂલમાંથી ચાંપરાજવાળો બહાર નીકળશે ! અર્થાત્, ચાંપરાજવાળાથી બાદશાહ એટલો બધો ડરતો હતો કે એના નામેરી ચંપા ફૂલને જોતાં પણ એ ભડકી ઉઠતો.)

× × ×

જીવતા હતા ત્યારે ચાંપરાજ વાળાએ એક ચારણને એક ઘોડાનું દાન કરેલું. ચારણ થોડા દિવસ પછી આવીને ઘોડો લઈ જવાનો હતો. એ ચારણ ચાંપરાજવાળાના મૃત્યુ પછી એમના પિતા એભલ વાળા પાસે આવ્યો. એભલ વાળાને ચાંપરાજે એ વાત કરેલી. એભલ વાળાએ ચારણને ઘોડો છોડી જવા કહ્યું.

ચારણ બોલ્યો: “ ના, બાપુ, એમ ઘોડો લેવાનો નથી. ચાંપરાજવાળો ભર ડાયરા વચ્ચે આવીને દાન કરે તોજ મારે ઘોડો ખપે. નહીં તો હું આંહીં દેહ પાડીશ. ”

એભલવાળાની આંખમાં પાણી આવ્યાં: તે હસીને બોલ્યા કે: ‘ અરે, ચાંપરાજ તે હવે ક્યાંથી આવે ? તું ગાંડો થા મા. મરેલા માણસોને કદી ક્યાંય દાન દેતાં જાણ્યા છે ?”

ચારણ એકનો બે થયો નહીં. એ તો લાંઘણ ઉપર લાંઘણ ખેંચવા લાગ્યો. ચાંપરાજવાળાને સ્મશાનમાં બાળેલા ત્યાં જઈને બેઠો.

આખરે ચાંપરાજવાળાનું પ્રેત દેખાયું. ચારણને વચન દીધું કે: “ જા, સવારે ડાયરો ભરીને ઘોડો તૈયાર રાખજે. હું આવીશ. ”

ચારણે જઈને દરબારને વાત કરી. દરબાર હસ્યા: સમજી લીધું કે ચારણભાઈના ઘરમાં ભૂખ સહેવાની નથી એટલે આ યુક્તિ કરી છે. આવી રીતે ડાયરો ભરાશે, આપણેજ ચાંપરાજવાળાને નામે ચારણને દાન કરી દેશું, ચારણ ફોસલાઈ જાશે; આપણે ચારણ-હત્યામાંથી બચશું: માટે જેમ ચારણ કહે તેમ કરો, એમ માનીને ચારણને વાળુ કરાવ્યું.

બીજે દિવસે સવારે ડાયરો જામ્યો. સજ્જ કરીને ઘોડાને લાવવામાં આવ્યો. ચારણ વાટ જોઈને ઉભો. આખો ડાયરો ટાંગી

કરવા લાગ્યો. સહુને થયું કે આ ભાઇ સાહેબ ઘોડાને ઊભા કરીને હમણાં ઘોડા લઇ લેશે ત્યાં તો પૂર્વ દિશા તરફ બધાની નજર ફાટી રહી. સૂર્યના કિરણોની અંદરથી સાંપરાજવાળો ચાલ્યા આવે છે. આવીને ઘોડાની લગામ ઝાલી. "હવે બહુ થયું," એમ કહીને ચારણના હાથમાં લગામ મૂકીને સાંપરાજવાળો સૂર્યલોકને માર્ગે સીધાવ્યા.

"જય હો!" "જય હો!" એમ જય બોલાવીને ચારણ ઘોડે ચડી ચાલી નીકળ્યો. આખો [illegible]

કમળ વિણ બારથ ક્યાંથી, [illegible]
વાળા એ વિધાન [illegible].

("કમળ=માથું. બારથ=યુદ્ધ.")

× × ×

સાંપરાજવાળાનું નામ [illegible] પહોંચ્યું. મારવાડનો એક બારોટ [illegible] પહોંચ્યો. એભલવાળા પાસે જઇ [illegible] હું માગું તે દેશો? તમે તો [illegible]."

એભલવાળા બોલ્યા, "ભલે બારોટ! [illegible] માગજો હો!"

બારોટ કહે: "બાપુ! હું તમને પોતાને જ માગું છું."

એભલવાળાને અચંબો લાગ્યો. એ બોલ્યા કે, "બારોટ, હું વૃદ્ધ, મને લઇને તું શું કરવાનો હતો? મારી ચાકરી તારાથી શી રીતે થશે? તેં આ કઇ રીતની માગણી કરી?"

બારોટે તો પોતાની માગણી બદલી નહીં. પછી એ વૃદ્ધ દરબાર પોતાનું સર્વસ્વ પોતાના સાંપરાજવાળાથી ન્હાના દીકરાને ભળાવીને બારોટની સાથે ચાલી નીકળ્યા.

રસ્તે જતાં દરબારે પૂછ્યું કે: "બારોટ! સાચે સાચું કહેજો; આવી વિચિત્ર માગણી શું કામે કરી?"

બારોટે હસીને કહ્યું: "બાપુ, મારવાડમાં સોઢી બાઇને મારે રાજાને પરણાવવા છે."

એભલવાળા હસી પડ્યા ને બોલ્યા: "રે ગાંડા, તું શું કહે છે? આટલી ઉંમરે મને મારવાડમાં લઈ જઈને પરણાવવાનું શું કારણ?"

બારોટ કહે: "કારણ તો એ જ કે મારે મારવાડમાં ચાંપરાજ વાળા જેવો દાનેશ્વરી જન્માવવો છે, દરબાર!"

એભલવાળાએ બારોટનો હાથ ઝાલીને પૂછ્યું, "પણ બારોટ, તારી મારવાડમાં ચાંપરાજની મા જેવી કોઈ જડશે કે? ચાંપરાજ કોને પેટ અવતરશે?"

"કેવી મા?"

"સાંભળ ત્યારે. જે વખતે ચાંપરાજ સાત છ મહિનાનું બાળક હતો, તે વખતે એક દિવસ હું રણવાસમાં [illegible] પારણામાં ચાંપરાજ [illegible] રમતો હતો. એની માની સાથે વાત કરતાં કરતાં [illegible]. ચાંપરાજની મા [illegible] કે "ના, ના, ચાંપરાજ જોવે છે!"

"હું હસીને બોલ્યો: "અરે ગાંડા, ચાંપરાજ–જેવડા નાના બાળકને શું ખબર!"

"[illegible] ત્યાં તો ચાંપરાજ પડખું ફરીને બીજી બાજુ જોઈ રહ્યો.

"હું તો ભુવાળાંઈ બહાર આવ્યો. પાછળથી ઈ શરમને લીધે ચાંપરાજની માએ અફીણ પીને આપઘાત કર્યો."

"બોલો, બારોટ! આવી નારી મારવાડમાં મળશે?"

નિરાશ થઈને બારોટે કહ્યું: "ના."

"બસ, ત્યારે ચાલો પાછા જેતપુર."

જેતપુર જઈને બારોટ એભલવાળાને ઘેર પહોંચાડી આવ્યો.



ઓઢા ખુમાણ અને ઉનડજી ગોહિલ

ઘાટારે ઘડીઓ હુને નૂણ તણા,
મરદીઆઈ એ માણુ, એતી જ હુતી ઓઢીઆ.

(નૂણ તણા=નૂણાના પુત્ર, ઘાટેડે=ઘાટ ઘડનારે=પ્રભુએ, ઘડીઓ=ઘડયો, મરદીઆઈ=મરદાનગી, એતી=એટલી, હુતી=હતી)

હે ઓઢા ખુમાણ! નૂણા ખુમાણના પુત્ર! તને જ્યારે પ્રભુએ ઘડેલો ત્યારે મરદાનગી રૂપી માટી પોતાની પાસે જેટલી હતી તેટલી પ્રભુએ તને ઘડવામાં વાપરી નાખી. પછી બીજા કોઇ મનુષ્યને પ્રભુ મરદ બનાવી ન શક્યા. તું એકજ મરદ છે.

સંવત ૧૮૭૫ની આસપાસની આ વાત છે

પાલીતાણાના ગાદીપતિ નોઘણજીનું જ્યારે અવસાન થયું, ત્યારે ગાદીના વારસ—તેના કુંવર ઉનડજી દસ વરસના હતા. ઉનડજીની સગીર અવસ્થા હોવાથી એના કાકા અલુ રાજ્યવહીવટ ચલાવતા. અલુજીનો છુપ ઇરાદો કુંવરને ઠાર કરી ગાદી ભોગવવાનો હતો.

કુંવરનાં માને કાને આ અફવા આવી પહોંચી. એણે મનમાં વિચાર કર્યો કે કુંવરને ક્યાં મોકલું? અલુજીની ધાક ગાજતી હતી; તેવા વખતમાં ઉનડજીને આશરો દેનાર ક્યાંથી મળે? આખરે રાણીને યાદ આવ્યું: આસોદર ગામના દરબાર ઓઢા ખુમાણ જેવો બળીઓ આજુબાજુમાં કોઇ નહોતો.

એક વફાદાર દાસીને રાણીએ તૈયાર કરી. સાથે ઘોડો આપ્યો; એક હજામને સાથે મોકલ્યો; દાસીને કહ્યું કે: "કુંવરને લઇ આસોદર જજે." જે રાત્રિએ ખૂન થવાનું હતું; તેજ રાત્રિએ વાળુ કરીને બન્ને જણાં ચાલી નીકળ્યાં.

પાલીતાણાથી બાર ગાઉ ચાલતાં પોતાના કાકા ભગવતસિંહજીનું ગામ રૂપાવટી આવ્યું. કુંવરને માટે હોકો ભરવા માટે

હજામ ગામમાં ગયો. ભગવતસિંહજીને ખબર પડી કે કુંવર અલ્લુજીના હાથમાંથી છટકીને જાય છે. ભગવતસિંહજી અલ્લુજીના હિતસ્વી હતા. એણે પોતાના હજામને કહ્યું કે: "જોજે હો, અલ્લુજી બાપુ ખુશી થાય એવો હોકો ભરી દેજે."

હજામ સમજી ગયો; એણે તમાકુમાં સોમલ મેળવીને કુંવરનો હોકો ભરી દીધો. કુંવરનો હજામ એ લઇને નીકળ્યો, પાદર આવ્યો રાત જામવા લાગી હતી; જલ્દી કોઇને આશરે પહોંચી જવું હતું; કુંવરે કહ્યું કે: "તું હોકો જમાવીને પછી મને આપ"

હજામ હોકો ખેંચવા મંડયો; જ્યાં ત્રણ ઘુટ લીધી ત્યાં હજામ બેહોશ બનીને ભોય પર પડી ગયો. કુંવર નીચે ઉતર્યો, અંધારી રાતે ઘાસનાં તરણાં સળગાવીને જોયું તો હજામના પ્રાણ ચાલ્યા ગયેલા. હોકાની તમાકુ ઉખેળીને તપાસે ત્યાં અંદર સોમલની મિલાવટ સમજાઇ ગઇ. કુંવર તો હજામને મૂકીને ચાલી નીકળ્યા. પણ હૃદયમાં વિચાર ઉપડયા કે "અહો! ભગવતસિંહજી કાકાને મારા ઉપર શાનુ વેર! આટલો બધો રાજલોભ! ઇન મનો લોભ" એણે મનમાં નિશ્ચય કરી લીધો, એ અંધારી રાત્રિએ રૂપાવટીના આકાશ ઉપર 'ધ્વંસ' શબ્દ લખાઈ ચુકયો, બાળકના નિ:શ્વાસથી એ ભૂમિ બળબળી ઉઠી.

પ્રભાત થયું, ત્યાં આસોદરને પાદર પહોંચી ગયા. ચોપાટમાં બેઠા બેઠા ઓઢા ખુમાણ દાતણ કરે છે, કાઠીના દરબાર મરામ ખુમાણ મહેમાન આવેલા તે પણ પાસે બેઠા છે ઓઢા ખુમાણે જોયું કે ગઢની અંદર એક ખવાસણ કોઇ દસ વરસના અજાણ્યા બાળકને લઇને ચાલી ગઇ.

"ભમા ડેર," ઓઢા ખુમાણ બોલ્યા. "જાઓ, તપાસ કરો કોણ મહેમાન આવ્યાં?"

ભગો ડેર ઓઢા ખુમાણનો એક વફાદાર યોદ્ધો હતો. ભગો ડેર અંદર જાય ત્યાં તો ઓઢા ખુમાણના વહુએ કુમારને પોતાના ખોળામાં બેસાડી લીધેલો, અને મીઠાઇ ખવરાવતાં હતાં. એમણે

ભા ડેરને કહ્યું કે: “ આ પલીતાણાનો ધણી છે. કુમાર પાસે લેઈ જાઓ અને કહેજો કરણ [illegible] કે પાલીતાણાના ધણીને છાજે તેવું કરી બતાવે.”

કુંવરને આગળીએ વળાવીને [illegible] ઓઘડ [illegible] ઓળખાણ આપી. વાત કરી કે: “કુંવર [illegible] ઓઘડ ખુમાણના [illegible] લેવા આવ્યા [illegible]” [illegible] ખુમાણની છાતીમાં [illegible]

[illegible] પલીતા [illegible] બેસાડ [illegible] આડશે.

એ [illegible] નીકળી ગયું.

[illegible]

[illegible]

ઓઘડની [illegible]

“ એ [illegible] ડણને બેસાડી [illegible] બેસાડ્યું [illegible] પડખે પડેલા લોટામાંથી [illegible] નીચે ઢોળી. ઓચા- ટમાંથી ઉભા થઈ ગયા અને [illegible] મારી રૂ.ઠી.”

ઘોડી પર બેસી, [illegible] ઓઘડ ખુમાણ ચાલી નીકળ્યા. ઓળાખ કુમાર ઉન [illegible] બીરાજે છે.

પોતાનાં બારે ગામની અંદર સદેશા પહોંચાડ્યા કે: “ એક સો એક સો ઘોડેસ્વાર આવીને આજ રાત્રિએ મને પાંચતોબરા ગામમાં ભેગા મળો. એ મુજબ બારસો હથીઆરી યોદ્ધાના,

ઘોડા આવીને [illegible] ઉભા રહ્યા [illegible] ચીબરી બોલી [illegible] એક મેર સાથે હતો તે બોલ્યો: “ [illegible], જો [illegible] તો, શુકન કહે છે કે એક [illegible] એક [illegible] થાય. વિના [illegible].”

[illegible] વાજે [illegible] અને [illegible] ઓઢ [illegible] તમામ [illegible] નથી. [illegible] ન ઉતાર્યા.

[illegible] ખાતર [illegible].

“ ઓઢભ [illegible] હું [illegible] કરૂં.”

[illegible] યોદ્ધા [illegible], સહુ યુદ્ધમાં તલ્લીન છે, કોઈનું ધ્યાન નથી. તેટલામાં [illegible] માથાં અલુજી દેખાયા. [illegible] જીએ બરાબર ઓઢાની ઉપર તાકીને [illegible]. [illegible] ઓઢા અને કુમાર [illegible] બન્નેના જીવ [illegible] નીમકહલાલ બનો ડેર ! એવું જેવું કે [illegible] ધણી અને પાણી રાખનારો ધણી [illegible] ! [illegible] પોતાનો ઘોડો મોઢા આગળ નાખ્યો ઉપરથી પડતી સાંગ એની છાતીને ચીરી જમીનમાં પેઠી; પોતાનો માલીક બચી ગયો; એ બધુ એક

પગમાં બન્યું. અલ્લુજી હથિયાર વિનાનો થઈ પડ્યો. ઓઢાએ ભાલાનો ઘા કર્યો. અલ્લુજીની ખોપરી ફાડીને ભાલું પાછું વળ્યું.


*　　　　*　　　　*

એજ દિવસે દરબાર ભરીને ઓઢા ખુમાણે કુમાર ઉન્નડજીને તખ્ત ઉપર બેસાડ્યો.

ઉન્નડજીના હૈયામાંથી રૂપાવટીનુ મોમલ હજુ નહોતું નીકળી ગયુ. એણે ઓઢા ખુમાણને કહ્યું: “ મામા, રૂપાવટી લુંટવા જાઓ. માગે તેટલું લેતા આવો. ” એને માટે દુહો કહેવાય છે કે:

આટી ઉનડીઆ છતરપતે છૂટી નહીં
કે મારી નથીઆ ન નમ્યો નોઘણરાવત

(હે નોઘણજીના પુત્ર ઉનડ, તારા અંતરમા જે રૂપાવટી વિષે લાગી હતી તે ન જ છૂટી ઘણું મરતાં મરતાં પણ તું ન જ નમ્યો).



માત્રો વરૂ અને જાલમસિંહ ઠાકોર.

—:*:—

કચ્છમાં નળીઆ કોઠારા નામે એક ભાયાતી તાલુકો છે. તે તાલુકા નીચે બાર ગામ છે. જાલમસિંહજી ઠાકોર એ ત્યાંના તાલુકદાર હતા. અત્યારના રાવશ્રીથી ત્રીજી પેઢીએ રાવ શ્રી પ્રાગમલજી તે વખતે ગાદી પર હતા.

ખટપટીઆ લોકોએ મહારાવ પ્રાગમલજીના કાન ફુંક્યા. પ્રાગમલજી રોષે ભરાયા; અને જાલમસિંહજીનાં પરગણાં લુંટવી લેવાયા. ક્ષત્રી પોતાની સાથે થોડી ખરચી લઇને ગામ છોડી ચાલી નીકળ્યો.

જાલમસિંહજીની સુવાસ બહુ સારી હતી. એટલે સગાં-વ્હાલાં અને સ્નેહીજનોએ ઘણા વખત સુધી એમનો સત્કાર કર્યો. પોતે બબ્બે ચચ્ચાર દિવસ અકકેક સ્વજનને ઘેર રહેતા રહેતા દેશમાં ભટકવા લાગ્યા. પણ આખરે એ ઘસાઇ ગયા. ખરચી ખુટી; સ્નેહીજનોના આદરમાન ઓછાં થયાં; બધેયથી જાકારો મળ્યો; કારણ કે જાલમસિંહજી ભાઇનું જબ્બર ખર્ચ હતું; હમેશા એમને એક તોલો અફીણ લેવાનું બંધાણ હતું. ક્ષત્રી પાયમાલ થઇ ગયો. અંગ ઉપર ફક્ત ફાટલ કપડાં રહ્યાં; દાઢી વધી ગઇ; જાણે એ જાલમસિંહજી જ નહીં.

એવી અનાથ હાલતમાં આથડતા આથડતા જાલમસિંહજી કાઠીઆવાડના બાબરીઆવાડ પ્રાંતમાં ઝુલાપરી નદીને કાંઠે હેમાળ નામે ગામ છે ત્યાં પહોંચ્યા. હેમાળના તાલુકદાર માત્રા વરૂ, દરબારગઢની ડેલીએ બેઠા બેઠા દાતણ કરતા હતા. જાલમસિંહજીએ રામરામ કર્યા; માત્રા વરૂએ પણ સામા રામ રામ કર્યા.

જાલમસિંહજી ચૂપચાપ એક બાજુ બેસી ગયા. એના દિદાર જોઇને માત્રા વરૂને બહુ દયા આવી. કસુંબાનું ટાણું થયું ત્યારે માત્રા વરૂએ જોયું કે આ ચીંથરેહાલ મહેમાનને તો એક તોલો અફીણ જોઇએ છે. ચાલાક માત્રો વરૂ તરતજ સમજી ગયા કે

આવા ખંખાખૂવાળો આદમી કોઇ સાધારણ રજપૂત નહીં હોય; પણ ઉંચી સ્થિતિમાંથી બેહાલ બનેલો ગરાશીઓ હોવો જોઇએ.

માત્રા વરૂએ તેનો તિરસ્કાર ન કર્યો; તેને પૂછપરછ પણ ન કરી. કારણ દુઃખીઆને શરમાવવા જેવું થાય. માનપાનથી જાલમસિંહને [illegible]. હજામત કરાવરાવી; પછી નવરાવ્યા, ધોવરાવ્યા; બે જોડ નવાં લુગડાં [illegible] આપ્યાં અને પોતાની સાથે જ બેસાડીને જમાડ્યા. જાલમસિંહજી પણ કાંઇ બોલતા નથી. [illegible] સાંભળી રહે છે.

આવી રીતે પંદર દિવસ વીત્યા પછી તો જાલમસિંહજીને [illegible] આવી. અંતે રજા માગી. [illegible] [illegible] ન રોકાયા. [illegible] નીકળ્યા. માત્રા વરૂએ એમને [illegible], દસ રૂપિયા [illegible] એક જોડ લુગડાં સાથે [illegible].

ત્યાંથી ચાલતા ચાલતા જાલમસિંહ નાગેશ્રી ગામને પાદર આવ્યા. એક ઓટા પર સૂતા. સૂતા સૂતા શું વિચારે ચડ્યા કે આમ ક્યાં સુધી હું રખડીશ? ક્ષત્રી છું; મને અન્યાય મળ્યો છે; આમ ટાંટીઆ ઘસડી મરૂં તેના કરતાં બહારવટું ખેડીને કાં ન પ્રાણ આપું? સદ્ગતિમાં મરી તો શકીશને? અને કદાચ પ્રભુ પાધરો હશે તો ગયેલો ગરાસ ઘેર કરીશ. પણ બહારવટું કરવું કેવી રીતે? મારી પાસ તરવાર તો છે; પણ ઘોડું ક્યાં? હાં! યાદ આવ્યું! બે માણકી ઘોડી! ક્યાં? હેમાળે! માત્રા વરૂના તબેલામાં! આપશે? આપે નહીં! ત્યારે? બીજું શું! આ...ત...ર!

નિશ્ચય થઇ ચૂક્યો, દસ રૂપિયાની ખરચી હતી તેમાંથી એક કોદાળી અને એક પાવડો લીધાં. હેમાળાને રસ્તે ચાલી નીકળ્યો. બીજી રાત પડી; મધરાત થઇ; જાલમસિંહ માત્રા વરૂના દરબારગઢની પછીતે (ભીંતે) જ્યાં બે માણકી બંધાતી, ત્યાં જ ખાતર દેવા લાગ્યા. દરબારગઢમાં બધાંય ઘસ-

ઘસઘસાટ ઊંઘતાં હતાં. કોદાળીના ઘા ફરી કરીને ડાકુએ પછીતની અંદર આડું નીકળી શકે તેવડું મોટું બાકોરું પાડ્યું.

રાતનો ત્રીજો પ્રહર થયો ત્યાં માત્રો વરૂ આવ્યા. પોતે મોટા ચાલબારી હતા. ગીરના ગરાસીઆઓ, એટલે સેંકડો ગાયો ભેંસો રાખનારા. [illegible] આવ્યો [illegible]. માત્રા વરૂએ [illegible] ઉઠાડ્યા. [illegible] ચારણ ઢોર છોડ્યાં. ગીરમાં અસલ એવો રિવાજ હતો કે [illegible] પોતે પણ [illegible] પકડાર [illegible] એ રીતે માત્રા વરૂ [illegible] ઢોરને હાંકી [illegible] ગયા.

[illegible] કે [illegible] ઠીક [illegible]. [illegible] પવનના [illegible]; [illegible] શરીર [illegible], [illegible] નહોતું. [illegible] કરીને લીધું. પણ [illegible] ચડામ [illegible]. પણ અંધારાની અંદર [illegible] કુબામાં પડી દટાક [illegible]. [illegible] સામે હોકો પડેલો [illegible] પીધો, તો યે ટાઢ ન ઊતરી. ટાઢથી [illegible] વિના શી રીતે ઘોડી પર ચડીને ચાલી શકાય? બહુ મુંઝવણ થઈ. શું કરવું?

ઓરડામાં નજર કરે ત્યાં પલંગ ઉપર [illegible] રૂપની એક રમણી પોઢેલી. એ દેહ! એ છાતી! મીંચાયેલી એ બે આંખો! એ [illegible] હતી! એનાં [illegible]! [illegible] એ ખુબસૂરતી! નિર્દોષ, ભરપુર, ઉન્માદક!

પણ જાલમસિંહનું મન જૂદા જ વિચારો કરી રહ્યું છે. એના મનમાં થાય છે કે: "આ પલંગનું એક પડખું ખાલી છે. હું જાણું છું કે એ મારી બ્હેન છે. પણ પાંચ જ ઘડી એને પડખે સૂઈ લઉં; એના શરીરની ગરમી હમણાં મારી ટાઢ ઉડાડી નાખશે. ઉઠીને હું ચાલ્યો જઈશ. કોઈ નહીં જાણે."

પથારીમાં માત્રા વરૂનું પડખું ખાલી હતું. કાઠીઆણી ત્રીજા પહોરની ગાઢ નિદ્રામાં જામી પડેલી. હૈયાના ધબકારા, છાતીમાં ચાલતી શ્વાસ-ધમણ અને નસ્કોરાંનો ધીરી બંસી જેવો સૂર—એ સિવાય બધું ય શાંત હતું. જાગી જશે એ ભય નહોતો. નિષ્કામ નિદ્રા એમ ન ઉડે.

વચ્ચે ખુલ્લી તલવાર મૂકીને જાલમસિંહે શરીર ઢાળ્યું. હુંફ આવવા લાગી. ઝુમણાં ઉઠી જાશે એમ જાલમસિંહના મનમાં થતું હતું; ત્યાં તો બંધાણીની આંખ બીડાઇ ગઈ. એટલો પરિશ્રમ, એટલા ચરસી, અને બીજી બાજુ રેશમી તળાઇ ને નારીના અંગની મીઠી હુંફ! બંધાણી ઘસઘસાટ ઉંઘી ગયો.

પ્રભાત થયું, ત્યાં પસર ચારીને માત્રો વરૂ પાછો આવ્યો. ઓરડામાં પગ મૂક્યો ત્યાં તો પલંગ પર નજર પડી. કાઠી થંભી ગયો. હાથ તલવારની મૂઠ પર પડ્યો. નજરે જોયા પછી બીજી શું વાર હોય? બન્નેના કટકા કરવા એણે કદમ ભર્યો, પણ પાસે જઇને સૂતેલા પુરૂષનું મોઢું જ્યાં જુએ, ત્યાં એની અજાયબીનો પાર ન રહ્યો. આ ભૂખે મરતો, સ્મશાનના ભૂત જેવો આદમી, પંદર દિવસ સુધી મારે આશરે પડેલો, મારી સ્ત્રી સાથે એને પલવાર વાત કરવાનો પણ વખત નથી મળ્યો! આવા ઉપર આ કાઠીઆણી મોહે? આ કાઠીઆણી, જેણે જીવતરમાં પુરૂષની કદી હાંસી પણ નથી કરી, એવી સતીની આંખ બદલે? તે આ મુડદાની ઉપર? અને આ પુરૂષ વચ્ચે તલવાર શાની? કાંઇક ભેદ છે! મારીશ-પણ એકવાર ખુલાસાનો સમય આપીશ.

પગનો અંગુઠો ઝાલીને જરા દબાવ્યો, ત્યાં તો સંચાવાળી કોઇ પૂતળી ખડી થાય તેમ કાઠીઆણી બેઠી થઇ, માત્રાનું વિકરાળ મ્હોં જોઇ રહી.

"આ કોણ?" માત્રાએ આંગળી બતાવી.

રમણી એ સાથે સૂતેલા પુરૂષની સામે નિહાળી રહી. શું બોલે? પલંગ પરથી નીચે કૂદી, એટલું જ બોલી શકી કે:

"હું કાંઇ નથી જાણતી."

" ઠીક; જા, જલદી શિરામણ તૈયાર કર ".

કાઠીઆણી શિરામણ કરવા ગઈ માત્રા વરૂએ ખરલ લઈને પાંચ તોલા અફીણ ઘોળવા માંડ્યું. આ તરફ કસુંબો તૈયાર થયો; બીજી બાજુ શિરામણ પણ તૈયાર થયું: માત્રા વરૂએ મહેમાનને ઢંઢોળીને જગાડ્યા. કહ્યું કે: " ચાલો, કસુંબો તૈયાર છે. "

મહેમાન જાગ્યો; આંખો ચોળીને જ્યાં નજર કરે ત્યાં રામ રમી ગયા! આણુકી પર ચડીને પોતે કચ્છમાં બહારવટું કરી રહ્યો છે, એ સ્વપ્નું ભાંગી ગયું; ઘોર સત્ય નજર સન્મુખ ખડું થયું. પછી તો જીવવાની આશા ક્યાં હતી? હમણાં ઠોકું ઉતરશે એજ ફેરની મગજમાં ગાજવા લાગ્યો.

પણ એ દાત્રા હતો. જાણે કાંઇ યે બન્યું નથી એવી ધીરજથી બેઠો થયો. કોગળા કર્યા; મ્હોં ધોયું. ઘોબા ભરી ભરીને માત્રો વરૂ કસુંબા આપવા લાગ્યા. મહેમાન પીવા લાગ્યા એક બીજા એવા લ્હેરથી બેઠા કે જાણે રાતની બીના બની જ નથી! આગ્રહ કરી કરીને, સોગંદ આપી આપીને માત્રા વરૂએ કસુંબો લેવરાવ્યો. પછી પેટ ભરીને શિરામણ કરાવ્યું. હાથ ધોવરાવીને હોકો પાયો. હોકો પીધા પછી મહેમાન બોલ્યા, " બસ માત્રા વરૂ, હવે તલવાર ચલાવો; અધૂરી મહેમાનગતી પૂરી કરો. "

તાજ્જુબ બનેલા વરૂએ કહ્યું. " રજપૂત! સાચું કહી દે. શું થયું? "

" વિશ્વાસ પડશે? "

" નહીં પડે તો તલવાર ક્યાં આઘી છે? "

" મોતની ધ્રાક મને હવે ન હોય. "

" ત્યારે બોલો. "

જાલમસિંહજીએ પહેલેથી છેલ્લે સુધી માંડીને બધી બીના કહી બતાવી. તબેલામાં પાડેલું બાંકોરૂં બતાવ્યું અને પોતાની જીવન-કથા પૂરેપૂરી સંભળાવી. માત્રા વરૂ શું બોલે?

"ભાઇ! બાપા! આમ હતું તો એ વખતે કાં ન ઘોડી માગી લીધી? હું માત્રો વરૂ! તમને ના પાડત? એક ક્ષત્રીને ખાતર હજાર બે હજારની ઘોડી હું જતી ન કરત? ઠાકોર, મારી ઓળખાણ પંદર પંદર દિવસ સુધી ન પડી?

"કાઠી! મારી દશા ફરી, એટલે મતિ પલટી."

માત્રા વરૂએ માણકીની ઉપર જરીનો સામાન મંડાવ્યો. એક ખડીઓ તૈયાર કરી તેમાં એક શેર અફીણ મૂકાવ્યું. રૂપીઆ એક સો રોકડા જાલમસિંહજીના હાથમાં આપ્યાં. પછી ઘોડી છોડી, ડેલીએ જઇને બોલ્યા: "લ્યો જાલમસિંહ ઠાકોર! આ માણકી લઇ જાઓ ને ગરાસ ઘેર કરો."

જાલમસિંહે લગામ હાથમાં તો લીધી, પણ એના મનમાં તો આ બધી મશ્કરી જ લાગતી હતી. એ ધારતો હતો કે થોડે આઘે જઇશ, એટલે આ ભર ડાયરા વચ્ચે મને પકડીને ચીરી નાખશે.

માત્રા વરૂએ એક બાજુનું પાઘડું પકડયું. મહેમાનને ઘોડી પર ચડાવ્યા. જોત જોતામાં તો જાતવંત ઘોડી વાયુવેગે હેમાળાનાં ઝાડવાં વટાવી ગઇ.

* * *

કચ્છમાં જાલમસિંહ ઠાકોર માણકી ઉપર ઘૂમી રહ્યા છે કચ્છના તમામ ભાયાતો અંદરખાનેથી એની મદદે માણસો અને નાણાં આપી રહ્યા છે. ભાયાતોને ભણકારા વાગી ગયા હતા કે: "આજ જાલમસિંહનો ગરાસ ઝૂંટાયો, એમ કાલે આપણો પણ ઝૂંટાશે.' નળીઆ કોઠારાની વલેમાં સહુએ પોતાની આવતી કાલના પડછાયા દેખ્યા. જાલમસિંહજી એ સહુના ગુપ્ત એકત્રિત બળે ઝુઝવા લાગ્યા.

રાવની ફોજ આવા આખા ભાયાતમંડળના સામટા ભુજ-બળ સામે ક્યાં સુધી ટકે? રાવ થાક્યો. જાલમસિંહજીનું મનામણું કર્યું. પરગણું પાછું સોંપ્યું એટલું જ નહીં પણ એ અન્યાયનાં તમામ વરસોની નુકશાની ભરી આપી.

* * *

કાઠીઆવાડમાં કોઇ ચારણ જાતા હોય, કોઇ મુસાફર જાતો હોય, ગમે તે જાતો હોય, તે તમામની સાથે જાલમસિંહજી પોતાના જીવનદાતાને સંદેશો મોકલાવ્યા જ કરે કે: “એને કહેજો, એક આંટો આંહીં આવી જાય.” એવા અનેક જણા જઇને માત્રા વરૂને સંદેશો આપે. પણ વિના નિમિત્તે તો એવા ધંધાર્થી આદમીથી શી રીતે નીકળાય? જાલમસિંહના સુખી દિવસ પાછા વળેલા સાંભળીને માત્રો વરૂ મનમાં બહુ જ ઊંડો આનંદ પામતો.

× × ×

સંવત ૧૮૯૫નો ભયંકર દુકાળ ચારે દિશામાં પડ્યો. કાઠીઆવાડમાં કારમી ભૂખ ફેલાઇ ગઇ. માત્રા વરૂ જેવા માલધારીનો આધાર તો કેવળ મે પાણી ઉપર જ હોય. દુકાળે એનાં ઢોરનો કચ્ચરઘાણ વાળ્યો. એનું ગામ ઉજ્જડ થયું. એવાના ઘરમાં નાણું બહુ ન હોય. હતું તેટલું ઢોરને ખવરાવી દીધું. કાઠીને ઉંબરે ભૂખમરો આવી ઊભો. સ્ત્રીપુરૂષને—બન્નેને ત્રણ લાંઘણો થઇ. માત્રો વરૂ ક્યાં જાય?

ચતુર સ્ત્રીએ સંભારી આપ્યું કે: “કચ્છ જઇએ, જાલમસિંહજી જરૂર આશરો દેશે. કાઠીને એમ પારકે આશરે જવું વસમું તો લાગ્યું; પણ પોતાના મિત્રનું પારખું કરવાનું યે મન થયું. બન્ને ચાલી નીકળ્યાં. કાઠીઆણીના માથા પર ફક્ત એક સુંડો—કોડી જડેલો સુંદર સુંડો—અને એમાં થોડાક ગાભા! એજ એની ઘરવખરી!

જોડીઆ બંદરે ઊતરીને ધણીધણીઆણી નળીઆ કોઠારાને પાદર પહોંચ્યાં, પાદરમાં એક તળાવડી હતી માત્રા વરૂએ કાઠીઆણીને કહ્યું: “તું આંહીં બેસજે. હું ત્યાં જાઉં, એનું મન કેવુંક છે તે જોઉં. આદરમાન જોઇશ તો તને તેડી જઇશ; નહીં તો બેય જણાં ચાલી નીકળશું.”

કાઠીઆણી તળાવડીની અંદર ખરખડીના છુપાને છાંયે બેઠી. માત્રો વરૂ ગામમાં ગયા. ગામની સામે જ દરબારગઢ હતો. ડેલીએ બેઠાં બેઠાં જાલમસિંહજીએ મહેમાનને આવતા જોયો.

પોતાના મિત્રને આબુસર આવ્યો; પણ મનમાં થયું કે: " અરે! આવા વરૂનાં કાંઈ આવી હાલત હોય ?" વળી વિચાર આવ્યો કે: " કેમ ન હોય? હું બાર ગામનો ધણી હતો ને યે બેહાલ બની ગએલો, ત્યારે આ તો માલધારી છે. એને પાયમાલ થતા શી વાર ? " ત્યાં તો મ્હેમાન નજીક આવ્યો. બરાબર ઓળખાયો. ડેલીમાંથી સામી દોટ કાઢીને જાલમસિંહજીએ મિત્રને બથમાં લીધા. માણસો ચકિત થઇ ગયાં. પછી સૌને ઓળખાણ પડાવી.

" પણ મારાં બ્હેન ક્યાં ? "

" પાદરે તળાવડીને કાંઠે બેઠેલ છે. "

" અરરર ! ત્યાં બેસાડી રાખ્યા ? " જાલમસિંહજીનો પાસે પોતાનો ચાર વરસનો કુંવર ગગુભા રમતો હતો. તેને પોતે હર્ષાવેશમાં કહી દીધું: "જા બેટા, તારી માને કહે કે રથ જોડીને બધા ગાતાં ગાતાં પાદર જાય ને કુઈને તળાવડીની પાળેથી તેડી લાવે "

' કુઈ ' એવું નામ સાંભળતાંને ગગુભાએ દોટ મૂકી.

કુઇ ! અને તે તળાવની પાળે અહા કેવી હશે એ કુઇ ! અદ્ભુત કુઇ ! હું પરબારો ત્યાં જાઉં ! એકલો જઇને કુઈને તેડી લાવું ! માબાપ પાસે જશ ખાટું એવા અવ્યક્ત ભાવ એના ન્હાના હૃદયમાં કુદી રહ્યા. દરબારગઢની અંદર ન જતાં એ તો પાદર તરફ જ દોડયો. લોકોની હડફેટને ગણકારી નહીં. તળાવડીની પાળે આવ્યો. તળાવની અંદર, કરમદીના ઝુંડને છાંયે કાઠીઆણી બેઠેલાં. બાળકે પોતાની કાલીકાલી મધુર વાણીમાં પૂછયું કે: " આંઇ માલી કુઇ શેને !"

" હા, આવ બેટા ! હું જ તારી કુઇ છુ. આવ મારા ખોળામાં "

આતૂર બાળક તળાવડીમાં ગયો. કાઠીઆણીએ એને ખોળામાં બેસાડયો. છોકરો ડાહ્યો ડમરો થઇને ચુપચાપ બેઠો. એના શરીર પર રૂા. ૮૦૦ ના દાગીના હતા.

કાઠીઆણીને કેવી મતિ સૂઝી ? ચોપાસ નજર નાખીને જોયું તો કોઇ ન મળે. ઝડપથી બાળકની ડોક એણે પોતાના

પ્રચંડ પંજામાં હાળી દીધી. એક તીણો અવાજ સંભળાયો, અને સુકોમળ બાળકનો પ્રાણ ગયો

કાઠીઆણીએ એના અંગ પરથી તમામ દાગીના ઉતારી સુંડામાં મૂકયા. બાળકના મુડદાને કુવાની અંદર ઘાલી દીધું.

પછી પોતે સુંડો લઈને તળાવની પાળે આવીને બેઠી.

કાઠીઆણી ! તું હજુ મા નહોતી થઈ ખરું ?

થોડી વારમાં તો રણવાસમાંથી રથ આવીને ઉભો રહ્યા. જાલમસંહના ઠકરાણી નીચે ઉતર્યા એક બીજા મળ્યા અને બ્હેનને રથમાં બેસાડી ગામમાં લઈ ગયાં.

બ્હેન તો હવે આંહીં લાંબો વખત રહેવાના, એમ સમજીને એક અજાચરીએ મેડી મહેમાનને માટે કાઢી આપી. સુંડો લઈને કાઠીઆણી પોતાની મેડી પર ચડી ગઈ. સુંડો ક્યાંય અળગો કરતી નથી.

જમવાનો વખત થયો. ગાદલી નખાણી. થાળી પિરસાણી, પંગત બેસી ગઈ. તુ જાલમસંહજીને તો કુંવર ગગુભાને સાથે બેસાડીને રોજ જમવાનો નિયમ હતો એને ગગુ સાંભર્યો

"એલા, ગગુ કેમ નથી દેખાતો ?"

ચારે બાજુ ગઢમાં તપાસ થઈ. પણ ગગુભા ન મળે. ઠાકોર કહે કે "મે ગઢમાં મોકલેલો." રાણી કહે કે: "ગગુ અંદર આવ્યો જ નથી." ગગુને અંગે દાગીના પણ. એટલે ઠાકોરને ગામના કોળીઓ ઉપર વ્હેમ આવ્યો બધાને બોલાવીને ધમકાવવા લાગ્યા-મારવા લાગ્યા. પણ કોઈ ન માને કોઈને ખબર નહોતી. વાવડ મળ્યા કે: "ભાઈ તો દોડીને પાદર તરફ જતા હતા." માત્રો વરૂ પણ ઉચાટ કરવા લાગ્યો. પોતાની સ્ત્રીને પૂછવા ગયો કે એણે તો પાદરમાં ક્યાંય ભાઈને ભાળ્યો નથી ને !

સ્ત્રીએ બધી વાત કહી, દાગીના બતાવ્યા. માત્રો વરૂ પથ્થરનું પૂતળું બની ગયો !

"તેં-તેં આ ગજબ કર્યો ?"

“ મેં જાણ્યું કે કોઇ વેપારીનો છોકરો હશે. મનમાં થયું કે આંહી આઈ સત્કાર નહીં કરે તો કરશે ક્યાં જઇને પાશું ? હું શી જાત ! બુદ્ધિ બગડી ! ડોક મરડીને મુડદું તલાવડીની અંદર કરમડીના ઢુવામાં સંતાડ્યું છે ! ”

પછેડીમાં દાગીનાની પોટલી બાંધી બગલમાં છૂપાવી માત્રો વહુ કાળું શ્યામ મ્હોં લઇને મિત્ર પાસે આવ્યો. એકાંતે એ લાવી કહ્યું: “ શા માટે નિર્દોષને પીટો છો ? આ રહ્યાં અપ-રાધી ! ” એમ કહીને દાગીના બતાવ્યા, બધી હકીકત કહી.

જાલમસિંહજીના મ્હોંપરની એક રેખા પણ ન બદલી. એ બોલ્યા: “ માત્રાભાઇ ! ચૂપ જ રહેજો. લાવો દાગીના મારી પાસે. ખબરદાર, જરાયે કુચવાશો નહીં. હું હમણાં આવું છું.”

બગલમાં દાગીના સંતાડીને કોઇ ન દેખે તેવી રીતે એકલા જાલમસિંહજી તળાવડીમાં પહોંચ્યા.

ઢુવા પાછળ લપાઇ કુંવરનું મુડદું કાઢ્યું. એકે એક દાગીના ફરી પહેરાવી દીધો. મુડદાને બગલમાં છૂપાવી છાનામાના ગઢમાં આવ્યા. “ એલા, આંહી અગાશી ઉપર તો ગગુ નથી ગયોને ?” એમ બોલતા ઝપાટાભેર અગાશી પર ગયા, બાળકના મુડદાને અગાશીની દિવાલ પરથી ભર બજારમાં પડતું મૂક્યું. અને બૂમ પાડી: “ અરરર ! ગજબ થયો. ગગુ પડી ગયો, ગગુ પડી ગયો.”

પોતે નીચે ઉતર્યા, ગગુભાનું મુડદું બજારમાંથી લાવવામાં આવ્યું. પછી ઠાકોરે સહુને કહ્યું:

“ હું ઉપર જોવા ગયો, ગગુ બારીમાં રમતો હતો. મેં હાકલ કરી એટલે ગગુ ડરી ગયો, ડરથી પડી ગયો.”

× × × × × ×

“ ભાઇ ! તમારો ઘોર અપરાધ કર્યો છે. હવે અમને રજા આપો.”

“ માત્રાભાઇ! મારા જીવન દાતા ! કુંવર મર્યો એ બહુ મોટો અપરાધ ? તે દિવસ તમે ન બચાવ્યો હોત તો આજ ક્યાંથી હોત એ કુંવર ? ક્યાંથી હોત આ ગઢ મેડી ? ”

" પણ જાલુભા ! અમારાં ગોઝારાં પગલાં થયાં ! " એમ બોલતાં માત્રા વરૂનું હૈયું ભરાઇ આવ્યું.

" માત્રા ભાઇ ! આમ જુવો ! એક વરસ રહો, બીજો ગગુ તમારા ખોળામાં રમતો બતાવું. ગગુ તો ઘણા મળશે; પણ તમ સરખો ભાઇ બીજો એવું, પછી ક્યાં ગોતું ? "

માત્રાભાઇ ને કાઠીઆણીના મનનું સાંત્વન થયું. બંન્ને જંપીને ત્યાં રહેવા લાગ્યાં. આદર માનમાં લગારે ઉણપ આવી નહીં. છોકરાનાં મરણની વાતનો તો જાલમસિંહજીએ કદી એક ઉચ્ચાર પણ ન કર્યો. જડમાંથી એ વાત જ બંધ કરાવી.

પાંચ વરસ વીતી ગયાં. કાઠિયાવાડમાં સારાં વરસ થયાનું સાંભળ્યું. માત્રા વરૂને જન્મભૂમિ યાદ આવી. એણે હાથ જોડીને રજા માગી.

" ભાઇ ! આંહી રહો તો મારાં છ ગામ કાઢી આપું." માત્રો વરૂ માન્યો નહીં. પછી ઠાકોરે ગાયો આપી, ભેંસો આપી, ઊંટ આપ્યા, કળશીના કળશી દાણા દીધા, સાથે બે ઘોડી આપી, રોકડા રૂપિયા બંધાવ્યા. પોતે હેમાળ મૂકવા આવ્યા ને ત્યાં છ મહિના રહ્યા. તેનું ગામ ફરી વસાવી દીધું. એવો મિત્રધર્મ બજાવી જાલમસિંહજી પોતાને વતન પાછા વળ્યા.

આજે હેમાળમાં માત્રાભાઇના પૌત્ર દાદાભાઇ હયાત છે. હેમાળ અને નળીઆ–કોઠારા વચ્ચે આજ પણ ગાઢ સ્નેહ સંબંધ ચાલુ છે.



ભોળો કાત્યાળ

સનાળી ગામનો એ કાઠી. ઈશ્વરે દુઃખના દિવસ દેખાડયા; ખાવા અન્ન રહ્યું નહોતું; બાકી રહી કટાયેલી તલવાર. તલવારને બગલમાં મારીને ભોળો કાત્યાળ દુનિયામાં ચાલી નીકળ્યો.

આલકાં ચાલકાં ગીરની અંદર ચાંચઈ નામે ગામમાં એ પહોંચ્યો. ચાંચઈમાં આપો માણસુરીઆ વાળો રાજ કરતા હતા. ડેલી ઉપર દરબાર બેઠેલા. એકબીજાએ રામ રામ કર્યાં. દરબારે નામઠામ પૂછ્યું:

કાત્યાળે પોતાની કથા કહી સંભળાવી.

“ક્યાં સુધી, આપા?” દરબારે સવાલ કીધો

“શેર બાજરી મળે ત્યાં.” કાઠીએ ઉત્તર વાળ્યો.

“ત્યારે અહીં રહેશો?”

“ભલે.”

“શું કામ કરશો?”

“તમે કહેશો તે”

“બહુ સારૂં; આપણી ભેંસો ચારો અને મોજ કરો.”

બીજે દિવસથી ભોળો કાત્યાળ ભેંસો ચારવા લાગ્યા. પાછલી રાત ઊઠીને પસર ચારવા જાય, સવારે આવી શીરામણ કરે. વળી પાછા ઢોર છોડે; તે સીમમાંથી સાંજે પાછા. વગે બહુ બોલવું ચાલવું એને ગમતું નથી માણસોમાં ઉઠવા બેસવાનો એને શોખ નથી. એ પ્રતાપી મોઢું અંગ ઉપરના ચીથરેહાલ લુગડાંની અંદરથી પણ ઝળકી ઊઠતું હતું.

એક દિવસ મધરાતનો સમય છે. ધીરો ધીરો વરસાદ વરસી રહ્યો છે; ભોળો કાત્યાળ એકઢાળીઆમાં સૂતેલા છે; એ વખતે ઘોડારની અંદર કાંઈક સંચાર થયો. અંધારામાં કાત્યાળ ત્યાં જઈને ઊભા. કાન માંડીને સાંભળે ત્યાં તો બહારથી કોઈ

ભીંતમાં ખોદાતું હોય એવું લાગ્યું. પછી કાઢેલી તલવાર હાથમાં ઝાલીને કાત્યાળ ચૂપચાપ ત્યાં લપાઈને ઊભા. થોડીવારે ભીંતમાં બાંકોરૂં પડ્યું. બાંકોરામાંથી એક આદમી અંદર આવ્યો. કાત્યાળની તલવારને એક જ ઝટકે, એ ચોર 'ઓહ' કહીને જમીન ઉપર સૂતો.

અંદર એ અવાજ થયો, એટલે બહાર ઊભેલા બીજા ત્રણ જુવાનો ભાગ્યા; કાત્યાળ તો ત્યાંને ત્યાં ઊભા રહ્યા. થોડી વારે ત્રણે જણ પાછા વળીને ઊભા. કાત્યાળે કળા કરી. કોઈ કણબીના જેવો અવાજ કાઢીને એ બાંકોરા પાસે બેસી બોલ્યા કે: "ભલા માણસ! ભાગી જાઓ છો કે? મને ઘોડીએ પાટુ મારી ને કળ ચડી ગઈ છે. અંદર એક જણો તો આવો." ચોરો સમજ્યા કે એ અવાજ તો ઘોડીની પાટુનો થયેલો. એટલે બીજો આદમી અંદર દાખલ થયો. એને પણ કાત્યાળની તલવારે એક ઘાયે જ પૂરો કર્યો. પછી તો બહાર ઊભેલા બે જણા ભાગ્યા. કાત્યાળ પણ બહાર નીકળ્યા. પેલા ભાગનારાની પાછળ દોટ મૂકી. એકને પૂરો કર્યો, બીજો હાથમાં આવે એમ નહોતું, એટલે તલવારને પીંછીથી પકડીને કાત્યાળે છૂટો ઘા કર્યો. ચોથા ચોરની કેડમાં એ ઘા આવ્યો અને એ પણ જમીનદોસ્ત થયો.

ચારેના મડદાં ઉપાડીને કાત્યાળે તબેલામાં ઢગલો કર્યો. પેલી પીંછીથી પકડેલી તલવાર છૂટતાં તો સાથે સાથે કાત્યાળના હાથનાં આંગળાં પણ કાપતી ગઈ. હાથને પાટો બાંધીને કાત્યાળ તો પાછા સૂઈ ગયા અને ટાણું થયું ત્યારે પસર ચારવા ચાલી નીકળ્યા.

સવાર થયું; આપા માણશીઆવાળા તબેલામાં ઘોડીઓની ખબર કાઢવા આવ્યા; જુએ ત્યાં તો ચાર માણસનાં મડદાં! "આ પરાક્રમ કોણે કર્યું? કોણે કર્યું" એ પૂછાપૂછ ચાલી. એક કાઠી હસીને બોલ્યો:

"એ તો આપનો પ્રતાપ, બાપુ! એમાં શું મોટું કામ કરી નાખ્યું છે?"

દરબાર સમજી ગયા કે ભાઈ ખોટેખોટું માન ખાટવા માગે છે. મર્મમાં દરબાર બોલ્યા: "ઓહો ! એમ ? આ તમારાં પરાક્રમ, આ ?"

કાઠી બોલ્યો: "અરે બાપુ! એમાં–કૂતરા મારવામા ત મેં શું પરાક્રમ કરી નાખ્યું છે ?"

દરબાર કહે: "વાહ વાહ ! શાબાસ, ભારે કામ કર્યું."

સવારમાં ભોળો કાત્યાળ પસર ચારીને પાછા વળ્યા. દેગડી લઇને ભેંસ દોવા બેઠા; પણ એક હાથમાં તો ઇજા હતી, એટલે એક જ હાથે દોવા મંડયા. તરતજ દરબાર માણુશીઆ-વાળાની નજર ગઇ; હાથમાં પાટો જોયો; દરબારે પૂછ્યું કે:—

"કેમ એક હાથે ભેંસ દુવો છો ? આ શું થયું છે, ભોળા કાત્યાળ ?"

" કાંઈ નહીં, બાપુ! તલવારની પીંછી વાગી છે." નિરભિમાની કાત્યાળે નિખાલસપણે જવાબ વાળ્યો.

"કેમ કરતાં વાગી ?"

કાત્યાળે ર ધી વાત કરી. દરબાર દિંગ થઇ ગયા. પેલા શેખીખોર કાઠીને દરબારે પૂછ્યું કે: "કેમ બાઇ, કોણે આ ચાર જણાને માર્યા ? તમે તો બહુ બડાઇ ખાટતા હતા !"

નિર્લજ કાઠીએ જવાબ દીધો: "બાપુ ચાર ચાર માણસોનાં ખૂન માથે લેવાં એ કયાં સહેલ છે ? બીજા કોઇની એ હિંમત ચાલી હતી કે ?" આખો ડાયરો હસી પડયો.

ત્યાર પછી ભોળા કાત્યાળને દરબારે તરવાર બંધાવી અને હજુરમાં રાખ્યા.

ગામમાં થોરી લોકની વસ્તી વધારે હતી. એક થોરીની નજર બીજા થોરીની બાયડી ઉપર હતી. પણ પારકાની સ્ત્રીને શી રીતે પરણી શકાય ? દરબાર મારી નાખે ! એક દિવસ દરબા-રના પાસે આવીને થોરીએ એ સારી ભેંસ ભેટ ધરી. દરબાર ખુશી ખુશી થઇ ગયા. પછી પોતાનો ઇરાદો જણાવ્યો. દર-

બારે પણ ભેંસો મળી હતી, તેની મોજમાં ને મોજમાં જવાબ આપ્યો કે: "જાઓ, તમે ફાવે તેમ કરી લ્યો." થોરીએ પેલી બાયડીને ઘરમાં બેસારી.

ભોળો કાત્યાળ ગામ ગયા હતા. તેણે ઘેર આવી આ વાત સાંભળી. દરબારને બહુ ઠપકો દીધો.

એ બાયડીનો ધણી ગામ ગએલો. પાછો આવ્યો; સાંભળ્યું કે પોતાની સ્ત્રી પારકા ઘરમાં છે; અને દરબારને બે ભેંસો મળી, એટલે દરબારે પણ મંજુરી આપી. ઉશ્કેરાયેલો થોરી દરબાર પાસે ગયો. જઈને કહ્યું કે: "બાપુ! આમ કરવું આપને ઠીક લાગ્યું? આપને ભેંસોની જરૂર હતી તો મને કાં ન કહ્યું? હું આખું ખાડું લાવીને હાજર કરત. પણ મારૂં ઘર ભંગાવ્યું!"

દરબારે ઉડાઉ જવાબ વાળ્યા.

થોરીએ કહ્યું: "પણ બાપુ! ભેંસના દૂધ ખારાં લાગશે હો!" દરબાર ખીજાઈ ગયા; "જા, ભોલકા; તારાથી થાય એ કરી લેજે."

થોરીએ હવે બહારવટું ખેડ્યું. ત્યારથી દરબાર એકની એક જગ્યાએ બે રાત સૂતા નહીં. રોજ બિછાનાની જગ્યા બદલે; ડેલી ઉપર બરાબર ચોકી રહે. એક દિવસ થોરીએ દરબારગઢ ઉપર આવીને ખપેડા ફાડ્યા; દરબારના પલંગ ઉપર બંદુક ફોડી અને ભાગી ગયો.

પણ થોરીનો ઘા ખાલી ગયો. દરબાર તે દિવસે બીજે ઠેકાણે સૂતેલા.

આખો ડાયરો સવારે જમવા બેઠેલો. કોઈ બહારનો મેમાન નહિ હતો. તેથી દરબારના વહુએ આવીને ડાયરાને કેટલાંક કડવાં વેણ સંભળાવ્યાં; મેણાં માર્યાં. "દૂધ ચોખા ખાતાં શરમ નથી આવતી?" ભોળો કાત્યાળ કમકમી ઊઠયો. પોતાની દૂધની તાંસળી ઉંધી વાળી અને સોગંદ લીધા. બીજે દિવસે માણસો ગોઠવીને માર્ગો રોકી દીધા. ઠેકાણે ઠેકાણે ઓડા બાંધ્યા. એક માર્ગ ઉપર એક બીજા જણને લઈ ભોળો કાત્યાળ

બેઠા છે. રાતનું ટાણું થયું કાળા જે જયું તો દૂર દૂર ઝાડીની ઘટામાં દેવતાનો કોઈ અંગારો ઝબૂકતો હતો. કાત્યાળે જાણ્યું કે દુશ્મન ચાલ્યો આવે છે. એ અંગારો નથી, પણ દુશ્મનની બંદુકની જામગી ઝબકે છે.

ચોરી ચાલ્યો આવે છે. કાત્યાળ બરાબર વાટ જોઈને બેઠા છે; તેટલામાં પાસે બેઠેલો માણસ બોલી ગયો "એ આવ્યો" કાત્યાળે તેના મોઢા આડો હાથ દીધો, પણ ચોરી સાંભળી ગયો. એકદમ ભાગ્યો. [illegible] ગરના પડથારામાં બેઉ દોડ્યા [illegible] કાત્યાળે [illegible] માંડ્યો. શેત્રુંજી નજીક આવી; તેટલામાં કાત્યાળે [illegible] અને તરવારનો ઘા કર્યો. બરાબર [illegible] કૂદીને શેત્રુંજીમાં પડ્યો. કાત્યાળ પાછા પડ્યા. [illegible] ચોરી [illegible] નાનકડું [illegible] ઊભી પડે છે. [illegible] કાત્યાળના પગ પાસે આવી પડે છે. કાત્યાળે તરવાર ઉપાડી કે ચોરીએ [illegible] મા, તમારો એક [illegible] છે.'

કાત્યાળે તેને બાંધી [illegible] ચોરીની [illegible] જતો હતો. પોતાનો [illegible] ઉપર [illegible] બાંધી દીધા. ડેલીએ દરબાર [illegible] ત્યાં ચોરી આવી હોકો માગી પીવા લાગ્યો.

આખી રાત હોકો પીતાં પીતાં ચોરીએ [illegible] આપવાની કહી. "બાપુ! એક ગામમાં મેં એક ચારણના ઘરમાં ખાતર પાડ્યું ચારણ ચારણીઆણી ભર ઊંઘમાં સુખે સૂતાં. રૂપાળી એ અધરાત હતી. ઓહો! એ ધણી ધણીઆણીના મોઢાં ઉપર ભગવાને કેટલી બધી શોભા ભરી હતી! એટલામાં ખખડાટ થયો એટલે ચારણ જાગી ઊઠ્યો અને હું તુરત સામે એક ઘોડી બાંધી હતી તેની પાછળ સંતાણો. ઘોડી ફરકડા બોલાવતી હતી એટલે ચારણ સમજ્યો કે કંઈ સર્પ જેવું જાનવર હશે. ઘોડીને બુચકારતો બુચકારતો ચારણ પડખે આવ્યો. મારા મનમાં થયું કે ચારણ મને છેતરીને પકડી લેવા આવે છે; હું દોડીને ચારણને બાઝી પડ્યો, અને [illegible]

પેટમાં મારો છરો ઘાલી દીધો. હું ભાગવા જાઉં, બેલા બાંકોરામાંથી બહાર નીકળવા જાઉં, ત્યાં તો જાગી ઉઠેલી ચારણીઆણીએ દોડીને મારા પગ પકડી રાખ્યા. મેં પાછા વળીને ચારણીઆણીને ઘાયલ કરી. હું તો ભાગી છૂટ્યો. પછી ચારણ ચારણીઆણી પડદે પડ્યાં. બાઇ તો બીજે દિવસે જ ગુજરી ગઇ. ચારણને કોઇએ ખબર દીધા નહીં.

પળે પળે ચારણ પૂછયા કરે કે: "ચારણીઆણીને કેમ છે? એ ક્યાં છે?" એને જવાબ મળે કે ઠીક છે, ઠીક છે. એક દિવસ ચારણનો ભાણેજ ખબર કાઢવા આવ્યો. કોઈ પાસે નહોતું, ભાણેજે મામીનો ખરખરો કર્યો. ચારણે વાત જાણી.

"અરેરે! એને ને મારે આટલું બધું છેટું પડી ગયું?" એમ કહેતાં તો એનો મા ઊડી ગયો. ચારણ પણ ચારણીની પાછળ ગયો. કાકા, મારાં એ પાપ માત્ર મને નડ્યાં."

કાત્યાણે નિસાસા નાખ્યા કે. " મારા ઉપર પણ કાંઇ ઓછી નથી વીતી. હવે એ બધું વિસરી જા. ભાઇ!" સવાર થતું આવતું હતું. પેલા દરબારે કહ્યું કે "બાપુ, રામ રામ." એમ બોલીને પેટના પાટા છોડી નાખ્યા ને તત્કાળ પ્રાણ છોડ્યા.

આવા માણસોને આશરો આપનાર કાત્યાણને આંતાંગાલેલા નામનું ગામડું ઇનામમાં આપ્યું.

થોડે મહિને એકવાર માણસીઆવાળા ફરી વાર પરણ્યા હાથ-ગરણાંનો સમય આવ્યો જોગા કાત્યાણે આવી હાથગરણામાં શાહી ભેંસો માગવા માંડી. દરબારે મોઢું ફેરવ્યું.

કાત્યાણે પોતાની ઢાડી દેવા માંડી.

દરબારે મોઢું ફેરવેલું જ રાખ્યું.

કાત્યાણના મનમા વહેમ આવ્યો કે "હાં! દરબારને પાછો પોતાના દીધેલા ગામનો લોભ થયો લાગે છે."

"લ્યો, બાપુ, હાથ કાઢો. દીધેલું ગામ હાથગરણામાં પાછું આપું છું."

" કાત્યાળ ! કાઠીના દીકરા છો, એ ભૂલશો મા. તે દિવસે થોડીક ભેંસો લઈને થોરીનુ ઘર ભંગાવ્યું એનો એ માણસીઓ આજ નથી રહ્યો.

" ત્યારે બાપુ, હાથ કાઢો. લ્યો, બીજું તો કંઈ નથી; આ મારૂં માથું હાથગરણામાં આપું છું."

દરબારનું મન સંતોષ પામ્યું.

બે બરસ વીતી ગયાં. આંબાગાળેળે ખળાં ભરાતા હતાં, ત્યાં કાત્યાળ ગયેલા. ચાંચઇ ઉપર જૂનાગઢની ચડાઇ આવી. ત્રુંગીઆ ઢોલ વાગ્યા. દરબાર લડાઇની તૈયારી કરે છે. ભેળો કાત્યાળ સાભર્યો.

ખળાં ભરતાં ભરતાં કાત્યાળે ઢોલનો અવાજ અને શરણાઇમાં વગડતો સિંધુડો સાભળ્યો. એને ખબર પડી. ઘોડેસ્વાર થઇને ચાંચાઇ આવ્યા. ગઢમા જઈને દરબારને કહ્યુ: " બાપુ, તે દિવસે હાથગરણામા આપેલુ માથું આજ સ્વીકારી લેજો." એમ કહીને પાછા ચડયા. જુનાગઢની ગિસ્ત સાથે ધિંગાણે ચડ્યા, ને ગિસ્ત ભાંગી. જુની ચાચાઈનો ટીંબો ટેકરી ઉપર છે, ત્યાં તે વખતની લડાઇની નિશાનીઓ હજુયે પડેલી છે.



સેજકજી ગોહિલ

---*---

૧

ખેડગઢ ગામની પનીઆરીઓ હરહમેશ કૂવાને કાંઠે વાતો કરતી કે: " અહોહો ! ઇશ્વરે આ ધણી ધણીઆણી વચ્ચે કેવી લેણાદેવી લખી છે ! "

એ ધણી ધણીઆણી તે ખેડગઢનો વજીર વજો રણો, અને એની નવયૌવના ઠકરાણી. ખેડગઢ ગામ મારવાડમાં છે. ગોહિલોના વડવા શ્રી. સેજકજીની એ રાજધાની હતી. વજો રણો રજપૂત હતો. ગામમાં રણાનું એ એક જ ખોરડું હતું. બાકી ગામના તમામ રજપૂતો ડાભી સાખના હતા. ડાભી રજપૂતોને આ એકનો એક રણો છાતીમાં સૂળાની માફક ખટકતો; પણ રાજાજીનો એ માનીતો વજીર હતો. એની રિદ્ધિસિદ્ધિ સહુને સાલતા; એનું દંપતિસુખ પણ શત્રુઓથી સહેવાતું નહીં. એવી ગુણીઅલ અને એવી રૂપવતી રમણી ઈશ્વર કોને, કયા પુણ્યના બદલામાં બક્ષતો હશે તેની ખબર હજુ નથી પડી.

એક દિવસ વજીરપત્નિ ભેંસ દોવા બેઠાં. એની જોરાવર આંગળીઓની અંદર ભેંસનાં ધીંગાં આંચળ રમી રહ્યાં હતાં. ઘુમટો તાણ્યો હતો, કારણ, સામેજ એના સસરા અને ડાયરામાં બીજાં માણસો પણ બેઠેલાં. ત્યાં તો સામે એક કાળોતરો સાપ ચાલ્યો આવતો હતો. સાપ છેક લગોલગ આવી પહોંચ્યો; પાસે કોઇ માણસ નહોતું. ચીસ પાડે તો રજપૂતાણીની હાંસી થાય; ચાલી જાય તો સાપ ભેંસને-એ હાથણી જેવી ભેંસને ફટકાવે અને ચુપચાપ બેસી રહે તો પોતે એ કાળનો ભક્ષ બને.

વિચાર કરવામાં એટલો સમય ગયો ત્યાં તો સાપ લગોલગ આવી પહોંચ્યો. ક્ષત્રીઆણી ન ચડકી. એને સૂઝી આવ્યું. પગ પાસે સાપ આવ્યો એટલે એની ફેણને બરાબર પોતાના પગ નીચે પ્રચંડ જોરથી દબાવી દીધી. સાપનું બાકીનું શરીર બાઇના

પગમાં વીંટળાઈ ગયું ચપચાપ શાંતિથી બાઈએ દોહવાનું કામ પૂરું કર્યું. દરમ્યાન પગ તળે સાપની જીવનલીલા પણ પૂરી થઈ હતી. પછી એ મરેલા સાપની પૂંછડી ઝાલી પછવાડેના વાડામાં ઘા કરી, રજપુતાણી દૂધના બોઘડા સમેત ઓરડામાં ચાલી ગઈ.

સામે બેઠેલા વૃદ્ધ સાસરો આ બધો તમાસો એકી નજરે નિહાળી રહ્યો હતો. એણે તો એ વખતે જ પોતાના મનમાં સમજી લીધું કે, "સર્પને પગ નીચે કચરી મરનારી આ નારી, એક દિવસ સાચેસાચ પોતાના ધણીનો પ્રાણ લેશે" આવી ગણતરીમાં કયો ભેદ હશે. કેવો હિસાબ હશે એ ન સમજાય.

સાંજ પડી; વજો રાણા દરબારમાંથી ઘેર આવ્યો; બાપે દીકરાને પોતાની પાસે બોલાવીને એકાંતમાં પૂછ્યું "વજા, હું કહું એમ કરીશ?"

પિતા ઉપર પરમ શ્રદ્ધા રાખનાર વજો બોલ્યો. "ફરમાવો એટલી જ વાર."

"ત્યારે તારી સ્ત્રીનો આજ ઘડીએ ત્યાગ કર."

વજાના હૃદયમાં ધરતીકંપ થયો. એના આંખના અંધારા આવ્યાં. એનાથી બોલાઈ ગયું, "કોનો!"

"તારી સ્ત્રીનો." એનો એ કઠોર ઉત્તર વધુ સ્પષ્ટ સ્વરે કાન સામે અથડાયો.

"બહુ સારૂં, બાપુ!"

વજાનું મસ્તક ફરવા લાગ્યું. એની છાતીના ધબકારા પણ જાણે વારંવાર પૂછવા લાગ્યા: "કોને?" "કોને?" 'કોને?' તરેલા મગજમાં એકજ વિચાર ભર્યો હતો કે "બાપુ વિના કારણે કદી આવું ન ફરમાવે, નક્કી કાંઈક બન્યું છે."

પોતાની પત્નિના ઓરડા તરફ વળ્યો. આજ મોતના મ્હોં-માંથી બચેલી પત્નિ, રોજથી સવાયા શણગાર સજીને આતૂર હૈયે વાટ જોતી બેઠી હતી કે, "ક્યારે એ આવે ને હું મ્હારા પરાક્રમની વાત કરૂં!"

ઘે આવ્યો. હસીને જ્યાં ઠકરાણી બોલવા જાય છે, ત્યાં તો સ્વામીએ હુકમ સંભળાવ્યો કેઃ " તને અત્યારથી રજા છે."

રજપૂતાણીએ પલકારામાં જોઈ લીધું કે એ મશ્કરી નહોતી. એને શિરે સાતે આભ તૂટી પડ્યા. એણે માત્ર એટલું જ સામે પૂછ્યું કેઃ " મારો કાંઈ વાંક કહેશો ?

" એ બાપુ જાણે. "

" બાપુની આ આજ્ઞા છે ? "

" હા, બાપુની."

એને એ વસ્ત્ર ઘુમટો તાણીને રજપૂતાણી સસરાજી પાસે ગઈ.

" બાપુ. મારો કાંઈ વાંક ? "

" બેટા, " સસરાએ જવાબ દીધો: " તારો કાંઈ પણ વાંક નથી બેટા, પણ તારે અને અમારે લેણું નહીં; એટલે આમ બન્યું છે. બીજો કાંઈ ઉપાય નથી."

એક જ બોલ ! બોલ્યું એટલું રજપૂતાણી ઘરનું પાણી પણ જોવા ન રહી. વેલડું એના પીયરને મારગે ચાલી નીકળ્યું.

× × × ×

" રજપૂતો, મારી દીકરીનું હવે મુખ નથી જોતું. એને તો હું હવે મરેલી જ માનું છું. પણ મારે વેર લેવું છે; મારી નિષ્કલંક કન્યાને કાઢી મૂકી, એનો બદલો લેવો છે. એના શત્રુ રણા રજપૂતના ઘરની હેલ ઉપાડીને મારી દીકરી પાણી ભરે એ જ મારે એને બતાવવું છે."

" ભાઈ ! કાઢી મૂકવાનું કારણ સમજ્યા વિના અમારાથી એને ઘરમાં ન ઘલાય."

" કારણ કોઈએ નથી કહ્યું. અરેરે ! રણા ભાઈઓ ! વેર લેવાનો આવો જોગ ફરી નહીં મળે ! કોઈક તો રજપૂત બચ્ચો નીકળો ! "

" બોલ્યો કોઠીઓ બાયડી વિનાનો છે. એના ઘરમાં બેસશે તારી દીકરી ? "

" મસાણના ઘરમાં પણ બેસશે."

ઉપર પ્રમાણેની વાત એ બાઈના બાપ અને રણ્ણા * રજપૂ-તોના ડાયરા વચ્ચે થઈ ગઈ. એક કોઠીઆ રણ્ણાના ઘરમાં તાણી બેસી ગઈ. વજા ડાભીને એ ખબર પડી. રણ્ણાઓ બે હાથ ઝાઈને બજારમાં ચાલવા લાગ્યા. વેર લેવાનો આથી રૂડુ સારો રસ્તો બીજો કયો હોય!

× × × ×

વજાને ક્યાંય ચેન પડતું નથી. પત્નિ ગઈ તે દિવસથી એના બધા આનંદો મરી ગયા હતા. એક દિવસ પોતાનો વછેરો સજ્જ કરાવીને સેલગાહે પોતે એકલો નીકળી પડ્યો. વછેરો આલ્યો રહ્યો નહીં, બહુ દૂર નીકળી ગયો. બપોરને વખતે વગાથી પાછા વાળ્યું. તરસથી એનું ગળું સૂકાતું હતું. દોડતે ઘોડે એ ગામની બહાર પાણી ભરવાના કૂવા પાસે પહોંચ્યો. કૂવા ઉપર એક બાઈ પાણી ભરતી હતી. વજે વિના ઓળખ્યે કહ્યું:

“બાઈ, જરા પાણી પાજો.”

“વજા, પાણી દેવા જેવું નથી; ડોળાઈ ગયું છે.”

વજાએ એને ઓળખી. એ તો એજ. આટલો બધો ફેરફાર! આ-શા! મનમાં ઘણી ઘણી યાદીઓ આવવા લાગી; પરંતુ એ તો હવે પરસ્ત્રી! એની સાથે વાત ન થાય. એણે ઘોડો હાંક્યો.

“ઠાકોર, જરા ઊભા રહેજો!”

“શું? બોલો જલ્દી!”

“તમે મને શા માટે કાઢી મુકી? જાણો છો?”

“ના.”

“હું જાણું છું.”

“શું?”

“આંહી અંતરીઆળ ન કહેવાય. આજ રાતે મારે ઘેર આવશો? વિગતવાર કહીશ.”

“તારે ઘેર? હવે?”

“એક વાર. ફરી નહીં કહું.”

---

* આ વાર્તામાં વજો ડાભી [illegible] રજપૂત હતો. [illegible] [illegible] હતા. [illegible]

" ભલે આવીશ, એક પહોર વીત્યે."

ગમે તેમ હોય; પણ એ વાત રાજાજી સેજકજીને કાને પહોંચી કે: " વજો દુરાચારી છે; રોજ રાત્રિએ પર ઘેર જાય છે.'

તે દિવસ રાત્રિએ વજાએ દરબારશ્રીની સાથે વાળુ કર્યું પહોર વીત્યે વજાએ રજા લીધી. રાજા સેજકજી પણ અંધારા પછેડા ઓઢીને પાછળ ચાલી નીકળ્યા.

વજાએ શેરી બદલી. દરબાર પણ પાછળ ચાલ્યા. વજો એ કોઠીઆના ઘરમાં દાખલ થયો. દરબાર નાગી તલવાર છૂપાવીને ખડકી પાસે ખડા રહ્યા.

વીતી ગયેલા દિવસોના એના એ શણગાર સજીને રજપૂતાણી બેઠેલી. અતિથિ આવ્યા; પલંગ પર બેસાડ્યા; પછી પોતે પેલા સર્પને મારી નાખ્યાની વાત કહી સંભળાવી.

" જે થયું તે થયુ." વજે જવાબ દીધો. એના હૈયામાંથી નિઃશ્વાસ નીકળી ગયો.

" હવે આજ રાત તો ન જવા દઉં. "

" શું બોલેછે ? જોતો ખરી, તારો ધણી આ ઓરડામ સૂતો સૂતો સાંભળે છે."

" એ મારો ધણી ?" એમ બોલતી રજપૂતાણી ઓરડામ ગઈ; ખીંટી પર તલવાર લટકતી હતી તે ખેંચી, સૂતેલા એ કોઠીઆ ધણીને એક ઝાટકા ભેગો તો પૂરો કરી નાખ્યો. લોહીમ તરબોળ એ તલવાર લઈને લોહી નીતરતે હાથે પ્રચંડ ભૈરવ સમી એ બહાર આવી ને બોલી: "બસ, હવે કાંઈ ભય છે?"

વજો થરથરી ઉઠ્યો. એ સમજી ગયો કે " હવે જે આનાકાની કરીશ તો મારા પણ એજ હાલ બનવાના; બત્રીસ પાડીને એ મારી આબરૂ હણવાની. " એણે કહ્યું: "બહુ સારૂં; પણ તારે અંગે ખુબ લોહી ઉડ્યું છે, તું ન્હાઈ લે પછી આપણે ભાત જમીએ. " રજપૂતાણી ન્હાવા બેઠી. એ લાગ જોઈને વજો ભાગ્યો. બાઈએ એને ભાગતો જોયો. " વિશ્વાસઘાત " બોલીને બૂમ પાડી. પણ વીર સત્વર બહાર નીકળી પડ્યો. દરબાર તો બાઈની મહા ભય-

બુમાર મચાવી મૂકયો કે: "મારા ધણીને મારી નાખ્યો, "મારી નાખ્યો; દોડો દોડો."

૨૬. લોકો ચોમેરથી દોડયા આવ્યા. બાઇએ પોતાના પતિના કટકા બતાવીને કહ્યું કે: "વજો—મારી લાજ લુંટવા આવેલો. એણે મારા ધણીને ઝુડયો. મેં ચીસ પાડી એટલે એ ભાગ્યો. જુઓ, આ પડી એની મોજડી." સાચેસાચ વજો ઉતાવળમાં ઉઘાડે પગે જ છૂટી નીકળ્યો હતો.

ગોહિલોએ રડારોળ કરી, 'બાપુ'ની પાસે રાવ પહોંચાડી. બાપુએ મ્હોં મલકાવીને જવાબ દીધો કે: "હું જાણું છું; વજો નિષ્કલંક છે."

૨૭. ગોહિલોએ જાણ્યું કે હવે હદ થઈ; બાપુ પોતે ઉપર રહીને આપણી લાજ લેવરાવે છે. આ બાપુનો બીજો દરબાર! હવે કાં તો સેજકજીના રાજ નહીં; કાં આપણે નહીં.

પ્રપંચ રચીને ગોહિલોએ સેજકજીના ભાણેજ [illegible] રાઠોડને કહેણ મોકલ્યું કે "આવો, ઉજાણી માણી જાઓ." રાઠોડ પોતાના બારસો સવારો સાથે સજ્જ થઈને આવ્યો. મામાએ જાણ્યું કે ભાણેજ આનંદ કરવા આવે છે. મામાએ ઝાઝાં આદર-માન દીધાં.

ગોહિલોએ ગામ બહાર ભાણેજને માટે કસુંબા શીરામણ કરાવ્યાં; દરબારને તેમજ વજા ડાભીને આમંત્રણ આપ્યું; દરબારના યોદ્ધાઓને ખુબ દારૂ પાયો; પછી રાઠોડના સૈનિકો તૂટી પડયા. ગોહિલો સહાયે ચાલ્યા, ને ખેડગઢનો કબજો લીધો. વજો મરાયો. ફક્ત સેજકજી પોતાના પરિવારને લઇ એક રથમાં બેસી નાસી છૂટયા.*

---

*સેજકજીને ખેડગઢ છોડવું પડયું તેની છેક જુદીજ એક કથા પ્રચલિત છે. તેનો સાર એ છે કે:

સેજકજીના લગ્ન ડાભી શાખાના સરદાર મૂળદેવનાં પુત્રી વેરે થયેલાં. ડાભીઓ ગોહિલોની સાથે ઘણી પેઢીથી લગ્ન સંબંધમાં જોડાતા આવતા હતા. શૂરવીર હતા. રાજ્ય તરફથી તેમને સારી જાગીરો મળી હતી.

આ ડાભી સરદારોના બળ વડે સેજકજીનું રાજ્ય સુરક્ષિત હતું. [illegible] રાની સીયાજી રાઠોડની નોકરીમાં જયચંદ પંગુરનો એક પૌત્ર

❦

રથ જોડીને સેજકજી સૌરાષ્ટ્રની અલબેલી ભૂમિ તરફ ચાલ્યા જાય છે. શ્રી કૃષ્ણના એ પરમ ભક્તને કહેલે શું ગયું ને શું રહ્યું તેની લગારે ઉદાસી નથી. પોતાના પ્રભુ મુરલીધરની મૂર્તિ× પોતાની સાથેજ છે; એજ એને મન ચૌદ ભૂવનનાં રાજપાટ સમાન કિંમે છે. રસ્તામાં એક દિવસ રાત્રિએ એને સ્વપ્નામાં મુરલીધર પ્રભુએ આવીને કહ્યું: "હે ભક્ત! ફિકર કરીશ નહીં. આ રથનું પૈડું જે જગ્યાએ નીકળી પડે ત્યાંજ વસવાટ કરજે."

रथ चक्र निकस परे जेही ठाम
महिपाल उहां कीजे मुकाम ॥

સૌરાષ્ટ્રની પંચાળ ધરામાં રથ આવી પહોંચ્યો. ત્યાં રથનું પૈડું નીકળી પડયું. બાજુમાંજ શાપુર ગામ હતું. (અત્યારે જ્યાં સુદામડા ધાધલપુર છે ત્યાં.) દરબારે પ્રભુની આજ્ઞા પ્રમાણે ત્યાં પડાવ નાખ્યો. એ રમણીય ભૂમિ એમના પરિવારને બહુ ગમી.

પોતાના ગોહિલ યોદ્ધાઓને, રાણીને અને કુમાર કુમારીને ત્યાં રાખી સેજકજી જુનાગઢ જોવા ચાલ્યા ગયા. એ વખતે [illegible]

[illegible] ઓને મૂકીને. [illegible] શાખવાળીને [illegible] પોતાના [illegible] ઉપડ્યો. પરંતુ એ પ્રપંચની ખબર પોતાની પુત્રીને—સેજકજી [illegible] પડી ગઈ. એમાંગુ જઈને સેજકજીને ચેતાવ્યા. સેજકજી તૈયાર રહ્યા.

ડાભીઓ આવ્યા, પણ ખુલ્લી લડાઈ કરવામાં ન ફાવી શકાય તેથી દગો ગોઠવ્યો; ગામ બહાર રાજાજીને મહેફિલમાં નોતર્યા. અસલથી કરેલા સંકેત પ્રમાણે તમામ ડાભીઓ ડાબી બાજુ બેસી ગયા; અને ગોહિલો સામી બાજુ એકલા પડી ગયા. ગોહિલોને ખૂબ દારૂ પાયો, પછી કતલ ચાલી. ડાભીઓ તારાજ થયા, પણ ત્યાં તો રાઠોડ પોતાના સૈન્ય સાથે આવી પહોંચ્યો. સેજકજીનું બળ તૂટી પડયું. આખરે સેજકજી નાઠા.

×એજ મુરલીધરની મૂર્તિ અત્યારે વળાની નજીક પચ્છેગામમાં મોજૂદ છે, અને ત્યાંના ગોહિલો હજુ એની ઉપાસના કરે છે.

જુનાગઢની ગાદી પર રા'કવાટ રાજ કરતો હતો. આખા સૌરાષ્ટ્ર પર એની આણ વર્તતી હતી. સેજકજી રાજસભામાં ગયા. રા'કવાટે એ ક્ષત્રિયના લલાટ પરથી પારખી લીધું કે કોઈ રાજવી લાગે છે. પૂછપરછ કરતાં સેજકજીએ પોતાની આખી કથની કહી સંભળાવી. રા'ને તો આવા વીરની સદા જરૂર જ રહેતી. એણે સેજકજીને બાર ગામનો પટો કરી આપી, પોતાના એક રજપૂત તરીકે સ્થાપ્યા. સેજકજી રા'ની પાસે જુનાગઢમાંજ રહેવા લાગ્યા. એનો પ્રતાપ ને પ્રભુભક્તિ ક્રમે ક્રમે પ્રકાશતાં ગયાં. કચેરીમાં એની તોલે આવે એવો વીર નહોતો.

एक दिन कवाट नृपके कुमार
खेंगार गये खेलन शिकार ॥

એક દિવસ જુનાગઢ કુમાર ખેંગાર શિકાર ખેલવા નીકળ્યા. શિકારી કેટલા કેટલા કોસ આગળ નીકળી જાય તેનો હિસાબ રહેતો નથી. કુમાર ખેંગાર અને એના સાથીઓ ઝાડી, જંગલો ને પહાડો વટાવતા દૂર દૂર નીકળી ગયા. કારણ, શિકાર મળતો નથી. એવામાં એક સસલો નજરે પડયો; કુમારે તીરનો ઘા સસલા પર કર્યો; પણ નિશાન ચુકાવીને સસલો નાઠો. આગળ સસલો અને પાછળ કુમારનું આખું શિકારી મંડળ. ઘોડાની ડાબલીઓનો અવાજ ચોપાસની ગિરિમાળાને ગજાવી રહ્યો છે; પશુ પંખી એ શિકારીઓની ત્રાડો સાંભળી કમ્પી ઉઠયાં છે: પણ સસલો ઘામાં આવતો નથી. આમ આખી સવારી પંચાળ ધરામાં આવી પહોંચી. નદીને તીરે ગોહિલોના નિવાસસ્થાનની અંદર એ ભયભીત સસલો પેસી ગયો, અને સેજકજીનાં રાણી એક પર્ણકુટિમાં બેઠાં હતાં ત્યાં જઈ માની ગોદમાં કોઈ થાકેલું ત્રાસેલું બાળક લપાઈ જાય, તેમ રાણીજીના ખોળામાં એ અબોલ સસલો બેસી ગયો. એ હાંફતા સસલાને હૈયા સાથે ચાંપીને રાણીજી પંપાળવા લાગ્યાં. ખોવાયેલું કોઈ બાળક પાછું જડ્યું હોય, એવું હેત એના અંતરમાંથી વછૂટવા લાગ્યું. ત્યાં તો ખેંગારની મંડળી આવી પહોંચી. ઘોડા હણહણી ઉઠયા; આખાં ઝાડી ગાજી રહ્યાં.

ગોહિલ યોદ્ધાઓ ઉઘાડી સમશેર પોતાની તલવારો લઈને બહાર આવ્યા; શિકારીઓને આગમનનું કારણ પૂછ્યું.

"અમારો શિકાર આંહી છૂપાયો છે." ખેંગારે ત્રાડ મારી

"બાપુ! આંહી કોઈ કાંઈ શિકાર થાય છે?" ગોહિલો બોલ્યા.

"અમારા સસલાને છૂટો મૂકી દો."

ગોહિલ સૈનિકોએ રાજમાતાને જઈ આ વા કહી. યોદ્ધાઓએ સમજાવ્યું કે એ તો રા'કવાટના કુમાર ખેંગાર પોતે જ છે

રાજમાતાએ ઉત્તર દીધો: "ખેંગાર હોય કે ખુદ પૃથ્વીપતિ હોય; મારે ખોળે આવેલા નિર્દોષ જીવને તો હું નહીં સોંપું. જાઓ, કુમારને."

કુમારે કહ્યું, "શિકાર સોંપી દો; નહિ તો આંહી જ જંગ મચશે." ઓછાબોલા ગોહિલો સમજ્યા કે કુમાર ક્ષત્રીની રીત નથી જાણતો; એ રીત આજે સમજાવી નાખીએ. એટલું વિચારીને તમામ ગોહિલો તલવાર કાઢી ખડા થઈ ગયા. બીજી પેલો ખેંગાર ભાન ભૂલી ગયો; ત્ય ને ત્યાં ધીંગાણું મચ્યું; પલકમાં તો સોરઠી સૈનિકોના પ્રાણ ચાલ્યા ગયા. કુમાર ખેંગારને ગોહિલોએ જીવતા પકડી ત્યાં બંદીવાન કરી રાખ્યા.

નાસી છૂટેલા એક સોરઠી ઘોડેસવારે જુનાગઢમાં જઈ શોર કરી મૂક્યો કે: "ખેંગારને અને બધા યોદ્ધાઓને સેજકજીના ગોહિલ સુભટોએ હણી નાખ્યા." સેજકજીએ આ સમાચાર સાંભળ્યા; એના હૃદયમાં હાહાકાર ઉઠયો; એને લાગ્યું કે "મારા અન્નદાતાના એકના એક કુમારનો વધ થયા પછી મને આંહી કોણ રાખશે?" તરતજ બાર ગામનો પટો હાથમાં લઈને સેજકજી રાજ-કચેરીમાં ગયા. રા'ની પાસે મસ્તક નમાવી, બે હાથે પટો ધરીને બોલ્યા:

हम सुन्या बुरा यह समाचार
अब होत जिया मेरा उदास
रैहना न उचित हम आप पास ॥

"હે રાજા! મેં આ બુરા સમાચાર સાંભળ્યા. એથી

હવે મારો જીવ ઉદાસ બની ગયો છે. આપની પાસે રહેવું હવે મને ઉચિત નથી.”

રા’ કવાટ હસીને જવાબ વાળે છે કે:

रजपूत वंशकी यही रीत ॥

“હે ગોહિલજી ! સાચા રજપૂતનો તો એજ ધર્મ છે કે શરણે આવેલાને ઉગારવા જતાં જરાયે પાછા ન હઠવું. એક શરણાગત ગરીબ પ્રાણીને બચાવવા તમારા કુમારોએ ને યોદ્ધાઓએ યુદ્ધ જમાવ્યું.”

मम पुत्र हने कछु टेक काज
इनमें न आपको दोष आज ॥

“મારા કુમારને તમારા માણસોએ એક ક્ષત્રિયની ટેકને માટે હણ્યો. એમાં આપનો દોષ શું ?”

दूसरा होय मम पुत्र धाम
खंगार धरूंगा फेर नाम ॥

“દીકરા તો બીજા મળશે. આ ખેંગાર અમેને મારી ગયો ! બીજો કુમાર જન્મશે તેનું નામ ખેંગાર પાડીશ. પણ હે ગોહીલ,”

तुम जेसा क्षत्रिय भट प्रवीन
हमकुं मिलना होवे कठीन ॥

“તમારા જેવા શૂરવીર ને ટેકીલા [illegible] સુભટ મને બીજે [illegible] આવો, [illegible] તપાસ કરો કે શું બન્યું [illegible] એ મારા [illegible] આવજો. વિના [illegible] ન પીશ. [illegible] જશ ઈ.”

[illegible] ઉદાર રા’કવાટની તારીફ કરતા કરતા સેજકજી શાહપુર આવ્યા. જોયું તો કુમાર ખેંગાર જીવતા છે. તત્કાળ જુનાગઢ ખબર મોકલ્યા; રા’ હર્ષભેર શાહપુર પધાર્યા; ગોહિલોને ધન્યવાદ આપ્યા. એ શૂરા ક્ષત્રીઆણીને–સેજકજીનાં રાણીને–પણ ધન્યવાદના ખબર મોકલ્યા.

સેજકજીએ પોતાનાં કુમારી વાલમકુંવરી એજ વખતે કુમાર ખેંગારની સાથે પરણાવ્યાં. જુનાગઢમાં ભર દરબાર વચ્ચે રા’કવાટે સેજકજીને બીજાં બાર ગામનો પટ્ટો કરી આપ્યો.

તે વખતે સેજકજીએ પોતાના નામ પરથી સેજકપુર નામે ગામ વસાવ્યું.

આનું નામ તે ધણી !

(એક ખરી બનેલી વાત.)

કાઠિયાવાડમાં સોનગઢ થાણા તાબાનું ગામ વડોદ, ભાવનગરની ગાદીનો પાયો મજબૂત કરનાર "ભા દેવાજી" ના વંશજોનું ગરાસનું ગામ છે. આજથી આશરે પોણોસો વર્ષ પહેલાંની આ બનેલી વાત છે.

દિવાળીના નવા દિવસો હતા. દરબાર ગોહિલ ગજાભાઇ દેહાભાઇના ખેડુત પટેલ જગા ગાંગાને દિવાળીની જુવાર બાજરાની નીપજ સારી થઇ હતી. ખળાં મસળી ઉપણી તૈયાર કર્યા હતાં. મૂઠી કાઢે એવો બાજરો જોઇ જગા પટેલને મનમાં થયું કે: -" આવા સારા બાજરામાંથી દરબારને 'રાજભાગ' આપવો પડશે; માટે રાતમાં એક ગાડી છાનોમાનો ઘરે લઇ જાઉં તો એટલા દરબારના ભાગનો ન જતાં મને સુવાંગ રહેશે." આવા હેતુનો વિચાર જગા પટેલે કર્યો, અને અધી રાત ગઇ એટલે પોતાના ભાઇ તથા સાથીને લઇ ખળામાંથી બાજરાનું ગાડું ભર્યું. ચૂંદડો જેમ તરપીંડી ભમતી વખતે પોતાની પાસેના બીજાનો ખ્યાલ રાખતા નથી. તેમ જગા પટેલે લોભ કરી ગાડામાં હદ બિનગણ બાજરો ભર્યો, અને પાછલી રાતના ગાડું જોડી ઘરભણી ચાલ્યા. સાથી ગાડું હાંકતો હતો: પોતે ગાડાની આગળ ચાલતા હતા; અને તેમના ભાઇ ગાડાની પાછળ ચાલતા હતા. ગામના પાદર નજીક આવતાં, હદ ઉપરાંતના ભારને લીધે, ગાડાની ધરી ગુડીઆમાંથી નીકળી ગઇ: અને ગાડાનું પૈડું ચાલતું અટકી પડ્યું. જગો પટેલ મુંઝાયા. ત્રણે જણ મળી મહેનત કરી, પણ ગાડું ઉંચું થયું નહીં. ધણી-દરબારની ચોરી, એટલે કોઇને મદદે બોલાવા જાય તો છતરાયું થઇ જાય; તેમ પાછળ ખળું પણ છેટું ગયું, એટલે ગાડું પાછું ખાલી પણ કરી શકાય નહીં. આમ સાપે છછુંદર ગળ્યા જેવું જગા પટેલને થયું. સવાર પડશે-અજવાળું થશે-તો ફજેતો થશે; એ બીકમાં હાંફળાફાંફળા

જગો પટેલ કોઇ વટેમાર્ગુની રાહ જોવા મંડયા. એવામાં ઈશ્વરને કરવું, તે એનાજ દરબાર, જેની ચોરી હતી તે–"ગજાભાઈ ગોહિલ" પરોઢીયામાં તેમના હંમેશના નિયમ પ્રમાણે જંગલ જવા સારૂ હાથમાં પાણીનો લોટો લઇ નીકળ્યા. ટાઢ પડતી હતી; દરબારે મોઢે બોકાનું બાંધેલું હતું, જેથી ફક્ત દરબારનો આંખોનો ભાગ દેખાતો હતો. દરબાર જેવા જગા પટેલના ગાડા પાસેથી નીકળ્યા, તેવોજ જગો પટેલ ગરજવાનને અક્કલ ન હોય એ હિસાબે, દરબારને કોઇ વટેમાર્ગુ ધારી અને અજાણ્યો હોવાથી હું બાજરો છાનોમાનો લઈ જાઉં છું એ ગામનાને ખબર નહીં પડે એમ માની, ઉતાવળા ઉતાવળા બોલ્યા કેઃ–"એ જુવાન ! આ ગાડું સમું કરાવતો જા." અંધારૂં, ગભરામણ તથા દરબારે મોઢે બોકાનું બાંધેલ એટલે જગા પટેલ તો દરબારને ન ઓળખ્યા; પરંતુ દરબારે જગા પટેલને ઓળખી લીધા. દરબાર સમજી ગયા કે "મારા રાજભાગનો બાજરો આપવો પડે એ ચોરીએ પટેલ છાનુમાનું ગાડું ભરી લઇ જાય છે."પરંતુ દરબારે વિચાર કર્યો કેઃ "હું ઓળખાઇ જઈશ, તો જગા પટેલ જેવો માણસ ભોંઠો પડશે–શરમાશે." માટે પટેલ પોતાને ન ઓળખે એવી રીતે નીચું જોઇ ગાડાને કેડનો ટેકો દઇ પૈડું ઉંચું કરાવ્યું. એટલે પટેલ ધરી નાખી ગાડું ચાલતું કરી રાજી થતા ઘર ભણી હંકારી ગયા. અને દરબાર "હશે ! હોય ! બિચારા રાતદિવસ ટાઢ તડકો વેઠી મહેનત કરી કમાય અને સારો દાણો ભાળી મન બગડે તો ભલે; એ પણ આપણી પ્રજા છે." આમ વિચારતા જંગલ ગયા.

ઉપરની વાત બન્યાને આશરે છએક માસ થયા હશે. દરબારના દરિયાવ દિલમાં ઉપરની વાતનું સ્મરણ પણ નથી. દરબારમાં મેમાનો આવેલા. હવાલદાર મેમાનો સારૂ ખાટલા ગોદડાં લેવા જગા પટેલને ત્યાં ગયો. હા ના કરતા હવાલદારે જગા પટેલને કાંઇ કડવું વચન કીધું, એટલે પટેલને રીસ ચડી ને બોલ્યા કેઃ–"મારે આવા દરબારના ગામમાં રહેવુંજ નથી."

હવાલદારે પણ તોછડાઈથી કીધું કેઃ—"ત્યારે ચાઇને પડયો છે ? તને કયાંય બાજે મળતું નથી ?" એટલે તો જગા પટેલે રાત્રે ગાડામાં ઉચાળા ભર્યાં. દરબારને આ વાતની કશી ખબર પણ નથી; પરંતુ બીજી સવારે દરબાર ડેલીએ ડાયરો કરી બેઠા છે, ત્યાં જગો પટેલ પોતાનાં બાળબચ્ચાં, રાચરચીલું અને ઢોર ઢાંખર લઈ ગાડાં ભરી ડેલી પાસેથી નીકળ્યા. ગામના માણસો વારવા—મનાવવા મંડયા; પણ પટેલ તો વધારે જોર કરવા મંડયા. દરબારને ખબર પડી, એટલે દરબારે પણ રાવટીમાંથી નીચે ઉતરી જગા પટેલને ખુબ સમજાવ્યા અને કારણ પૂછયું. જગા પટેલે હવાલદારની કરી. દરબારે હવાલદારને ધમકાવ્યો. અને હવાલદારની ભૂલ કબુલ કરીને પોતે દિલગીરી બતાવી; પરંતુ જગો પટેલ કોઈ રીતે સમજ્યા નહિ, એટલે દરબારે જગા પટેલના પડખે ચડી કાનમાં કીધું કેઃ— "પટેલ ! જાઓ તો ભલે જાઓ. પણ જે ધણી કેડનો ટેકો દઈ બાજરાનું ભરતીઉં વળાવે, તેવા ધણીના ગામમાં રહેજો." આટલું કહી દરબાર તો ડેલીએ ચાલ્યા ગયા. પણ આંહી પટેલના હાડેહાડમાં ધબકારો છૂટયો. પટેલથી કાંઇ બોલાયું નહીં. મનમાં એકજ વાત બોલાઇ ગઇ કેઃ- "આનું નામ તે ધણી ! જે ધણીની મેં ચોરી કરી હતી તેજ ધણી ચોરીમાં મદદ અને મારી આબરૂના ખાતર મને માફ તો કરે; પરંતુ એ વાતમાં હું ભોંઠો પડું એ દયાથી મને ખાનગીમાં પણ ઠપકો નહીં ! અરે ! આવો ધણી મને બીજે કયાં મળે ? કયાંઇ નહીં." એમ નિશ્ચય કરી પટેલે ગાડાં પાછાં ફેરવ્યાં, અદ્યાપી પર્યંત તેના વંશજો આ ગામમાં રહે છે.

ગેમલદે ગોહિલ

ગોહિલોના એ સત્યવાદી પૂર્વજ મારવાડમાં થઇ ગયા છે. એક દિવસ પોતાના એક ચારણની સાથે એક કૂવો જોવા માટે ગેમલદે ગયા. જોતાં જોતાં કૂવાની ભેખડ ફસકી. રાજા અને ચારણ લપસ્યા અને કૂવામાં પડયા. મારવાડના એ અતિ ઉંડા કૂવાની અંદર છેક અંધારામાં એક ભેઠો બન્ને જણાને હાથ લાગી ગયો, એને આધારે તેઓ બચ્યા.

દિવસ પર દિવસ જવા લાગ્યા. પણ કૂવામાંથી બહાર કોણ કાઢે ? કોને ખબર ? અંદરથી એની ચીસો પણ કોઇએ સાંભળી નહીં.

ચારણ બોલ્યો: "રાજા મને ભૂખ લાગી છે."

ગેમલજી હસીને કહે: "ગઢવી, આંહી કૂવામાં શું કરીએ ?"

"તમે સતીઆ છો, મને ખાવાનું આપો."

"અરે ભાઇ, આંહી શું સત ચાલે ?"

"ગમે તેમ કરીને આપો. નહીં તો મારી હત્યાનું પાપ તમારે માથે આવશે."

"ગઢવી, મારી પાસે બીજું કાંઇ નથી. લ્યો, આ મારા હાથની આંગળી ચૂસો– જો એથી તમને કાંઈ તૃપ્તિ થાય તો."

ચારણે રાજાની આંગળી મોંમાં લીધી, અને એક બાળક એની માને ધાવે તેમ ધાવવા લાગ્યો. ત્યાં તો આંગળીમાંથી દૂધની ધારા છૂટી. જેમ જેમ ચારણ ચૂસવા લાગ્યો તેમ તેમ રાજાના દુર્બળ દેહમાંથી લોહી પણ ચૂસાઇ જતું હોય એવી વેદના થવા લાગી. ત્રણ દિવસના ભૂખ્યા ચારણે રાજાના દેહનું દૂધ ખુબ ચૂસ્યું. પીડાનો એક પોકાર પણ કર્યો વિના રાજાએ પોતાનું અંગ ચૂસાવા દીધું. ચારણે એ પ્રસંગને એકજ દુહામાં આલેખી અમર બનાવ્યો છે.

> ખળહળ છૂટા ખીર, ગેમલ આંગળીએ ગોહિલ;
> શોષાણાં આપ શરીર, પંડ પરાયાં પોખવા.

(હે ગેમલદે ગોહિલ, તારી આંગળીમાંથી ખળખળ કરતી દૂધની ધારા વછૂટી. પારકાના દેહને પોષવા માટે તેં તારું પોતાનું શરીર શોષાવી નાખ્યું)

લા ગોહિલ

એ પણ ગોહિલોના એક વડવા હતા. એક દિવસ ડાયરો બેઠો હતો. સામે સમુદ્ર તોફાને ચડ્યો હતો. તેનાં જંગી મોજાં કોઇ જળદેવતાની સેનાની માફક પ્રચંડ કીકીઆરી કરતાં ઉછળતાં હતાં.

લા ગોહિલના એક વડીલ બોલ્યા કે: "આ મહાસાગરની સેનાની અંદર પોતાનો ઘોડો નાખે એવો શૂરવીર ક્ષત્રી કોઇ હશે ?"

લા ગોહિલ કહે: "એમાં શું મામા? હું નાખું"

"વાતો થાય."

"સાચું કરી બતાવું."

લા ગોહિલે પોતાનો ઘોડો શણગાર્યો. ઘોડા પર પોતાનો પ્યારામાં પ્યારો સામાન નખાવ્યો. પોતે ઘોડા પર ચડ્યા. ડાયરો આખો હસે છે; મશ્કરી કરે છે: વાહ રે વાહ કે લા ગોહિલ રમત કરી રહ્યો છે.

"લ્યો, ડાયરાને રામરામ" એમ કહીને લાએ ઘોડાને સમુદ્રની સામે હાંક્યો. તો યે ડાયરો હસે છે; ઘોડાના પગ પાણીમાં પડ્યા, તો યે સહુ હાંસી સમજે છે; પરંતુ જેમ ઘોડો મોજાંના ઘુઘવાટાની સામે હણહણાટી દેતો. ઉછળતો ઉંડા પાણીમાં ચાલ્યો, તેમ કિનારેથી બૂમ છૂટી કે: "ભાઇ, એ તો મશ્કરી હતી. પાછો વળ, પાછો વળ."

મોજાંના ઘમસાણ વચ્ચેથી લાએ ઉત્તર દીધો કે: "ક્ષત્રીની મશ્કરી ન હોય. રામરામ."

ઝંખવાણાં કાળાં શ્યામ મોઢાં લઇને ડાયરો જોઇ રહ્યો. આંખો ફાટી રહી. ઘોડેસ્વાર દરીઆના ઉંડાણમાં ઉતરી ગયો. સહુ રોતા રહ્યા.

એજ ઘોડો લાએ પોતાની હયાતીમાં એક ચારણને દાન કરેલો. ચારણ થોડી મુસાફરી કરીને પાછા વળતી વખત લેવા આવવાનો હતો, તે અનુસાર આવી પહોંચ્યો. ઘોડો અને ઘોડાનો દેનાર

બન્ને પાણીમાં ડુબ્યા, એવી હકીકત બની. પણ ચારણે હઠ છોડી નહીં. દરિયાને કિનારે બેસી લાંઘણો ખેંચવા લાગ્યો. પોકારતો રહ્યો કે: “ રાજા, તારે જ હાથે એ ઘોડો મને આપ.” માણસો સમજાવવા આવ્યાં. લાના વડીલોએ કહ્યું કે: “ગઢવી, બીજાં જે માગો તે ઘોડાં અમે સુખેથી આપીએ. ”

ચારણ કહે: “ હું ઘોડાંનો ભૂખ્યો નથી. લા ગોહિલને પંડ હાથે દાન લઈ પાવન થવાની જ મારી ઝંખના છે.”

“ પણ લા તો મરી ગયા ”

“ વચન પાળ્યા વિના એ ક્ષત્રી ન મરે—કદી ન મરે. મરે તો હું એને અમરાપુરીમાંથી પણ પાછા બોલાવીશ. ચારણની ચીસ આકાશ અને પાતાળમાં પણ પહોંચશે. ”

ચારણનું તાગું ચાલુ રહ્યું. દેહ પડી જવાની સ્થિતિ આવી પહોંચી. એક સંધ્યાકાળે સાગરનાં શાંત આસમાની પાણી સળવળ્યાં. એનો એ ઘોડો અને એના એ રાજા ઉપર આવ્યા. કિનારે આવી, ઘોડાની લગામ ચારણને સોંપી. ચુપચાપ એ પાતાળ-નિવાસી રાજા પાછા પાણી વીંધીને પાતાળે ચાલ્યા ગયા. એનો દુહો અખમાલજી ગોહિલની તારીફમાં કહેવાયો છે કે:

“દરીઆથી લાએ દીઆ કવજણને કેકાણ
“મારૂ મોજ મેરાણ એ અળળે અખમાલીયા.”

(કવજણ=કવિજન—ચારણ. કેકાણ=ઘોડા)

દેપાળદે ગોહિલ

એ કૃષ્ણભક્ત સેજકજીના ભાઇ દેપાળદે ગોહિલે પોતાની ગાદી ગોહિલવાડના પાળીઆદ ગામમાં સ્થાપી. પોતાના વંશની મહાન વિભૂતિઓ રાજા દેપાળદેની અંદર પણ ઉતરેલી હતી.

એક દિવસ એ રાજા ઘોડા પર ચડીને પરગામ જતા હતા. જેઠ ઉતરીને આષાઢ બેસી ગએલો; ખેતરમાં ખેડુઓએ વાવણીનાં સાંતી જોડેલાં; આકાશ ગંભીર બનેલું. પોતાની વસ્તીનાં ખેતરોમાં કલ્લોલ સાંભળીને પ્રસન્ન થતા રાજા ચાલ્યા જતા હતા.

પરંતુ પડખેના જ એક ખેતરમાં એણે કૌતુક જોયું. એક ખેડુ સાંતી હાંકતો હતો. સાંતીને એક બળદ જૂતેલો, ને બીજી બાજુ ખેડુની બાયડી જૂતેલી. બાઇના અંગ ઉપર કાળી કામળનું ઓઢણું દેખીને રાજા સમજ્યા કે "ચારણ લાગે છે."

ઘોડો થંભાવીને ખેડુને પૂછ્યું:

"ભાઇ, આ કોણ સ્ત્રી છે?"

"મારી ઘરવાળી છે."

"એને જોડવાનું શું કારણ?"

"શું કરું? મારો બળદ મરી ગયો. બીજો બળદ લેવા મારી પાસે પૈસા નથી. બાયડીને ન જોડું તો અનાજ વિના ખાઉં શું?"

"ભાઇ, બે ઘડી સાંતી છોડી નાખ. હમણાં તને બળદ અપાવું."

"રાજા, વાવણીનો વખત છે. અર્ધી ઘડીએ મારાથી ખોટી થવાય નહીં"

"પણ આ સામા ખેતરમાંથી જ હું બળદ મગાવી દઉં છું. ભલો થઈને આ અબળાને છોડ."

ચારણ ખીજાયો. એની વાવણી ખોટી થતી હતી. એ બોલી ઉઠયો:

" એટલી બધી દયા આવતી હોય તો હેઠો ઉતર, અને જૂતી જા એને બદલે."

હેપાળદે હસીને નીચે ઉતર્યા. માણસોને ઘોડાની લગામ આપી. ચારણીનું જોતર છોડાવી નાખ્યું. પોતે એની જગ્યાએ જુતી ગયા. નોકરોએ દોડીને બૂમ પાડી કે: " બાપુ, અમે જુતીએ." રાજાજી કહે: " એ ન બને. " બીજા નોકરોને કહ્યું કે: 'જાઓ, પાસેના ખેતરમાં જે માગ્યાં મૂલ આપીને એક બળદ લાવો."

રાજાને જોઈને ચારણ તો [illegible]. એકુંય [illegible] ([illegible]) પૂરાં કર્યાં [illegible]

આ તો [illegible] હસતા હતા.

પણ પેલી એક વિઘા જેટલી જમીનમાં—જ્યાં હેપાળદેને જોડી વાવણી કરી હતી ત્યાં તો ડુંડાં બીડાયેલાં જોયાં! દાણો આવેલ જ નહિ!

ચારણે થાક કરીને ઉદ્ગાર કાઢયો: " કોણ જાણે કેવાં યે પાપ એ રાજાના પેટમાં હશે કે એનાં પગલાં પડ્યાં એટલી જમીનમાં એક દાણો યે ન પાકયો!"

ચારણીએ આ વાત સાંભળી. એ તો દેવીની પુત્રી હતી. એને લાગ્યું કે: " આવા રાજાનાં પગલાં હલકાં ન પડે."

એ ખેતરમાં ગઈ. બીડાએલ ડુંડું ખોલીને જુએ તો સાચાં મોતીનો ઝુમખો! એ એક વિઘા જેટલી જમીનના એકે એક ડુંડે મોતી! પ્રજાનાં દુઃખ નિવારવા ધોંસરે જૂતેલ રાજાનું સત એને સમજાયું. ઘેર જઈને પતિને એણે વાત કરી.

ચારણ એ બધાં મોતી લઈને કચેરીમાં ગયો. દેપાળદેની સામે મોતી ધરીને દુહો ગાયો:

"(જો) જાણ્યો હોત જડધાર, નત્રળંગ મોતી નીપજે;
(તો) વવારત વડ વાર, દી' બાધો દેપાળદે."

"હે રાજા દેપાળ દે ! જો મેં પહેલેથી જાણ્યું હોત, કે તારે કાંધે ધોંસરું નાખ્યે સાચાં મોતી નીપજે એવો તું શંકરનો અવતાર [જડ=જટા; ધાર=ધારી; જડધાર=જટાધર-શિવ] છે, તો આખો દિવસ,—લાંબી વાર સુધી—[વડી વાર] તને જોડીને આખું ખેતર જ ન વાવી નાખત ! "

પ્રજાના પાલનહાર નૃપતિએ મ્હોં મલકાવ્યું. આકાશની સામે હાથ જોડ્યા અને મોતી બધાં ચારણને પાછાં આપ્યાં.

વાળાઓની હરણુ-પૂજા

એ બાદશાહના રાજદરબારમાં ફક્ત પંડિતો ને ફિલસુફો જ નહીં, પણ ચારણોને ય આદરભર્યાં આસન મળતાં. જાડાભાઈ મહવી એ કચેરીના એક મણિ સમા હતા. એના છંદો જ્યારે ધમધમતે સ્વરે દિવાલોને ધ્રૂજાવતા છૂટતા, ત્યારે રાજસભામાં એક ટાંકણી પડે તો યે રણકારો સંભળાય એટલી શાંતિ છવાતી.

એક દિવસ દરબાર ભરાયો. દરબારમાં બાદશાહ અને જાડાભાઈની વચ્ચે મૂર્તિઓની ઉ[illegible]તા વિષે વિવાદ થયો.

“ અલ્લા, મૂર્તિઓની ખોટી ખુશામદ શું કામ કરો? માથાં આપનારા તો ગયા ”

“ જા [illegible] બીજા દુરાગ્રહે [illegible] સાથે [illegible] પડ્યા છે.”

“ હું [illegible]”

“ [illegible] સાચુ કુલ કરે. તમારે [illegible] ન હોય! એ તો બધાં ન્યારાં છે.”

“ [illegible]! ત્યારે [illegible] તો નહીં કહું આજ થી તમારા [illegible] કહેતા જાઓ, ફુર્માં [illegible] સમાજની [illegible]. ગૌમાં [illegible] કે જે તમારા સાત ચારણોને બચાવવા માટે પોતાના [illegible] સાત દીકરાને મારા જલ્લાદની તલવાર નીચે મોકલી આપે. આજથી છ મહિને નહીં આવે તો જાણજો કે તમારા સાતે દીકરાનાં માથાં ઉડી પડશે.”

રાજસભામાં એકે એક શરીર ઉપર સ્વેદ વળી ગયાં; બહુનાં રોમાંચ ફુલી ઉઠ્યાં; બધા જાણતા હતા કે ચારણે છેડેલો આ બાદશાહ સાત ચારણોના પ્રાણ ચુસવામાં વાર નહિ લગાડે.

સાતે પુત્રોને બંદીખાને સોંપી શ્રી હરિનું નામ સંભારતો

ચારણ જાડોભાઇ ચાલી નીકળ્યો. એને સાત દીકરા વ્હાલા હતા તેથી વધુ વ્હાલી તો ક્ષત્રીની કીર્તિ હતી.

ચારણ ગામે ગામ ને રાજ્યે રાજ્યમાં આથડે છે. ક્ષત્રીઓની પાસે એક સાથે સાત સાત પુત્રોનાં માથાંનો સવાલ કરે છે. જે સાંભળે છે તે હાહાકાર કરી ઉઠે છે. સાત સાત દીકરાને કપાવી નાખવાનું હૈયું કોનું કબૂલે ! જેનું હૈયું કબૂલે તેને એક સાથે સાત દીકરાનો સુજોગ ન હોય !

દ્વારે દ્વારે નિસાસા મૂકતો ગઢવી કાઠિયાવાડના વળા ગામમાં આવી પહોંચ્યો. એ ગામમાં દરબાર જસા વાળા રાજ કરે. જસાવાળાએ ચારણનો સવાલ સાંભળીને સાતે દીકરાને બોલાવ્યા અને કહ્યું કે "દિલ્હીની કચેરીમાં સાત દેવ પુત્રો હણાશે, ક્ષત્રી ગૌરવ [illegible] બોલો, [illegible] વ્હાલા કે ક્ષત્રીવટ ?'

[illegible] ચડ્યા [illegible] મીંઢી ફૂલને.' [illegible] દિલ્હી નગરમાં [illegible] પહોંચ્યા. કચેરીમાં જઇને [illegible] કરી કે [illegible] જય હો ક્ષત્રીજાતનો."

[illegible] પણ [illegible] કળાય તેવો બાદશાહ ન હતો. એણે સાત ક્ષત્રીપુત્રોને બોલાવી કહ્યું કે "આ મશ્કરી ન સમજતા. કાલ સવારે તમારાં માથાં આ કચેરીમાં દીસતાં હશે."

સાતે જણાએ જવાબમાં ફક્ત હસ્યા જ કર્યું.

બાદશાહે ફરી ફાંસો માર્યો. "બેવકૂફ બાળકો, વિચાર કરો."

બાળકોએ હસ્યા જ કર્યું. દરબાર જસાવાળા તરફ [illegible] ખુન્નસભરે નેત્રે બાદશાહ બોલ્યા:

"દરબાર, દાન દેવાની રીત જાણો છો ?"

"જાણું છું, છતાં ફરમાવો."

' જુઓ, દાન દેતી વખત ખુશાલી રાખવી પડશે. દાતાનો એ ધર્મ છે કે કચવાતે દિલે દાન ન દેવાય, ન મંજુર થાય."

" ક્ષત્રીને એમાં કાંઇ નવું નથી, મહારાજા !

"સુણો, સુણો, કાલે સવારે આ મેડી ઉપર એક પછી એક તમારા બેટાઓનાં ડોકાં પર તલવાર પડશે. એ અવાજ તમે સાંભળશો; એ સાંભળતા સાંભળતાં મારી સાથે તમારે ચોપાટ ખેલવી પડશે, તમારા બેટાની એક પછી એક બબ્બે આંખો હાજર થશે; તેને તમારે હસતે ચહેરે તમારા પગ નીચે ચગદવી પડશે. એ દરમ્યાન જો આંખમાં જરા પણ પાણી દેખાશે; અવાજમાં જરા પણ દુ:ખ દેખાશે; રમતમાં જરા પણ મરત ચુકાશે; અગર એક નિસાસો પણ નીકળશે; તો એ દાન ફોક થશે. ને હું ચારણના સાતે દીકરાનો પણ જાન લઇશ "

" સુખેથી બાદશાહ, સુખેથી "

બીજે દિવસે સવાર પડયું. કચેરીમાં મેદની માતી નથી. ક્ષત્રીની લાજ લુંટાતી હોય તે પણ લોકોને જોવાનો એક તમાશો જ છે ને ! ચોપાટ મંડાઇ. ખડખડાટ હસીને જસા વાળાએ પાસા ફેંકયા. સાથે સાથ બાદશાહનો હુકમ છૂટયો કે: " ચાલાવો કતલ. "

" ચલાવો કતલ" નો પોકાર પડતાં તો સાત ક્ષત્રી પુત્રોમાંથી મોટેરાને ઉપાડી મેડી પર લઇ ગયા. ઉપલી મેડી પર "ધડાક" એવો અવાજ થયો, જાણે એક માથું પડયું. બે ઘડીમાં તો બે મોટી મોટી આંખો અને સાથે જાડાભાઇનો એક પુત્ર દરબારની પાસે હાજર થયાં. બાદશાહ કહે; " લ્યો દરબાર આ તમારા મોટા પુત્રની આંખો "

દરબારે એ બે આંખોને પગ નીચે ચગદી. છૂટેલા ચારણપુત્રને માથે હાથ મેલ્યો, ને ખુશખુશાલ દિલે હસતા હસતા ચોપાટ આગળ ચલાવી.

બીજી વાર ધડાકો, લોહીની નીકો અને પોતાના બીજા બેટાની આંખો ! ક્ષત્રી એ આંખોને ઓળખી ઓળખીને ચગદતો જાય છે; છૂટેલા ચારણપુત્રને આશીર્વાદ દઇ રમત ખે-

ઊતો જાય છે. એની આંખમાં આંસુ નથી; મ્હોંમાં નિઃશ્વાસ નથી; અંતરમાં લગારે ઉદાસી નથી.

એમ છ પુત્રોની જીવનલીલા ખતમ થતી આ વીરપિતાએ જોઇ લીધી. બાદશાહના ચહેરા પરથી બધું નૂર ઉડી ગયું. એણે આજ ક્ષત્રીવટનાં દારૂણ દર્શન કર્યાં:

ત્યાં તો સાતમો ધડાકો થયો, અને દરબારના હાથ કાંઈક ઢીલા થયા. એ ન્હાનેરા કુમારની રૂપાળી બે તેજસ્વી આંખો આવી પહોંચી, ક્ષત્રી-પિતાએ કચરી નાખી. પણ રે ! એની આંખોમાંથી બે આંસુ સરી પડયાં !

" બસ, ખલ્લાસ; " બાદશાહ ઉછળીને તાળીઓ પાડતો પોકારી ઉઠયો. તમારી સખાવત ફોક ગઇ. પકડો એ સાતે ચારણોને, ને ઉડાવી દો ડોકાં !

ક્ષત્રી દીન-સ્વરે કહે છે કે: " જહાંપનાહ ! પહેલાં મારી કથા સાંભળી લ્યો. હું રડી પડયો, તે મારા દીકરાને માટે નહી "

" ત્યારે ? "

" આ નાનેરો બાળક મારો નથી એ ચારણનો દીકરો છે. મને વિચાર આવ્યો કે અરેરે ! આ તો એક ચારણનો જીવ ઉગારવા બીજા એક ચારણને જ મરવું પડયું. મારે એક વધુ દીકરો હોત તો ચારણની હત્યા ન થાત. એવા ખેદથી જ મારાથી રડી જવાયું . હું સૂર્યદેવના સોગંદ ખાઇને કહુંછું. "

" આ કુમાર તમારો નહોતો એમ કહેવામાં શો ભેદ છે, દરબાર ? "

" સમજાવું. મારે છ જ કુમારો હતા. એક દિવસ પરોઢીએ હું ગામને પાદર દિશાએ ગયો, ત્યાં એક બાળકના રૂદનનો અવાજ આવ્યો. જઇને જોઉં તો વડલાની પોલાણમાં તાજું જન્મેલું એક બચ્ચુ સૂતેલું. એની ડોકમાં એક ચિઠ્ઠી બાંધેલી. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે આ ચારણનો બાળક છે. એના પિતાને જોશીએ કહેલું કે દીકરાનું મ્હોં જોઇશ તો આંધળો થઇશ. આખું ગામડું આંધી નીકળેલું. આંહી આ બાળક આવતું એટલે

આંહી મૂકીને જ અમે ચાલ્યાં જઈએ છીએ.x ચારણ છે; પુન્ય થશે." આ બાળકને હું ઘેર લાવ્યો. ઉછેરીને મોટો કર્યો. જગતે જાણ્યું કે એ મારો જ કુમાર છે. જહાંપનાહ આજ રડું છું, કારણ કે એક પુત્રને અભાવે આજ એ ન્હાનેથી ઉગારેલા ઉછેરેલા ચારણ-પુત્રનો જીવ ગયો.

"શાબાશ ! શાબાસ ક્ષત્રીનર ! ગભરાશો નહીં. નથી એ ચારણ મર્યો; કે નથી મર્યો તમારો એકે કુમાર."

"બાદશાહ, હવે મશ્કરી શા માટે ?"

"પહેરેગીર ! સાતે કુમારોને હાજર કરો."

મેડી ઉપરથી સાતે કુમારો આવીને ઉભા રહ્યા.

"ક્ષત્રી બચ્ચા ! બાદશાહ લોહીનો તરસ્યો નથી. એને કસોટી કરતાં આવડે છે."

"ત્યારે આ આંખો કોની ? મારા કુમારોને બદલે કોણ મર્યું ?"

"સાત હરણાં"

"આજથી એ પરગજુ હરણાં મારે ને મારા તમામ વંશજનોને પૂજવાનાં પ્રાણીઓ બન્યાં.

કચેરીમાં બાદશાહે પિતા પુત્રોને ઉંચા સરપાવ બક્ષ્યા; તેની બેસુમાર તારીફ કરી; અને પાછા કાઠિયાવાડ વળાવ્યા.

તે દિવસથી હરણની જાત વાળાના વંશજોને હાથે પૂજાય છે. આજ પણ વાળા રજપૂતો કે વાળા કાઠીઓ—જે કુળ મર્યાદા માને છે તે—હરણ કે કાળીઆર પર ઘા નહીં કરે. એટલું જ નહીં પણ કેટલાએક ટેકીલા વાળા દરબારો તો પોતાની સીમમાં અંગ્રેજ અમલદારોને પણ હરણનો શિકાર ખેલવાની સ્પષ્ટ મના સંભળાવે છે. બાકી, કુળવાનનું તો પૂછવું જ શું ? *

---

x હજુ પણ એ 'ઠેડા મૂકાયેલા' ચારણ-પુત્રના વંશને 'ઠેડ' નામ કહે છે.

* આ વાર્તાની અંદર બાદશાહ અને ચારણ એ બન્નેનાં સાચાં નામો પણ ગાયબ છે.

રાણજી ગોહિલ

હજુ યે એ ઉંચા ઉંચા કિલ્લાની દિવાલને ઘસીને નદી ચાલી જાય છે. કિલ્લામાં નકશીદાર ગોખ કુંડારેલા ને રાણીઓને નદીની ક્રીડા નિરખવા માટે જુક્તિદાર ઓરડા બંધાવેલા. હજુ યે એકવાર એ રવેસમાં ઉભા રહીને નદીના પટ ઉપર સમી સાંજની પનીઆરીઓને નિરખીએ, ગરાશીઆનાં દે'. ખેલતાં બાળીએ, જુવાનોની કુસ્તી જોઇએ, ચારણોના છંદો ને કુમારિકાઓનાં વૃંદના રાસડા સાંભળીએ, ત્યારે સમય છસો વરસ પાછો હટી જાય, ને એ વિલાસી રાજા રાણજીના હાસ્ય–કલ્લોલ કાને અથડાય.

એ ગામ રાણપુર; એ નદી શુકભાદર; અને રાણજી ગોહિલે બંધાવેલો એ કિલ્લો. એ તે કિલ્લો કે ક્રીડા–મહેલ ?

એ રાજા વિલાસી હતો. એને ચોરાશી રાણીઓ હતી; દિવસ રાત એ રણવાસમાં જ રહેતો. લોકો એને “ કનૈયો ” કહેતાં. એ રાજાને એવો નિયમ કે કદી મુસલમાનનું મ્હોં ન જોવું. એક દિવસ જુનાગઢના દાતારની જાત્રા કરીને એક મેમણ ડોશી અને એનો દીકરો પાછાં અમદાવાદ જતાં હતાં. રસ્તામાં મા દીકરો રાણપુર રાત રહ્યાં.

સવાર પડ્યું. રાજા પૂજા કરતા હતા. તે વખતે એ ડોશીના બેટાની બાંગ સંભળાઇ. બ્રાહ્મણોએ રાજાજીને સમજાવ્યું કે આ યવનના અવાજથી “પૂજા ભ્રષ્ટ બની !” રાજાને કુમતિ સૂઝી. એ બાળકનો એણે શિરચ્છેદ કરાવ્યો !

છોકરા વિનાની ફડફડતી માતાએ અમદાવાદ જઇને ચોધાર આંસુએ મહમદશાહ બેગડા પાસે વાત કહી. મહમદશાહે પોતાની ફોજ રાણપુરનો નાશ કરવા મોકલી દીધી. રાણપુર સમાચાર પહોંચ્યા કે સેના ચાલી આવે છે. પરંતુ રાજાને કોણ કહેવા જાય ? રાજા તો રણવાસમાં અહોરાત ગુલતાન કરે છે. બહારની દુનિયા પર નજર પણ કરતો નથી. સહુને બ્હીક લાગે છે કે કહેવા જનાર જીવતો પાછો નહીં નીકળે.

પછી તો એક ચારણે હિમ્મત કરી. અંદર જવાનો રસ્તો તો બંધ હતો. એટલે નદીની અંદર બરાબર ગોખની સામે ઉભા રહીને ચારણે અવાજ કર્યો કે,

રાણા રમત મેલ્ય, કનારે ચડીઆ કટક,
ક્ષત્રી. ચોપારનો ખેલ, ગોહિલ તુંને લાગ્યો ગળ્યો.

(હે રાણા ! હવે તો રમત છોડ. શત્રુનું સૈન્ય તારા સીમાડા સુધી આવી પહોંચ્યું. (અગર કનારા ગામ સુધી આવી પહોંચ્યું.) હે ક્ષત્રી ! ચોપાટની રમત શું તને એટલી બધી મીઠી લાગી ગઈ, કે હજુ નથી ચેતતો ?)

ચારણના શબ્દો કાને પડતાં તો ચોપાટના પાસા ફગાવીને રાણો ઉભો થયો. રાણીઓને ભલામણ દીધી કે: " જુઓ, જ્યાં સુધી મારા વાવટાને તમે યુદ્ધ ભૂમિ પર ઉડતો જુઓ ત્યાં સુધી જાણજો કે હું જીવતો છું; પણ જ્યારે વાવટો ન દેખાય ત્યારે સમજજો કે મારો દેહ પડી ગયો." રાણીઓએ ઉત્તર દીધો: " રાજા, જાજા હો, એ વાવટો પડયા પછી ચોરાશીમાંથી એકેય જીવતી નહીં રહે "

રાણોજી સૈન્ય લઈને રણે ચડયો. રાણપુરથી ત્રણ ચાર ગાઉ આઘે મહમદશાહની ફોજ સાથે એની લડાઈ આફળાઈ. આંહીં ગઢને ગોખે બેઠી બેઠી ચોરાશી રમાણીઓ નજર માંડીને જોયા કરે છે; ધજા ગગનમાં ઉડતી દેખાય છે; એ ધજાના આધારે રાણીઓ જીવે છે.

વિજય કરીને રાણોજી પાછો વળ્યો. જયશાળી સૈન્ય પર ઝુંડો ફરકતો જાય છે. રસ્તામાં એક વાવ આવી. ઝુંડો ઉપાડનાર ઝુંડો નીચે મુકીને વાવની અંદર પાણી પીવા ઉતર્યો. રાણાજીનું ધ્યાન નહોતું રહ્યું. એ તો ભૂલી ગયો હતો કે એ વાવટા ઉપર ચોરાશી જીવાત્માઓ ટાંપીને બેઠા હશે !

કિલ્લાના ગોખમાં બેસીને ઝુંડાના ઉપર મીટ માંડી રહેલી એ ચોરાશી ક્ષત્રીઆણીઓએ જાણ્યું કે: ' પતાકા પડી ! અને રાજા મરાયો હવે હમણાં મુસલમાનો આવી પહોંચશે." તમામ રાણીઓએ કિલ્લાના કૂવામાં પડીને પ્રાણ છોડયા.

વિજયથી રાજા દોડતે ઘોડે રાજમહેલમાં આવ્યા. જુએ તો રાણીઓનાં રાબથી કુવો ખુરાએલો! એનો સંસાર એક પળમાં વેરાન સમો બની ગયો.

હવે જીવીને શું કરવું છે? એમ વિચારીને એ પાછો મુસલમાન ફોજ અમદાવાદ તરફ જતી હતી તેમાં પહોંચ્યો. ને યુદ્ધ કરતાં કરતાં મર યો.

મુસલમાન ફોજ રાણપુર આવી કિલ્લો હાથ કર્યો. રાણી તો એક પણ જીવતી નહોતી. કુંવર મોખડાજીને લઈને એક દાસી રાણજીના ભાઇને ઘેર ઉમરાળે નાસી ગયેલી.

હજુયે જાણે એ રાજમહેલનાં ખંડેરમાં ચોરાશી મુખોના કલકલ હાસ્ય-ધ્વનિ ગાજે છે; સામ સામી તાળી દેતા એ સુંદર સુકોમળ હાથની ભિલોરી બંગડીઓ જાણે રણઝણી રહી છે; ચોપાટના પાસા ફેંકાતા સંભળાય છે; અને છેવટે ગુંજી રહ્યો છે એ નિઝામ ચારણનો ઘેરો અવાજ કે:—

“[illegible]”

અને એ કૂવો! ચોરાશી સુંદર પ્રેત શું રાત્રિએ ત્યાં હીબકાં નહીં ભરતા હોય?

આજ એ કિલ્લાની નદી તરફની આખી દિવાલ મોજૂદ છે. અંદરના ભાગમાંથી ઘોબી લોકો છીપરાં કરવા માટે સુંદર લાંબા પત્થરો કાઢી જાય છે. પૂર્વ દિશા પર દિવાલ વિનાનો એકજ દરવાજો હજુ ઉભો છે. એ દરવાજાનાં કમાડ પર છસો ચોમાસાં વરસી ગયાં-પણ હજુ લાકડું સડયું નથી. બાકી બધું છિન્ન-ભિન્ન છે.

મોખડાજી ગોહિલ

કથા એમ પણ ચાલે છે કે રાણજી ગોહિલની રાણીઓ માંથી એકજ રાણી નાસી નીકળેલાં. એને જીવનનો લોભ હતો એ કારણથી નહીં; પણ એના ગર્ભમાં એક ગોહિલ બાળક સૂતો હતો, તેના રક્ષણ અર્થે.

એ બાળકનું નામ મોખડાજી ગોહિલ. બાળક જુવાન થયો. ભુજાઓને રણ જંગની ભૂખ લાગી. ધીરે ધીરે સૈન્ય જમાવીને એણે જમીનો સર કરવાનું આદર્યું. ઉમરાળા લીધું; ખોખરા દબાવ્યું; મિતિયાળા અને ઘોઘાબંદર પણ ઘેર કર્યાં. ૧૩૯૧ ની અંદર એણે ઘોઘામાં તખ્ત સ્થાપ્યું. અને આખરે ઘોઘાની નજીક પેરંભ ટાપુમાં પહોંચી ત્યાં નિવાસ કર્યો.

ચોપાસ દરિયાનો કિલ્લો બની ગયો. એ વખતે તો પાણીનો દુર્ગ અભેદ્ય જ ગણાય. મોખડાજીની હાક બોલવા લાગી.

પરંતુ દરિયાને માર્ગે તો મહામોલાં જહાજો આવે ને જાય. એમાં લુંટફાટનો લોભ લાગ્યા વિના ન રહ્યો. એક વણિક પુત્રનાં વહાણોનો કિમતી અસબાબ કાંઇક કારણે જપ્ત કર્યો. વણિકે અમદાવાદ જઇને મહમદશાહ બેગડાને ફરીઆદ કરી. બાદશાહની ફોજ પેરંભ બેટ પર ચડી; ઘોઘા સુધી આવી પહોંચી.

છંદ પધરિ

(કવિશ્રી પીંગળશીભાઇ રચિત વર્ણન)

पेरंभ नजिक दलबल अपार
हो गया मुल्कमें हाहाकार ॥

અર્થ—પેરંભ બેટની નજીક સુલતાનનું બેસુમાર સૈન્ય આવી પહોંચ્યું. દેશ બધામાં હાહાકાર થઇ ગયો.

सो सुनी भूप मन भया कोप
तैयार कीन गढ बुरज तोप ॥

चहु तर्फ फौज दरसाय शूर
काबुली इरानी महा क्रूर ॥

અર્થ—એ સમાચાર સાંભળીને મોખડાજીને રોષ ચડયો. એણે પોતાના કિલ્લા, બુરજો અને તોપો સજ્જ કર્યાં. કાબુલી ઇરાની વગેરેથી ભરપૂર મુસલમાની સેના જામી પડી.

बंदूक होन लागे बहार
सुरजाय मीन तोपका मार ॥
पीछा न धरत मोखडा पाव
दरियाव मध्य नां लगे दाव ॥

અર્થ— દુશ્મનો બંદુકોના ને તોપના બહાર કરવા લાગ્યા. પણ ગોળા પાણીમાં જ પડે, ને કેવળ માછલાં જ મરે છે. ગોળા પેરંભને કિનારે પહોંચતા નથી. મોખડાજી પાછા પગ ભરતો નથી. મુસલમાની સેનાનો લાગ દરીઆમાં ફાવતો નથી.

मोखडा शरन नाया महीप
ले फौज धरी सागर समीप ॥
अध मास रह्या जब अंध धंध
बेटकी राह सब कीन बंध ॥

અર્થ—મોખડાજી તો શરણે આવતા નથી. એટલે પછી બાદશાહની સેનાએ પેરંભ બેટમાં કિનારેથી માલ જવા આવવાના બધા રસ્તા બંધ કર્યા.

दुःख पाय लोक खोराक दूर
छुटकारा कीजे महा सूर ॥
पिंजरे रहे नां सिंहराज
अब भूप तूव कीजे इलाज ॥

અર્થ—લોકો ફરીઆદે આવ્યા કે "હે રાજા, તારા જેવો સિંહ પિંજરે ન પડ્યો રહે. અમને ખોરાક નથી મળતો, હવે ઇલાજ કર."

यह सुनी बात फरकंत अंग
रोमांच खडे मुख वीर रंग ॥

× × × ×

पुर घोघामें आये प्रवीन
युद्धकं साज तैयार कीन
जब शाह फजरमें खबर पाय
यांसे घोघा पर चढी आय

અર્થ- એ સાંભળીને રાજાની રોમાંચ ખડા થયા. પોતે ટાપુ-માંથી સૈન્ય લઈ ઘોઘામાં આવ્યા. બાદશાહે પણ ઘોઘા પર હલ્લો કર્યો.

પછી તો,

तुलसी दल मुखमें लही, रही न जीवन आस ॥
चले वीर रजपूत सब, हिलमिल मनें हुलास ॥

અર્થ—મોઢાંમાં તુલસીનાં પાંદડાં લીધાં, જીવનની આશા છોડી; અને મૃત્યુને ભેટવાના ઉલ્લાસમાં ઝગમગતા રજપૂતો નીકળી પડ્યા. દરવાજા ખોલી નાખ્યા અને બહાર જંગ માંડ્યા

छप्पय

१

बजे तूर त्रंबाल राग सिंधू सुर राजे ।
खेलत नारद ख्याल शीव निज सैन्य समाजे ।
भैरव गण अरू भूत जगे त्रय लोचन ज्वाला ।
आय संग अप्सरा लीन करमें वरमाला ।
पलचरन पंखि लग्गे परन, भ्रमर नभ कंपत धरन ।
रथ खेंचि रवि देखन रहे, लगे भूप मोहिल लरन ।

અર્થ:—તુરી અને ત્રંબાલ વાગવા લાગ્યાં; સિંધુડો રાગ રણક્યો; મહાદેવ પોતાનું સૈન્ય સજ્જ કરતા હોય તેવું જણાયું. પોતાના ભૈરવ, ગણ અને ભૂતાવળ લઈને ત્રિલોચન આવી પહોંચ્યા. અપ્સરા પણ હાથમાં

વરમાળ લઈ આકાશેથી ઉતરી માંસાહારી પંખીઓ ઝડપ મારવા લાગ્યા; આકાશમાં અંધી ચઢી; પૃથ્વી કમ્પી ઉઠી; ગોહિલ વીરને લડતો નિહાળી સૂર્યદેવ પણ પોતાનો રથ થંભાવી ઉભા રહ્યા.

૨

लगे घाव पर घाव दाव कर जोर दिखावे ।
कटे शीश कर हाक चाकपर दोर चढावे ।
तुटे तुरीके तंग अंग गजरुंढ उडावे ।
बहत रुधिर तन धार शूर समशेर चलावे ।
बगतरां कडी बिखरन लगी बन्यो युद्ध बिग्रह बडो ।
हद करत लरत हनुमंत ज्युं महाबीर तब मोखडो ।

અર્થ:—ઘા ઉપર ઘા પડવા લાગ્યા. ચાકડા પરથી જેમ દોરો વાટીને કુંભાર માટીનું વાસણ ઉતારે, તેમ વીરનરો તરવાર વડે શત્રુઓના શરીર પરથી માથાં ઉતારવા લાગ્યા. ઘોડાના તંગ તૂટી રહ્યા. હાથીઓનાં કુંભસ્થળ ઉડી પડે છે. શૂરવીરોની લોહીની ધારાઓ વછૂટે છે. યોદ્ધાઓનાં બખતરોના કડાંઓ પણ તૂટવા લાગી ભીષણ યુદ્ધ મચ્યું. મહાવીર હનુમાનજીના માફક અજબ લડાઈ મોખડાજી ખેલી રહ્યા છે.

૩

तीन पहर तलवार चली सुर चैन न पाये ।
बादशाह मन भंग अनी कारिके अकुलाये ।
परे लुथ्थ पर लुथ्थ आंत दरसंत उदर तें ।
रुंड मुंड फरकंत कटे आयुध सुर कर तें ।
मोखडो भूप चाहत मरन दिनभर पग नांहीं डग्यो ।
घट रोम रोम कट घावमें लरन शीश डोलन लग्यो ।

અર્થ—ત્રણ પહોર સુધી લડાઈ ચાલી બાદશાહનું મન બહુજ વ્યાકુળ બન્યું. મુડદાં પર મુડદાં પડકાવા લાગ્યાં; પેટમાંથી આંતરડાં પણ બહાર નીકળી આવ્યાં; માથાં તો છેદાઈ છેદાઈને

ઉંચે ઉડી રહ્યાં છે. મોખડાજીના શરીરને રોમે રોમે જખ્મો થયા, અને એનું માથું પણ ધડ ઉપરથી લગભગ કપાઇ જઇને ડોલવા લાગ્યું.

૪

हुद्दापर तें हने साहके केक समंधी ।
म्लेच्छ सबें मुरझाय, आय लोचनमें अंधी ।
मरे मीर उमराव, हठे ना भूप हठायो
बहादुर घोघा बीच मरद घमसान मचायो ।
रन मध्य राणके नंदको पर्यों शीश धर ना पर्यों ।
गोहेलेश खद्‌डपर गांमलो सूर सात कोसहिं लर्यो

અર્થ—બાદશાહના કંઇક સગાંઓ હાથીના હોદ્દા પર હણાઇ ગયા. મ્લેચ્છો મૂંઝાઇ ગયા. આંખમાં અંધારાં આવ્યાં; અમીર ઉમરાવો કપાયા; પણ રાજા પાછો હઠ્યો નહી. પણ આખરે સમરાંગણની વચ્ચે એ નાગજીના પુત્ર મોખડાનું માથું પડ્યું, છતાં ધડ ન પડ્યું. સાત સાત ગાઉ સુધી દુશ્મનની ફોજને હટાવીને પછી આખરે ખદડપર ગામને પાદરે એ પરાક્રમી ધડ પડ્યું.

છંદ ઉધોર

(સદ્‌ગત કવિશ્રી પાતાભાઇ રચિત વર્ણન)

પેરંભનાથ પેરંભ પાટ, ખાસા મરદ બેઠો ખાટ,
ઉદ્ધ દલ આવીઓ સુલતાન, ઝળકી રહી સારી જાન
મેંગલ ઘટા ફોજં મેલ, ઉલટા સમુંદર જયું ઉખેળ;
ખેવટ હુવ દલા જલખોળ, ખેવટ ધુંધળા ખગોળ.
આયો દલેશર અણુવાર, સોરઠ નમાવા સરદાર;
ભુબક તોપ તાલી ઠીંક, ઝુંઝે કાળ ઝાલે ઝીંક.
કટકે રાજ નમીઆ કેક. અણનમ મોખડો છે એક.

અર્થ—પેરંભના પતિ મોખડાજીએ ખૂબ મુલક જીતી લીધા. પણ એ વખતે સુલતાનની સેના આખા દેશને ચમકાવતી, સોરઠમાં ઘુમતી હતી. એ સુલતાને હાથીઓથી ભરપૂર ફોજ મોકલી. જાણે સમુદ્રમાં ભરતીના લોઢ ઉછળી રહ્યા! જાણે જળપ્રલય થવા બેઠો!

આકાશે જાણે આંધી ચડી. તોપોની ગર્જના ચાલી. એની સામે કોણ ઝૂઝીને ટક્કર ઝીલે? એના સૈન્ય સામે કેંક રાજ્યો નમી ગયાં. ન નમ્યો એક મોખડાજી.

ઘોઘા દિશા બાંધી ઘેર, કોપ્યું કુરહરી ચહુ ફેર;
બહાદુર મોખડે સુન બાત, અડ્યો રાખવા અખિયાત.
રૂઠ્યો ભૂપ ત્રાબક રોડય, માગ બોલ મૂછાં મોડય;
નર હું મરધરાકો નાથ, સામો કોણ હે સમરાથ.
અમસું કોણ જીતે આજ, લોપાં સાત પતસા લાજ;
ભડ હું મોખડો અનભંગ, ઝટકે મચાડું રણજંગ;
દુશ્મન લડે જે રહું દેખ, લાજે શાલવાહન શેખ.

અર્થ—સુલતાનની સેનાએ ગોઘાની આસપાસ ઘેરો ઘાલ્યો. ચોપાસના રસ્તા બંધ કર્યા. મોખડાજીએ એ સમાચાર પેરંભમાં સાંભળ્યા, એનો કોપ ફાટી નીકળ્યો. યુદ્ધનાં નગારાં ગડગડ્યાં. મૂછોને વળ ચડાવીને એ બાર (મારવાડનો રાજા) [illegible] કે મારી સામે મારવાડના નાથની [illegible] કોણ એવા સાત પાદશાહોની લાજ [illegible] [illegible] પંડે.

મારે અભેવન કુળમાંય ચડીઆ ચકાવે જગ સાહ્ય;
[illegible] બહુ નબાળ, તરકસ ભીગીઆ તત્કાળ
[illegible] રાજપુત [illegible], પલ્લા [illegible] પાવ્ડ;
[illegible] ખુમ્મલ કરી લલકાર, [illegible] ચાર.
રાજ ખેધ મંડે. રાડય [illegible] મોરચે રજ પાડય;
સૂરા વળગ ચડિયા સોય, હરહર કરે ભેળા હોય.
ખેલે ખાગધારા ખળ, ઠેલે અસુર દલ આ ઠેર;
ભાલા ચીક લાગી ભાય, તોબા જવન લાગી ત્રાય.

અર્થ—મારા કુળમાં તો અભેમન્યુ જેવો વીર તલવાર પકડીને લડ્યો, આખરે ચકાવે ચડ્યો.

એવા એવા શૂરવીર પૂર્વજોના બિરદો સંભારીને પોતે ભાથો બાંધી સજ્જ થયો. બળવાન સૈન્ય લલકાર કરવા લાગ્યું. તોપખાનું તૈયાર બની ગયું. રાજા તો દુશ્મનોની પહેલી હારમાંથી જ હાથીને ધરતી પર ઢાળવા લાગ્યો. યુદ્ધે ચડેલા શૂરવીરો 'હર હર મહાદેવ'

કરીને એકઠા મળ્યા. તલવારો રમત રમવા લાગી. બખ્તરોનાં દળ હડવા લાગ્યાં. ભાલાનો ધસારો શત્રુઓથી ન ઝીલાયો.

સીંધુર પાડ હોદા સોત, મીટે શાહ દીઠા મોત.
પાડે છરાની પઠાણ, ખાલી પાલખી ખુરસાણ.
દૈતાં દેત જ્યું મતદાન, મેપત મોખડો હનુમાન.
રુંઢ રુંઢ દીધા ઢાળ, ખળકે રગત વહતી ખાળ.
ગીધણ્ અમખ ચરતી ગુડ, ભરતી ભવાની ખૈડ
સમહર દેખ થંભ્યા સૂર, હરખે ઝુલ વરવા હૂર.

અર્થ—હાથીઓ ગાંબાડીની સાથેજ નીચે પડવા લાગ્યા. બાદશાહે તો પલકમાં મોત સામે ઉભેલું જોયું. છુરાનીઓ ને પઠાણો પડવા લાગ્યા, ખોરાસાન લોકો પાલખીઓમાંથી જમીનદોસ્ત બન્યા. હનુમાનજી જેવો મોખડોજી જાણે દૈત્યોના આજે મૃત દેહોનાં દાન દઇ રહ્યો છે. મોટાં મોટાં શાહનાં ગજ ખડકયા. રક્તની ખળખળ નીકો ચાલી. ગીધડાં માંસ ખાવા મંડયા જોગણીઓ ખપ્પર ભરવા લાગી. યુદ્ધ દેખીને દેવો થંભ્યા, અપ્સરાઓ મરેલા વીરોને વરવા હર્ષભેર આકાશમાં ઝુલવા મંડી

હુમલા વીર બાજે હાક ડમરૂ રીઝ બાજતી ડાક
દેવા દાણવા જેમ દોય, લાગો સામલો વડલોય
વેઢક વજ્રડી આઘાર ત્રીજ ધાર લગ તરવાર.
ખારંગ ઉડ બાકા ચૂડ તેવાં ઝાળ બંગળ ઝટ.
સીંધુ રાગ બાગા સૂર પળચર અચરવર અપૂર.
ઝુંઝ મોખડો રણજંગ અશામર ઉડીઓ અતજંગ.

અર્થ—વીરોની હાકલો વાગે છે, શંકર ડમરૂ વગાડે છે, અને શક્તિઓ ડાકલાં બજાવી રહી છે. જાણે કે દેવો અને દાનવોનું યુદ્ધ થતું હોય ને ! સામ સામી તરવારો પડે છે, અને ભાલાં તેમજ બંદૂકોના ઘા પડી રહ્યા છે. સિંધુડા રાગ વાગ્યા, માંસભક્ષી પક્ષીઓ મુડદાના ભક્ષથી તૃપ્ત બની ગયાં છે. મોખરો ઝઝે છે; તેમાં એનું માથું તલવારના ઘાથી ઉડી પડયું.

શાજ શિષ પડીઓ રાન, માર ધડ લગ્યો અશમાન.
શતમત ભીશમરાં સરખોજ, ફારક કરે આખી ફોજ.
શાર બીન બાહતો સમશેર, જવના દીધા દંતા જેર.
પેરંભ નાથકો થર પગ લડીઓ સાત કોશી લગ.

લશકર સરવ ભગતે લાગ, તરકે નાખ ગળીઅલ આગ.
ધડ તા ધરણુ ઢળીઓ ધીંગ, સેજકહરો ભડ તરસીંગ
માથો પડયો ઘોઘા માંય, ધડ ગ્યો ખદડપર લગ ધાય.
નિરમળ ચાડયા પરીઆ નીર, ધન ધન સરઠકે રણધીર.
તું નરલોક ધન અવતાર, ધન ધન સુર લોક સુધાર.

અર્થ--રાજાનું એ માથું રણમાં પડયું; પણ ધડ ઝૂઝવા લાગ્યું. માથા વિના સમશેર ચલાવીને એણે યવનોના દાંત ભેરી નાખ્યા. સાત કોસ સુધી સ્થિર પગે એ યુદ્ધમાં મંડાયો. દુશ્મનનું લશ્કર હણાવા લાગ્યું, એટલે દુશ્મનોએ ગળીઅલ દોરો મંત્રીને નાખ્યો. * ધડ પડ્યું, માથું ઘોઘામાં મૂકીને ધડ છેક ખદડપર સુધી પહોંચ્યું. ધન્ય છે તને સોરઠના રણધીર! તેં તારા પૂર્વજોના યશ રૂપ શુદ્ધ પાણી ચડાવ્યું.

---

* ગળીના [illegible] મુસલમાનો [illegible] સ્પર્શ થાય તો [illegible] પડશે [illegible]
[illegible]
[illegible]
[illegible] ('[illegible]' [illegible] '[illegible]' [illegible]
[illegible]
[illegible]
[illegible]-પૂર્વ[illegible].

ઘેલાશા

જન્મ: સંવત ૧૮૨૬, (આશરે)

મૃત્યુ: ,, ૧૮૮૩

પ્રધાનવટાં તો ઘણા વાણીઆઓએ કરેલાં છે, પણ ક્ષત્રીવટના કિસ્સા એ કોમમાં ક્વચિત જ મળશે. ભામાશા સમા દોલત દેનારા કામદારો વણિક કોમે પેદા કર્યા છે, પણ સમશેરધારી તો એકાદ કોઈ હેમુ, એકાદ વસ્તુપાલ કે તેજપાળ ! બાકી ઇતિહાસ એ કોમની શૌર્ય-કથાઓ બહુ નથી નોંધી ગયો.

પણ એક શૂરવીર વણિકનાં શસ્ત્રો આજ એક સૈકા પછી પણ પડયાં છે—અલબત્ત કટાતાં પડયાં છે. એનું બખતર, એનું ભાલું ને કદાચ એની કટાર ક્યાંક રખડતાં હશે. પણ એ ઘેલાશાની એકેય છબી નથી. હોય તો તે ચારણોના હૈયામાં ! એ હૈયાની છબી ચારણોએ ચિતરી છે—કોઈ તખ્તા પર નહીં, પણ એક દુહાની અંદર

" તું ઘોબા તાણીને, મૂંછે હાથ નાખછ મરદ,
ત્યાં ગઢપતિઆને ગાત્ર, જાણ વછૂટે ઘેલિયા "

(હે મરદ ! જે વખતે તું તારા ઘોબા તાણીને મૂછે હાથ નાખે છે, ત્યાં તો મોટા મોટા ગઢના ધણીઓને, એટલે કે બહુ શૂરવીર રાજાઓને પોતાના ગામમાં બેઠાં બેઠાં કમ્પારી છૂટે છે કે હાય ! ઘેલાશા હમણાં ફોજ લઈને આવશે.)

એ વણિક ક્ષત્રીના જેવી દાઢી રાખતો; વળાદાર લાંબી મૂછો રાખતો; રજપૂતની માફક સુરવાળ પહેરતો; હાથમાં પ્રચંડ ભાલું અને કમરમાં તલવાર બાંધી ઘોડે ચડતો.

એની માતાનું નામ લીલીબાઇ, અને પિતાનું નામ માધવજી શા. આ માધવજી શા અસલ તો મૂળીના વતની હતા, ત્યાંથી લીંબડી આવી વસ્યા. લીંબડી રાજ્યમાં એ કામદાર નીમાયા. લીંબડી દરબારે માધવજી શાને પોતાના ગામ ભરવાડાનો વહીવટ કરવા ત્યાં મોકલેલા.

બરવાળાનો ઇતિહાસ

"હેલાશાનું બરવાળા" નામથી સુવિખ્યાત આ પુરાતન ગામ બોટાદથી આઠ-દસ ગાઉ દૂર, ધંધુકાની નજીક ભાલને કાંઠે આવેલું છે. અત્યારે બોટાદ-ધંધુકા રેલ્વેના ભીમનાથ સ્ટેશનેથી ત્રણ ગાઉ પગ રસ્તે ત્યાં પહોંચાય છે.

અસલ એ નાનું ગામડું હતું. ચારણોની જ માલીકીનું હતું. ચારણો બધા માલધારી હતા. એક વખત દુકાળ પડયો. એટલે ચારણોને પોતાનાં ઢોર હાંકીને દેશાવર જવું પડયું. જતાં જતાં ગામની સંભાળ રાખવાનું આસપાસના કાઠીઓને કહેતા ગયા. બીજે વરસે વરસાદ સારો પડવાથી ચારણો પાછા આવ્યા. જોયું તો કાઠીઓ ગામ પચાવી બેઠેલા. ચારણોએ ઘણી આજીજી કરી, પણ ક્રૂર કાઠીઓએ ન માન્યું. પછી તો એ ગામેતી ચારણની સ્ત્રી, પુત્ર અને વહુ એ ત્રણેએ ત્રાગું કરી જીવ કાઢી નાખ્યો. એ ત્રણે જણાંના પાળીઆ આજ પણ દરબારગઢમાં ઉભા છે.

કાઠી લોકો તો પાછળથી ઘસાઇ ગયા, અને ગામ લીંબડી દરબારને ત્યાં લખી આપ્યું. તે કાઠીઓના વંશજો અત્યારે બોટાદ પાસે નાગલપૂરમાં છે.

અંદરનો ગઢ

માધા શા કામદારે ગામના રક્ષણને માટે સંવત ૧૮૭૫માં બંધાવ્યો. એ વખતે ગામ બહુ નાનું હતું. અત્યારે જ્યાં ગામની બજાર છે, ત્યાં તો નદી વ્હેતી. એ વ્હેનના નિશાન તરીકે ખીજડો અને ખજૂરી હજુ હયાત છે.

પોતાની કીર્તિને પણ ઝાંખી પાડી નાખે એવા પરાક્રમી પુત્ર હેલાશા થયા. પિતાના મૃત્યુ પછી બરવાળાનું કામદારું એમના પર ઉતર્યું. લીંબડીની ગાદી પર તે વખતે ઠાકોરશ્રી હરિસિંહજી હતા.

બરવાળાની આસપાસ એ વખતે મહા તોફાની અને જોરાવર કાઠીઓની ભૂમ બોલતી. એ તમામની વચ્ચે એકલા હેલાશા

પોતાના ભુજબળનો પરચો આપતા આપતા એક પછી એક ગામ ઘેર કરતા ગયા. મુત્સદ્દીગીરી કરીને નહીં, કાવપેચથી નહીં, પણ કેવળ શસ્ત્રો ચલાવીને ૪ એણે બાવીશ ગામનો ગરાસ ઘેર કર્યો. એનાથી બધા જતા.

કાઠીઓ સાથેનાં ધિંગાણાંની અંદર વોળદાન રેફડીઆ નીતું ધિંગાણું આજ અતિ મશહુર છે.

વોળદાન રેફડીઆ

ચાચરીઆ ગામનો ધણી હતો. લંટારા તરીકેનો એ વોળદાનનો ત્રાસ કેવો હતો?

" નગર સંધીરા [illegible]
[illegible] વોળ [illegible]

(વોળદાન જ્યારે [illegible]
બારે [illegible]
પાડી [illegible]

[illegible]
[illegible] નાવે [illegible]

[illegible] દેવા.
[illegible]

ઘેલશા બોટાદ પરગણું [illegible] હતા. [illegible] એક [illegible] બહોળો [illegible]. તે પાછા [illegible] આવતાં [illegible] રસ્તામાં ચાચરીઆ ગામ આવ્યું. ને આવતા ત્યાં જ રાત રોકાવાનો વિચાર કરી વોળદાનની ડેલીએ ગયા. વોળદાન ડાયરો જમાવીને બેઠેલો. એના ભાટ ચારણો ગીત કવિત લલકારતા હતા. ઘેલાશાની નિંદા પણ ચાલતી હતી. નિંદાનો એક આકરો દુહો બોલાયોઃ—

તારા જે ચાચરીઆ તણો (કથા) ભાગ ભરાયેના
(પણ) સીમાડે ઘેલાશા, વાઢે ખડ વોળદાનીઆ

(હે વોળદાન! તારા ગામ ચાચરીઆનો રાજભાગ કોઈથી લેવાતો નથી. ઘેલાશા જેવો શૂરવીર પણ તારાથી ડરી ફક્ત તારે સીમાડે ખડ વાઢે છે. અર્થાત્, એનું જોર તારા પર નથી ચાલતું)

પોતાના શૂરવીર સ્વામીની આવી નિંદા સાંભળીને ઘેલાશાનો નોકર રહી ન શક્યો, ને બરવાળે પહોંચ્યો. જઈને ડુંડો કહી બતાવ્યો. ઘેલાશાએ પ્રતિજ્ઞા લીધી કે: "આજથી છ મહિને વેળાકાનના ગામની આંબી ખળાવાડ મારે ભરવી." વેળાકાનને આ ખબર પડ્યા. એણે પ્રતિજ્ઞા કરી કે: 'આજથી ત્રણ મહિનામાં મારે ઘેલાશાને મારવો.'

પોતાની દીકરીને ધોળકે પરણાવેલાં. તેનું આણું વળાવવા લુગડાં અને દાગીના ટોપા એક દિવસ ઘેલાશા ઘોડી પર બેસી બેટાદ જવા નીકળ્યા. સાથે એક સ્વાર હતો. રસ્તામાં ચાચ ગીઆ આવ્યું. ચાચ્માં ... નો એક માણસ ઊભેલો એને સાથે ઘેલાશાએ વેળાકાનને કહી મોકલાવ્યું કે. "કાલ સવારે પાછો નીકળીશ. તયાર રહેજે."

ત્રીજે દિવસ વાળાકાન ભાલું લઈ, શસ્ત્રો સજી, ઘોડી પર બેસી ... હાજર ... કાઠી ... આવતા જોયા. ઘેલાશાને ... બન્ને જણાએ રામરામ કર્યા ... બન્નેએ ઘોડી કુંડાળે નાખી એ ... દીલો ... ગયો. ... તયાર ... નીચે ઉતરી તંગ તાણી લીધા પણ દુશ્મનની ... કે ... દુહો કહે છે: -

... ધમસાણમાં, ... તાણી,
ફોજુંમાં ... ધણી માધાણી.

(ઘોડાની ધમસાણ વચ્ચે પણ એણે તંગ તાણ્યો. ફોજની વચ્ચે તે માધાણી ' માધવજી શાનો પુત્ર) ફરતો હતો ... બહુ સુંદર દેખાતો.)

યુદ્ધ જામ્યું. હાજીએ બૂમ પાડી: " વેળાકાન, પહેલો ઘા તું કરી લે "

વેળાકાનને તો એટલું જ જોતું હતું. એણે પોતાના પ્રચંડ ભાલાનો ઘા કર્યો, પણ યુદ્ધના દાવપેચ જાણનાર હાજીએ પોતાની ઘોડી સેરવી લીધી, ઘા ચુકાવ્યો. પછી હાજીએ ગર્જના કરી:

"વેળાકાન, એમ ઘા ન થાય; જો, આમ ભાલું ફેંકાય" એમ કહી ભાલું ફેંક્યું. ઘોડીના તરીંગ વીંધીને ભાલું ભોંયમાં ગયું, ઘોડી પૃથ્વી સાથે જડાઈ ગઈ. વેળાકાન નીચે પડયો. હાજીએ તલવાર ખેંચીને કહ્યું કે: "તને મારવો હોય તો આટલી જ વાર; પણ ના, મારે તારો ગર્વ જ ઉતારવો હતો."

વેળાકાન દિગ્મૂઢ બનીને ઉભો રહ્યો. હાજીએ કહ્યું: "પણ આ યુદ્ધની એક નિશાની તો લેતો જા." એમ બોલીને વેળાકાનના વાંસામાં તલવારની પીછી (અણી) વડે ચરકા (ઉઝરડા) કર્યા. એવામાં બરવાળાના રસ્તા પર નજર કરે ત્યાં આંધી ચડેલી દેખાઈ. ઘોડેસ્વારોનું સૈન્ય આવતું લાગ્યું. એ ઘેલાશાના જમાદાર ભાખરજીનું સૈન્ય હતું. બરવાળે આ દ્વંદ્વના ખબર પહોંચ્યા કે તત્કાળ ભાખરજી પોતાના માલીકની મદદે ચડી આવતો હતો.

વેળાકાન થરથરી ઉઠયો. હાજીને પણ લાગ્યું કે ભાખરજી વેળાકાનને મારી નાખશે. એ બોલ્યા:

"વેળાકાન, નાસી છૂટ."

વેળાકાન કહે: "શી રીતે ? મારી ઘોડી નથી."

"લે, આ મારી ઘો .. જા, નાસી જા."

હાજીને પેલો અપમાનકારક દુહો સાંભર્યો. એણે કહ્યું: "પણ વેળાકાન, આ ઘોડી ભૂખી છે. તલવાર કાઢીને એક હેળી ખડ (ઘાસ) કાપી લે."

બીજો ઇલાજ નહોતો. વેળાકાને તલવારથી ખડ વાઢ્યું. પછી નાસી છૂટયો.

આ પ્રસંગને અમર રાખવા કેટલાએક ચારણો અસલનો દુહો ઉથલાવીને આ રીતે પણ કહે છે કે:

"તારા (કે) ચાચરીઆ તણો, બીજે ભાગ જ બરાબેના,
(પણ) સીમાડે ગેલોશા, વઢાવે ખડ વેળાકાનીઆ."

(હે વેળાકાનીઆ, બીજા કોઈથી તો તારા ચાચરીઆની નીપજમાંથી રાજભાગ નથી લેવાતો, પણ તારેજ સીમાડે, ઘેલાશા તારી પાસે ખડ વઢાવી શકે છે.)

પોતે વોળાશાનને મ્હાત કરવાના જે સોગંદ લીધેલા તે બરાબર પાળ્યા. એવી રીતે પોતે જે જે બોલતા, તે પાળ્યે જ રહેતા. ચારણોએ દુહો ગાયો છે કે:

બોલછ દ પાળછ બધું, તું મઘ રાજ તણા,
પાછા પેસે ના, ગજ દંતુશળ, ગેલીઆ.

(હે માધાશાના પુત્ર (મઘરાજ તણા) ધેલાશા, (ગેલીઆ) તું જે બોલે છે તે પાળે છે. જેમ હાથીના દંતશળ એકવાર બહાર નીકળ્યા પછી પાછા અંદર ન પેસે, તેમ તારા મ્હોંમાંથી પડેલાં વચન અફળ ન જાય.)

બહારનો ગઢ

દુશ્મનો વધતા ગયા. એટલે બરવાળાના રક્ષણ માટે ઠાકોરે ગામ ફરતો કિલ્લો બંધાવવાનું શરૂ કર્યું. આવા નમુનાનો કિલ્લો કોઇએ કદી જોયો નહોતો. ગામ પરગામના લોકો ગઢ જોવા આવવા લાગ્યાં, ને સ્ત્રીઓએ તો રાસડા પણ ગાયા કે:

"હાલો બઇયું હટાણે જઇ રે, ઘેલોશા ગઢ ચણાવે;
ગઢ ચણાવીને કાંગરા મેલ્યા, પૂતળીનો નઈ પાર—હાલો.

જોવા જેવો એ ગઢ બન્યો. એવી બાંધણી ફક્ત એક અમ વરના કિલ્લાનીજ કહેવાય છે. ગઢને ત્રણ દરવાજા મૂક્યા.—રોજીનો દરવાજો, ખમીઆણાનો દરવાજો, કુંડળનો દરવાજો. દરવાજે દરવાજે ગઢની દોઢ વાળી છે. આ પ્રકારની રચના છે:— ગામમાં જવાના ત્રણ રસ્તા; પણ દરવાજા બરાબર રસ્તાની સમાપ સીધે સીધા નથી. રસ્તો પૂરો થાય, ત્યાં તો ગઢનો આવે. દરવાજો રસ્તાની એક બાજુ ઉપર રહી જાય. દરવાજાની સામે પણ ગઢની બીજી બાજુ હોય. એવી રીતનો ખાંચો પાડેલો છે કે અગાઉના વખતમાં ઉંટને દરવાજા સામે ઉભું રાખી, હાથી દોડીને ઉંટને હડસેલી દરવાજા તોડી નાખતા, તેવું આ સાંકડા ખાંચામાં ન બને.

છતાં યે કદાચ એ દરવાજો તૂટે ને લશ્કર અંદર જાય, તો અંદર એક નાનું ચોગાન વાળી લઇ બીજા દરવાજા મૂક્યા છે. । શત્રુ સૈન્ય પ્રવેશ કરે કે તરત ગઢની રાંગ ઉપરથી

તોપો બંદુકો છૂટે, ને એ સાંકડા ચોગાનમાં સૈન્ય જીવતું રહેજ નહીં; છતાં સૈન્ય બચે તો અંદરનો બીજે દરવાજો તોડ-ફોડ પડે.

ત્રણે દરવાજે આ બાંધણી છે. ચોથી એક બારી છે. દુશ્મનો વિગ્રહ કરવા અંદર આવવા માગે તો એ નાની બારી-માંથી પગે ચાલીનેજ દાખલ થઇ શકે.

એ ગઢની [illegible] બળવાન દિવાલ હજુ મોજૂદ છે એના કોઠા ઉપર [illegible] અનેક તોપોમાંની આજે માત્ર થોડીકજ [illegible] હજુ કેમ જાણે [illegible] આપણને [illegible] છે.

'[illegible]
[illegible]'

(હે માધાશાના [illegible] તો એવો ગઢ [illegible] કે હજુ [illegible] ન હોય, ત્યાં તો એ ગઢ તેનાં જ [illegible])

"તેં માધય, [illegible]
(બીજાને) [illegible] હોય, [illegible]"

(હે માધાશાના પુત્ર, તેં એના [illegible] કોઠા બનાવ્યા છે કે આ તારા ગઢના કોઠા બીજા બધા ગઢપતિઓના (ગઢાઓના) [illegible] થઇ પડ્યા છે.)

માત્ર નાના નાના કાઠીઓની જ જમીન નહીં, પણ ભાવ-નગર રાજ્યની જમીન પણ વેલાશાએ દબાવવી શરૂ કરી.

"બુડી વા બરવાળા તણો, કો'થી ચાસે ચંપાય ના,
(પણ) સાત્રવના સીમાડા, તેં ગળગ્રીઆ ગેલીઆ."

(હે ગેલા! બરવાળાની સીમમાં તો એક ભાલા જેટલી જગ્યાનો ચાસ પણ કોઇથી ચંપાય નહિ, એટલે કે જરા જેટલી જમીન પણ કોઇ દબાવી ન શકે; પણ બીજાઓના (સાત્રવના) તો સીમાડાના સીમાડા તું પચાવી બેઠો છે.)

પણ કોઈ બોલી શકતું નહોતું. સહુને એ વાણીઆની ધાક લાગતી.

એક દિવસ ભાવનગર મહારાજા વજેસંગજીની કચેરીમાં એક ચારણ રીસાઈને ટૂંટીયાં વાળી સૂતેલો. મહારાજાએ પૂછ્યું: "ગઢવી, શું થયું છે? પગ કેમ ટૂંકા કરી સૂતા છો?"

ચારણ બોલ્યો: "મહારાજ, બરવાળાને સીમાડે મારા પગ હળે છે."

એ મર્મ [illegible] એમ સમજાવવા માગતો હતો, કે ભાવન[illegible] [illegible] ને દબાવતા [illegible]શા બહુ નજીક આવી [illegible] એ વેણ કાળી વીંધી આરપાર નીકળી [illegible] ભાન [illegible] વાણીઆએ બહુ જમીન દબાવી [illegible].

તુરતજ ફોજ તૈયાર [illegible] બરવાળાના [illegible] ફોજ ચડી છે. [illegible] [illegible], [illegible]માં [illegible] [illegible] છે. ને ભાવ-નગર સેનાપતિએ [illegible] એમ નક્કી થયું કે [illegible] [illegible] સીમાડો નાખવો. હાજી દુશ્મન હતે [illegible] માટે આટલો કયો વિશ્વાસ!

હાજી ઘોડે ચડ્યા. બરવાળા[illegible] [illegible] નામનો વોકળો છે, તેને સામે કિનારે હાજીએ ઘોડો થંભાવ્યો. તે દિવસથી સામે કાંઠેથી ભાવનગરની સીમ ગણાય છે, ને આ કાંઠે બરવાળાની સરહદ. આવી રીતે મોટા મહારાજાઓને પણ હાજીએ હંફાવ્યા, ત્યારે ચારણોએ ગાયું કે

" સખ કરી મ' સૂવે નહી, મોટા રાવત ને રાણા,
એવો માડયો તેં ભાવાણા, ગેરખ [illegible] એલીઆ"

હે ઘેલાશા, તેં તો એવું શૌર્ય બતાવ્યું છે, બધાના મુલકો ઉત-નારો એવો ધંધો માંડ્યો છે કે મહાબળશાળી રાજા કે પ્રજાજનો હવે સુખે સૂઈ શકતાં નથી.)

ક્રમે ક્રમે એક બરવાળાની નીચે એણે તલવારને ઝટકે બત્રીસ ગામડાં આણી મૂક્યાં. એ બધી જેહમત પોતાના મા

લીક લીંબડી નરેશને ખાતર ! પોતાને એમાંથી એક ગામ પણ ન અપે.

એક વખત લીંબડી-નરેશ હરિસિંહજીની સાથે હાજી દ્વારકાની જાત્રાએ ગએલા. ત્યાંથી પાછા આવતાં લીંબડી-નરેશ જામનગરમાં જસાજી જામના મહેમાન બન્યા. જામસાહેબે વેલાશા કામદારની કીર્તિ સાંભળી હતી. એ બહાદુર વાણીઆને એકવાર નિહાળવા જામસાહેબ બહુ આતુર હતા. પોતે શૂરવીર હતા. શૂરવીરને જોવાનું મન કેમ ન થાય?

જામસાહેબે લીંબડી-નરેશને વિનંતિ કરી કે: "વેલાશાને દરબારમાં લઈ આવો." લીંબડી-નરેશે ઉત્તર દીધો: "મહારા એ વાણીઓ મારાથી જ સચવાય છે. આપ એનું માન નહીં સાચવી શકો; કેને કેટલીએક બુરી આદતો છે, કે જે આંહી જામના દરબારમાં ન શોભે"

"હું જોઉં તો ખરો, એ આદતો આ કચેરીમાં શી રીતે ટકે છે!"

હાજીને નિમંત્રણ આવ્યું. હાજીને શી બુરી આદતો હતી? ચાહે તે ડાયરામાં કે રાજકચેરીમાં એ જાય ત્યારે—

(૧) ખોંખારો ખાય,

(૨) મૂછોના થોભા પર હાથ રવે,

(૩) ભેટ વાળીને બેસે,

(૪) હોકો પીએ,

(૫) લીંબડી નરેશ સિવાય કોઇને નમે નહીં.

હાજીને પણ જામસાહેબના ગુમાનની ખબર હતી. એને સહુએ ચેતાવ્યા કે કાં તો ન જવું અને જવું તો જામની આમન્યા રાખવી. હાજી તૈયાર થયા. ગામમાંથી ભેટ વાળવાની દસ બાર પછેડી મગાવીને નોકર પાસે ઉપડાવી લીધી, જામના દરબારમાં ગયા. આદત મુજબ ખોંખારો ખાધો, મૂછે હાથ નાખ્યો, જામને આછા રામરામ કર્યા પછેડીની ભેટ બાંધીને બેઠા. જામના મ્હોં પર કોપ દેખાયો. એણે ચોપદારને ઇશારત કરી.

આપણારે ઘેલાશાની પછેડી ઝુંટવી ફેંકી દાધી. હાજીએ બીજી પછેડી લઇ ભેટ બાંધી. બીજી પણ . ત્રીજી, ચોથી, એમ પછેડીઓ ઝુંટાવા લાગી. સભા સ્તબ્ધ બની ગઈ. હાજી અપમાન સમજીને ત્યાંથી ઉઠી ઉતારે ચાલ્યા ગયા. જામની સામે પણ એણે ન જોયું. જામસાહેબના હૃદયમાં તો રોષ નહોતો એને ખાત્રી થઇ ચુકી. એમણે હાજીને એકાંતમાં બોલાવ્યા. ત્રાંબાનું પતરૂં અને કરગરો હાજર રાખેલાં. જામે કહ્યું: "ઘેલાશા, જામનગરની નોકરીમાં આવો તો અત્યારે જ આ પતરા પર સારામાં સારાં પાંચ ગામ લખી આપું." ઘેલાશા જવાબ વાળે છે: "મહારાજ ! આપનો અહેશાન ! પણ માગાં તો દીકરીનાં જ હોય; વહુનાં ન હોય. હું હરિસિંહજીની વહુ છું; મારાથી બીજે જવાય નહીં. પાંચ શું, પચાસ ગામ આપો તોયે નહીં."

વાણીઓ જામના હૃદય પર અતિ ભવ્ય છાપ પાડી ગયો.

એ ક્ષત્રીવટ કાંઈ મુત્સદ્દીગીરી વિનાનું નહોતું. કાઠીઆવાડમાં એ વખતે 'વોકર સેટલમેન્ટ' ચાલતું હતું. વોકર સાહેબ કાઠીઆવાડની જમાબંધી, પેશકસી વગેરે બાંધતા હતા. બીજાં બધાં ગામોની માફક બરવાળાનાં બત્રીસ ગામોની પણ 'ફરતી પેશકશી' વોકર સાહેબે બાંધી આપી. ઘેલાશાની ગેરહાજરીમાં હરિસિંહજી ઠાકોરે એ દસ્તાવેજ પર સહી પણ કરી આપી. ઘેલાશાને ખબર પડી. દરબારને એણે ઠપકો દીધો. તુરતજ પોતે વોકર સાહેબ પાસે ગયા અને પોતે લીંબડીના કામદાર છે. માટે કામદારની પણ સહી થવી જોઇએ; એમ કહીને સલાવી દસ્તાવેજ જોવા માગ્યો. હાથમાં દસ્તાવેજ લઇ ડુચો વાળી મોઢામાં નાખીને તત્કાળ હાજી ઘોડે સ્વાર બની ચાલી નીકળ્યા. જતાં જતાં સાહેબને રામરામ કરતા ગયા.

વોકર સાહેબની સેના બરવાળા પર ચડી. યુદ્ધ થયું. બરવાળાની તોપોએ ઘમસાણ વાળ્યું. પછી સાહેબ સમજી ગયા. બરવાળાના એ બત્રીસ ગામની કાયમી જમાબંધી રૂા. ૨૨,૦૦૦ ની બાંધી આપી. તે હજુયે એની એજ છે. તે સિવાય તમામ ગામોની જમાબંધી ફરે છે.

સાહેબે ઘેલાશાને કહ્યું: " કામદાર, હ્યોને, તમારા નામનો દસ્તાવેજ કરી દઉં."

ઘેલાશાએ જવાબ દીધો: "ના, સાહેબ એ આમ મારા માલીકને ચરણે મેં મૂક્યાં; મારા નામ પર એક ટુકડો જમીન પણ ન ચડાવાય."

તે દિવસ સાહેબની સલાહ ઘેલાશાએ માની હોત તો આજે એના [illegible] આબરૂ [illegible] હોત ! પણ એ તો પવિત્ર જીવ હતા.

સુરતની ભેટ

[illegible] કુટુંબથી એના વિરોધીઓએ ખટપટ કરી સુરતના [illegible] હાજી [illegible] કરાવ્યું. હાજી સુરત ગયા. તેજ વખતે સુરતની સરકારી તિજોરી લૂંટીને મીયાણાઓ નાસી ગયા. [illegible] પછી [illegible]ગીઆનું નામ પડે ત્યારે એનાથી [illegible] બદમાશોની પૂંઠ પકડી, [illegible] ને નસાડ્યા, લૂંટનો તમામ માલ પકડી [illegible] હાકેમને ખબર પડી કે એ પોતેજ ઘેલાશા [illegible] ત્યારે એમને છોડી મૂક્યા.

તેજ [illegible]એ મરવા ટાણે એમના વૃદ્ધ માતાને એ તમામ બીના શંકરદાદા સ્વપ્નામાં કહી [illegible] ઘેલાશા ઘેર આવ્યા. માતાએ સ્વપ્નાની વાત કહી. ઘેલાશા સમજ્યા કે: "શંકર પ્રભુ મારી વ્હારે [illegible] વખતે એ [illegible] જગ્યાને ચારસો વીઘા જમીન કાઢી આપી.

શેઠ કુટુંબ સાથે કડવાશ

લીંબડીમા તે કાળે શેઠ કુટુંબ બહુ આબરૂદાર, સમૃદ્ધિશાળી અને બળવાન ગણાતું એ કુટુંબનો એક પુત્ર બાંધલપુર એક સારા કુટુંબમાં વરાવેલો, તેનું અવસાન થયું. કન્યાના પિતા [illegible] ખરખરે આવ્યા. ઉંચાં કુટુંબોમાં એવો રિવાજ છે કે એક વખત દીકરી જે ગામમાંથી પાછી ફરે, તેજ ગામમાં ફરીવાર એનું વેવીશાળ ન કરાય.

કન્યાના પિતા સમજદાર આદમી હતા. એમને આ નિયમની ખબર હતી. પરંતુ શેઠ કુટુંબવાળાની એક ભૂલ થઇ.

એમણે જરા ખુમારી બતાવીને કન્યાના પિતાને શીખામણ આપી કે: " શેઠ, જો એ હો, લીંબડીમાં ફરી સંબંધ ન બાંધતા. નહીં તો પરિણામ સારૂં નહીં આવે. "

કન્યાના પિતાને આવાં ગર્વિત વચનોથી અત્યંત અપમાન લાગ્યું. એણે ઉત્તર દીધો: " ત્યારે હુવે તો આ ગામમાં જ મારી દીકરી વરશે, ને તમે એને પારકા ઘરનુ પાણી ભરતી જોશો. "

કન્યાના પિતાએ વિચાર કર્યો કે લીંબડીની અંદર આ શેઠ કુટુંબની નજર સામે મારી કન્યાને ઘરમા લાવે એવો બહાદુર તો એક ઘેલાશા જ છે. પણ ઘેલાશા શી રીતે માને? વિચારીને એ વઢવાણ ઠાકોર સાહેબ પાસે ગયો. વઢવાણ ઠાકોર એના પરમસ્નેહી [illegible]

[illegible]

[illegible] વીરજી [illegible]

[illegible]

[illegible] થશે [illegible]

[illegible] શેઠ [illegible] બોલ્યા: " હું આપને આવું [illegible] નહીં, મરવાનિથી જાન જોડીશ. "

પરંતુ શેઠ કુટુંબવાળાએ એની નમ્રતાની કાંઇ કદર ન કરી. ઉલટા કોપાયા અને અઘટિત આકરા વચનો કાઢવા મંડયા.

પછી તો હાજીની ધીરજ ખુટી. એ બોલ્યા: " મારી લાચારી આપના કાંઇ હિસાબમાં ન આવી. તો હવે જુઓ, આહીથી જ જાન જોડીશ; મારા ઘરની દિવાલે બરાબર રસ્તા પર જ

એક ગોખ મૂકાવીશ; ત્યાં બેઠી બેઠી મારી પુત્રવધુ મોતી પરો-વશે અને આવતા-જાતા તમે તે જોશો.''

હાજી ચાલ્યા ગયા.

ખોખલપુરની ઢેલડી ને બરવાળાનો મોર
" હાથી આવે ઝુલતા ને સરણાઈના શોર "

એવી ધામધુમથી મોરભાને પરણાવી આવ્યા. બોલ્યા પ્રમાણે ગોખ પણ પડાવ્યો.

" શેઠું સંધાં છોકરાં, ઉંચે કરતાં આળ
"રંગ છે મૂછ મધરાજ તણા, તેં ગેલા ઉતારી ગાળ."

હાજી કેદ

આ ગોખ સંબંધી હકિકત એવી બની કે તે ગોખ સામેજ શ્રી જૈન શ્વેતાંબર સ્થાનકવાસી સંપ્રદાય ઉર્ફે ઢુંઢીઆ ધર્મના સાધ્વીઓ માટેનો ઉપાશ્રય હતો. તે ઉપાશ્રયના ગોખની સામે આ ઘેલાશાનો ગોખ બંધાવા માંડયો. ઘેલાશા પણ ઢુંઢીઆ હતા અને શેઠનું કુટુંબ પણ ઢુંઢીઆ ધર્મ પાળતું હતું. એ ઉપાશ્રય શેઠ કુટુંબેજ બંધાવેલો હતો. ઘેલાશાનો ગોખ આ પ્રમાણે સાધ્વીજીઓ અને ધર્માર્થે બેસતાં બૈરાંઓ સામેજ ચણાય તે સામે શેઠ કુટુંબે ઘણો વાંધો લીધો. પણ ઘેલાશા ન માન્યા અને ગોખ બાંધ્યો. આથી શેઠ કુટુંબ રાજ્યથી રિસાયું. તેમને મનાવવા ખાતર અને, ઘેલાશા હસ્તુના વહિવટની તપાસણી થવીજ જોઈએ તેમ તેમણે આગ્રહ કર્યો તે ખાતર ઘેલાશાનો વહિવટ તપાસવાનું નક્કી થયું.

એમ પણ કહેવાય છે કે શેઠવાળાઓએ રાજ્યને એવી લાલચ આપી કેઃ " જો ઘેલાશાને એકવાર કેદમાં નાખો તો અમારા રૂા. ૭ લાખ સ્ટેટ પાસે લેણા નીકળે છે તે છોડી દઈએ. "

હરિસિંહજી રાજા એ લાલચમાં લપટાયા. ઘેલાશાને બોલા-વવા બરવાળે સ્વાર મોકલ્યો. ઘેલાશા તૈયાર થયા. પણ એનાં માતુશ્રી દેવી જેવાં હતાં. એમને અમંગળ શુકન જણાયાં. દીકરાને એણે બહુ સમજાવ્યો. પણ દીકરો કહેઃ " માડી, મારો ધણી બોલાવે ત્યારે આપણાથી રોકાવાય નહીં. "

ભેલાશા લીંબડી પહોંચ્યા. દરબારગઢમાં ગયા. સામે આવીને તો કોઈ પકડી શકે નહીં. આરબોએ પાછળથી અચાનક પકડ્યા–કેદમાં નાખ્યા. ભેલાશા કહે કે: " એક વાર ઠાકોરનું મ્હોં તો મને જોવા દ્યો." ઠાકોર નીચે ઉતર્યા જ નહીં!

ભેલાશાએ અન્નજળનો ત્યાગ કર્યો.

એ વખત સનાળીના ચારણ કવિ કુશીઆભાઇ મારવાડમાંથી પાછા ચાલ્યા આવતા હતા. આ ચારણ કાઠિયાવાડનાં કેટલાંયે રાજસ્થાનોમાં દેવ માફક પૂજાતા. રાજાઓ પણ એની અદબ છોડતા નહીં. લીંબડીના દરબારગઢમાં એ વૃદ્ધ દેવીપુત્ર આવ્યા. ભાઇના સમાચાર સાંભળી એમના દિલમાં ઉંડો ઘા પડ્યો. ઠાકોર ઉપર કોપની સીમા ન રહી. ઠાકોરને નીચે આવવા કહાવ્યું. ઠાકોર મ્હેલની સીડી પર દેખાયા કે તરત કવિએ પોતાના મ્હોં ઉપર કાળીઆનો છેડો ઢાંકી દીધો, ને પીઠ ફેરવી ઉભા રહ્યા. ઠાકોરને ઠબકાનું એક ગીત સંભળાવ્યું:

૧

દાવા બાંધ્યો ગઢદિલ્લા સામો, ચૂડાકા બાજણો ડાઢ
અચાંકો મોડ્યો માન જંગકો અથાહ,
હિન્દવાંણ છાત્ર ગેલો બાલવો ન હુતો હરિ,
સતારા સું બઝારણો હુતો ગેલો શાહ.

૨

નવે ખંડાં માંય અસો કીણુંરો પ્રધાન નાહીં
દાવદારાં લખે અસાં કામદારાં દાય,
બેત ભૂલ આવી કાંઇ આવડી હુલાણી બાબા
માથાણીકું [illegible] ન હોય પાગાં માંય

૩

થાલ ઢાલ બારાશીકી થાળાં થાલ થંડા શેઠ
થાંકા શેઠ તણી પડી ક્રુઝે કેમ થાય,
જંબુરાવ ! કહી જેમ લીંબડી લોપાય જેહી,
માથાણી ઉપાડય તેહી બીજે કેડાં માંય.

૪

બીઆ વેરી તણી પગા રાખણો બાંકી બાંધી,
નવાબી કરી તેં વાત અનોખી નકાજ,

હોકડાકે લોકે રાજા લોકડાકે કહે દામી,
અસા આદમીકી લાજ લેવે કેમ આજ ?

૫

અગી તીર વાંકા જ્યુ અબકે કા તે ખામી
કબમે બતાવે બચે અબકે ફસગ,
નાથ લીંબડીકા નાગુને બમમે નામી
સબકા કમકા આગા રાજા હરિસંગ

૬

શામકા હરામી નામી ગામકા નો હાતો ધકુ
મુજેતીએ નાગી ગાદ મામકા ગ્ગ્ત
માર ડડા જશો તેતો શામકી [illegible]
નાથ લીંબડીમ [illegible] કબકા ન તેત

અર્થ. [illegible] ગોહિલ [illegible] [illegible]

[illegible]

[illegible] ન [illegible].''

[illegible] ને [illegible] ઘડી ઓળગ્યા ન થાય હું જાણુતા [illegible] [લીંબડીના [illegible]] [illegible] કોઈ શહેર ઉપર દુશ્મનોએ હલ્લે કર્યો હોય [illegible] તારી લીંબડી ઉપર જે દિવસ હુમલો થાય ત્યારે સબેલો [illegible] કરોને શત્રુઓની સામે ઝાલાશાને ખડા કરજે એ લીંબડીને લાપાવા નહીં આપે.''

૪ "ઝાલાશા તો તારા બીજા દુશ્મનોની જમીનને સાંકળે બાંધીને કબજે રાખનાર હતા એવા પ્રધાનને અફીણને નાખવામાં આજે

* આખું લીંબડીનું ગામ છે અસલ આઠી [illegible] હતી

તેં અતિશય અનુચિત કૃત્ય કરી નાખ્યું. હે રાજા ! કોઈ હલકા શ્રીમંત લોકોની શીખવણીથી, પૈસાના લોભમાં પડીને આવા પુરૂષની આબરૂ લેવાનું તને કેમ સૂઝ્યું ?"

૫. "ક્ષત્રી વીર વિક્રમ રાજા મરવા પડેલો તે વખતે કોઈએ એને સલાહ દીધી કે "કાગડાનું માંસ ખાવાથી અમર રહી શકાય" એ વીર વિક્રમ જેવા સુજ્ઞ રાજાએ પણ જીવવાના લોભમાં પડીને એ શીખવણીને વશ થઈ કાગડો ખાધો. એથી કાંઈ એ બચ્યો નહીં, પણ ઉલટો ભ્રષ્ટ બન્યો. તેવી રીતે તેં પણ આજે કાગડો ખાવા જેવું કૃત્ય કર્યું. ઘણા વખત થયાં તને હલક લોકો આવો કુસંગ શીખવતાં હતાં, તે આજે તેં પ્રગટ કર્યો હે લીંબડીના નાથ ! એથી નાણાંની છોળો તારા ઘરમાં ન આવી પડી, (તારા મનમાં એમ હતું કે શેલાશાએ તારા રાજમાંથી ખૂબ દ્રવ્ય એકઠું કર્યું તે તને મળશે.) પણ ઉલટો તમામ લોકોનો ઠપકો મળ્યો."

૬. "શેલાશા કાંઈ રાજ્યનો નિમકહરામ લાલચુ નોકર નહોતો, અગર ગામનો શત્રુ પણ નહોતો; તેમ કોઈ કામમાં તને ફજેત કરે તેવો પણ નહોતો. જો એ મારવા લાયક કે દંડવા લાયક આદમી હોત, તો હું ઈશ્વરના સોગન ખાઈને કહું છું કે તને હું ઠપકો ન દેત."

રાજકવિ જમવાનું ટાણું હતું. પણ કવિ લીંબડીની ભૂમિમાં ન રોકાણા. ખરે બપોરે ચાલી નીકળ્યા સૌકા ગામે જઈને જમ્યા.

રાજાજીને વિમાસણ થઈ; ચારણનો ઠપકો વસમો લાગ્યો; પણ મુર્કેલ કેમ જવા દેવાય? ત્રણ લાખ રૂપીઆનો દંડ ભરવાની સરતે શેલાશાને છોડ્યા.

એ નીતિવાન કારભારીના ઘરમાં ત્રણ લાખ રૂપી આ પણ ન નીકળ્યા. એણે તો કદી પોતાના માલીકની સાથે જુદાઈ જાણી નહોતી. લીંબડીને ખાતર તો એમનું જીવન હતું.

૬૦ હજાર રૂપીઆના દાગીના હતા તે રાજાને આપી દીધા. પોતાને પીપરડી ગામ આપેલું તે બીજા સાઠ હજારમાં માંડી આપ્યું.

પોતાના બે છોકરાને ઘરાણે મૂકી વઢવાણ ઠાકોર પાસેથી પોતાના મિત્ર પાસેથી! સાઠ હજાર ઉછીના મેળવ્યા.

બાકી સાઠ હજારની શોધમાં એ ભાવનગર મહારાજા પાસે ગયા.

લીંબડી ઠાકોરને ફાળ પડી કે કુશળ કામદાર ભાવનગર રાજ્યના હાથમાં પડી જઈ મારૂં સત્યાનાશ વાળશે ! એ ડરથી દાજીને પાછા બોલાવી લીધા. દંડ માફ કર્યો; રૂપીઆ પાછા દીધા; પણ ગામ તો પાછું ન જ આપ્યું !

ખરેખર ભાવનગર મહારાજાએ દાજીને જામ સાહેબની માફક જ આશ્રય આપેલો. પણ નિમકહલાલ સેવકો એમ કેમ કરે ?

બરવાળાની આસપાસ બેલા ચાણકી વગેરે ચાર ગામો ઉપર ઘેલાશાની આંખ હતી. ચારણોને પણ ધાસ્તી પેસી ગઈ હતી. બેલાના ચારણ કાળા સજીએ ઘેલાશાની સમક્ષ જ ઠપકાનો એક દુહો કહ્યો:—

"ખસનો તો તને ખટકો નઈ, ખોળસ ખેતરડાં
ચરકો શીં ઘેલા ગારૂડ ડેડક માખાણિત"

(" બાધાશાના દીકરા, તારા મનમાં ગરાશીઆ લોકોનું ખસ ગામ નથી ખટકતું, એને તું રંજાડતો નથી; અને અમારી થોડી થોડી જમીન (ખેતરડાં) ઝુંટવી લેવા તું શોધખોળ કરી રહ્યો છે. (ચરકો શી) ચરકો થાય, મોટા શિકાર કરવાની તાકાત ન રહે, પછી જેમ તે દેડકાં મારીને ખાય, એવું તું કરી રહ્યો છે.")

એ દુહો સાંભળ્યા પછી ચારણોનાં ગામ ઉપર દાજીએ કોઈ દિવસ નજર ન નાંખી.

મૃત્યુ

દાજી લીંબડીથી બરવાળા આવતા હતા. વચમાં રંગપૂર પાસે ગુંજારમાં ધીરૂબા વાણીઆણીને ઘેર પોતે શેઠના જમવા રોકાયા. ધીરૂબાને પોતે બહેન કરેલાં. ધીરૂબાએ કોણ જાણે શા કારણે એમને પનોળીમાં ઝેર ખવરાવી દીધું. દાજીનો દેહ ત્યાં જ પડી ગયો. એમના શબને બરવાળે લાવી અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો.

આજે એમના વંશજોની ચોથી પેઢી ચાલે છે. એમની પાસે અત્યારે ગણ્યા ગાંઠ્યા વીઘા જમીન છે.

આવા સ્વામીભક્ત શૂરાને લીંબડીના ઇતિહાસમાં કશું સ્થાન નથી. કેમ જાણે એવી કોઈ વ્યક્તિ જ કદી હયાત નહોતી !

ભિમોરાની લડાઈ

આજથી ચોથી પેઢી ઉપર લગભગ સંવત ૧૯૦૦ની આસપાસ જસદણની ગાદી ઉપર દરબાર શેલા ખાચર રાજ્ય કરતા હતા. એ શેલા ખાચર, સૌરાષ્ટ્રના ભડવીર રાજાઓમાં ગણતરી પામતા શ્રી આલા ખાચરના પિતા થાય. આલા ખાચરની, નીચે લખ્યા દુહાઓમાં ચારણોએ જે તારીફ કરી છે તે ઉચિત જ છે.

"કળજુગીઆ ભડ કેક, ગઢપત રંગ બદલી ગીઆ;
"(પણ) આલજુશી રંગ એક, છે મુંછાને શેલાઉત."

અર્થ--આ કળજુગની અંદર કેટલાયે સારા અને શૂરવીર રાજાઓનાં લક્ષણો પણ બદલી ગયાં; પરંતુ શેલા ખાચરના પુત્ર, હે આલા ખાચર! તારી મૂછનો રંગ એકજ રહ્યો. તારી નેક ટેક ન બદલી

"કળુ કવાવ લાગે કરમાણાં બીજાં પાગ;
"ફુલ્યો દાતા ફુલ્યે રાત જમ આલાણ્યાબાડા

અર્થ—કળિયુગનો ઝેરી વા વાગ્યો. એટલે બીજા જે કૃપણ રાજાઓ હતા, તે કૃપણ રાજા રૂપી ફૂલો તો કરમાઇ ગયા. અર્થાત તેઓએ દાન દેવાં બંધ કર્યાં. પણ હે સતજુગના જીવાત્મા આલા ખાચર! તને કળિયુગનો વા ન લાગ્યો. એટલે તું તો દાન દઇ દઇને વધુ ને વધુ વિકાસ્યો. (કવાવ=ખરાબ વા)

"તાળે ત્રે પરજું તણી, શીંગે શાડ સરદાર;
"ભલપણ વાળો ભાર, તેં ઉપાડ્યો આલીઆ."

અર્થ—હે સરદાર! કાઠીના ત્રણે પરજોની લાજ આબરૂ તો તારા શીંગડાં ઉપર—તારાં શિર પર નભી રહી હતી. એ ભાર તો તેં જ ઉપાડયો.

આ યશસ્વી સુપુત્ર આલાખાચરના પિતા શેલા ખાચરના દરબારમાં એક ટાઢાણો કાઠી રહેતો. કોઇ કહે છે કે આ કાઠીએ દરબારને વેરો ન આપ્યો, અને કોઇ કહે છે કે એની પાસે એક અતિ બળવંત ઘોડો હતો તે શેલા ખાચરે માગ્યો ત્યારે

એણે ન આપ્યો, તેથી બલાત્કારે ઘોડો ઝુંટવીને ટાઢાણા કાઠીને ફરજીઆત કાઢી મેલ્યો. ટાઢાણો બહારવટે ચડ્યો.

એક દિવસ ટાઢાણાએ છૂપા છૂપા આવીને શેલા ખાચરના પિતાના પાળીઆનું નાક ખાંડું કરી નાખ્યું, અને નાસી ગયો.

શેલા ખાચરને એથી બહુજ અપમાન લાગ્યું. એણે તપાસ કરાવી. બાતમી મળી કે ગુન્હેગાર તો ભિમોરાના કિલ્લામાં ચોટીલા ભાગદાર નાજા ખાચરને શરણે પહોંચી ગયો છે.

શેલા ખાચરે નાજા ખાચરને ભિમોરા કહાવ્યું કેઃ "અમારા ચોરને સુપ્રત કરો."

કેવો એ નાજા ખાચર ?

"ભર વંકી ને વંકો ધણી, વંકો ભિમોરા વાસ
"નીલો સુરાણી નાજીઆ. મટે ન બારે માસ."

અર્થ—એ પહાડની ધરતી પણ બહુ સુંદર છે. એ ધરતીનો સ્વામી નાજો ખાચર પણ સુંદર, અને ભિમોરાનો કિલ્લો પણ બહુજ મજબુત ને જુક્તિદાર છે. પૃથ્વી તો માત્ર ચાર છ મહિનાજ લીલી રહે છે, પણ સુરીંક ખાચરનો પુત્ર નાજો ખાચર તો બારે માસ લીલો રહે છે. અર્થાત કાયમ એને હાથેથી સહુને દાન મળે છે, રક્ષણ મળે છે

નાજા ખાચરે ઉતર દીધોઃ "મારા સીમાડાની બહાર એ હોત. અને મને આપની આજ્ઞા મળી હોત તો હું એને આંહીં ન આવવા દેત. પણ એક વખત એને શરણું લીધા પછી. અભય વચન આપ્યા પછી જો હું એને આપને હવાલે કરૂં તો હું મહા પાપી ઠરૂં."

શેલા ખાચરે ચેતવણી મેકલી કેઃ "ધિંગાણું થશે."
જવાબ મળ્યો કેઃ "તો મરવા તૈયાર છું."

"બારવટીઆ આવે બકી, 'હોય જો જેર હુન્નર
"(એને) ભિમોરા ભોપાળ, શરણે રાખે સુરાવત"

શેલા ખાચર વડોદરે પહોંચ્યા. ત્યાં જઈને મરાઠા સેનાપતિ બાબારાવની ફોજ, મોટી રકમને ખર્ચે કાઠિયાવાડમાં લાવ્યા. ભિમોરાના કિલ્લા ઉપર કૂચ કરી.

ચોટીલાથી ત્રણ ગાઉ, થાન સ્ટેશનથી છ ગાઉ, બોટાદ વીંછીઆ રેલ્વેના સ્ટેશન કાળાસરથી ત્રણ ગાઉ અને જસદણથી દસ બાર ગાઉ દૂર આ ભિમોરાનો કિલ્લો છે. ચોટીલાના વિશાળ ડુંગરાઓની અંદર ગિરનારના ગીરની માફક ગીચ ઝાડીઓની ઘટામાં આ કિલ્લો નાજા ખાચરે અગર એના પિતાએ બંધાવેલ હશે. નીચે તળેટીમાં એક પાણીનો કૂવો છે. ડુંગરા પર ચડતાં થોડે ઉંચે ' ભીમ-ગુફા ' નામની પૂરાતન એક ગુફા આવે છે. એ ગુફામાં, પત્થરોમાંથી જ કંડારી લીધેલા મોટા ઓરડાઓ છે. પ્રથમ ભિમોરાના દરબારો એ ગુફાઓને પણ પોતાનાં માલ મિલ્કત રાખવા માટે વાપરતા. હવે એ ઉજ્જડ છે. એ ગુફા જોઇને, એકાદ ખેતરવા ઘેરાવો ખાધા પછી ભિમોરાના કિલ્લામા જવાય છે. કિલ્લાનો એક બહારનો દરવાજો વટાવીને અંદર જતાં બીજો દરવાજો આવે છે. બીજા દરવાજાની અંદર ડાબી બાજુ મહેલ છે. વચ્ચે વિશાળ ચોગાન છે. ત્યાં દરબાર નાજા ખાચર રહેતા હતા એમના હાથમાં ચોવીસ ગામ હતાં.

" ત્રંબાળુ શેલા તણા વાગ્યા [illegible] વહુળીય
"(પણ)ગઢ ગડક્યા નોય. (કે'દી)નાઠા બારી નાજીઆ"

અર્થ—શેલા ખાચરની સેનાનાં નગારાં ભયાનક સ્વરે ગડગડી ઉઠ્યાં; પરંતુ શેલા એ તો ચેલા ગણાય એને ગાવંતા જેમને નાજા જેવા ગુરૂ કદી નાઠાબારીમાં થઇને નાસી ન જાય.

બાબારાવની ફોજ લઇને શેલા ખાચરે એ ડુંગરની તળેટીમા બરાબર કૂવાની પાસેજ પડાવ નાખ્યો. કિલ્લા ઉપર એક સામટો હલ્લો થાય તેવી તો સગવડ નહોતી. સાંકડી એકજ કેડી હતી, કેડીની બન્ને બાજુ ઉંડાં કોતર હતાં. થોડાં માણસો ઉપર ચડવા જાય ત્યાં કિલ્લામાંથી જંજાળ-(નાની તોપ) નો ગોળો છૂટે ને માણસો જીવથી જાય. બાબારાવની કારી ફાવતી નહોતી. કિલ્લામાં બસો જેટલાં માણસો હોવાનો એને વ્હેમ હતો.

મરાઠી સૈન્યની તોપો ગર્જના કરવા લાગી પણ,

"આઠ મહિનાની આશ, મેં' ગાજે ને શાદુંલો મરે;
નો સાંખે નિજ વાસ નાજસુના ધુમાક નાજીઓ"

અર્થ—શાર્દુલા નામનો સિંહ ફક્ત આઠજ મહિના—શિયાળો અને ઉનાળો જ—જીવે. અને ચોમાસામાં વરસાદની ગર્જના થતાં તો એના મનમાં થાય કે કોઇ બીજો સિંહ કયાંઇક છુપાઇને ડણુકે છે. એટલે શાર્દુલો એ સિંહને શોધતો શોધતો, વરસાદની અદ્દશ્ય ગર્જના ન સાંખી શકવાથી માથાં પછાડી પછાડીને પ્રાણ કાઢી નાખે. તેવી જ રીતે નાજા ખાચર જેવો સિંહ પોતાને આંગણે તોપોના અવાજ શી રીતે સહન કરી શકે ? મરૂં અગર જીવું એજ એના મનમાં થાય.

કિલ્લાની અંદર કેવી દુર્દશા મંડાણી ! માત્ર આઠ જ માણસો હતાં અને પાણી ખુટવા લાગ્યું હતું. નવું પાણી લઇ આવવા માટે તળેટીના કૂવા સિવાય ઉપર બીજું એક પણ જળાશય નહોતું. કૂવા પર તો સેના પડી હતી.

આખરે પાણી ખુટ્યું. નાજા ખાચરે જીવવાની આશા છોડી. પોતાનાં બાળ બચ્ચાંને ગુપ્ત માર્ગેથી ચોટીલે મોકલી દીધાં. પાણી વિના આઠે જણા તરફડતા હતા. એક ટીપું યે ન રહ્યું.

પેલો દાઢાણો કાઠી પણ કિલ્લામાં જ હતો. એનાથી તરસ ન સહેવાણી. રાતમાં ઉઠીને નાજા ખાચરના હોકાની અંદરનું ગંધારૂં પાણી એ પી ગયો. પ્રભાતે દરબારે એને ફિટકાર દીધો.

તૃષાથી બેહોશ બનેલા એ કાઠીએ કિલ્લાની દિવાલ પરથી નીચે ભૂસકો માર્યો. દડતો દડતો એ તળેટીમાં બાબારાવની ફોજ વચ્ચે પહોંચ્યો. એને શેલા ખાચરની પાસે લઇ ગયા. એણે મ્હોં પાસે ખોબો ધરીને ઇસારતમાં સમજાવ્યું. એને પાણી પાવામાં આવ્યું.

શેલા ખાચરે પૂછ્યું કે: "કિલ્લામાં કેટલાં માણસો છે ?"

દાઢાણે જવાબ આપ્યો કે: "ફક્ત આઠ જણા." !

તુરત જ સૈન્યને હુકમ મળ્યો કે હવે ફિકર નહીં. કિલ્લામાં નથી દારૂગોળો, કે નથી માણસો. કરો હલ્લો !

હલ્લો મંડાયો.

આગલી જ રાતે નાજા ખાચરના કિલ્લામાં બે મારવાડી રજપૂતો મહેમાન આવેલા. મારવાડમાંથી બન્ને જણા દારકા-

જાત્રાએ જતા હતા. પ્રભાત થયું એટલે નાજા ખાચરે એ બન્ને જણાને કહ્યું કે: "ભાઈઓ, હવે તમે જાઓ. નહી તે આજ આ સેના તમને પણ મારી નાખશે."

મારવાડીઓએ જવાબ દીધો કે: "નાજા ખાચર! અમે તમારો રોટલો ખાધો. હવે અમારાથી કેમ જવાય? દ્વારકા તો કોણ જાણે કયારે પહોંચશું. અને દર્શન કર્યા પછી કોણ જાણે કયારે મોક્ષ મળશે. એને બદલે આંહી યુદ્ધમાં તો ક્ષત્રીને બે ડગલે જ મોક્ષ મળે. વળી સ્વર્ગને માર્ગે તમારા જેવા શૂરવીરનો સાથ ફરી કયાંથી મળે? માટે અમારે હવે તો 'આંઠે જ દ્વારકા.'"

ત્યારથી આપણા પ્રાંતમાં 'આઠે દ્વારકા' નું વાક્ય પ્રચલિત થયું.

સૈન્ય આવ્યું, દરવાજા તૂટ્યા, બરાબર ચોકમાં ધિંગાણું મચ્યું. આઠ જણા કયાં સુધી ટકે? નાજા ખાચરના શરીર પર ખુબ જખમો પડયા, એણે ઘણાને સૂવાડ્યા, આખરે નાજા ખાચર બરાબર ઓટાના પગથિઆ ઉપર બેસી ગયા. એના ધડ ઉપર મસ્તક ફક્ત અડકી રહ્યું હતું. પાસે અરધી ભાંગેલી સોનાની મૂઠવાળી તલવાર પડી હતી. મૃત્યુને બહુ વાર નહોતી.

ત્યાં તો એની પાસે બાબારાવનો ભાણેજ આવી પહોંચ્યો. એ મરાઠાએ નાજા ખાચરના પગમાં સોનાનું સાંકળું જોયું, સામે સોનાની મુઠવાળી તલવાર જોઇ. એનું મન કદાચ સોનામાં લોભાયું હશે, અગર એ બળવંત શત્રુની બે ચીજો લઇ જઇ પોતાની શાબાશી કહેવડાવવી હશે! એટલે એ નીચે બેસીને નાજા ખાચરના પગના સાંકળાની ખીલી ખોલવા લાગ્યો.

લાંબા થઇને બેહોશ પડેલા નાજા ખાચરના મનમાં થયું: 'અહો! મરતાં મરતાં આવા એક વડીઆને મારી જવાનો કેવો સુંદર લાગ!'

પણ એની ગરદન ઉપર માથું ડળમળતું હતું. એનાથી ઉભા થવાય તેમ નહોતું. અર્ધી તૂટેલી તલવાર એ આઘે બેઠેલા દુશ્મનને પહોંચી શકે તેમ નહોતી.

એણે શું કર્યું ?

"ઉતમંગ ટેકણુ એક, (અને) બીજે હથ વાઇ બજડ;
(આમાં) વખાણુંવો વવેક, નેક ભુજ કીપો નાજા ?"

અર્થ—એક હાથે પોતાના માથાને ધડ ઉપર ટેકાવવા બરાબર દબાવી રાખ્યું, અને બીજે હાથે તલવારનો ઘા કર્યો. હે નાજા ખાચર! આ બે વફાદાર ભુજાઓમાંથી કઇ ભુજાને અમારે વખાણવી ?

પરંતુ તલવાર શી રીતે મારી ?

"રીંખેને સર રપીઅર તણે, કાઇ વાઇ કરમાળ;
(ઈ) બાળાપણ બરદાળ, (તુંને) કાં સાંભરિયું સુરાતન ?"

અર્થ—બાળકની માફક તું ગોઠણભેર થયો, અને પછી દુશ્મનના માથા પર તેં તરવારનો ઘા કર્યો. હે બિરદવાળા પુરુષ! તને એ વખતે એકાએક તારું બાળપણ ક્યાંથી યાદ આવ્યું ? કારણ કે ગોઠીઆભર તો તું બાલ્યાવસ્થામાં જ ચાલતો હતો.

(રપીઅર=રિપુ, શત્રુ. કરમાળ=તરવાર)

ઈંદર અપસર નજરાજ, જોગણુ, ધર, ગરજાણ જંબુક,
સોહ જીવત મૂત લાજ, તેં સાંખ્યાંઆં સુરાતન.

અર્થ—તારું માથું તો કપાઇ ગએલું, જીવ જવાની તૈયારીમાં હતો. ઇંદ્ર તને સુર લોકમાં તેડી જવા આવીને ઊભો હતો. અપ્સરા વરમાળ લઇને પહેરાવવા તત્પર હતી. જોગણીઓ તારા લોહીથી ખપ્પર ભરવા આતુર ખડી હતી. પૃથ્વી (ધર) પણ તારું લોહી પીવા તલસતી હતી. ગીધડાં અને શિયાળીઆં તારું માંસ ભક્ષવા આવી પહોંચેલાં. લોઢાની તરવારને પણ તેં હાથમાં રોકી રાખી. જીવનને પણ કહ્યું કે: 'ખડું રહે!'' મોતને પણ ફરમાવ્યું કે: "થોડીવાર થોભી જા.'' પોતાના કુળની કીર્તિને પણ ચમકાવી. એ બધાંને ઘડીભર તેં અટકાવીને આ એક દુશ્મનને મારી લીધો. પ્રાણ ફૂંકું ફૂંકું થતા હતા તે ઘડીએ તેં આટલું રોકાણ આ તમામ સાથીઓને કરાવ્યું. કારણ કે એક શત્રુ તારી લાજ લેવા આવ્યો હતો. તેને માર્યા વિના તારાથી કેમ ચાલ્યું જવાય ?

એ માંજેલી તલવારને એક ઝટકે બાબારાવના ભાણેજના પ્રાણ નીકળી ગયા. પણ ત્યાં તો દુશ્મનોએ આવીને નાજા ખાચરને ઘેરી લીધો.

"ઉતબંગ ખગ યાતે અળગ, ધડ લાગ્યું ધાગે
"ખેલ્યો રણખાગે તું નવતેરી નાજઆ"

અર્થ—હે નાજા ખાચર ! પછી તો તારું માથું (ઉતબંગ) પડી ગયું, અને તારા હાથની તલવાર (ખગ) પણ પડી ગઈ. એટલે પછી તારું ધડ એકલું દોડાદોડ કરી, શત્રુઓને હાથમાં ઉપાડી ઉપાડીને પટકવા લાગ્યું. રણસંગ્રામની અંદર તું પણ ભીમની માફક નવતેરીની રમત રમ્યો. ભીમે કુરૂક્ષેત્રના યુદ્ધમાં એક હાથે નવ અને બીજે હાથે તેર હાથી ઉપાડી ઉપાડીને આકાશમાં ઉછાળ્યા હતા. આંહી નાજા ખાચારે માણસોને કંગોળી દંગોળી પછાડયા.

છપ્પય

ત્રીસ લગ્યાં અંગ તીર, ત્રીસ ખગ લાગી તાતી;
પડયા ઘાવ વણ પાર, સૂર વજ્રની છાતી.
એંશીસ ને અગીઆર, ગેબ સર લગ્ગી ગોળી;
શેલ લગ્યા ચોવીશ, કોમ છક ખાગ હઠોળી.
કલબાણ ઘાણ કાઢીઓ, ફરે નાહીં પાવ પાછો ફણો;
નજરાજ ભૂપ થંભ્યો નહીં, તરસીંઘ બીજ સૂરાતણો.

(કલબાણ=શત્રુઓ. તરસીંગ=ત્રણ સિંહ જેટલો બળવાન શેલ=શલ્ય, તીર)

૨

રાવણ હઠ જમું રાખ, સૂર રથ જીવ છપાયો;
વીક્રમ જાણ પ્રવીણ,..ઓઇ પત વાયસ ખાયો.
અરજણ બાણ અથાહ, લડયો નહીં ગોપ લૂંટાયો;
અંત સમે જળ પેસ, માન દુર્યોધ મટાયો.
કદ્દાંત મોત કાળો અજબ, ઐતાક ભૂપ ડરીઆ અગે;
નજરાજ પ્રાણ મૂકયો નહીં, લોહી પ્રાણ છૂટ્યા લગે.

અર્થ—મોતથી ડરીને કેવા કેવા વીર પુરૂષોએ પણ ભૂલો કરી છે ! રાવણ જ્યારે યુદ્ધમાં એકલો રહ્યો ત્યારે સૂર્યના રથમાં જઇને છૂપાયો હતો. વીક્રમ રાજા જ્યારે મરવા પડયા ત્યારે કોઇએ કહ્યું કે કાગડાનું માંસ ખાવાથી ઉગરશો; તેથી એના જેવા શાણા પુરૂષે પણ મોતથી ડરીને એ કૃત્ય કર્યું. કૃષ્ણ ગોપીઓને મૂકવા જતા હતા ત્યારે માર્ગમાં કાબાઓ ગોપીઓને લુંટવા લાગ્યા, તોયે અર્જૂનથી

પોતાનું ગાંડીવ ન ચલાવી શકાયું. અને દુર્યોધન જેવો ગર્વિષ્ટ યોદ્ધો પણ આખરે લાચાર બનીને, મોતથી બચવા માટે પાણીના કુંડમાં પેસી ગયો. મૃત્યુ એવું કારમું છે કે આવા રાજાઓ પણ ડરી ગયા. પરંતુ નાજો ખાચર ન ડરયો.

આવી વીરતાથી મરનારને માટે ચારણ કહે છે કે:

નાજા જરૂં મરાય નેં, સાબધ હરમત સોત
"મોડું ને વેલું મોત, સૌને માથે સુરાવત."

અર્થ—જો કે વહેલું મોડું તો સહુને મરવાનું છે, પરંતુ હે શૂરા ખાચરના પુત્ર નાજા ખાચર! તારી માફક શુદ્ધ બુદ્ધિથી અને હિંમતથી મરવાનું તો બીજાથી નથી બની શકતું. પોતાની છેલ્લી પળે પણ તેં તારી કીર્તિ સંભાળી રાખી.

ભિમોરાનો ગઢ શેલા ખાચરના હાથમાં ગયો. પરંતુ ત્યાર પછી નાજા ખાચરના પુત્રે એ ગઢ પાછો જીતી લીધો. અત્યારે એ ગઢ જેવો ને તેવો મોજુદ છે.

આ આખા પ્રસંગને નીચે લખેલા એક કાવ્યમાં અમર કરવામાં આવેલો છે.

શાર્દૂલ--સાવઝડું

૧

સૂબા રોપીઆં ફરીઆદ સુતારે, ફોજ નમ્યા ખંડ ચાર ફતારે,
માટે ચડયો ગનીમાને મારે, સૂરાણી નજરાજ ન સારે.

૨

ધણી દીઆ હુકમ દળ ધામા, આગુ ધાઇ મહાઇ આયા,
વાગી હક ત્રંબાળુ વાયા, જખલૂબ્યા નજરાજ જગાયા.

૩

તરવારાંરી વાજે તાળી, વાઢી ઘણા મરેઠા વાળી,
ખરચા મરાઠા હોજાં ખાળી, વળ બણી રણથંભર વાળી

૪

આયા બાઇ ભાઇ અરાડી, લાખાહરો લડે લોહ લાડી,
યો! વછટીઆ કહે પરાડી, કાં ચૂકવ કાં નીકળ કાઢી.

૫

કે' વસટીઆ આભકપાળો, પંચમુખ ખડ ન ખાય પટાળો,
હઠ મેલે નજરાજ હઠાળો, (તો) મેર ડગે ને ધ્રુજે ડખમાળો.

૬

દંડ ન ભરાં હું રામ દુવાઇ, મરવો ભીમ તણા ગઢ માંહી,
આદ અનાદ તણી અવળાઇ, છોડાં કી હું અવળ ચંડાઇ.

૭

લડે દખણ દળ ભરડા લીધા, કાઠે જોર અનોખાં કીધાં,
દસ દસ વાર ગનીમાને દીધાં, દસ દા'ડા લગ નીર ન પીધા

૮

જળનો તરસ્યો દળમાં જાય, કોપ્યો સૂબો ને હલાં કરાય,
હડે જંજાળ્યાં નાળ્ય હવાઇ, ચાર પો'ર તલવાર ચલાઇ

૯

ધજવડ વાળો તોરણ ધરાઓ, ફેરા ચાર ચોરીમાં ફરીઓ
કાળો ખુમો આણવર કરીઓ, વર નજરાજ અપસરને વરીઓ

૧૦

એકલવેણો વૈકુંઠ આયો, લાડરખાન જાનેયા લાયો,
મોતીરો હરિએ થાળ મંગાયો, વે સખીએ નજરાજ વધાયો.

અર્થ—જે ફતેસિંહરાવની ફોજ પાસે ચાર ખંડના લોકો નમ્યા હતા, તેના ટોપીવાળા સૂબા પાસે ફરીઆદ કરવા શેલો ખાચર પહોંચ્યો. ફરીઆદ કરી કે સુરા ખાચરનો દીકરો નાજો ખાચર કોઇનું કહ્યું માનતો નથી. મોટા મોટા હાકેમોને પણ નજરે પડતાં જ મારી નાખે છે (મરાઠી સેનાને 'ટોપાઓ' કહી, કારણ કે તે વખતે મરાઠાઓના લશ્કરોમાં યુરોપી ઓફિસરો, કવાયતદારો રાખવામાં આવતા. ગનામા=સૂબા)

૨. આ ફરીઆદ સાંભળીને સૈન્યના માલિકે હુકમ દીધો. એટલે દુશ્મનો ધસીને ભિમોરા ઉપર આવ્યા. હાકલો વાગી, નોબતો ગડગડી, લડાઇનો ભૂખ્યો નાજો ખાચર જાગી ઉઠયો. (મદાઇ=દુશ્મન)

૩. તરવારો સામસામી અથડાવા લાગી. કેમ જાણે તરવારો સામ સામી તાળીઓ દેતી રમત રમતી હોય ! મરેઠાની સેનાનાં ઘણાં માણસો કપાયાં. મરાઠાઓ હિંમત હારી ગયા. રણથંભોરના ઘેરામાં

જેમ બાદશાહનું સૈન્ય લાચાર થઇ પડ્યું હતું, તેવું જ ભિમોરાના ઘેરા વખતે મરાઠી લશ્કર બની ગયું. ઘણા દિવસ સુધી મારો ચલાવ્યા છતાં કિલ્લો તુટતો નહોતો.

૪. શેલો ખાચર પોતાના જાઇ ભાઇને પણ લઇને આવ્યો. છતાં લાખા ખાચરનો એ પૌત્ર નાજો ખાચર તો લોઢાની લાકડીની માફક અડગ બનીને લડતો રહ્યો.

૫. શત્રુ–સેનામાંથી વિષ્ટિ કરવા માટે માણસો આવ્યા. તેઓ કહે કે: 'ઓ કાઠી ! કા તો દંડ ચુકવી દે. નહીં તો કિલ્લાની બહાર નીકળ.'' એ આભ જેવા વિશાળ કપાળ વાળો વીર જવાબ આપેછે કે "જેમ કેસરીસિંહ કદી ઘાસ ખાય નહીં તેમ હું પણ કદી નમીશ નહીં." જો ટેકીલો નાજો ખાચર પોતાની હઠ મૂકે તો પછી મેરૂ પર્વત ચળે અને આકાશ તુટી જાય. (પંચમુખ=સિંહ. ડબમાળો=આકાશની નક્ષત્રમાળ.)

૬ રામ દુવાઇ લઇને હું કહું છું કે હું દંડ નહીં ભરું સુખેથી હું આ ભિમોરા ગઢમાં લડીને મરીશ. મારી સદાની અડગતા હું નહીં છોડું.

૭. દક્ષિણીઓની સેનાએ ગઢની આસપાસ ઘેરો ઘાલ્યો. તેની સામે નાજા ખાચરે પણ અપૂર્વ બળ દાખવ્યું. દસ દસ વાર તો સુબાને પાછો કાઢ્યો. દસ દિવસ સુધી પાણી વિના ટક્કર ઝીલી.

૮. પાણીનો તરસ્યો ટાઢાણો કાઠી દુશ્મનોના લશ્કરમાં પહોંચ્યો. એની વાત સાંભળીને બાબારાવે હલ્લો કરવાનો હુકમ આપ્યો. તોપો ને બંદુકો છૂટી

૯. એ નાજો ખાચર કેમ જાણે યુદ્ધરૂપી લગ્ન કરતો હોય ! તરવારનાં જાણે તોરણ બન્યાં. પોતાના અણુવર તરીકે એણે કાળા ઝુમાણને રાખ્યો. અને આખરે મરીને એ વરરાજાના નાજો ખાચર અપ્સરાને સાથે વર્યો. (ખજખડ=તરવાર)

૧૦. એકવચની એ શૂરવીર વૈકુંઠમાં જાન જોડીને ગયો. પોતાની સાથે મરેલા શૂરવીર જાનૈયા સાથે લઇ ગયો. સ્વર્ગમાં પ્રભુએ મોતીનો થાળ મગાવ્યો; ને લક્ષ્મીજીએ વરરાજા નાજા ખાચરને પોંખ્યો.

પ્રબળ પાપનું પરિણામ

"સરવો સોરઠ દેશ, સાવજડાં સેંજળ પીએ."

કાઠિયાવાડનો સોરઠનો ભાગ અને તેમાં પણ ગીર બહુ જ રમણીય પ્રદેશ છે. ઘણી ગીર કપાઈ ગઇ છે, કપાતી જાય છે; તો પણ જે ભાગ હજુ રહ્યો છે તે ભાગની રમણીયતા ખરે અદ્‌ભૂત જ છે. ઉનાળાના સુકા દિવસોમાં પાન ખરી ઝાડ ઠુંઠાં થઇ ગયાં હોય, ખડ સુકાઇ ઉડી ગયાં હોય અને ઝરણો સુકાં પડયાં હોય, ત્યારે તે ભાગમાં જનારને ખરી ખુબી જણાતી નથી. પણ બે એક સારા વરસાદ થઈ ગયા પછી ઝાડ નવપલ્લવિત થયાં હોય, ખડ લીલાં છમ છાતીપુર ઉભાં હોય હરેક નદી ઝરણું આનંદમાં ખળભળાટ કરી રહ્યું હોય, તે સમયની ગીર જોઇ હોય તેનાથી એ દ્રશ્ય એકદમ ભુલાય તેમ નથી. એક સારો વરસાદ થઇ ગયાના ખબર મળતાં જે દૂર દૂરથી રબારી, ચારણ, આહેર, કાઠી અને હરેક મોટા માલધારી પોતાનાં ઢોર લઇ ગીરમાં ચારવા જાય છે. ઠેકઠેકાણે ઝુંપડાં અને ઢોરની જોકો બંધાય છે. આ દિવસોમાં પ્રભાતમાં ફરતી છાશના ઘમઘમાટ, ઘંટીના રવ સાથે ગવાતાં પ્રભાતીઆં, રાત્રે ક્યાંઈ ભજનની ધુન તો કયાંઇ દુહા તો કયાંઇ વાર્તા, રબારી-ચારણના પાવાના મધુર નાદ, ક્યારેક ક્યારેક ડુંગરા ગજવી મૂકતી સિંહની હુંક, તો ક્યારેક પશુ (એ નામનાં હરણ) ની છીંકારીઓ, ક્યારેક સાબરના ભાડુક, મસ્ત ખુંટના ..., મયુરના ટહુકા—આ બધુ જેણે અનુભવ્યું હોય તેને જ તેની ખરી ખુબી જણાય તેમ છે.

કેટલાંક વરસો પહેલાં તુલસીશ્યામની આસપાસ કેટલાક ચારણના નેસ હતા. દેશમાં દુકાળને લઇ ઉનાળામાં પણ કેટલાંક ઝુંપડાં ત્યાંજ રહ્યાં હતાં. દુકાળ હતો; ખડની અછત હતી; પરંતુ ઢોર નિભાવવાનું કંઇક સાધન ત્યાં હતું, તેથી

પડયાં હતાં. શીળીનો રોગ ઢોરમાં એકદમ ફાટી નીકળ્યો. ઘણા માલધારી માત્ર લાકડી લઇ દેશમાં પાછા ફર્યા. બહુજ થોડાં ચારણ કુટુંબ ત્યાંજ રહ્યાં.

એક ચારણને માત્ર બે નાનાં ખડાયાં રહ્યાં, બાકીનાં ઢોર તો મરી ગયા. ચારણીઆણી પોતાના માવિત્રેથી બે પાઢીઓ લઇ આવી. આ પ્રમાણે એ ચારણને ચાર નાનાં ખડાયાં થયાં. તેના ઉપર જ તેનો નિભાવ હતો. "આગળ જતાં સારી ભેંસો થશે. અને દૂધઘીમાંથી ગુજરાન ચાલશે" એ આશાથી બહુ ચાકરી રાખવા માંડી. ચારે ખડાયાં મોટાં થયાં. ગીરની અસલ વખણાય છે તેવી ચારે ભેંસો થઇ. મોટાં માથાં, કોડીઆમાં દીવા કરી મૂકી શકાય તેવાં વળેલ બબ્બે ત્રણ ત્રણ આંટા લઇ ગયેલાં શીંગ, દેવળના સ્થંભ જેવા પગ, ટૂંકી પુંછડી, ફાંટમાં આવે એવાં આઉ, પથારી કરી સૂઇ રહેવાય તેવાં વાંસાનાં પાટીઆં—આવી બધી રીતે વખણાય તેવી ચારે ભેંસોને જોઇ બન્ને ચારણ જણ આનંદ લે. દિવસે ચરીને સાંઝરે સૂર્યાસ્ત પહેલાં ઘેર આવે ત્યારે ચારણીઆણી ઝોકના ઝાંપા પાસે ઉભીજ હોય. "મોળી (મારી) બાખી (ભેંસનું નામ) ઘદી (આવી), બાપ ગેહડ (ભેંસનું નામ) ઘદી, ખમા મોળી શેલર, આઇનાં રખોપાં મોળી મા" કરી કરી ભેંસોને આવકારે, પોતાના પછે- ડા વતી લુંછે, પછી ખાણુ ખવરાવવું હોય તો ખવરાવે.

ચારે ભેંસોને વીઆવાને હજુ ત્રણેક માસ છે. "ચારે વીઆશે; અધમણ અધમણ દૂધ કરશે; રોજ સાત આઠ શેર ઘીની છાશ થશે; ગુજરાન બહુ જ ઠીક ચાલશે." એ વિચારો એ વાતો બન્ને ચારણ જણ કર્યા કરે છે. અને આશામાં દિવસો કાઢે છે.

ભાદરવો આવ્યો; ભરપુર વરસ્યો; હેલી મચાવી. આઠેક દિવસની હેલી થઇ. વરસાદ બહુ તેથી ઘણા માલધારી ચારવા જવાને બદલે ભેંસોને છોડી મૂકે. એટલે ભેંસો પોતપોતાના ચરવાના નેખમે (ઠેકાણે) ચાલી જાય. અને સાંઝરે પાછી નેસે આવે. આવી સ્થિતિ કેટલા દિવસથી ચાલે છે.

અરાબર અંધારી રાત છે. વાદળાં ગટાટોપ જામ્યાં છે. ક્યારેક ક્યારેક વીજળીના ચમકારા થાય છે. વરસાદ ઝીણો ઝીણો વરસવો શરૂ થયો છે. આહેરના બે જુવાન ગીરમાં નીકળેલા. દિવસે આ ચારે ભેંસોને તેણે જોએલી. નજરમાં આવી ગએલ. આઉભર થએલી અસલ ભેંસો લઇ જવાય તો મોં માગ્યો પૈસો મળે એવી આશાએ અડધી રાત્રિ ગઇ હતી ત્યારે જોકે આવ્યા. ચારણુચારણીયાણી નેસનું કાગડીઉં કમાડ દઇ નિશ્ચિંતપણે સૂઇ ગયાં છે. જોકનો ઝાંપો ઉઘાડી ચારે ભેંસોને આહેરાએ હાંકી. એકદમ દોડાવવાજ માંડી. જબર આઉભર થએલી ભેંસો કેટલીક દોડે ? તો પણ લાકડીઓના માર મારી જેટલી ઉતાવળે હાંકી શકાય તેટલી હાંકી. સવાર થયું. ત્યાં ગીર બહાર નીકળી ગયા.

ચારણ સવારે જાગ્યો. જોક ખાલી પડી છે. ઘડીક તો ધાર્યું કે ઝાંપો ઉઘાડો રહી ગયો હશે, તેથી ભેંસો ચરવા ચાલી ગઇ હશે. રોટલો તૈયાર થયો કે છાશ પીને રોજ ભેંસો જતી હતી તે નેખમે ગયો. પણ ત્યાં તે ભેંસો જોવામાં આવી નહિ. વરસાદ બહુ વરસતો હતો તેથી બીજે નેખમે ચડી ગઇ હશે; સાંઝરે પાછી ભેંસે આવશે: એમ ધારી ઝુપડે આવ્યો. સાંઝરે. ધણીધણીઆણી રાહ જોઇ ઉભાં, પણ ભેંસો તો આવી નહિ. ત્યારે ખરેખરી ચિંતા થઈ. ફરી આસપાસ બધાં સ્થળો જોઇ આવ્યો, ગીરમાં બધે રખડયો; પણ ભેંસોનો પતો મળ્યો નહિ. હવે જ ચોરાઇ ગયાનો વહેમ આવ્યો. ભેંસો ઘણી હોય નો તો તે ટોળાંમાંથી એક, બે કે ત્રણ ચાસ્ને જુદી પાડવી સહેલ નથી. કાચા પોચાથી તો જુદી પડે જ નહિ કદાચ મારે પણ ખરી. કોઇ બહુ હિંમતવાળા બે ત્રણ ચોર હોય ને એવાં મોટાં ટોળામાંથી બે ત્રણ જેવી તેવી ભેંસોને જુદી પાડી લઇ જાય તો એની મોટા માલધારી બહુ દરકાર પણ ન કરે. શોધ કરવા જવાના શ્રમથી કંટાળી જતી જ કરે. આ તો ચારે ભેંસો સાથે જ ગઇ–બધી ગઇ; જેના ઉપર કેટલીએ આશાએ બાંધેલી તે બધી ગઇ. વળી ભેંસો પણ જેવી તેવી નહિ. ચારણ ચારણીયાણીએ પોતપોતાનાં સગાંઓમાં જઇ વાત કરી.

છ જણા શોધ કરવા છેવટ પંદરેક દિવસના પરિશ્રમ પછી નીકળ્યા.

ભેંસનાં ઘાટાં દૂધ પીવાં અને વખતે તે દૂધ સાથે જંગલના સાંબો, રાજગરો તથા એક જાતનાં ખડનાં બીયાં (ચોખા જેવાં થાય છે) મોલાવી બનાવેલી ખીર ખાવી વગેરેથી પ્રમાદી થઈ ગયેલા ચારણ-રબારનું દીર્ઘસુત્રીપણું, તેમની ભોળપ અને સાદાઈ જેવું જ હોય છે.

ગીરમાં નીકળ્યા પછી ભેંસોને ભગાવવાની જરૂર હતી જ નહિ તેથી આહેરો થાક દેતા દેતા ધીમે ધીમે ભેંસોને લઈ વાઘાકમા આવ્યા. પોતાનાં સગાં-ઓળખીતાને ઘેર રોકાતા જેતપુર પહોંચ્યા.

સવારને પહોર છે. ભાદરના કાંઠા ઉપરના એક ઝરૂખામાં દરબાર ખાનગી પોતાની હેડીનાં થોડાંક માણસને ડાયરે કરી બેઠા છે. કસુંબા લેવાઈ ગયા છે. શીરામણી કરવા ઉઠવાની તૈયારી છે. ભાદરના કાંઠા ઉપર બારે ભેંસોને લઈ બન્ને આહેર નીકળ્યા. જરૂખા ઉપરથી દરબારે ભેંસો જોઇ. દૂરથી પણ એ ભેંસોની જાત છાની રહે તેમ નહિ હતી. ડાયરો બધો ભેંસો ભણી જોઇ રહ્યા. વેચાઉ હોય તો મ્હોં માગી કિંમત આપીને પણ એ ભેંસો લેવા જેવી સૌને જણાઇ. દરબારે બે માણસને જઇ તપાસ કરી વેચાઉ હોય તો તે પોતા પાસે લઈ આવવા કહ્યું. ભાદર તરફની ગઢની ખડકીમાંથી બન્ને જણ નીકળ્યા. આહેરોએ આ આ દમીને આવતા જોયા. કઢોડામાં બેઠેલ ડાયરાને પણ જોયો. "ચોરનુ હૈયું કાચું". કોણ જાણે શા કારણુંથી પણ એકદમ બન્ને આહેર બ્હીના. ભેંસો મૂકી ભાગ્યા. એ પ્રમાણે આહેરોને ભાગતા જોઇ ભેંસો ચોરાઉ હશે માની દરબારે તે ભેંસો હાંકી લાવવા બીજા એક આદમીને દોડાવ્યો. ભેંસો ગઢની ખડકીએથી ગઢમાં આવી. ભેંસો જોઈ. "ગમે તે પ્રકારે પણ ભેંસો રાખવા જેવી છે" એમ અંદર અંદર વાતો ચાલવા લાગી. દરબારનું મન પણ ભોળવાયું. પાસે બેઠેલાઓએ કંઇક મજબુત કર્યું. છેવટ ભેંસોને તબેલામાં આઘે ખુણે બાંધી સંતાડી દેવી ઠરી.

ગમે તેમ થાય તોપણ ભેંસોને હવે જવા જ દેવી નહિ. આવી ભેંસો શોધતાં મળવી મુશ્કેલ, તેથી રાખી જ લેવી ઠરી.

મહિનો માસ થયો. ભેંસો વીઆઈ. દૂધ અધમણ અધમણ ટંકે આપવા લાગી. ખરેખર, પછી તો ગમે જ બંધાઈ ગઈ. પેલા ચારણો શોધતા શોધતા એક મહિને જેતપુર આવ્યા. કંઈક આમમાંથી "ચાર ભેંસો ભાદર કાંઠેથી મળવાની અને દરબારમાં હોવાની" વાત સાંભળી. દરબારને ત્યાં જ ભેંસો છે, ઘેર જ છે, તુરત પાછી મળશે," ધારી ચારણો ખુશી થયા અને દરબારગઢની ડેલીએ આવ્યા. ચારણ આવ્યાની વાત દરબારે સાંભળી. વિચારમાં પડી ગયા. આસપાસનાં હલકાં માણસોએ ચડાવ્યા. "ના બાપુ, એમ તો ભેંસો અપાય જ નહિ. શું ખાત્રી કે એ ભેંસો એની જ છે? વળી કેટલું ખવરાવ્યું છે? બાપુ, પોણો પોણો મણ ટંકે દૂધ કરે છે; દસશેર બારશેર ઘી છાસ થાય છે. આજ સુધી ખવરાવીને એમ આપી દેવાય! આબરૂ જાય!" વગેરે વગેરે વાતો કરી દરબારને ચડાવ્યા. છેવટ "ભેંસો અહીં નથી" એમ ચારણોને કહેવરાવ્યું. ચારણો મુંઝાયા. ત્યાં જ- ગઢમાં જ ભેંસો છે એમ તેમણે નક્કી સાંભળેલું, છેવટ દરબારને મોઢે થવાની માગણી કરી બોલ્યા:

"મામાદ્રી બાણો સૂરજનો પુત્ર શું કાં સંતાડે ને બેઠા ?"

આમ્મા કાઠી ચારણને એવો જ સંબંધ હતો, કાઠી પોતાથી મોટા ચારણને મામો કહે; ચારણ પોતાથી મોટા કાઠીને મામા કહે. તે ઉપરથી આ પ્રમાણે ચારણોએ દરબારને મામા કરી બોલાવ્યા.

સૂર્યપુત્ર કાઠી ડેલીએ ચારણ આવે તેનાથી મોઢું સંતાડે નહિ. આ આશાએ બિચારા ચારણોએ જતા આવતા ઘણાની સાથે સંદેશા કહેવરાવ્યા. પણ દરબાર તો મળ્યા જ નહિ. તેમ ચારણ પણ ભૂખ્યા તરસ્યા ડેલીએ સાંજ સુધી બેઠા.

છેવટ ચારણોએ ધા નાખી, ત્રાગાં કરવાની જ્યારે તૈયારી કરવા માંડી ત્યારે દરબારથી તાપ જીરવાયો નહિ. હવે ભેંસો આપવામાં આવે તો તો વળી વધારે ખોટું. લોકોને માટ

સંઘર્ષોનું તહોમત પણ આવે. વાત બહાર તો પડી ચુકી છે. હવે શું કરવું? ચારણ ત્રાગાં કરશે, ફરીયાદ કરશે, તપાસ થશે, ભેંસો તબેલામાંથી હાથ આવશે, માથે તહોમત આવશે. માટે કાંઇ ઉપાય? હજુરીયા બોલ્યા "બાપુ! એમ બીઓ છો શું? ચારણ ત્રાગાં કરશે, તેમાં આપણી શું તપાસ થાય? અને ભેંસો હાથ આવે ત્યારે તહોમત આવે કે એમજ? ભેંસોને મારી નાખી તબેલામાંજ દાટી દો એટલે થયું. અને ચારણોને મારી ધક્કા ડેલીએથી ઉડાડી મૂકો."

'વિનાશકાળે વિપરીત બુદ્ધિ.' દરબારને પણ એ વાત ગમી. ભેંસો મારી નાખી દાટી દેવા હુકમ થયો. હુકમનો અમલ તુરત થયો. ચારણોને ધક્કા મારી ડેલીએથી ખેસવ્યા. બહાર બેઠી ચારણોએ ધા નાખી.

" મામાહુઁ ભણે આ નોગાં ગભરૂડાં ત્રાગાં કરતાં સે. ગુરજના પુત્રને ભીંહું ગળે વળગતી સેં, પણ બાપ! ભીંહના દૂધ તેણે ભોગે કેવે ઉતરશે?"

કોઇએ હાથ કાપ્યો, કોઇએ પગમાં છરા માર્યો એમ છએ ચારણોએ ત્રાગાં કર્યાં. અને લોહી ડેલી ઉપર છાંટી ચાલતા થયા. તે દિવસ તો રાત્રે દરબારમાં કોઇએ ખાધું નહિ. મોને પછી તો બહુ વિચાર થવા લાગ્યો. પણ પછી પસ્તાવો શું કામનો?

સવાર થયું, વાત ચર્ચાઇ કેટલાક રૂપીઆ ભર્યા તેટલેથી બસ ન રહ્યું. દરબાર ત્રાંસળીમાં દૂધ લઇ જમવા બેઠા કે ત્રાંસળી આખી જીવડાંથી ભરેલ દેખાઇ. એ દૂધ નાખી દઇ બીજીવાર લીધું તોપણ એમજ. ત્રાંસળીમાં જીવડાં જ દેખાય. એકજ દેગડીમાંથી બધાને દૂધ પીરસાય. દરબારની ત્રાંસળીમાં જીવડાં દેખાય. ચોખાનું પણ તેમજ થયું. દૂધ ચોખા અને ઘી ત્રણે વસ્તુ તેજ દિવસથી બંધ થઇ. આંખે પાટા બાંધી દૂધ પીવાનું કરે તો નાક પાસે આવતા જ દુર્ગંધ આવે. એમ કેટલાંક વરસો સુધી ચાલ્યું, ધીમે ધીમે વધ્યું. છેવટ એકી સાથ આઠ દિવસ સુધી કાંઇ પણ ખવાયું નહિ. આઠમે દિવસે ચલાળાના પ્રસિદ્ધ ભક્ત શ્રી દાના ભક્તના શિષ્ય બધેભક્ત

શ્રી ગીગાભક્ત, ફરતા ફરતા તે દરબાર જેતપુરથી બીજે ગામ રહેવા ગયા હતા ત્યાં જઇ ચડયા. દરબારે આપા ગીગા ભક્તની બહુજ સારી સેવા કરી પોતે કરેલાં પાપની બધી હકિકત કહી. દૂધ ચોખા ને ઘી પોતે ખાઇ શકતા ન હતા. તેમજ આઠ દિવસની લાંઘણો હતી એ બધું કહ્યું. બહુ જ કરગરી કંઇક દયા કરવા આપા ગીગાને પગમાં પડી વીનવ્યા. આપા ગીગાને દયા આવી. પોતાની સાથે તે દિવસ જમવાનું દરબારને કહ્યું. આપો ગીગો જાતે ગધૈ હતા છતાં દરબારે તેમની સાથે બેસી તેમનું ઉચ્છિષ્ટ અન્ન લીધું. તેજ દિવસથી જીવડા દેખાતાં બંધ થયાં. બાર તેર વરસ સુધી એ પ્રમાણે ચાલ્યું. આઠ દશ દિવસે માણસ મોકલી આપા ગીગાભક્તની જગ્યાએથી ધુપ મંગાવી લે. આપો ગીગો દેહ થયા. દરબારને પણ કંઇક વાત ભુલાઇ. પશ્ચાત્તાપ પણ કંઇ ઓછો થયો, એટલે વળી દુધ ઘી અને ચોખા ઉપર અરૂચિ થવા લાગી. જીવડાં તો ન દેખાય પણ એ વસ્તુઓ આવે કે તુરત એટલો અણગમો થઇ આવે કે થાળી એમની એમ પાછી મોકલે. પછી આપા ગીગાની ધજા દરબારગઢમાં જ એક ઓરડામાં રાખી. ધુપ વગેરે બરાબર નિયમિત જગ્યાએથી મંગાવી કરવા માંડયો. એટલે એ વસ્તુઓ થોડી થોડી ખવાવી શરૂ થઇ. પણ ચાર પાંચ દિવસે અરૂચ થઇ આવે. એકાદ ટંક જમી ન શકે. આવી સ્થિતિ જીવ્યા સુધી રહી ત્રણ ટંક બધાને જમાડતા, બહુ સારી રીતે નોકર ચાકરની બરદાસ રાખતા કોઇપણ ડેલીએ આવે તેને, ગમે તેટલા દિવસ રોકાય, તોયે પોતાની સાથે જ પંગત કરી સૌને ખુબ છુટથી દૂધ ઘી જમાડે, પણ પોતે જીંદગી રહી ત્યાં સુધી છુટથી એ વસ્તુઓ જમી શકયા નહિ. થોડું થોડું જમી શકતા તેવા દિવસોમાં પણ થાળી આવે કે ઘણીવાર સુધી એક નજરે જોઇ રહે. આંખમાં કયારેક કયારેક જળજળીયાં આવી જાય અને "ગીગેવ! ગીગેવ" કરી આપા ગીગાનું સ્મરણ કરી ધીમે ધીમે થોડું ઘણું જમે. સાત દીકરા થયા, બધા નાનીજ વયમાં ગુજરી ગયાં. બબ્બે ત્રણ ત્રણ તો કોઇ પાંચ વરસના થઇ ગયા. છેવટ સીતેર વરસની વય ભોગવી દરબાર નિર્વંશ ગયા.

આઇ કામબાઈ

"કામઈ કાળો નાગ, જાગી જાડેજા ઘરે;"
"આંબળીએથી આગ, લાગી લાખાગુરીચડા."

જામનગરની ગાદી ઉપર આશરે બસો વરસ પહેલાં, રાવળ જામના પુત્ર સ. લાખાજી આવેલા હતા. પોતાના તાબાના ગામ જાંબુડામાં તે વખતે ચારણો ઘોડાનો વેપાર કરતા હતા. એક દિવસ જામ સાહેબ એ ગામમાં જઇ ચડયા.

ગામને ચોરે ચારણોના ડાયરા વચ્ચે જામ સાહેબ એક દિવસ બેઠા હતા. એટલામાં એક ચારણીઆણી આઈ કામબાઇ પાણી ભરવા નીકળ્યાં. કામબાઇના પતિ પરગામ ગએલા. પોતે અત્યંત રૂપાળાં હતાં. એમના વિરોધી ચારણો ચોરે બેઠેલા; એ બદમાશોએ જામ સાહેબને કહ્યું:

"બાપુ, આ ચારણીઆણીને ભાભી કહેવાથી બહુ ખુશી થાય છે."

જામને કુમતિ સૂઝી. પ્રભુ જાણે! એમની આંખોમાં યે કદાચ મલીનતા આવી હશે! એમણે કામબાઇને કહ્યું: "ભાભી! મારો ભાઈ ઘોડા વેચીને હજુ ઘેરે નથી આવ્યા કે?"

કામબાઇનાં રોમાંચ ઉભાં થયાં. બોલ્યા ચાલ્યા વિના એ પાછાં વળીને ઘેર ગયાં. મનમાં થયું કે: "હાય! હું આટલી બધી સુંદર, એટલે જ શું આજ રાજાની નજર બગડી? રાજા તો મારો ભાઇ ગણાય! એણે ભર ડાયરા વચ્ચે મને ભાભી કહી! ધિક્કાર છે આ રૂપને!"

છરો લઇને કામબાઇએ પોતાનાં બન્ને સ્તન કાપી નાખ્યાં. કાપીને થાળીમાં મૂકી, થાળી પર રૂમાલ ઢાંકી, એ લઇને પોતે ચોરા તરફ ચાલ્યાં.

એની છાતીમાંથી લોહીની ધારા છૂટી નીકળી છે; અંગ કંપી રહ્યું છે; એ ભયાનક રૂપ ભાળીને જામ ભાગ્યા. કામબાઇએ સાદ કર્યો કે. "ઉભો રહે, ઉભો રહે, આ લેતો જા." દુહો કહ્યો કે:

"હું બેણી ને તું ભા, સગા આગનો સબંધ,"
"કવચન કાછેલા, કે અવગુણે કહીયુ"

અર્થ—હે જામ ! હું તારી બ્હેન થાઉં ને તુ તો મારો ભાઇ થા. ક્ષત્રિનો અને ચારણનો ભાઇ બ્હેનનો સંબંધ તો કૈં કાળથી ચાલ્યો આવે છે. એ પુરાણા પવિત્ર સંબંધ અનુસાર તો તુ મારો ભાઇ થાય, ને હું તારી બહેન થાઉં. તો પછી, હે કાછેલા* ! આજ મારો એવો કયો ગુન્હો થયો કે તેં "ભાભી" એવું કુવચન [illegible]

થર થર કમ્પતો રાજા તે જ વખતે નગર તરફ ચાલી નીકળ્યો. ચારણી એની પાછળ ચાલવા [illegible] જઇને એક પગ કાપી નાખ્યો. [illegible] ગાઉ પહોંચીને બીજો પગ કાપ્યો. [illegible] આગોહનું આગોટનું [illegible] કાપ્યો [illegible]. ગાઉ પર જઇને બીજો હાથ પણ [illegible] દીધો.

[illegible] મહેલમાં જામે [illegible] હજુ [illegible] કરતી, [illegible] ચાલી [illegible] પર નમીને બોલ્યા:

"[illegible], મને પાપ[illegible] ભૂલા [illegible]"

"[illegible], કે તને [illegible] દીઠી [illegible] આ ઉત્તર [illegible] મહેલ [illegible]"

× × ×

બાર વરસ વીતી ગયાં. જામે [illegible] રાણીની સાથે પોતે એક દિવસ મહેલનાં [illegible]

રાણીએ પૂછ્યું. "નાથ, આ ઉત્તર [illegible] તરફની બારીઆના [illegible] લ્હેરો આવે, [illegible] એજ બારી શા માટે બંધ કરાવી [illegible]?"

"રાણી, એ દિશામાં એક ચારણી આપઘાત કરી મુવાં છે. એની મના છે."

"કેટલો વખત થયો ?"

* જાડેજાને 'કાછેલા' કહેવાય છે. કાછેલા=કચ્છમાંથી આવેલા

"બાર વરસ."

હસીને રાણી બોલ્યાં: "અહોહોહો! આજ બાર બાર વરસે એની મનાઈને શું ગણકારવાની હોય?"

રાણીના આગ્રહથી એ બંધ બારીની ઈંટો કઢાવવામાં આવી. સામે જ દરીઆનો વિશાળ ખારો વરસાદના જળમાં ડુબેલો પડ્યો હતો. ચોમાસા સિવાયની ઋતુમાં એ ખારા વચ્ચે પરગામના કેડા પડતા. બરાબર જાંબુડાથી જે કેડો આવતો, તે અત્યારે ડુબેલો હતો.

જામ સાહેબે રાણીને બોલાવ્યાં. આંગળી ચીંધીને જામે રાણીને કહ્યું: "જુઓ રાણીજી, પેલી જગ્યાએ પાણીની સપાટી પર ભડકો બળે. બરાબર ત્યાં એ ચારણીઆણી બળી મરેલી."

રાણીએ જોયું. બાર વરસની જુની એ જ્વાળા પાણી ઉપર સળગતી હતી

પણ રાજા જ્યાં આંગળી ચીંધાડવા જાય, ત્યાં તો એ દૂર બળતી જવાળા આંગળીને ટેરવે ચોંટી. અંગ આખું સળગી ગયું. રાજા બળીને ખાખ થયો.

ચારણોએ કહ્યું કે:

"ચારણ ને ચકમક તણી, આતશ મ ગણજે આગ"
"ટાઢી હોયે તાગ, તોયે લાગે લાખણશીઆડા"

અર્થ—હે લાખાજી જામ! ચારણની અંદર અને ચકમકની અંદર બેસુમાર અગ્નિ છુપાયા રહ્યા હોય છે. દેખાવમાં તો ચકમક ઠંડા છે પણ એની સાથે ઘસાય ત્યારે બાળીને ખાખ કરે તેવા તણખા ઝરે છે. તેવી જ રીતે આ વૃતાંતમાં પણ ઠંડા પાણીની સપાટી ઉપર ચારણની આગ બળતી હતી. કોઈ ન સમજે કે એ બાળી શકશે. છતાં ત્યાંથી છૂટીને એ તારી આંગળીએ વળગી, તને બાળી ભસ્મ કર્યો.

"જૂનો રાફ ન છેડીએ, જાગે કાળો જરાગ."
"જાગી જાડેજા સરે, કામઈ કાળો નાગ."

અર્થ—હે ભાઈ રાફડાને જૂનો અને ખાલી સમજીને ઉખેળવો નહીં. કારણ કે એમાં કોઈક દિવસ ઝેરી સર્પ નીકળી પડે જેવી રીતે ચારણ જ્ઞાતિરૂપી જૂના રાફડામાંથી જાડેજાના માથા ઉપર કામબાઈ કાળા નાગ જેવી જાગી.

આહિર યુગલનો કોલ

"આટલી બધી પ્રીત કેમ રહેવાશે ? વિધાતા આપણી જોડલી વ્હેલી વ્હેલી વીંખી તો નહીં નાખે ને ?"

"એવું અમંગળ શું કામે ભાખો છો ?"

"ના, ના, પણ ધાર્ય કે અચાનક મારૂં મોત નિપજે તો ?"

"તો પછી તમારી વાંસે જીવીને શું કરવું છે ? પ્રાણ કેમ કાઢી આપવા એ સ્ત્રીની જાતને ક્યાં નવું શીખવું છે ?"

"મરવું શું રેઢું પડયું છે ? આ ભરપુર જોબન, આ છલકતાં રૂપ, આ સંસારની મોહાશ-એમ તજવાં બહુ દોહ્યલાં છે, હો ! એ તો મ્હોંયે વાતો થાય."

"હશે, પુરૂષ જાતને મન પ્રાણ કાઢી આપવા વસમાં હશે. પોતાની પરણેતરની વાંસે કોઇ પુરૂષે દેહ પાડયો સાંભળેલ નથી. નારીની જાત તો અનાદિથી ચિતા ઉપર ચડતી આવી છે, આયર !'

કાઠિયાવાડના દેવગામ નામના ન્હાના ગામડામાં એક આયર રહેતા. નામ ધમળો. એને એકનો એક જુવાન દીકરો હતો. દીકરાનું નામ નાગ. નાગને પરણ્યાં હજુ ચાર પાંચ માસ થયેલા. રંભા જેવી નાર ઘરમાં આવેલી.

ઉપરની વાતો કરનારાં ધણી ધણીઆણી તે આ નવજુવાન આયર નાગ અને એની પરણેતર. અધરાતે સુવાના ઓરડામાં ઢોલીઆ પર બેઠાં બેઠાં ચાતકની જોડલી સમાં આ અભણ સ્ત્રી પુરૂષ, પોત પોતાની પ્રીતિનું વર્ણન કરી રહ્યાં હતાં. ઝાંખો ઝાંખો દીવો બળતો હતો.

નાગને મનમાં થાતું કેઃ " ઓહો ! શું આ સ્ત્રીનું મ્હારા ઉપર હેત ! મ્હારી પાછળ આ નારી ઝુરી ઝુરીને મરે હો !"

રોજ રાત્રિયે આવી આવી વાતો થાય. સ્ત્રી પણ પોતાના ધણીને તાવી જુએ કેઃ "હેં આયર ! હું મરૂં તો તમે શું કરો ?"

ગળગળો થઈને નાગ કહેતો કે: "મ્હારા સમ! એવું બોલ મા."

"ના, ના, પણ જુઓ! આ મારા માથાની લટ ઉડીને એવું ઉપર આવે છે. સાંભળોમાં કહેવાય છે કે જે આયડીને આમ [illegible] મરી જાય, ને એના ધણીને નવી નાર આવે."

"તને કરગરીને કહું છું કે એવું બોલીશ મા."

"એમાં શું? પુરુષને તો સ્ત્રી મરી ને ખાસડું ફાટયું એ [illegible] હું મરું તો શું તમે બીજી નહિ પરણો?"

[illegible] તમાસો નાખીને કહ્યું 'પ્રભુ [illegible]."

[illegible] શું [illegible]?"

[illegible] ક્યાં સુખી [illegible] હું [illegible] ને [illegible] નાગ [illegible] જુઓ [illegible] [illegible] નથી આવતા."

[illegible] મળી [illegible] ઉડાડી કર્યો. [illegible]

[illegible]

[illegible] ઓરડાની [illegible] અને [illegible] હૃદયમાં [illegible] આ [illegible] ને [illegible] કરવાની વાતો કરે [illegible] એક [illegible] !"

રોજ સવારે વ્હેલા [illegible] ને નાગ સાંતી જોડી બહાર જાય, ને [illegible] ટાણે પાછા વળે. બપોરનું ભાત માથે મૂકીને આયરાણી પોતે રોજ વાડીએ જાય. સાંઝ પડે ત્યાં તો, જેમ વાછરૂ [illegible] આની વાટ જોઈને રહે તેમ આયરાણી ઓસરીએ ઉભી ઉંબર ડીઠ માંડીને સાંતીના ખડખડાટની વાટ જુએ.

એક દિવસ નાગ તો વાડીએ ગયેલો. કોસ હાંકતો હાંકતો આયર જુવાન પ્રીતિના દુહા ગાય; એને માથે ઝાડની ઘટામાં કોયલ ટહુકે; મંડાણની ગરેડી જાણે કોઈ સ્વજનને બોલાવતી હોય એવી ચીસો પાડે. અને ધોરીઆમાં ચાલ્યું જાતું પાણી કો જાણે કોણ એ આઘે આઘે વસનારા પરદેશીને ભેટવા દોડતું હોય ને!

બપોર થયા. ગામના મારગ ઉપર મોતી જેવી આંખો માંડીને આયર જુએ છે કે ક્યાંય પેલી ભાતવાળી આવે છે કે? આજ શું કુવામાં [illegible] નથી?

ત્યાં તો નગાના બાપ [illegible] આવી પહોંચ્યા. નાગે નજર કરી તો બાપુના મોં ઉપર [illegible] દેખી.

'કાં બાપુ?' [illegible] કેમ?''

[illegible] થયો. વહુ [illegible]

ક્યાં છે?

'એને તો [illegible] દેવ થઈ ગ્યા.''

'[illegible]?'' આટલું બોલતાં તો નાગે પોતાની [illegible] ઉપાડીને પેટમાં મારી દીધું. '' [illegible] '' કરતો બાપ [illegible] ત્યાં [illegible] પડ્યો.

બરાબર [illegible]માં આ આવેલો કે તે જીવવાની આશા નહોતી. નાગે દેહ છોડ્યો. બાપ ચોધાર આંસુએ રોયો. અને [illegible] આયર [illegible] રોયું, કૂટ્યું, પોતાના ભરથારની ચિંતાના ભડકા આગે ઊભાં ઊભાં જોયા અને રોતી બેઠી. બારમે દિવસે તો એને પીયરથી ગાડું તેડવા આવ્યું, બાઈ ગાડે ચડીને ચાલી નીકળી. પાદરમાં પોતાના ભરથારની તાજી ચિતા જોઈને બે ચાર આંસુ પડ્યાં. મનની વેદનાને ભૂંસાતાં શી વાર લાગે? બાર મહિના વીત્યા ત્યાં તો આ બાઈના હૈયામાંથી નાગનાં સં-

બારણાં નીકળી ગયાં. એમન આવીને એના કાનમાં કહી ગયું કે: "હવે શી વાર છે?"

કશી વાર નહોતી. બીજા કોઇ એક ગામના આયર સાથે એના ભાઇઓએ એને નાતરે દીધી. એને તેડવા નવે સાસરીએથી મ્હેમાનો આવ્યા. ઘુઘરીયાળી વેલડીમાં બેસીને આયર યૌવના પાછી કંકુનો ચાંદલો કરીને નવે ઘેર જવા નીકળી.

સાંજનું ટાણું થયું. વેલડી રસ્તામાં દેવગામને પાદર ઉભી રહી. તેડવા આવનારામાંથી બેચાર જુવાનો ગામમાં નાસ્તો લેવા નીકળી પડયા. ચોરા આગળ તે રાત્રે ભવાઇ રમાતી હતી. જુવાનો ભવાઇ જોવામાં નાસ્તાની વાત ભૂલી ગયા. ઘણો સમય ચાલ્યો ગયો.

અંતે અકળાઇને આયર યુવતીએ વેલડીના માફામાંથી લગાર બહાર ડોકીઉં કર્યું. નજર કરે ત્યાં સામે એ કોણ ઉભેલો? — એક તાજો પાળીઓ — શોણિત રંગી તાજા સીંદુરમાં રંગાયેલો, આશાહીન, પ્રાણહીન, અબોલ પત્થરનો એક પાળીઓ!

કંકુના ચાંદલાવાળી એ નારીને સાંભર્યું એ પહેલી વારનું પરણેતર. માયરામાં બેઠેલો વિશાળ છાતીવાળો એ જુવાન — જેની તાજી ફૂટતી મૂછો એ યુવતીએ ઝીણા ઝાંખા પાનેતર માંથી નીહાળેલી; એને સાંભરી આવી પહેલવહેલી રાત અને બીજી એવી ઘણીએ અજવાળી રાત્રીઓ: એને સાંભર્યા એ માઝમ રાતના પ્હોર, એક બીજાની ચિતા ઉપર ચડવાના અંતરાતે આપેલા કોલ; અને અંતે સાંભર્યું એ કાળજામાં ખુતેલું દાતરડું.

આશાભેર નવે સાસરીયે જનારી આયરાણીના મ્હોંમાંથી એક ઉંડો નિસાસો નીકળી ગયો.

એ ટાણે એક ચારણનો છોકરો સંતાઇને ઝાડની ઓથે ઉભેલો. ચકોર છોકરો જાણી ગયો હતો કે આ તો નાગ આયરની જ બાયડી, આજ નાતરે જવા નીકળી છે. છોકરે ઉજળી અજવાળી રાતને પહેલે પહોર આ દેખાવ જોયો; પાળીઆની સામે મીટ માંડી રહેલી આયર-નારીને જોઇ, ચોપાસની અખંડ શાંતિમાં નીકળી પડેલો પેલો નિઃશ્વાસ સાંભળ્યો; તક જોઇને છોકરાએ બે ચરણો કહ્યાં:

" નાગ ! નિહાળી જોય, પોળાં મન પાથરીએ નહીં;
" કાઠ ચડ્યાં નહિ કોય, (આતો) ધંધે લાગ્યાં ધમળાઉત.

(હે નાગ ! જરા ઊંડું નિહાળીને જો, ગમે તેની ઉપર પ્રેમ પાથરીએ નહિ. તેં જેના ઉપર પ્રેમ પાથર્યો તે તો તારી ચિતા ઉપર ચડીને બળી મરવા ન આવી. એટલું જ નહિ, પણ હે ધમળાના પુત્ર ! એ તો પોતાને ધંધે વળગી ગઇ—બીજે નાતરું કર્યું.)

બાઇએ દુહો સાંભળ્યો. અક્ષરે અક્ષર સાંભળ્યો. સમજી ગઇ. બાકી હતું તે બધું યાદ આવ્યું. વેલમાંથી નીચે ઉતરીને એણે પોતાનાં નવાં સગાંને આખી કથની રડતાં રડતાં સંભળાવી, ને પ્રિયતમના પાળીઆની સમક્ષ ચિતા ખડકાવી. એ વસ્ત્રો સમેત, કપાળમાં એ મગળ ચાંલ્લા સમેત, આયરનારી ચિતા પર ચડી ગઇ. સર્વભક્ષી અગ્નિની વિષમ જ્વાળાએ એક ક્ષણમાં એ આયરાણીના સુકોમળ દેહને બાળી ભસ્મ કીધો. આહીર બાળ ની એ પૂનિત ભસ્મરાશીમાંથી અવાજ ગુંજી ઉઠયો: "આ.ાર.ર ૬ગા૮. અ.ધરાતે ઈ ધીહ ફે ૯ અકર યથા."



કટાસીનું કીર્તન

'પ્રવીણ સાગર' નામનો અદ્ભુત ગ્રંથ લખીને આખા હિન્દમાં સુવિખ્યાત થએલા ઠાકોર શ્રી મેરામણજી રાજકોટની ગાદી ઉપર સંવત ૧૮૦૦ પછી રાજ્ય કરતા હતા. કળા અને કવિતાના રસજ્ઞ એ રાજાના દરબારમાં રાજા ભોજની માફક કેટલાયે કવિઓ આદર પામતા. મુખ્ય ચાર જણા તો એના પરમ મિત્રો બની ગયા હતા. 'પ્રવીણ સાગર' લખવામાં એ ચારેનો હાથ હતો. એક જૈન જતિ જીવણવિજયજી, બીજા જેસો લાંગો નામે ચારણ, ત્રીજા પાલો ચારણ અને ચોથા એક બાવો.

મેરામણજીના દરબારમાં એક ઘોડા ફેરવનાર પઠાણ જમાદાર હતો. જમાદાર ઉપર ઠાકોરની અત્યંત કૃપા હતી. બહાર નીકળતી વખતે ઠાકોર પોતાની ગાડીની પડખેજ એનો ઘોડો ચલાવતા.

આ જમાદારે એક સોનારણને ઉઠાવી લાવીને પોતાના ઘરમાં બેસાડી હતી. એ સોનારણનો ધણી વેર લેવા નીકળી પડ્યો હતો. જમાદારનો પત્તો મેળવીને એ એક ખાખી બાવાનો વેશ લઈને રાજકોટ આવી પહોંચ્યો.

ગામ બહાર ધૂણી ધખાવીને આ સોની ઘણા દિવસ સુધી બેઠો રહ્યો. રાખના ઢગલાની અંદર થોડાએક રૂપીઆ પૈસા અને મ્હોરો એણે મિલાવી દીધાં. ધીમે ધીમે લોકો એની પાસે આવવા લાગ્યા. બાવો ચપટી ભરીને કોઇ કોઇને રાખ આપે, એમાંથી નાણું નીકળતાં એ રખ લેનારાને બાવાની ઉપર બહુ વિશ્વાસ બેસે. ગામનાં માણસો દોરા ધાગા કરાવવા આવ્યા કરે. એમ કરતાં બાવાની કીર્તિ ઠાકોરના દરબારગઢમાં પહોંચી. એક દિવસ ઠાકોરની એક અણમાનીતી રાણીની એ વડારણ બાવાની પાસે આવીને કહેવા લાગી કે: "બાવાજી અમારી બાઇ ઠાકોરનાં માનીતાં બને એવો મંત્ર કરી આપો."

બાવાજીએ આ બન્ને બાઇઓની સાથે ક્રમે ક્રમે વધુ સમાગમ રાખવા માંડયો. આખરે એક દિવસ બાવાએ સોનાનો એક અતિ કિંમતી દાગીનો એ વડારણોને આપીને કહ્યુ કે:

" જમાદારની વહુ સાથે ઠાકોરને અયોગ્ય વહેવાર છે. એટલીજ વાત ગામમાં ફેલાવી મૂકો, ને જમાદારને એવો વ્હેમ ભરાવો તો હું તમને ખૂબ નિહાલ કરી દઉં."

વડારણોએ વાત પ્રસારી. જોતજોતામાં તો ઘેર ઘેર એ અપવાદ પહોંચી વળ્યો. જમાદારના દિલમાં પણ ઝેર રેડાયું. દરમ્યાન જમાદારને પોતાના માનીતા આદમી જાણીને ઠાકોર વારંવાર અન્ય રાજસ્થાનોની અંદર મોકલ્યા કરે, એથી તો જમાદારનો વ્હેમ વધ્યો ! જમાદાર હજુ વધુ સચોટ પૂરાવાની શોધમાં હતો.

એક દિવસ સાંજે ઠાકોર ગાડીમાં બેસીને ફરવા નીકળ્યા. બાજુમાંજ જમાદાર ઘોડે ચડીને ચાલતા હતા. અકસ્માત જમાદારના મકાનવાળા માર્ગ પરથીજ નિર્દોષ ઠાકોરે ગાડી લેવરાવી. જમાદારનો સંશય વધ્યો.

જમાદારની મેડી ઉપર એ વખત એની પત્ની પાસે પેલી બન્ને વડારણો બેઠેલી. દૂરથી મહારાજની નેકી સંભળાણી. ગાડી પણ દેખાણી વડારણોને લાગ મળ્યો.

વડારણો સોનારણને કહે: "બા, બાપુને કદી જોયા છે ?

સોનારણ બોલી "ના."

" અરે બા ! જુઓ તો ખરા ! આજ ઠીક જોગ થયો."

" ના બ્હેન ! પઠાણને ખબર પડે તો મારો જીવ લ્યે."

" પણ અમે આ બારીમાં ઉભી રહેશું. તમે અમારી વચ્ચે છૂપાઇને બાપુને જોઇ લેજો. એમાં કયાં પઠાણને ખબર પડવાની હતી ? બાપુ તો આપણા માવતર કહેવાય."

સોનારણને પણ ઠાકોરનાં દર્શન કરવાનું કુતૂહલ થયું. બારીની અંદર બન્ને વડારણો ઉભી રહી, બાપુની ગાડી નીકળી

એટલે દુઃખણાં લેવા લાગી, વચ્ચે છુપાઇને સોનારણ પણ ઉભી રહી.

જેવી આડી નીકળી કે અકસ્માત મોટું મકાન જોઇને બાપુની નજર ઉંચે ચડી; એટલે તરત જ બન્ને વડારણો બેસી ગઇ. નિર્દોષ સોનારણને ખબર પડે, એ ખમી જાય, તે દરમ્યાન તો પડાણીની આંખોએ એ દેખાવ જોઇ લીધો. અને પાકો પૂરાવો મળી ગયો: એવું મનસૂબો કરી લીધો.

વડારણો રાકડકાટ કરતી મેડી ઉતરીને રવાના થઇ ગઇ.

અધવચથી જ પડાણુ હુશીઆરી સહિત પોતાને મકાને પહોંચ્યો. સોનારણ કંપતી હતી. પડાણે વિચાર કર્યો કે: "પહેલી આને મારીશ તો ઠાકોરને ખબર પડી જશે માટે પહેલો ઠાકોરને મારૂં."

તુરત એ ઓરડામાં સોનારણને પૂરી, તાળું વાસી પડાણ કચેરીમાં પહોંચ્યો. ઠાકોર પોતાના મિત્રો સાથે બેઠેલ. નિર્દોષ ઠાકોર પૂછતા હતા કે: "એકાએક જમાદાર ક્યાં ચાલ્યા ગયા ?"

કોઇ ખુલાસો ન કરી શક્યું.

જમાદાર હાજર થયા. ઠાકોર બોલી ઉઠયા કે: "આવો, આવો, નજીક આવો જમાદાર."

જમાદાર તલવાર ખેંચીને ઠાકોર ઉપર ઘા કરવા ધસ્યો. પલવારમાં તો અસાવધ રાજા કપાઇ જાત. ત્યાં તો પાસે બેઠેલા જેસા લાંગાએ પોતાની કમરમાંથી કટાર ખેંચી જમાદારના હૈયામાં હુલાવી દીધી. ઠાકોર બચી ગયા.

ઠાકોરે તમામ હકીકત જાણી. પોતાના પ્રાણદાતા જેસા લાગાને એણે એજ વખતે 'રેણુકી' નામનું ગામ વંશપરંપરાને માટે માંડી આપ્યું, ને ઠાકોર બોલ્યા: "જેસા લાગા, મારી હોંશ એટલેથી પૂરી નથી થતી. હું તમને ગમે તેટલો બદલો આપું તો યે મારૂં મન તૃપ્ત ન થાય."

કવિ-હૃદય શી રીતે તૃપ્ત થાય? એક કવિતા બનાવીને! ચારણોની કવિત્વ શક્તિને લજ્જિત કરે એવા એક સુંદર

ગીતની અંદર ઠાકોરે પોતાના ઉગારનાર જેસાની કટારીને અમર બનાવી છેઃ

ગીત

૧

ભલી વેડારી કટારી, લાગા, એના દી' કળાકા ભાણુ
સંભારી કચારી માઢ્ઢા હોતંતે સગ્રામ;
ટેમજરી નીસરી પનારી સાત્રવાકા હૈયા
મુજમાં જ ગાજે થા'ી હોથારી ઇનામ.

૨

ચૂડી અને આબરાકી જમદ્દ કરી પાર
હસેડી શાત્રવા હૈયે રાખવા ધરમ
મંબોળી રાજમા ચઢ્યા કટારી સાથ કઢી બાર
હોળી જમા પાછરાદ્રા નીસરી હુજન.

૩

અબાઢી બીજલી જાણું ઉતરી શી આણુ એર
માણુ હીરાકણી જડી નબારે સગ્રાથ;
માળીએ રે। મૃગાનેણી એડી શત્રુઆળી માય
હેમરે જાગાએ કઢી શાહુજાદી હાથ.

૪

કરી વાત અખીઆત, અણુ ભાગ ન થૈ કણી
જરી જાળીઆમા તરી જોવે આંખ ઝાંખ,
શાત્રવાકા હીયા બીચ સોસરી કરી ને જેસા
ઇશારી નીસરી કે ના નીસરી શા આંખ

અર્થ— યુદ્ધ કરનાર અનિ મનર્દ હે લાગા ! જાડેના દિવસ તે કમરમાં કટારી બાંધી એ આજે સાર્થક થયું આજ બરાબર સંગ્રામને વખતે જ એને તેં ઠીક યાદ કરી. શત્રુનું હૃદય ચીરીને સોંસરી બહાર નીકળીને તારી અજબ સુવર્ણ-જડિત પેધારી કટારી જેમ જાણે પોતાના પરાક્રમનું ઇનામ માગતી હોય, એવો દેખાવ થયો.

૨. તારી કટારી કેવી ? જાણે અઢી અક્ષરનો મારણ-મંત્ર !* જાણે જમની દાઢ ! તારો સ્વામી-ધર્મ સાચવવા તેં એને શત્રુની છાતીમાં ઘોંચીને આરપાર કાઢી. અને પછી જ્યારે લાલ લાલ લોહીથી તરબોળ બનાવીને તેં એને પાછી ખેંચીને બહાર કાઢી, ત્યારે એ કેવી દીસતી હતી ? જાણે હોળી રમીને લાલ રંગમાં તરબોળ બનેલી બાદશાહની કોઈ હુરમ બહાર નીકળી !

૩. કેવી ! કેવી એ કટારી ! અહો, જાણે અષાડ માસની વીજળી આકાશમાંથી ઉતરી હોય ! અને લોહીના રંગાઈને જ્યારે એ આરપાર દેખાઈ; ત્યારે એવું લાગે કે કેમ જાણે કોઈ મહેલને ઝરૂખે બેઠેલી મૃગ-નયની શાહજાદીએ લાલ હીરાથી જડેલા નંગવાળો પોતાનો હાથ સોનાના જાળીઆમાંથી બહાર કાઢ્યો હોય !

૪. બીજા કોઈથી ન બને તેવી વાત આજે તેં કરી. કરાવાર. કેવી લાગે છે એ કટારી ! જાણે જાળીઆમાં બેઠી બેઠી કોઈ રમણી જરી જરી ઝાંખું ઝાંખું નિરખતી હોય, પતિની વાટ જોતી હોય ! અહો, જેસા ! એમાના જેવી નહીં. પણ એ તો શંકરની ત્રીજી પ્રલયકારી આંખ જેવી મને લાગી.

---

* એને શંકરનો મહામંત્ર કહેવાય છે. એ મંત્ર 'ચંડીજી'માં છે. એના જાપથી ગમે તે માણસને મારી નાખી શકાય, એવું માનવામાં આવે છે.

રાવળ જામ અને જેસો વજીર

—:૦:—

પંદરના સૈકામ કચ્છથી આવેલ રાવળ જામ બેડ ગામમાં રાજધાની સ્થાપી રહેતા હતા. ત્યાંથી એક વખત શિકારે નીકળ્યા.

છપ્પય

એક સમે અસવાર, ચડે ભૂપત આખેરહ
લીયે સુભટ અતિ લાર, ત્રંબક બાજત નત્રીકહ
નદી નાગને નામ, નાગ બંદર તીત નોડે
ઉઠે શંશો અશંક, દેખ કુકર પીછ દોડે
સો ઉલટ હુવો સામો શંશો, સો અચરજ અવશેખીયો
રાવળહ મન ધારી રહશ, પ્રબગ સુથાનક પેખીયો.

(આખેરહ=શિકારે. લાર=સાથે. નોડે=નજીક.)

રાવળ જામની સવારી નાગમતી નદીના કાંઠા પર આવી. સાથે શિકારી કુતરા હતા. તેમાંથી નદીના કાંઠા પરથી એક સસલો ઉભો થઇને શિકારી કુતરા સામે ક્રોધ કરી દોડયો. તે જોઇ કુતરા પાછા હઠયા. મહારાજા રાવળ જામ સાથે કેટલાક વયોવૃદ્ધ અનુભવી ઉમરાવો હતા. તેમણે કહ્યું કે: આ ભૂમિ પ્રતાપી ભાસે છે. તો આ સ્થાને જો શહેર વસાવો તો તે શહેર સોરઠમાં અલૌકિક થાય. ભૂમિના પ્રભાવથી મનુષ્યો પણ પરાક્રમી થાય, ને આપનો વંશ શત્રુથી અપરાજીત રહે. આ સલાહ ઉપરથી રાવળ જામે વિદ્વાન્ બ્રાહ્મણોને બોલાવી ત્યાં ખાત મુહૂર્ત કરાવ્યું

છંદ વેતાળ

નૃપ જામ રાવળ સુણો નિશ્ચય, એક સુગુન ઉચ્ચાર હે,
યહ ઉપર ખીલી આણુ અણુડગ, વીશદ લગન વિચાર હે;
પરકાસ સંવત કહે પનરહ, સાલ છનવે શોધીયો,
સત ચોદ શાકા નૃપહ એકસઠ, પ્લવંગ છમસર પેખીયો.
રત પાવસહ ફીર ગોળ ઉત્તર, માસ શ્રાવણ માનીએ,

પખ શુક્લ સપતમ ઘડીક એક, પરતાય ચાળીસ પળ ત્રીએ;
બુધવાર લગનહ દેખ હું, નખંત્ર સ્વાત અનુપકં,
ગ્રહ ઘડી સતરા પળાહ ચોપન, જોગ શુક્લં જોયકં.
ચાળીશ નવ ઘટીકા વિચારહ, પળાહ ચોપન પેખીયે,
કર કરજ વાણીજ એક ઘટીકા, હોય વીશ મર દેખીયે;
ઉદીયાત ઘટીકા એકપળં અરૂ, ત્રીશ આઠહ તોલકં,
તૃતીયંહ આયે જનહ દખણુ, વિવિધ તીબુ ગત બોલહું.

અર્થ—બ્રાહ્મણોએ શુકનાવળી જોઈને કહ્યું કે: "આ સ્થાને શહેર વસાવો તો મોટું અજીત નગર થાય." તે ઉપરથી સંવત ૧૫૯૬ શકે ૧૪૬૧ પ્લવંગ નામના સંવત્સરમાં વર્ષાઋતુના દક્ષિણાયનમાં શ્રાવણ માસની શુકલ પક્ષની સાતમ વાર બુધવાર, કે જે દિવસ સાતમ એ. ઘડી ને ૪૦ પળ હતી, સ્વાંતી નક્ષત્ર ૧૭ ઘડી ૫૪ પળ હતું, શકલ જોગ ૪૯ ઘડી ને ૫૪ પળ હતો: વાણીજ કરણ એક ઘડી ને ૪૩ પળ હતું: ને વખતે ઉદયાતઘડી ૧ ને ૩૮ પળના સમયમા શહેરનુ ખાત મુહૂર્ત કર્યું.

નગર શહેર વસાવ્યા પછી રાવળ જામે બેડથી તમામ રયાસત, કુટુંબ કબીલા તથા ભાયાત સહિત નગરમાં આવી વાસ કર્યો. તે પ્રતાપી તથા નીતિવાન રાજાના પ્રભાવથી, બીજા શહેરોમાંથી પણ વસ્તી ત્યાં આવી વાસ કરવા લાગી. શહેર દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યું.

તે અરસામાં દેગામ નામના ગામમાં–મેરુ શાખાના જસવંત ગઢવી નામે અતિ વિદ્વાન કવિ રહેતા હતા. તે કવિરાજને હળવદના ધણી રાજ માનસિંહજીએ લાખપશા આપી, અજાચી વ્રત ધારણ કરાવ્યું હતું. અજાચી વ્રત ધારણ કર્યા પછી કવિથી કોઇ પણ રાજા પાસેથી કાંઇ પણ દાન લઈ શકાય નહીં તે કવિરાજ જસવંત મહેડુની વૃદ્ધાવસ્થા હતી તે મહામહારાજ હતા. તેમના મનમાં દ્વારિકા યાત્રા કરવાની ઇચ્છા થઇ. તે પરથી કવિરાજ દ્વારિકા યાત્રા કરવા ગયા. યાત્રાએથી વળતાં કવિરાજ જામનગર આવ્યા.

* મુર=૩

જામ સાહેબે કવિરાજને પોતાની મુલાકાતે બોલાવ્યા. કવિરાજને મળ્યા, તેમની કવિતા ને વાતો સાંભળી જામ સાહેબ ઘણુંજ ખુશી થયા. કવિરાજ રજા માગે, પરંતુ જામ રજા આપે નહી. એક માસ રોકયા કવિરાજે અત્યંત આગ્રહથી રજા માગી. તે વખતે જામ સાહેબે તેમને લાખપશા આપવાનો નિશ્ચય કર્યો. લાખપશા એટલે એક ગામ, એક હાથી ને લાખ રૂપીયા રોકડા. મોટી કચેરી ભરી તમામ ભાયાતો, સીરદારો અને શેઠ શાહુકારોને વસ્તીના તમામ અગ્રણ્ય પુરૂષોને એકઠા કરી, કવિરાજને બોલાવી, લાખપશા, ગામનો લેખ વગેરે હાજર રાખ્યા હતા. તે કવિરાજને આપવા લાગ્યા. કવિરાજે હાથ જોડી અરજ કરી કે આપ મહા દાતાર છો પણ હું લાચાર છું કે બીજાનું દાન લઇ શકું નહી. કારણ કે મેં અજાચી વ્રત ધારણ કરેલ છે. માટે હું માફી માગું છું.

અતિ આગ્રહ કરતાં પણ કવિરાજે હા ન પાડી ત્યારે જામ સાહેબે કહ્યું કે: "ઇશ્વર તમારી ટેક કાયમ નિભાવશે. પરંતુ ભવિષ્યમાં મારા લાયક કામકાજની જરૂર પડે તો મારી પાસે માગી મને કૃતાર્થ કરશો. એજ મારી છેવટની માગણી છે."

કવિરાજ વિદાય થઇને પોતાને ગામ દેગામ આવ્યા. ને ઇશ્વર ભજનમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યા. તે વખતે વાગડમાં જે ગેડી ગામ હતું. ત્યાં મેકરણ વાઘેલો રાજ કરતો હતો. તેમની આગળ કોઇ કવિએ દેગામવાળા જસવંત મહેડુની પ્રશંસા કરી કે: નગર જામસાહેબે લાખપશા આપવા કહ્યું તો પણ કવિએ લીધા નહીં. મેકરણ વાઘેલે નિશ્ચય કર્યો કે ગમે તેમ થાય; પણ જસવંત મહેડુને યાચના કરાવું તોજ મારૂં નામ મેકરણ. તેણે યુક્તિ ગોઠવી કે દેગામમાં જઈ તેમના તમામ ઢોરઢાંખરને આંકી ઉપાડી લાવવાં, ને પાછા જ્યારે માગે ત્યારે કહેવું કે–લ્યો આ દાનમાં પાછા આપું છું–તો તે લેશેજ. મેકરણ વાઘેલાને આ કુબુદ્ધિ સુજી. પચાસ ઘોડા લઇ દેગામ આવ્યો.

જસવત મહેડુને ગાયે ભેંસોને બહુ શોખ હતો. તે બસો ત્રણસો ઢોર રાખતા હતા.

ઢોર ચરવા ગયાં હતાં, ત્યાં મેકરણુ વાઘેલે આવી ઢોર વાળ્યાં. ઢોર ચારનારે કહ્યું કેઃ "આ ચારણનાં ઢોર છે. તે તમારાથી-ક્ષત્રીથી ન લઈ જઈ શકાય. ચારણના ઘર પર લુંટ અન્ય વર્ણ પણ ન કરે. હજી સુધી ચારણ પર લુંટ કર્યાનો દાખલો નથી. તો તમે ક્ષત્રી ઉઠી આ શું કરો છો?" ત્યારે મેકરણુ વાઘેલે કહ્યું કેઃ "જસવંત મહેડુને કહેજો કે ગેડી ઠાકોર તમારાં ઢોર લઈ ગયા છે. તે પાછાં લેવાં હોય તો ગેડી જજો." આટલું કહી ઢોર હાંકી મુકયાં. માણસોએ આવી વાત કરી. જસવત મહેડુએ વિચાર કર્યો કે 'મને ઢોર પાછાં આપો' એમ તો હું ન કહું. બીજા ચારણોએ કહ્યું કે આપણાં છે તે આપણે પાછાં માગવા તેમાં શું હરકત છે? પરંતુ જસવત મહેડુએ પોતાનો નિશ્ચય ફેરવ્યો નહીં. તે ચારણના ધર્મ પ્રમાણે ત્યાં જઈને જ મરવું તેમ નિશ્ચય કર્યો. તે પરથી બીજા ચારણો પણ સાથે ચાલ્યા ને ગેડી ગયા. ચારણોએ ત્રાગાં કરવાં શરૂ કર્યાં. જસવત મહેડુએ કમળપૂજા કરવાનો નિશ્ચય કર્યો.

તે વખતે તેમને સ્મરણ થયું કેઃ જામસાહેબે મને વચન માગવા કહ્યું છે આ યોગ્ય સમય છે તે પરથી એક ગીત લખ્યું.—

ગીત

જગ જેઠ રાવળ લખે જાયા મુડસ માઝી મેર
ઉથાપ થાણો નાખ અળગી ગેહડી ગોડેર ૧

માળીઅે બેસાડ મરઘા ઢોર કર ઈગ ઠામ
હેકાર ગેડી તણી હાલા (જડ) કાઢ રાવળ જામ ૨

અભનમા લાખા જાય ઉજડ વડાં જેહી વાર
મેકરણુ પડધા સોત માથે, માર ચારણમાર ૩

હેથાટ કટકા મેલ હાલા હઠી દાખવ હાથ
નીંગણાચી નવડ નાયક રાવ શુણ રઘુનાથ ૪

અર્થ—લાખો પુરૂષોમાં શ્રેષ્ઠ હે રાવળ જામ! હે મોટાઓમાં મેરૂરૂપ [માઝી મેર]! હે ટેકીલા (મુડસ)! આ ગેડીના રાજ્યનો નાશ કરી નખજે. એના મહેલેનાં સૂનાં ખંડેરો પર હરણાં બેસે એવું કરજે. એ ચારણના મારનાર મેકરણને એનાં પાડોશીઓ [પડઘા] સહિત મરજે મોટું [હેથટ] સૈન્ય [કટકા] મોકલીને, હે હઠીલા ક્ષત્રી, તારો હાથ બતાવી દેજે ચારણની [નીપણુચી] આટલી રાવ સાંભળજે.

પોતાના ભાણેજને એ ગીત આપીને જામનગર તરફ રવાના કર્યો, ને પોતે કુમળાપૂજા કરી.

ચો કાગળ લીખ મેલે આતુર: ચીતવત ધ્યાન ઇશ્વરો આતુર
ધું કાટે શિવ ઉપર ધરીયો: મહુ અપઘાત કરે કુવી મરીયો.

જસવત મહેડુએ વીશ નખ જીવતા ઉતારી પોતાનું માથું પોતાના હાથથી કાપી શંકર ઉપર ચડાવ્યું. બીજા ઘણા ચારણો ગળે સૂયા ઘાલી તથા બીજાં ત્રાગાં કરી મૂવા. આખા વાગડ દેશમાં હાહાકાર થઇ ગયો જસદ મહેડુનો ભાણેજ જામનગર પહોંચ્યો જામનગરમાં જયા ખબર પુછે ત્યાં ખબર મળ્યા કે:—જામસાહેબને જુનાગઢથી આમંત્રણ થવાથી ત્યા પધાર્યા છે. તે વખતે જુનાગઢમાં બાદશાહ અકબર તરફથી તાતરખાં ગોરી નામના સુબા રહેતા હતા. તે જામ સાહેબના ખાસ સ્નેહી હતા. ને અરસપરસ મિજબાનીઓ આપતા તેથી રાવળ જામ જુનાગઢ ગયા હતા. ચારણ જામનગરથી રવાના થઇ જુનાગઢ આવ્યો.

જામસાહેબ માટે થાળીઓ આવી ગઇ હતી. જમવા બેસવાની તૈયારી હતી. ત્યાં તો જામસાહેબનો હજુરી કાગળ લાવ્યો જામસાહેબ કાગળ ને ગીત વાંચ્યાં. “ખાવું હરામ છે, જલદી ઘોડા તૈયાર કરો” એમ કહી જામસાહેબ પીરસેલી થાળી પરથી ઉઠી ગયા.

છંદ દીવાસરી.

જુનાગઢ રાવળ સમહેજણું; ધરૂ હેત મિજમાનપણે ઘણું;
ઓછવ જામ જીમણ કજ આવત; ઉંહાસ કાગજ જાય દીયો અત;

આવે કુમત, નબળો આવો, આવા [illegible] ન, અકલ ખોલ
સંકટ ચારણ ઢીલ કરે શાને, મુળ [illegible] કહે [illegible]

જામસાહેબને જવાનો ઘણો [illegible] કર્યો પરન્તુ પોતે કહ્યું કે ચારણને [illegible] સંકટ હોય તે વખતે ક્ષત્રી કેમ ખાઇ શકે ? ફોજની તૈયારી થવા લગી તે વખત જામ સાહેબની ફોજમાં લાડક સાખનો જેસા નામનો એક રજપૂત, પેહલ ફોજનો જમાદાર હતો. રજપુતની આકૃતિ [illegible] તેના તમામ ગુણો ક્ષત્રી વરાને છાજે તેવા હતા. જામસાહેબની પણ તેના તરફ લાગણી હતી. જ્યારે ફોજની તયારી થવા માંડી, ત્યારે જામસાહેબે લાડક જેસા જમાદારને બોલાવીને કહ્યું કે 'ગેડી આહીંથી ૭૦-૮૦ ગાઉ થાય છે ત્યાં તમારા પેદલ માણસો ન પહોંચી શકે માટે તમે ગાયસા પેદલને લઇ તમે જામનગર જાઓ. અમે ગેડી આવ્યા પછી નગર આવશું.' જેસા [illegible] કહ્યું કે "[illegible] તમને [illegible] મેળવીશું ? અમારે [illegible] અમને સાથે લઇ જાઓ. અમે આપના ઘોડાની સાથે રહીશું." જામસાહેબે કહ્યું કે 'મારી [illegible] છે, માટે તમારી જરૂર નથી. તમે [illegible] ઘણો આનંદ કરો.' [illegible] જામસાહેબે [illegible] થી જેસો જમાદાર તથા પાયદળ [illegible] રવાના થયા.

જેસા જમાદાર નગર તરફ રવાના થયા [illegible] પોતાના માણસોને કહ્યું કે વિચાર કરો આપણી જાતને કે આપણે ઘેર જઇએ ટીએ ભાઇઓ ' તમે બધા [illegible] [illegible] કરો, ને દિવસ રાત ચાલવાનું કાયમ રાખો તો આપણે ઘોડેસ્વારોની પહેલા ગેડી પહોંચી ગેડીને પાયમાલ કરી [illegible] જામની [illegible] કરવી જોઇએ જો [illegible] તો આપણી કાંઇ કિંમત નહીં રહે,

છંદ

વખતે જેસે કીધો વિચારહ, આપણ કીમત રહી નહ એકહ
જો અશ્વ આગળ અમ પણ જાવે, આગમ મરણ જેસ તો આવે

અર્થ—જેસાએ વિચાર કર્યો કે આપણી કિંમત તો કાંઈ ન રહી. માટે જો આપણે ઘોડેસ્વારોની આગળ જઈએ તો જેમ વ્હેલું મોત મળશે, તેમ તે સાથે સુયશ પણ મળશે.

જેસા જમાદારના શબ્દો સાંભળી તમામ પ્યાદાએ એક અવાજે કહ્યું કે: રાત દિવસ ચાલીને આપણે ઘોડેસ્વારોની પહેલા પહોંચી ફતેહ કરીએ. તમામ રજપૂતોએ નિશ્ચય કરી ગેડી તરફ ટુંકે રસ્તે ચાલવા માંડયું.

ત્વરમત કરીને પ્યાદા હલીઆ: ભડજા મોર ગેડી મળીઆ
લુંટી સબ ગેડુડી લીધી: સ્વરણ ફતે જામરી કીધી.

(ભડજા: ઘોડેસ્વારો)

જેસા વજીર તથા પ્યાદા રાત દિવસ ચાલ્યા. બાર પહોરમાં ૭૦ ગાઉ કાપ્યા. વચમાં કેટલાક માણસ રહી પણ ગયા. તે છતા જેસા જમાદાર ચારસો માણસો સાથે સવારમાં ગેડી પહોંચ્યો. મેકરણ વાઘેલો અજાણ હતો. તેની પાસે કાયમ નોકર તરીકે માણસો થોડાં હતાં. આસપાસથી એકઠા કરવા ધારે તો બે ત્રણ હજાર માણસો મેળવી શકે. પરંતુ જેસા જમાદારે પ્રભાતમાં ગેડીમાં દાખલ થઈ યુદ્ધ શરૂ કર્યુ. મહા ભયંકર લડાઈ ચાલી. તેમાં મેકરણ વાઘેલો માર્યો. તેના કેટલાય માણસો મરણા. જેસા જમાદારના પણ કેટલાક માણસ મરાણા ને કેટલાક ઘાયલ થયા. છેવટે જેસા જમાદારની ફતેહ થઈ. વાઘેલામાં બાકીના કેટલાક ભાગી ગયા. જેસા જમાદારે ગેડી કબજે કરી, જામ સાહેબના નામની દુહાઈ ફેરવી જામસાહેબનું નિશાન ચડાવી દીધું. બે કલાક થયા હશે. ત્યાં રાવળ જામની સવારી આવી. ગેડી નજીક તુરત જ આવતાં જામસાહેબના સરદારો જુએ છે તો ગામ પર જામસાહેબનું નિશાન ભાળ્યાં. જામ સાહેબને આશ્ચર્ય થયું. ત્યાં તો જેસો જમાદાર વગેરે સૌ સામા આવ્યા. જામ સાહેબને વાત કરી જામસાહેબે જેસા જમાદારને શાબાશી આપી અને ત્યારથી એને વજીરની પદવી આપી.

રાવળ વાત સુણી ઇણ: વારી, રંગ જેસે સબ વાત સુધારી
ગેડીગઢ અર કુળ વાઘેલા, ખોદે છાવડ કરે સખેલા
જસવત વેર લીયો ઇમ જામે, કોડ જંગા લગ રહેશે કામે
પ્રાક્રમ કર નૃપ નગર પધારે, ત્રુર ફેરાં યોં ગહેડી મારે
(છાવડ=પ્રાફ. સખેલા=રમતમાં. ત્રુર=ત્રણ)

ગેડીની જમીન તમામ ખોદી કાઢી નામ નીશાન ન રહેવા દીધું ને પાછી પોતે પ્રતિજ્ઞા લીધી કે "ગેડી વસવા ન દેવી. મારા વંશજોને પણ સોગંદ છે કે ગેડી ન વસવા દેવી" જામનગરના ઇતિહાસમાં ત્યાર પછી ત્રણ વખત ગેડી વસી અને ત્રણ વખત જામસાહેબે ભાંગી છે.

પા.-૧૪૮—માળીએ ખેસાડ મરઘા=મહેલ પર મૃગલાં બેસાડ એટલે કે એની મહેલાતો ઉજ્જડ કરી નાખ. પાયમાલ થએલા માણસને માટે કહેવાય છે કે ' એને ત્યાં તો હરણાં બેઠાં ગયાં ''



રાયસિંહજી તથા ધ્રોળ જસાજી

—*×*—

હળવદની ગાદી પર પરાક્રમી રાજા રાયસિંહજી થઇ ગયા. એક વખત રાજકુટુંબ, ભાયાનો અને સરદારો સાથે ત્રગરસ્તે દ્વારિકાની યાત્રા કરવા નીકળ્યા. ચાલતાં ચાલતાં ધ્રોળ નજદીક આવ્યા. ધ્રોળમાં તે વખતે હરધોળજીના કુંવર જશાજી રાજ્ય કરતા હતા. જશાજી મહા પરાક્રમી હતા. તેના સિમાડામાં કોઇ રાજાથી ડંકો નહોતો વગાડાતો. તેમાં હળવદરાજ રાયસિંહજી ધ્રોળના સિમાડામાં આવ્યા ને ડંકો શરૂ કર્યો.

દોહા

રાયસિંહ ઉમંગીયા, કરવા તિરથ કાજ;
કરીયા લોકસ એકઠા, સુત બાંધવ ભડ સાજ. ૧
હળવદ હુંશે હલીયા, લઇ ચતરંગ દળ સાથ;
ગ્રવા મંજન ગોમતી, નૃખવા જાદવ નાથ. ૨
દરમજલ ડેરા દીયા, કીનો ધ્રોળ મુકામ;
ડંકા ત્રંબક વાગીયા, શુણીયા જસવત શામ. ૩
મદ છકીયો છકીયો મરદ, બોલે યોં બરદાળ;
આજ શાદુલા ઉપરે, ત્રટકે કયોં ત્રંબાળ. ૪
કીનો હુકમસ ચાકરાં, ત્રોડો અહ ત્રંબાટ;
રાજ ઘણો મન રોશીયો, ઘડ ઘડ મનમાં ઘાટ. ૫

ધ્રોળ ઠાકોર જશાજીએ ડંકો સાંભળ્યો, એટલે મહા ક્રોધમાં આવીને કહ્યું કે “શાર્દુળ સિંહને માથે ગર્જના ન હોય; મારા સીમાડામાં કોઇથી ડંકો ન વગાડાય. માટે જઇને કહો કે બંધ કરે. જો બંધ ન કરે તો ફોડી નાખજો.’

તેમના સરદારો તૈયાર થઇ બહાર આવ્યા. તપાસ કરે ત્યાં ખબર મળી કે હળવદ રાજસાહેબ રાયસીંહજી છે. સરદારોએ રાજસાહેબ પાસે આવી વિનયપૂર્વક કહ્યું કે: “ આ ધ્રોળ છે તે આપ જાણતા હશો. આ ગામના સીમાડામાં કોઇથી ડંકો ન વગાડાય.

રાજસાહેબ રાયસિંહજીએ જવાબ દીધો કે. એ ધ્રોળનો ધણી છે તો હું હળવદનો ધણી છું. મને જગત 'ગુજરો નાથ,' કહી બોલાવે છે. ડંકો દુનિયામા બંધ કરનાર કોણ છે?

આ સાંભળી જે સરદારો આવ્યા હતા તે ચિડાયા ને તમામ ડંકાપર તૂટી પડયા. ડંકો તોડી નાખ્યો. રાજસાહેબના માણસો સામા થયા. કેટલાક ધ્રોળના માણસો મરાયા ને કેટલાક હળવદના. પરંતુ ડંકો ફોડયો તેથી રાજસાહેબને અતિ ક્રોધ થયો. તેમની સાથે તે વખતે લડાઇ કરે એવાં સાધનો નહોતા તેથી તે વખત વિચાર કરી, ગમ ખાઇ ગયા પરંતુ પોતાના અંતઃકરણમાં જશાજી પ્રત્યે પુરૂં વેર ઉત્પન્ન થયું...." એક વખત ધ્રોળને પાયમાલ કરીશ "

એ વિચાર કરતાં પોતે રવાના થયા. જામનગર નજીકમાં આવ્યા ત્યારે જેસો વજીર સામા લેવા આવ્યા ને આગ્રહથી જામનગરમા તેડી ગયા. તે વખતે જામનગરની ગાદી ઉપર રાવળ જામના નાના કુંવર વીભાજી હતા મોટા કુંવર-જીયાજીના કુંવર લાખાજીને ગાદીનો હક્ક છતાં દગાથી વીભાજી ગાદીપર બેસી ગયા હતા. તેથી તેમના ગાગા કાકાના દીકરા ધ્રોળ જશોજી નરાજ થયા હતા. તેમણે કહ્યુ કે ' જ્યાં સુધી ખરા હકદારને ગાદી ન મળે ત્યાસુધી નગર સાથે મારે વિરોધ છે " આ ઉપરથી જામ વીભાજી તથા જશાજીને વેર થયું હતું. તેમા જામસાહેબે વાત સાંભળી કે રાજ રાયસિંહજીનાં નગારાં ફોડી નાખ્યાં. તમણે રાયસિંહજીને ત્યા બોલાવ્યા. રાયસિંહજીયે જેશા વજીર આગળ ધ્રોળની તમામ હકીકત જાહેર કરીને કહ્યુ કેઃ "ધ્રોળને હુ પાયમાલ ન કરૂં ત્યાંસુધી મને શાંતિ નથી. હુ યાત્રા કરી હળવદ જઇ ત્યાથી મોટી ફોજ લઈ ધ્રોળ પર આવીશ "

આ તમામ વાત જેશા વજીરે જામ સાહેબ આગળ કરી. જામ સાહેબે કહ્યું કેઃ " હળવદ જવાની શું જરૂર છે? આંહીથી આપણી મોટી ફોજ લઇ ધ્રોળપર જાય ને ધ્રોળને પાયમાલ કરે. જેશા વજીરે રાજસાહેબને કહ્યું કેઃ " આપ યાત્રા કરી

વળાતાં આંહી પધારો. આંહીથી મોટી ફોજ લઇ હું સાથે આવીશ ને ધ્રોળને પાયમાલ કરશું." આ વાતથી રાજસાહેબ ઘણા ખુશી થયા. સતાવીશ યાત્રા કરીને જામનગર આવ્યા ને ત્યાંથી દસહજારનું લશ્કર લઇ ધ્રોળ પર આવ્યા. તે વખતનું વર્ણન—

છંદ નારાચ.

ચઢે સુરાજ ચાહીયં, અહીસ ધ્રોળ આહીયં;
નશે ત્રંબક નાદીયં, સણેગ ઘોર સાદીયં. ૧

કહે જશો, શુ કોણ હે, ધરાસ ખાગ ઘોણ હે;
આયો રાશંગ આજહી, કરન જુદ્ધ કાજહી. ૨

જશોજ જુદ્ધ જો હટે, અદદ્ર નીર તો અટે;
ઉગે ન પૂર્વ અર્કીયં, રહેસ પૌન શેકીયં. ૩

ઉલટ ગંગ ઉવટે, સાદુળ ઘોર તો સહે;
ભ્રમેસ જ્ઞાન ભેદની, વદે ન ધુન વેદની. ૪

ભારાધ ભીમ જો હટે, પારથ ભાથપે ખટે;
ભ્રખે ન માંસ ભોગણી, જમે ન રકત જોગણી. ૫

જશો હટે જો જંગમે, લજે હરધ્રોળ સંગમેં;
ભરા જરદ ભીડીયા, બહુ કલાબ બીડીયા. ૬

અંગાં કુશેશ આવધં, સજે હુવાસ સાવધં;
કરે તીલક કેસરં, મંડંત લચ્છ મંજરં. ૭

મરેવ હોડ મંડવા, ખગાટ ઘટ ખંડવા;
હવે તયાર હેમરં, પડકુ ઘટ પખરં. ૮

અર્થ—પ્રભાતે સૂર્ય આકાશે ચડયો ત્યાં ધ્રોળ ઉપર સૈન્ય આવી પહોંચ્યું નગારાં ગડગડયાં. એનો ઘોર અવાજ સાંભળીને જસોજી બોલ્યા કે: "એ કોણ વગાડે છે? ધરતી પર મારી સામે તરવાર ચલાવનાર કોણ છે?" જસાજીને ખબર પડી કે એનો રાયસિંહજી યુધ્ધે ચડીને આવ્યા છે.

માણસોએ જસાજીને વાર્યા અને સમજાવ્યું કે શત્રુનું લશ્કર મોટું હોવાથી આ વખતે લડવું રહેવા દો. જસાજી

બોલ્યા કે, "જો હું યુદ્ધમાં પાછો હઠું તો ઉદધિનાં નીમાજા મૂકે; પૂર્વમાં સૂર્ય (અકીય) ન ઉગે; પવન (પોન) થંભી જાય; ગંગાનાં પાણી પાછાં વળે; શાર્દુલસિંહ બીજાની ત્રાડ સાંખે; મહા બ્રહ્મવેત્તાનાં મનમાં ભ્રમ ઉત્પન્ન થાય; ઋષિલોકો વેદોચ્ચાર ન કરે; ભીમ યુદ્ધ(ભારાથ)માંથી પાછો હટે, અને અર્જૂન પારાથ)ના ભાથામાંથી તીર ખૂટી જાય, હું પાછો હઠું તો માંસાહારી પ્રાણીઓ મારૂં માંસ ન ખાય; મારૂં લોહી જોગણીઓ ન ચાખે; સ્વર્ગમાં મારા પિતા હરધોળજી શરમાય"

આ સાંભળીને અંગ પર બખ્તરો સજી, કપાળે કેસરનાં તિલક કરી, માથામાં તુલસીની મંજરી રાખી, મરવાને માટે યોદ્ધાઓ સજ્જ થયા ઘોડાઓ પર સામાન નાખી તંગ ખેંચ્યા.

એક પહોર સુધી યુદ્ધ ચાલ્યું. બન્ને પક્ષનાં ઘણાં સૈનિકો ખપી ગયા. સાંજે જસોજી રણસંગ્રામમાં પડયા. તે વખતે એમની આસપાસ ઘણા શૂરવીરોની લશો પડેલી. તેમાં એક ધ્રોળનો હસોંદી ચારણ પણ પડેલો. તેને ઘણા ઝખમો લાગેલા. છતાં ચાલીને તે જસાજીની નજીક જઈ બીરદાવળી કહેવા લાગ્યો.

તે વખતે જસાજીએ આંખો ખોલીને કહ્યું:

દોહા

રણ ઢળતે જસરાજ, સાહેબસું કહ્યો;
વેર લીયણ મમ આજ, હેકણુ જોધ હમીર કા.
આશાજી સું જાય સંદેશો કહીએ ઇતો;
રણ લડીયો જસરાય, વીરત એની વાચજો.

અર્થ—રણમાં મરતાં મરતાં જસાજીએ કહ્યું: "કચ્છ-ભુજના ફૂટાયા સાહેબજીને જઈને મારી આ વાત કરજે. મારૂં વેર લે તેવો એ એક જ છે. બીજો સંદેશો ભુજના કવિરાજ આસાજીને જઈ કહેજે કે હું રણસંગ્રામમાં પડયો તેના મરસીયા જોડે."
આટલું કહેતાં એનો જીવ જતો રહ્યો.

ઘ્રોળના એ દસોંદી ભુજ પહોંચ્યા. ફટાયા કુમાર સાહેબજી તો નૃત્ય ગાનના ઉત્સવમાં ગરકાવ હતા; પરંતુ ધ્રોળના દસોંદીનું નામ સાંભળતાં જ પોતે ઉભા થઇ ભેટયા, જસાજીના કુશળ ખબર પૂછયા. ગઢવીએ તો માઠા ખબર આપ્યા.

દોહા

પંથીએ કચ્છ ધર પાસ, સાહેબ સું બાતાં કહી
એ સુણુતે ઇણવાર કમળ પાઘ અળગી કરી.
સાહેબ જસો સકાય કથન મુખ એસા કીયા
જેશાં હળવદ જાય, પાય કસુંબા પીવશાં.

અર્થ—સાહેબજીને જ્યારે દસોંદીએ આ બધી વાત કહી, ત્યારે તરત જ સાહેબજીએ પોતાના માથા પરની પાઘડી (કમળ-પાઘ) દૂર કરી. જસાજીને યાદ કર્યા, પ્રતિજ્ઞા કરી કે હવે તો હળવદ ઉપર ચડાઇ લઇને નીકળું ત્યારે જ પાઘડી પહેરીશ. અને કસુંબો પણ હળવદ જઇને જ પીશું ને પાશું.

રાવ ખેંગારજીએ સાહેબજીની સાથે મોકલવા માટે કચ્છ-માંથી ખરેખરા બહાદુર રજપૂતોને બોલાવી લીધા. પચીસ હજારની ફોજ તૈયાર થઇ.

દુશ્મનને ચેતાવ્યા વિના ચડાઇ કરવી એ ધર્મ વિરૂદ્ધ હોવાથી ખેંગારજીએ એક રજપૂત યોદ્ધાને હળવદ મોકલ્યો. યોદ્ધાએ જઇને રાયસિંહજીને ખબર દીધા.

છપ્પય

વેવાતા હળવદ સુની રાજસ રાશંગહ
આવે સાહેબ એત, પડે ધર જાસ પવંગહ,
દીયા દૂજ કર દાન, માન સાચો મત મારો
જનની લજે જરૂર, પળે નહીં વચન પ્રચારો
સાહેબ સરીશો ભડ સોહડ, આમ સામા ઓડીયા
ઓઢણસ વેર ઉધારણા, ખીતી સર ઝંડા ખોડીયા

અર્થ—એ ચડાઇની વાત સાંભળીને રાજા રાયસિંહજી બોલ્યા કે: “ જુઓ, હું વ્રત લઉં છું. આંહી આવીને ખેંગારજીના

લશ્કરના ઘોડા મારી જેટલી જમીનમાં ફરે, તેટલી જમીન હું બ્રાહ્મણોને દાનમાં આપી દઇશ" અર્થાત રાયસિંહજી એના સૈન્યને પોતાના સીમાડામાંથી જીવતા જવા જ નહી દે. રાયસિંહજી માળીયા સુધી સામે સૈન્ય લઇને ગયા પાછળ કિલ્લાનું રક્ષણ કરવા પોતાના કુંવર ચંદ્રસિંહજીને રોકયા. જૂના (ઓઢણસ) વેરનો બદલો લેવા પૃથ્વી પર (ખીતીસર) સામ સામા વાઘા ખડા કર્યા, ને પ્રતિજ્ઞાઓ લીધી. (દ્રુજ=દ્વિજ=બ્રાહ્મણ)

છંદ પરધરી

કર હલે મેળ સાહેબ કટક, અધપતિ દોય લાગા અટક;
લેવાહ વેર પારકા લોય, કરહી સકે ન દુસરો કોય.
કર ગરટ જોર હેમરસ કેક, ઉકસે પ્રમળ પેદલ અનેક;
બજતરા છકડ જડી અંગ બેશ, કરમરા અંગ આવધ કશેશ.
પાખરા અરટ કરીયા પવંગ, આવીયા અરસ છબતા ઉમગ;
આભરા જાણુ ઉતરે આય, ગોરખ શદ્ધ જુના ગણાય.
જંબુર શત્ર નાળી જંજાળ, ભરીયાસ ઉંટ સોરંમ સંભાળ;
રજપુત કેક સાથે રઢાળ, મોકળસિંહ પરબત માળ.
ચકચાળ ચોઢ હલીયા સચાળ, ઝગહળે ત્રાંગું મુકતા ઝાળ;
સેદળા પૂગ હળવદ સુથાન, ઉતરે આય સરવર સમાન.
ફેરીયા તુર સીમડ ફેર, ઘરહરે નાદ નોબત સઘેર;
આફ્વા ધશળ સજ કીયા એત, જશરાજ રંગ દીના સજેત.
પીનોસ આપ દુશરા પાય, સાહેબ રંગ ચડિયો સવાય;
તટ પહર દોય રહીઆ તળાવ, ભોજન કરી જમીયા સભાવ.
દળ વડો થાટ આપરે દાય, ઉતરે રાત માળીયે આય;
મેલીયા રાજ કટક સમાજ, વઢવાસ કાજ પેદળા વાજ.
હેદળા જોર ઝાલા હુલાશ, ઉપરે વ્યોમ વાદળ અવાશ;
વાજતા ઘોર ત્રંબાટ વાજ, ગાજતા ગોમ ગહરાસુ ગાજ.
પડતાસુ આભ ટેકવે પ્રાણ, રજપૂત અંશ ઝલરાણ રાણ;
તોળીયા હાથ ટેકા ત્રભાગ, ઓલીયા બાગ વરજાગ આગ.
રહશીયા શોર સીંધવા રાગ, ગુજરો નાથ લાગો ગણાગ;
ચડીયાસુ સુર પોરસ ચાવ, કાયરા કંપ. થરહરે કાવ.

પુગેસુ સુર ઉગે પંઝાળ, ફરશીયા હોય કટકા દીઠાળ;
સાલમે આમ સામા સુ આવ, વરશવા કાજ વાદળ બણાવ.
તતકાર ખેંગ મુકીયા તાવ, ઝોકીયા અંગ ઝોકાર જાય;
આવીયો એક સાહેબ ઓર, જૂટીયો એક રાશંગ જોર.
આવીયા સિંહ હુથબથા આજ, દાખવા કથ રેણાસ કાજ;
ઝડપવા લોહ ખગ ઝાટ ઝાટ, વહસીયા દોય લાગા વીરાટ.
અડચડે ઝીંક માચી અચુક, કટ જાત સીસ ધટ ટુંક ટુંક;
ફટ જાત બુક ફેફરા ફાર, હટ જાત કેક કાયર સહાર.
કુદંત સીસ પડતે કબંધ, ધડધડત ખેત ચચવાસ ધંધ;
રણુકે પ્રનાળ ભભકંત રત, જોગણી પત્ર ભરીયંત જત.
નાચંત વીર વેતાળ નેક, ઉછરંત અંગ વરતે અનેક;
ભલ જુદ્ધ હોત દેખંતભાન, વ્યોમછ છાય અછર વેમાન.
હરખંત તત નારદ હોય, જપ ધન્ય ધન્ય સુહાસ હોય;
જાડેજ અને ઝલરાણ જુટ, તુટીયા લંગર શાદુળ ત્રુટ.
આછટે તીર ગોળી અપાર, કરમરા ઝીંક બરછી કટાર;
પડીયાજ લોથ ઘણુ પારવાર, મરતાસ કહુત મુખ માર માર.
ધ્રાપીયા પંખ પળચરા ધાય, આશીષ દેત કેકે ઉપાય;
ત્રેપ્રહર ધંધમાતો તમામ, હો રહી પુર અપછરા હામ.
રવ ઢળતે તામ સાહેબ રીસાળ કર પંડ ખંડ ખંડદ માળ;
રાસીંગ જંગ સાબત રસાય તન ટુંક ટુંક વે ગયો તાય.
દળભળે ભુપ ઢળીયાસુ દોય, હાર ન જીત એકો ન હોય;
રહીયાસ દોય બરબરા કાય, કમનીય કોય અધકો કહાય.

અર્થ—સાહેબજી સૈન્ય મેળવીને ચાલ્યા. બન્ને રાજાઓ સામસામા રવાના થયા. પારકાના લોહીનું વેર લેવાની હુમત તો સાહેબજી જેવો શૂરવીર જ કરી શકે. મહા બળવાન ઘોડાઓ, પ્યાદાઓ, અને અંગ પર કસી કસીને બખ્તર ધારણ કરેલા યોદ્ધાઓ, આકાશને અડકતા ચાલ્યા આવતા હતા. કેમ જાણે જૂના પુરાણા જોગીઓ આબુ પહાડમાંથી ઉતરતા હોય, એવા લાગતા હતા.

સાથે ઉંટ ઉપર જંબુર, જાળી, જંજાળ, વગેરે અસ્ત્ર શસ્ત્રો હતાં. સાથે મોકલસિંહ તથા પરબતજી જેવા

ટેકીલા રજપૂતો હતા, કે જેના માથા પર તરણું મૂકતાં પણ ભડકો થાય.

એ સૈન્ય હળવદ પહોંચ્યું. સરોવરની પાળે પડાવ નાખ્યો. સાહેબજીએ હળવદની સીમમાં ઘોડા ફેરવ્યા, નોબતો ગડગડી, અફીણનો કસુંબો (આફૂવા) ઘુંટીને (ઘશળ) તૈયાર કર્યો, જસાજીના નામનો રંગ દીધો, પોતે પીધો, ને બીજાને પીવરાવ્યો. એટલે પોતાને સવાયો રંગ ચડયો. બે પહોર કાઢે રહી, ભોજન કરી, લશ્કર રવાના થઈને માળીએ રાયસિંહજીની સાથે લડવા આવ્યું. કારણ કે હળવદના દરવાજા તો ચંદ્રસિંહજીએ બંધ રાખેલા. નગારાંના અવાજથી આકાશ [ગોમ] ગાજી ઉઠયું. પડતા આભને ટેકો આપે તેવા ઝાલા રજપૂતો ઝુલતા હતા. સિંધુડો રાગ વગડયો. 'ગુજરો નાથ' નામ ધરનાર રાયસિંહજી યુદ્ધમાં ઉતર્યો. શૂરાઓને વધુ પોરસ ચડયો, ત્યારે કાયરોની કાયા કમ્પી ગઈ. વરસાદને વખતે જેમ આકાશમાં સામસામાં વાદળાં મંડાય તેમ બન્ને સૈન્યો મંડાયાં. તતકારીને સામસામા ઘોડાઓ [ખેંગ] દોડાવ્યા. શરીરો ઝુકાવ્યાં. એક તરફથી સાહેબજી અને બીજી તરફથી રાયસિંહજી એમ બન્ને જણા પૃથ્વી ઉપર (રૈણાસ) કીર્તિ [કથ] રાખવા સિંહની માફક સામ સામા યુદ્ધમાં ઉતર્યા. તલવારોની ઝીંક પડવા લાગી. કેટલાકનાં માથાં ધબોધબ પડયાં, ભુકાં ફેફરાં અને કાળજાં ફાટવા લાગ્યાં. માથાં પડતાં ધડ [કબંધ] લડે છે. લોહી [રત] ની પ્રણાલીઓ ચાલી છે. જોગણીઓ ખપ્પર ભરવા લાગી છે. વીર અને વૈતાળ પોતાને ભક્ષ મળવાથી આનંદમાં નાચી રહ્યા છે. એ યુદ્ધ જોવા આકાશમાં અપસરા (અછર) વિમાનમાં બેસીને આવી છે. સાંકળેલા (લંગર) સિંહો સાંકળ તોડાવીને લડતા હોય તેવું લાગે. તીર, ગોળી, બરછી અને કટારના પ્રહારો પડી રહ્યા છે. મરતા મરતા પણ યોદ્ધાઓ મુખેથી એમ જ બોલે છે કે: " મારો મારો." માંસાહારી (પળચરા) પંખીઓ ધરાઈ ધરાઈને ખાય છે. ત્રણ પ્રહર યુદ્ધ ચાલ્યું. સાહેબજી ખુબ ઝખ્મો ખાઈ ખાઈને પડયા. રાયસિંહ-

જીને શરીરે પણ ખુબ ઘા લાગ્યા. બન્ને તરફની સેનાનો ઘમસાણ વળ્યો. બેમાંથી એકેયની હારજીત નક્કી ન થઇ. બેમાંથી એકેયને ઓછો અદકો કહી શકાય નહીં.

એ રણક્ષેત્રની પાસે થઇને જ તે રાત્રિએ દિલ્હીથી ભભૂતનાથજી નામના મહંત પોતાના બારસો નાગડા અતીનોની સાથે હીંગળાજ જાત્રા કરવા નીકળ્યા. શિષ્યોએ ખબર કરી કે આ સ્થળે પ્રચંડ યુદ્ધ થયું લાગે છે. ગુરૂજી પાલખીમાંથી નીચે ઉતર્યા. એ મડદાંના ગંજેગંજ પડ્યા હતા, તેમાં ફરી ફરીને શૂરવીરોને નિરખવા લાગ્યા. એમની આકાંક્ષા એ યુદ્ધના મુખ્ય સરદારોને જોવાની હતી. થોડે દૂર સાહેબજીનું પ્રચંડ શરીર મળી આવ્યું. બન્ને લાંબી ભુજાઓ દેહથી જૂદી થઇને દૂર પડેલી. બન્ને ભુજામાં તલવારો હતી. સાહેબજી બે તલવારે લડેલા. મહંતે જોયું કે એના પ્રાણ તો ચાલ્યા ગયા છે.

પછી મળ્યું રાયસિંહજીનુ શરીર. એની શોભા મહંતજી મસાલોને અજવાળે નિરખતા નિરખતા થંભી રહ્યા. જોયું તો એ દેહમાં જીવ હતો. એને પાલખીમાં નાખી, ઉપચાર કરતા કરતા ચાલ્યા. ત્રીજે દિવસે રાયસિંહજીને શુદ્ધિ આવી. મહંતે ઘણી પુછપરછ કરી, પણ રાયસિંહજીએ પોતાની ખરી પિછાન ન આપી.

હીંગળાજથી પાછા વળતાં રાયસિંહજી મહંતની સાથેજ દિલ્હી તરફ ચાલ્યા. રસ્તામા હળવદનું પાદર આવ્યું. એમને પૂછતાં ખબર પડી કે "રાયસિંહજીનુ શબ રણક્ષેત્રમાંથી હાથ ન આવ્યું, તેથી લોકોએ માન્યું કે રાજા સદેહે કૈલાસે ગયા અને ચંદ્રસિંહજીએ ગાદી સંભાળી લીધી. આટલું જાણ્યા પછી તો હળવદ જવનુ મન શાનું રહે?

એ મહંત અકબરશાહ બાદશાહના એક ઉમરાવ ગણાતા. અમુક દિવસે દિલ્હીમાં એ મહંત દરબારગઢની અમુક દોઢીએ મહંતને પણ પોતાના નાગડા શિષ્યો સાથે ચોકી પહેરો કરવો પડતો*.

---

* અસલના વખતમાં નાગડા બાવાની ચોકી ઉત્તમ ગણાતા, અત્યાર ફક્ત જયપુરમાં એ ચોકીનો રિવાજ રહ્યો છે.

એક દિવસ એક દોઢી પર મહંતની ચોકીનો વારો આવ્યો પલંગ ઢાળી મહંત સુતેલા. તેની પાસેજ એમનો માનીતો શિષ્ય રાયસિંહજી બેઠેલો. બીજા નાગડા ચોકી કરે છે. અધ રાત થઇ ત્યા મહંતને પાણીની તરસ લાગી. પણ સરાઇમાં એક ટીપુંયે નહોતું. હવે શું કરવું? આગળની અને પાછળની બધી દોઢીઓ બંધ હતી પ્રભાત થતા પહેલાં બહાર જવાય નહીં. બીજા બધા પહેરા મુસલમાનોના હતા, એટલે તે લોકોનું પાણી તો ખપે નહીં. મહંતનો જીવ તરસથી મુંઝાતો તો. મહંતને ખબર હતી કે બાજુમાં જ બાદશાહને પાણી પીવાની એક ટાંકી હતી. પણ તેના ઉપર તો એકાઓની* ચોકી રહેતી. એક ટીપું પણ પાણી બાજા કોઈને ન આપવું એવી તેઓને બાદશાહી આજ્ઞા હતી. રાયસિંહજીએ કહ્યું: "ગુરૂજી, હું એને સમજાવીને, વિનવીને પાણી લાવીશ. મને જવા દો.'•

ગુરૂ કહે. "તને મારી જ નાખશે". આખરે હઠીલા બનીને રાયસિંહજી ટાંકી પર ગયા.

ચોકીદાર એકાનો મિજાજ ફાટી ગયો. રાયસીંહજીએ બહુ કાલાવાલા કર્યા કે: "એકજ પ્યાલું પાણી ભરી દે." એકો ન માન્યો. ઉલટો રાયસિંહજી ઉપર ધસી આવ્યો. રાયસિંહજીએ પોતાનો વજ્ર જેવો બાહુ ઉપાડીને એકાના માથા પર એવી મુક્કી મારી કે, કુડલામાં જેમ ડાચો બેસી જાય, તેમ માથું ચુરા થઇને શરીરમાં બેસી ગયું.

પાણી લઇને રાયસિંહજી ગુરૂજી પાસે આવ્યા. જાદો ખુલાસો આપ્યો કે: "એકો ઉંઘી ગએલો."

---

* એક સો યોદ્ધાઓની સાથે લડીને જીતી શકે તે એકો કહેવાય. અકબર બાદશાહ પાસે આવા એક સો એકા હતા. અદ્ભુત બળશાળી આ એકાઓ હતા. આનું એક રમૂજી વર્ણન છે.

• "ડાઢી વેંત આડી ગજ, બેસા કાંધ જબ્બર બજ"
"માથું બાણુ શેરકા મોસ, મરકે બાણ હીયણુ રોસ"
"ખીચડી એક હાંડી ખાય, ઝપટે સાઠ કોસાં જાય,"

બીજે દિવસે રાજમાં હાહાકાર થયો કે કોઈએ એકાને આવી અદ્ભૂત રીતે મારી નાખ્યો. બાદશાહે જાહેર કર્યું કે આવા અદ્ભૂત બળશાળી પુરૂષને હું ઇનામ આપું.

મહંતને સૂઝી ગયું કે આ પરાક્રમ મારા શિષ્ય સિવાય બીજાનાં ન હોય.' એણે શિષ્યને એકાન્તે પૂછ્યું. શિષ્ય માની ગયો. મહંતે જઇને બાદશાહને વાત કરી.

પણ મારનાર એજ હોય એની ખાત્રી શી? ફરીવાર એક એકાની સાથે રાયસંહજીને યુદ્ધમાં ઉતાર્યો. એકાએ બખ્તર પહેર્યું. રાયસિંહજીના શરીરને બંધબેસતું એક પણ બખ્તર બાદશાહની બાકુથશાળામાંથી ન નીકળ્યું! કેમકે બાબરથી માંડી અકબર સુધી રાયસિંહજીના જેવડું કોઇનુ શરીર નહીં હોય!

રાયસિંહજી વિના બખ્તરે યુદ્ધમાં ઉતર્યા એ એકાના પણ પહેલાના જેવાજ હાલ થયા. હથેળીનો ધુંબો મારીને માથું શરીરમાં બેસાડી દીધું.

બાદશાહે ઇનામ દીધું. સાચી ઓળખાણ પૂછી, પણ રાયસિંહજી માને નહીં

જોધપૂરના ઉદેસિંહજી રાઠોડ બેઠેલા હતા તેમણે કહ્યું કે: "હળવદના રાયસિંહજી સિવાય આ સામર્થ્ય બીજાનું ન હોય"

બાદશાહે પૂછ્યું: "કેમ?"

ઉદેસિંહજી બોલ્યા: "હળવદમાં એક વખત હાથી ગાંડો થઇ ગએલો. કોઇ એને પકડી શકતું નહોતું. તે વખતે રાયસિંહજીએ સામે ચાલીને હાથીના કુંભસ્થળ પર એક થપાટ લગાવી થી જમાનદોસ્ત થયો. માટે આ હથેળી જરૂર રાયસિં જ છે."

આખરે રાયસિંહજી માન્યા. પોતાનો પુત્ર પિતાને મરેલો સમજી ગાદીએ બેસી ગયો છે, એટલે હવે પ્રગટ થવાથી કજીઆ થાય એમ સમજીને જ પોતે ગુપ્ત રહેતા હતા, એવો ખુલાસો કર્યો.

ત્યારથી કહેવાયું છે કે:

"કટારી અમરેશરી, તેગારી તરવાર;
હથેળી રાયસંગરી, દલ્લીરે દરબાર."

બાદશાહે એમની સાથે એક જબ્બર સેના હળવદ ઉપર મોકલી. ચંદ્રસિંહજી એ ખબર સાંભળી જામનગર પોતાના મામા વિભાજી જામ પાસે ચાલ્યા ગયા. ચંદ્રસિંહજીને તો એમ જ લાગ્યું કે કોઇ ઢોંગી આવીને મારૂં રાજ્ય લઇ જવા માગે છે.

દોહા

ભૂપત શાકસો બેટીઓ, ચોં દીધી પહેચાણ
કૂમીઓ સાથે કટક લૈ, અડીઓ હળવદ આણ
રમે દગો ચંદ્રસેન સો, છત્રક લીયો છીનાય
જા ગઢ કીનો જાબદા, બૈઠા રાજ જમાય.

રાત્રિએ રાયસિંહજી રણવાસમાં સૂવા ગયા. એમને ચાર રાણીઓ હતી. એક નગરનાં જાડેજી, બીજાં કોડનાં વાઘેલી, ત્રીજાં રાઠોડ રાણી હતાં એ ત્રણ રાણીએ,એ તો કહેવરાવ્યું કે: “ અમારા સ્વામી તમે નથી.એ સ્વામી તો યુદ્ધમાં મરાયા. અમે સુદીકર્મ પગ કરી નાખ્યું છે. માત્ર બળી નથી મુઇ, કારણ કે પતિનું શબ હાથ ન આવ્યું. માટે અમે નહીં આવીએ.”
ચોથાં પરમાર રાણીએ પાછો સધવાનો શણગાર ધર્યો. અને પતિની પાસે ગયાં.

રાયસિંહજીના મનમાં થયું કે “ધન્ય છે એ ત્રણ સતીઓને. પરંતુ આ પરમાર રાણીને ફરી વિલાસની લાલચ લાગી. મારી ખાત્રી કર્યા વિના મને પતિ માની લીધો. આજથી મારા વંશજોને પરમારોની કન્યા ન ખપજો ! ”
તે વખતથી ઝાલાઓ પરમારની દીકરી નથી લેતા.
રાયસિંહજીએ બહુ દાન દીધાં.

દોહા.

આયા રાયશંઘરા, ધર હંદા ઉપકાર;
કાળાગ્રહસું કઢીઆ, વેહુ દો દો વાર

અર્થ—રાયસિંહજીએ તમામ પર ઉપકાર કર્યો છે. ચારણો (વેહુ) ને બબ્બે વાર તો કારાગૃહમાંથી છોડાવ્યા.

હવે ?

દોહા

ચંદ્રસેન હોય સાવધા આયા નગરસ આપ;
બાતાં કહી વજીરને જેસે સુણી જવાપ. ૧
કહાં જાણું કોય ઢાંગ કરી રાશો બણીયો રાજ;
પૂર પીછાણી ન પડે આયા કરણ અકાજ. ૨
જામ વીભાસું જોઠ કર અરજી કરી વજીર
હુકમ હુવે હળવદ જહી થાપાં ચંદ્ર સધીર. ૩
જામ કહે કરવો જરૂ, એ તો કામસ આપ;
થપ ગાદી ચંદ્રસીંગરે જિણુને દીઓ ઉથાપ. ૪
(આપાસ્થાપું. કરવો જરૂ=જરૂર કરવું જોઈએ.)

છપ્પય

શામ[1] હુકમ સર માન, હુવે જેસો હળવદ્દા;
લીયા સાથ દલ મોડ હામ[2]ધારણ અણુહદ્દા.
બંવ સાડ વરાડ, મડ[4] ભારા[5] સમરથ;
કુંવર રાવ પઆળાચ, હેડ[10] હાંકણુ વડહાથ[11]
સોઢાણ[6] નોગા જેસા[7] અમર હલે એમ ડમર કરે;
ધુમાણ[8] ધમાણ ચારણ સપર સેન[9] મહા બળ સંચરે

ફોજ વર્ણન પડધરી છંદ

ચેં ચલે જામ સેના સજાય ત સાથ નગારા ગોરી બજાય
મહુરાજ જેસા લડક મુંમદ હામ સુભટ ઘાટ શણુ સાદ લેય. ૧
ભારોજ રામ દેવ મોળ ભૂપ, જાનકા કુંવર ભડ આર ભૂપ;
સેનાહ અવર સહા સહેસ, લંગરા કેક પેદળ લહેસ. ૨
નીશાણ ધરત ત્રંબાળ નાદ, આતંક પડે પરથીસ આદ;
ગજરાજ ટલે તોપાં ગહીર, ભર સોર ગોળ સકટાં બહીર. ૩
સખીઆત ચંદ્રસેનકુ સચાલ, બરજેર કટક થીંકા વિસાલ;
દર મજલ જાત હળવદ દીખાય, ઉતર મુકામ નેહુ સમુ આય. ૪

---

૧. સ્વામીનો ૨. હિંમતવાળા ૩. ગોડજી ૪. ભારાડી મવર, ૫. રા[illegible] આળાચ. ૬. નોગોજી સોઢો ૭. જેસા, ૮. ધુમાળ અને ધમાણ નામે બે પરાક્રમી ચારણો ૯. સૈન્ય ૧૦. સૈન્ય હાંકનાર, ૧૧. મોટા હાથવાળા.

ઉણ તરફ રાજ રાસંગ અરોડ, મત ધડા એથ વીભો મરોડ;
મોરચાં બંધ ફળ કુળી મંડ, તુરંત કોટ ગજધરા તૂંડ. ૫
હોફસ તરફ તોપા દગાય, અરરાવ ગાજ ધુંહર ઉડાય;
ભંભળો દફસ સૂઝે ન ભાણ, અબ જાસ જોર દ-સંત આણ. ૬
અંબર બંધ લેવણ ઉપાય, અડગાણ કળહ ન હટે આય;
સંભાળ એક રાશંગ સૂર, પડકાર એક વીભો સપૂર. ૭
યોં લડત દાવ લાગે ન એક. કરીયા ઉપાય છળ ભાવ કેક;
સો કુથન જામ રાવળ કહાય, તું છપ્પી લડત સહર સતાય. ૮
સુણ રાયશંગ ઘણુ કુળ સુમાથ, હે હાર જીત કિરતાર હાથ;
મન રૈ તેથ રહ બહર મંડ, ઉ વરણ કથા જે જગ અખંડ ૯
સજ મૂછ મરડ ઓંહાર સંગ, આવીરો કાજ વઢવા ઉમંગ;
કર કુટક વર માનાણ કોપ, સજ હુવો મરણ પ્રણપાય સોધ.૧૦
બહુતીરા હુઈ વહચક ભણાશ, ત્રહકીયા તૂર કાયરાં ત્રાસ;
ચીંકીયા અંગ ખગ ધામ જાળ ધડ પડયે શીષ ઉઠે ધકાળ.૧૧
પડ રાયસંગ રણ ખેત પાગ, ફિજરંગ જામ વરતે અથગ;
સોંપીઓ રાજ ચંદ્રસેન સોય, પ્રાક્રમી જાય વીભો પ્રલોય.૧૨

રાવળ જામ સેના સજીને ચાલ્યા. સાથે પોતાના મિત્ર જુનાગઢના સૂબા તાતરખાન ઘોરીને પણ બોલાવ્યા. મેરામણજી અને જેસો વજીર સેનાધિપતિ થયા. એક લાખ સુભટોને સાથે લીધા.—૧

ભારોજી રામજી રવેજી, મોડજી જામના ચાર કુંવર, બીજી ઘણી સેના અને હારબંધ પેદળ લશ્કર ઉપડયાં.—૨

સાથે નિશાનો ઉડે છે. ત્રંબાળુના નાદ થાય છે. તેથી પૃથ્વી ધ્રુજધ્રુજે છે. હારબંધ હાથીઓ ચલે છે. તોપોના છકડા ચાલે છે.—૩

એ બધાં ચંદ્રસિંહજીની સહાયે ચાલ્યાં. એ વિશાળ સૈન્ય બહુ જોરાવર હતું. થોડી થોડી મઝલ કરતા કરતા હળવદ પહોંચ્યા. ગામની નજીકમાં મુકામ નાખ્યો.—૪

આ તરફ રાયસિંહજી પણ અપરાજીત છે અને સામી બાજુ એ (એથ) વીભોજી પણ ગોરવશાળી છે. લશ્કરોએ

મોરચા બાંધવા માંડ્યા. કોટના મહા મજબૂત કાંગરા તૂટવા લાગ્યા—૫

બન્ને બાજુથી તોપો દાગવાનું (ફોડવાનું) કામ શરૂ થયું. તોપો ગાજી ગાજીને ધુમાડા ઉડાડે છે. દિવસ ધુંધળો બન્યો, સૂર્ય ઢંકાઇ ગયો—૬

એક બીજાને પોતપોતાના સ્થળ પરથી ખસવવાના ઉપાય થાય છે. પણ યુદ્ધની અંદર લશ્કરો હટતાં નથી. એક તરફથી રાયસીંહજી મહા શૂરવીર છે, બીજી બાજુ વીભો જામ પડ કાલી રહ્યો છે. ૭

આવી રીતે લડતાં કાંઈ દહાડો નથી ફાવતો. ઘણા છળ કપટના ઇલાજ કરી જોયા પછી રાવળ જામે રાયસિંહજીને કહેવરાવ્યું કે: " તું શહેરમાં છુપાઇને લડે છે જો તું રાયસિંહજી હોવાનો દાવો કરતો હોય તો તને એ ન છાજે.—૮

હે સમર્થ રાયસિંહજી સાંભળ ! હાર જીત તો હરિને હાથ છે. પણ તારૂં ગૌરવ રહે તેથી તું બહાર આવી યુદ્ધ કર. તારી કીર્તિ-કથા જગતમાં અખંડ રહેશે.

આ સંદેશો સાંભળીને રાયસિંહજીની મૂછોના આંકડા ઠેઠ ભ્રૂ ભાગની અંદર ખુતી ગયા. પોતે સજ્જ થઇને ઉમંગથી બહાર લડવા આવ્યો. એ માનસિંહજીના પુત્ર રાયસિંહજીએ કોપ કર્યો. રણભૂમિનું મૃત્યુ ઉત્તમ છે એમ વિચારીને તૈયાર થયો. ૧૦

તરવારની વૃષ્ટિ થઇ, વાજીંત્રો (તૂર) વાગ્યાં. કાયરો ત્રાસ પામ્યા. ઉશ્કેરાયેલા સૈનિકોએ તરવારના ઝાટકા ઝીંકયા. માથાં પડતાં ધડ લડવા લાગ્યાં. ૧૧

આખરે રાયસિંહજી બહુજ જખમી થઇને રણક્ષેત્રમાં પડયા. જામની ફોજે ઉછરંગ કર્યો. ચંદ્રસેનને ગાદી સોંપી. આવી રીતે વિજય કરીને પરાક્રમી વીભાજી ચાલ્યા ગયા. —૧૨

દુહા

નગો ત્રેહડ નમે વડપણ વીરાતન તણો
થે રણ રમઢયે રવિ એ ટાઢો રાશલા.

અર્થ—હે રાણા રાયસિંહજી! ટાઢો થાય (રમઢયે) ત્યારે તો સૂર્ય પણ શીતળ બને છે. એનો તાપ પણ ઓછો થાય છે. પરંતુ તું તો મર્યો ત્યાં સુધી પણ તારા શૌર્યનો તાપ નમ્યો નહીં.

તેં અચઓ ઉઠાડીઓ માગ્યેવા મદા
શિંહાની તરાપ સદા ઠાળી ન હોય રાશવા

અર્થ—હે રાયસિંહજી! તારો જે મુદ્દો હતો તે માગવા તેં (દુશ્મનને) અચાનક (અચઓ) જગાડયો. સિંહની તરાપ કદી ખાલી ન જાય, તેમ ધ્રોળ જસાજી પરની તારી તરાપ—નગારૂં વગાડવાનો તારો જે મુદ્દો—તે વ્યર્થ ન થયા.

આ વાર્તામાં ડંકા વગાડવા સંબંધે એક બીજી કથા પણ પ્રચલિત છે. તે નીચે પ્રમાણે છે.

ધ્રોળના રાજા જસાજી અને હળવદના રાયસિંહજી, એ બન્ને મામા ભાણેજ થતા હતા. ધ્રોળમાં બન્ને જણા એકત્ર શતરંજ રમતા હતા. તે વખતે ગામ બહાર ડંકાનો અવાજ થયો. જસાજીએ તપાસ કરતાં જાણ્યું કે દિલ્હીના બાવા મકનભારથીની જમાત હીંગળાજ [illegible] દર્શને જતી હતી. તેનું નગારૂં [illegible]

જસાજીએ હુકમ કર્યો કે 'ફેડી નાખો, [illegible] નગારૂં' મામાનું એ [illegible] ભાણેજે [illegible] 'રાજા, આ [illegible] નગારાં ફોડયા એમાં [illegible] બહાદુરી [illegible]'

મામાએ [illegible] 'ગમે તેનાં [illegible] હોય તે [illegible]' [illegible] એ નગારાં [illegible] [illegible] હું [illegible] [illegible]

મામાનું અભિમાન તોડવાં માટે જ રાયસિંહજી [illegible] નગારાં લઈને મોટા સૈન્ય સાથે ધ્રોળ ઉપર આવ્યા. ડંકા વગાડયા, ને યુદ્ધ થયુ. જસાજી [illegible]

પછી સાહેબજી સાથેની લડાઈમાં માર્યા ગયા [illegible] રાયસિંહજીના દેહને ઉઠાવી જનાર આ મકનભારથી પોતે જ હતા.

આખી વાર્તા કવિતામાં લખાએલી છે. પરંતુ ઉપરોક્ત પ્રસંગ આ વાર્તાના કોઈ કાવ્યમાં નથી આવતો. માત્ર ચારણોને મુખે પ્રચલિત છે.

વજેસિંહજી ગોહિલ (ભાવનગર)

સંવત્ ૧૮૫૦ પછી

કડકે જમીંનું પીઠ, વેમંડ પડ ધડકે વજા;
નાળચું છલકે નત્રીઠ, ધુબાકે પેરંભના ધણી.

(હે વજા! [વજેસિંહજી] તારી સેના જ્યારે ચાલે છે ત્યારે પૃથ્વીનું પીઠ સેનાના ભારને લીધે કડાકા કરે છે; અને આકાશનું [વેમંડ=વ્યોમ=આકાશ] પડ પણ ધડકી જાય છે. અર્થાત્ તોપ બંદુકોના અવાજથી અને શૂરાઓની રણહાકથી આકાશમા પડઘા બોલે છે. હે પેરંભબેટના રાજા! તારી તોપો તો જાણે રણસંગ્રામમાં મહાસાગરના મોજાંની માફક છલકી ઉઠે છે.)

થાળી મગ જ્યું થરહરે, દલ્લી સતારા દેશ
વખતાણી વજમાલરા હાલે કટક હમેશ.

(હે વખતસિંહજીના પુત્ર [illegible] માલજી! જ્યારે તારૂ લશ્કર કુચ કરે છે ત્યારે થાળીની અંદર જેમ મગના દાણા અસ્થિર બનીને હલે ચલે, તેમ દિલ્હી અને સતારા જેવાં રાજ્યો [illegible] તારે ધાકને લીધે, પૃથ્વીરૂપ થાળીની અંદર થરહર [illegible] ધ્રુજવા લાગે છે.)

મરૂ [illegible] મચરક દે. પગ માંડછ પીરંભના ધણી
ફેરંભ કુચરકુ હયે વીંઝાથર હલે વજા.

(હે મારૂ! હે પેરંભ બેટના રાજા! તું જ્યારે મચરક દઈને પૃથ્વી પર પગ માડે છે, ત્યારે વિંધ્યાચળ પર્વત હલે છે. અને એને લીધે શેષનાગની નીચે જે કાચબો બેઠો છે તેને પણ દબાણ લાગે છે)

વજેસિંહજીની કીર્તિ પરાક્રમના પાયા કરતાં વધુ તો એના અંતરની ઉદારતા પર ખડી થએલી છે. ખોખરાના ડુંગરની અંદર એક દિવસ એ રાજા શિકારે ગયા હતા. સાથે

કોઇ બીજા ઘોડેસ્વારને નહોતા લઇ ગયા. મધ્યહ્ને મહારાજા પાછા વળ્યા. ધાર્યા કરતાં વધુ દૂર ચાલ્યા જવાયું. શિકારીનો એ સ્વભાવ છે.

પાછા વળતાં રસ્તામાં પોતાનું ખુંભલી નામે ગામ આવ્યું. એ ગામના સોંડા માળી નામના ખેડુનીજ વાડીમાં મહારાજાએ ઘોડો હાંકયો. ઘોડાને વડલા સાથે બાંધીને પોતે કૂવાના ધોરીઆમાં હાથ પગ ધોવા લાગ્યા. બહુ થાક લાગ્યો હતો. તડકો પણ સખ્ત હતો.

સોંડો માળી કોસ હાંકતો હતો. કંગાલ બે બળદ કોસ ખેંચતા હતા. કાગડાએ ઠેલી ઠોલીને લોહીલોહાણ નાખેલાં કંધ, સોંડાએ ઉમેળી ઉમેળીને તોડી નાખેલ પૂંછડાં, બેસુમાર બગાંઓ, રક્તમાંસહીન શરીરનાં બે હાડપિંજર—એવા એ બે બળદ! એકસો ને એક કાણુંવાળો એ કોસ, કે જે મંડાણ ઉપર પહોંચે ત્યારે અંદર માત્ર એક ખોબ પાણી રહે! અને ચીથરેહાલ એ સોંડો! મહારાજા એ બધું નિહાળી રહ્યા હાથ મ્હોં પર પાણી છાંટીને પોતે તડકો ગાળવા ત્યાંજ એક ખાટલા પર બેઠા.

સોંડાએ મહારાજાને કોઇ દિવસ જોયેલા નહીં. વળી આ ત્યારે તો મહારાજા શિકાર'ના પોશાકમાં હતા, એકલા હતા, મધ્યાન્હ થઈ ગયો હતો. એટલે સોંડાને તો સ્વપ્નેય કયાંથી ખ્યાલ હોય કે એ મહારાજા છે! એણે તો કોસ હાંકતાં વાત ઉચ્ચારી: ' કયાં રે'વાં?"

મહારાજા બોલ્યા: "રે'વાં તો ભાવનગર."

સોંડો—"ત્યારે તો મહારાજના નોકર હશો."

મહારાજા—"હા, છીએ તો રાજના નોકર."

સોંડો—"સપાઇ લાગો છો, સપાઈ."

મહારાજ—(મ્હોં મલકાવીને) "હા, સપાઇ છીએ."

સોંડો—"બેલા, તમે નમકહલાલ કે નમકહરામ?"

મહારાજા—"કેમ ભાઇ? નિમકહરામ ને નિમકહલાલ વળી કોને કહેવાય?"

સોંડો—" નરશીહલાલ હો તો મહારાજને કહો નહીં ?"

મહારાજા—' શું ? "

સોંડો—"કે આખો દી' સસલાં ને કાળીઆર જ માર્યા કરશે, કે વસ્તી ના સામું કો'ક દી' જોશે ? અને રાણીએના ઓરડામાં ઘર્યો છે તે નકળાતો જ નથી ? ખેડુના ઘરમાં ખાવા ધાન ન રે'વા દીધું ! ઈ તે રાજા છે કે કસાઇ ? વસ્તી તો કેમ જાણે એના ગોલાપા કરવા જ અવતરી હોય !"

સોંડો તો કોસ હાંકતો જાય, ને બેસુમાર ગાળો દેતો જાય. મહારાજાનું મ્હોં મલકતું જોઇને સોંડાની જીભમાં સાતગણો વેગ આવવા લાગ્યો. એણે ન કહેવાનાં વેણ કહી નાખ્યાં.

મહારાજાને કડકડીને ભૂખ લાગેલી. સોંડાની શબ્દ–પ્રસાદીથી તો એમની ભૂખ ઉલટી વધી. સોંડાને એણે પૂછયું:

" ભાઈ ભૂખ લાગી છે. કાંઇ ખાવાનું આપીશ ? "

" શું આપે ? કાળજાં અમારાં ? તમે બધાએ ભેળા થઇને ખેડુના ઘરમાં ધાન કયાં રે'વા દીધું છે ? '

" પણ ભૂખ બહુ લાગી છે. કંઇ નથી ? "

" ઓળો ખાવો છે, ઓળો ? "

" ઓળો શું ? "

" બાપ ગોતર ઓળોય દીઠો નથી ને ? " એમ બોલીને સોંડએ વડલાની ડાળે એક નવી દોણી ટીંગાતી હતી તે ઉતારી. છાસની અંદર ઘઉંનું થુલું (ભરડેલું ધાન) નાખીને ખેડુ લોકો રાંધે, અને પછી એમાં મીઠું નાખે ને ખાય. એનું નામ ઓળો. સોંડો પોતાને માટે સવારે ઓળો લઇ આવેલો. લાવીને એને ઉંચે વડલાની ડાળે ટીંગાડેલો. એક તો દોણી નવી હતી. ઉપરાંત હવામાં ઘણી વાર સુધી રહી. એટલે અતિશય શીતળ બની ગએલ. પાંદડાનો એક દડીઓ (પડીઓ) બનાવીને સોંડે એ ઓળો ભરી મહારાજાને આપ્યો. ક્ષુધાતૂર, અને તાપમાં તપેલા એ શિકારી ક્ષત્રિને ખાટી અને શીતળ વસ્તુ એવી તો મીઠી લાગી કે પલવારમાં એક દડીઓ ખલ્લાસ કરીને કહ્યું:

"ક્યારે છે ?"

સોંડે હસીને કહ્યું: "કેમ ? મારે ખાવા પણ નથી રે'વા દેવોને ?" એમ કહીને એણે બીજી દડીઓ ભરી દીધો. મહારાજાને એવી લજ્જત આવી કે હર્ષભેર સોંડાએ આખી દોણી ખાલી કરી. બધો ઓળો મહેમાનને ખવરાવી દીધો.

રાજાનું પેટ ઠર્યું, અને દુઃખદાઝથી ભરેલા એક ખેડુતની આટલી ઉદારતા જોઇને એમનુ હૃદય પણ ઠર્યું.

તડકો નમ્યો. સાંજ પડી. મહારાજા ઘોડાપર સ્વાર થયા. એણે પૂછ્યું: "ભાઈ, તારૂં નામ શું ?"

"સોંડો."

મહારાજાએ ગજવામાંથી નોંધપોથી કાઢી નામ લખી લીધું. સોંડો બોલ્યો: "કેમ, ઓળો ચાખીને દાનત બગડી તો નથી ને ?"

હસતાં હસતાં રાજા બોલ્યા. "ભાવનગર કોઇક દિવસ આવજો ને ?"

"હું, ભાવનગર આવીએ એટલે તારા જેવા સપાટા ઠોંસે ચડાવીને વેઠે ઉપાડી જાય ! તેં તો વળી ઓળો ખાધો, ને નામે લખ્યું. એટલે આપણીતાન બે ઠોંસા વધુ લગાવ્ય. ખરૂં ને ? ભગવાન અમને ભાવનગર ન બતાવ !"

મહારાજા ભાવનગર ગયા. બીજે દિવસ દરબારમાં આવીને મહારાજાએ જેસાભાઇ વજીને વાત કરી:

"જેસાભાઇ, ભુંભલીના સોંડ ખેડુએ કાલે ઓળો તો ખુબ દીધી, પણ ઓળો યે ખુબ ખવરાવ્યો હો !"

"બાપુ, ઓળો શું ?"

"એ ખાવો હોય તો બોલાવીએ એને."

બે ઘોડેસ્વારો ભુંભલી સોંડાને બોલાવવા પહોંચ્યા. સવારમાં માથે કોસ મૂકીને સોંડો વાડીએ જતો હતો, ત્યાં સ્વારોનું નોતરૂં પહોંચ્યું

સોંડને ફાળ પેઠી કે: "કાલ આકરાં વેણ કાઢ્યાં એ નક્કી ઓલ્યા ઓળો ખાનારાએ મહારાજાને કહ્યાં હશે !"

પોતાની સ્ત્રીને કહ્યું કે: "હવે મને તો કોણ જાણે કેવી યે સજા પડશે, માટે રામરામ."

સોંડો ગયો. દરજમહેલની મેડી પર ચડવા લાગ્યો. ઉપર ચડીને ઓરડામાં જ્યાં નજર કરી ત્યાં તો સ્તબ્ધ બની ગયો! એણે કાલના ઘોડેસ્વારને ગાદી પર બેઠેલ જોયો! એ તો મહારાજા પોતે! સોંડો ભયભીત બનીને રોવા લાગ્યો.

મહારાજાએ એને પોતાની પાસે બેસાડ્યો ને શાંત પાડીને પૂછ્યું: " પણ સોંડા, તું રડે છે શા માટે?"

"બાપુ, કાલે તમને બહુ ગાળો દેવાઇ ગઈ એટલા માટે."

"એમાં શું ખોટું થયું, ભાઇ? તમે તો અમારાં છોરૂ કહેવાઓ. તમારે દુઃખ હોય તો દુઃખ રોવાનો તમને હક્ક છે. બચ્ચાંની ગાળો તો માવતરને ઉલટી મીઠી લાગે "

સોંડો શાંત પડ્યો. મહારાજાએ ફરી પૂછ્યું: " સોંડા, તારે કેટલી જમીન છે?"

" બાપુ, સો વીઘા જમીન ને એક કોસની વાડી છે."

મહારાજાએ જસાભાઇ વજીરને કહ્યું: " એક ત્રાંબાનું પતરૂં મગાવો."

ત્રાંબાનું પતરૂં આવ્યું. એના ઉપર મહારાજાએ લખાવ્યું કે "સોંડાને બાર સાંતીની જમીન, અને છ વાડીના કોસ આપવામાં આવે છે." પતરા પર એ લખાયું. મહારાજા બોલ્યા: "અને પતરામાં લખો કે આ બધું મહારાજા એનો બોળો જમ્યા તે માટે આપ્યું છે."

પછી મહારાજા બોલ્યા, " પણ એ બિચારો એટલી જમીન ખેડવાના બળદ લેવા ક્યાં જશે? આપો બાર બળદ."

બાર બળદ આપ્યા.

વળી મહારાજાએ કહ્યું: " બિચારો વાવણી કરવા દાણા લેવા ક્યાં જશે? આપો વીશ કળશી બાજરો."

બાજરો આપ્યો.

" બિચારાનાં છોકરાં છાસ લેવા ક્યાં જશે? આપો બાર ભેંસો."

ચાર ભેંસો અપાઈ.

"રૂપીઆ એક હજાર આપો."

સોંડાના પરિવાર પાસે અત્યારે એ લેખ મોજુદ છે. એના પૌત્રો અત્યારે આબાદ સ્થિતિમાં છે.

× × × ×

પોતાનો મુલક વિસ્તારવાને મા મહારાજા વજેસંગજી આસપાસના કાઠી ગરાસીઆની જમીનો માંડી લેતા હતા; અને જે નહોતા માંડી દેતા તેના પર કમાણુ પણ ચાલતું.

કુંડલા પરગણાનાં તમામ ગામ ત્રણ ખુમાણ કાઠી ભાઈઓના હાથમાં હતાં. એમના બે ભાઈઓએ તો પોતપોતાનો ગરાસ ભાવનગર રાજ્યને માંડી આપ્યા, પરંતુ ત્રીજા ભાઈ જોગીદાસ ખુમાણ એમ વશ ન થયા. મહારાજાએ એના પર બળાત્કાર ચલાવ્યો. જોગીદાસ બહારવટે ચડયા. પોતાના કેટલાય ઘોડેસવારો સહિત એ ઢુમાએલો કાઠી ભાવનગરનાં એક પછી એક ગામડાંને પાયમાલ કરવા લાગ્યો.

કેવો હતો એ જોગીદાસ ખુમાણ?

"ઠણુકો નાર થાએ, તારૂં ચિત ખુમા ચળીઉં નહીં;
ભાખર ભીતડીએ જડધર મોયા જોગડા."

(હે જોગીદાસ! જટાધારી શંકર સમા સમર્થ દેવતા પણ હિમાલયના પહાડ (ભાખર)ની ભીતડ ઉપર મોહી પડ્યા; પરંતુ તારૂં ચિત્ત તો ચાહે તેવી સુંદર સ્ત્રીના પગનો ઠમકારો સાંભળીને પણ નથી ચળ્યું. એવો તું પવિત્ર છે.)

"જોગો જોડ કમાડ માણો મીતલપર ધણી;
ન થડકે ઘોમાળ હકળ મચીયે હાદાઉત."

(મીતીઆળાનો ધણી જોગીદાસ જોડીઆં કમાડ જેવો છે. જેમ ચાહે તેવા પ્રહારોથી પણ જોડીઆં કમાડ ન તૂટે, તેમ મૂછોના ઘોભાવળો મરદ જોગીદાસ—હાદા ખુમાણનો દીકરો—ગમે તેવું યુદ્ધ મચે છે ત્યારે થડકતો નથી.

"તું પાદર જૂના તણે કેસળીઓ કોજે;
ખીબડીઉં ભંગલે જોવે જોગીદાસીઆ"

(જે વખતે જૂનાગઢના પાદરમાં તું સૈન્ય પાથરીને લડવા લાગ્યો, તે વખતે, આ જોગીદાસ, મોટા મહેલોની અંદરથી બીબીઓ બારીમાં ડોકાઇને તને નિરખી રહી હતી.

" દત સૂરત ટેકો દઇ રાખીતલ પ્રજરાણ
ખળભળતી ખુમાણ જમી જોગીદાસીઆ '

(કાઠીઓની ત્રણે પરજના રાજા, હે જોગીદાસ ! કાઠીઓની સત્તા ખળભળી ગઇ હતી. એને દાન અને શૌર્યના ટેકા દઇને આબાદ રાખનાર તો તું જ છે.)

"કુરડયે કાંઉ થીએ પરડોતરાં પ્રજરાણ;
ટસતલ તું હૈવાણ જાંજડ જોગીદાસીઆ.

(હે મહાન જોગીદાસ ! ત્રણે કાઠી પરજના રાજા ! નાનાં નાનાં પરડકાં કરડે તેથી તો કાંઇ ન થાય. પણ તું તો મહા ઝેરી સર્પ છે. જેને તારો ડંસ થાય તે જીવે નહીં.)

જોગીદાસ બહારવટે ચડયા, એટલે એનાં પત્નિને અને બે નાના દીકરાઓને મહારાજા વજેસિંહજીએ ભાવનગર તેડાવી લીધાં. પોતાના રાજમહેલની અંદર જ પોતાનાં જ પુત્ર પરીવાર જેટલાં આદરમાન આપીને એક વીરશત્રુને શોભે તેવી રીતે એ બહારવટીઆનાં બચ્ચાંને મહારાજા રાખવા લાગ્યા.

એક દિવસ પણ ખાલી જતો ન હતો. આજે અહીંથી તો કાલે બીજેથી બુમ આવી પહોંચતી કે જોગીદાસ ખુમાણ ત્રાસ વર્તાવી રહ્યા છે. છતાં મહારાજાનો પ્રેમભાવ તો જોગીદાસનાં બચ્ચાં પર એવોજ અચળ હતો.

મહારાજાના કુમારો અને જોગીદાસ ખુમાણના દીકરા એક સાથેજ ખેલતા. એક દિવસ જોગીદાસ ખુમાણના દીકરાએ રમતાં રમતાં યુવરાજ જસવતસિંહજીને એક તમાચો ચાડી દીધો. યુવરાજ રોતા રોતા પિતા પાસે ગયા. ફરીઆદ કરી કે: "બાપુ, જોગીદાસના દીકરા મને મારે છે."

મહારાજા મ્હોં મલકાવીને બોલ્યા: "ફીકર નહીં બેટા ! એ તને કેમ ન મારે ? એનો બાપ અમને મારે છે; અને એનો દીકરો તને મારે; એમાં નવાઈ શી ?"

"માવતર મહઈપણું કરે, જાય બારવટે જે;
(એનાં)છોરૂને ચણુ કે (તુ તું) વેંઢારછ વજપાળદે"

(હે વજેસંગજી ! જે મનુષ્યો તારી સાથે દુસ્મનાવટ કરીને બહારવટું આદરે છે, તેનાં જ બચ્ચાંને તું પોષણ (ચણુ) દઈને નીભાવી રહ્યો છે.)

મહારાજાની આટલી બધી ઉદારતાની વાત રણવાસમાં જોગીદાસ ખુમાણનાં પત્નિને કાને પહોંચી. એ ઉંચા હૃદયની કાઠીઆણીને મહારાજા પ્રત્યે માન થયું, એણે એ વાત પોતાના પતિને પહોંચાડી. અને સાથે સંદેશો મોકલ્યો કે: "આવા રાજાની સામે હવે બહારવટાં હોય ? એના મિત્ર બની રહેવાનું ભાગ્ય તો કોઈ બહુ પુણ્યશાળીનું જ કહેવાય. હવે હથીઆર છોડી દ્યો, આંહી આવો, અને જેટલો ગરાસ મહારાજા રાજી-ખુશીથી ભોગવવા આપે તેટલો સ્વીકારી લ્યો.'

જોગીદાસ ખુમાણે જ્યારે આ વાત સાંભળી ત્યારે એનું હૈયું પણ ભરાઈ આવ્યું. એના મનમાં થયું કે "વાહ ! આવા શત્રુ તો પુણ્યવંતને જ સાંપડે."

એક દિવસ એ બહારવટીઓ પોતાની ટોળી લઈને એક ગામ ઉપર ધસી આવ્યો. પરંતુ એ પાદરમાંથી જ પાછો વળ્યો. કારણ એને ખબર પડી કે એતો ઠાકોર વજેસંગજીનાં દીકરીનું ગામ છે.

વજેસંગજીએ એ વાત જાણી. એનાં અંતરમાં પણ જોગી-દાસ પ્રત્યે અનહદ માન વછુટયું. દિલમાં થયું કે, વાહરે દાના દુશ્મન ! વાહરે પવિત્ર બહારવટીઆ !

એક દિવસ વરતેજની લુંટ કરી જોગીદાસ નાસ્યા. મહારાજા વજેસંગજીને ખબર પડતાં તેમણે પ્રતિજ્ઞા કરી કે: "આજે કાં હું નહીં, કાં જોગો નહીં." સૈન્ય લઈને મહારાજા જોગીદાસની

પાછળ પડ્યા. જોગીદાસ ખુમાણ નસતા નાસતા ભંડારીઆ ગામમાં આવી પહોંચ્યા. એ ગામનો ધણી ભીમ પાંચાળીઓ ચારણ હતો. જોગીદાસ ખુમાણને બરાબર પ્રભાતે જ પોતાના ગામને પાદરથી શીરામણ લેવરાવ્યા વિના કેમ જવા દેવાય? ભીમ પાંચાળીએ કહ્યું: "નીચે ઊતરો" જોગીદાસે જવાબ દીધો કે: "પાછળ વજેસંગજીનું દળ સમું સેન ચાલી આવે છે." પાંચાળીઓ બોલ્યો: "એની ચિંતા મારે કરવાની હોય. મગદૂર નથી કોઈની કે મારા મહેમાનનો વાળ પણ વાંકો કરી શકે."

જોગીદાસને શીરામણ કરવા રોકી. ભીમ પાંચાળીઓ વજેસંગજીની સેના સામે જઈ મહારાજને મળી વિનવણી કરી કે: "જોગીદાસ આજે મારે ઘેર [illegible] શીરામણ કરે છે, [illegible] સુધી [illegible]; પરંતુ ત્યાં સુધી તો આપને આંહીં જ અટકવું પડશે."

બાપ. [illegible] વજેસંગજીનાં [illegible] ભીમ પાંચાળીઆને કહ્યું કે:

"ભીમ પાંચાળીઆ! જો હાથી [illegible] ચડ્યા રહો [illegible] હેઠે ઊતરીને તો મહારાજાની સાથે ધૂળ [illegible]!

ભીમ પાંચાળીઆને આ વચન કડવું લાગ્યું. [illegible] ઉત્તર દીધો: "બાપ કામદાર! મહારાજાની મા તો એમને દૂધ પીને જ જણ્યા છે. બાકી, વાણીઆ બ્રાહ્મણ [illegible] કહ્યા ઘણી બીજાના [illegible] ચાની ઢેફલી મ્હોમાં મૂકવાની ટેવ હોય ખરી!"

મહારાજા હસ્યા. ચારણના અતિથિ ધર્મ ઉપર અતિ માન ઉપજ્યું. એવા ટેકીલા અને નિડર ચારણની સામે મહારાજાનું જોર ન ચાલ્યું. એમણે કહ્યું: "પાંચાળીઆ! જાઓ, આ વખતે હું પાછો જ વળી જાઉં છું. મારે આ વખતે જોગીદાસની પાછળ જવું જ નથી."

*   *   *   *

બે દિવસ ભંડારીઆમાં રહીને ત્રીજે દિવસે જોગીદાસ ખુમાણ પોતાના મિત્ર ભડલીવાળા ભાણુ ખાચરને ઘેર જવા નીકળ્યા. એ ભાણુ ખાચરને માટે કહેવાયું છે કે:

* બાબા તારી બાકરી, કોઈ ન થોલે કાન;
(૨ણુ) ખરીડિ' સોતો ખાઈ ગ્યો, બકરી વાળો બાથ.

રસ્તામાં ધોળા સ્ટેશનની નજીકમાં ટીંબી નામનું ગામ આવે છે. એ જ દિવસે એજ ગામની સીમમા થઈને, વજે-સંગજીનાં રાણી નાનીબા પોતાના બે કુમારોને લઇને વેલડીમાં બેસી પોતાના માશીબાઈ માઇ કેસરીસિંહની કાણે કડવા જતા હતાં

ભાવનગરનાં રાણી ચાલ્યાં જાય છે એ ખબર આકડીઆના બળવાન કાઠી રઘા ચાવડાને પડી.

એ રઘો કેવો બળશાળી હતો ?

લઠી, કાઠી અને લીંબડા, ભડ થાશે ભેળા;
રાઘડો રમત માંડશે, કેક ખપશે ખેળા.

અર્થ—આ દુહામાં ધિંગાણાને ભવાયાની રમતનું રૂપક આપેલ છે. ભવાયાની રમતમાં ખેળાનો વેશ આવે છે એને 'ફેરબો' પણ કહેવાય છે. એ વેશ રમનાર તલવારના તરેહ તરેહના ખેલા કરી બતાવે છે. ચારણ આ દુહામાં કહે છે કે: જયારે લાઠીના રાજા, કાઠીઓ, અને લીંબડાના સુભટો–ત્રણેનું ધિંગાણું મચશે, ત્યારે રઘો એવી સરસ યુદ્ધ–રમત રમશે કે તલવાર ફેરવી જાણનારા ઘણા ઘણા જુવાન ખેલાડીઓ–યોદ્ધાઓ પ્રાણ છાંડશે.

એ રઘો ચાવડો લૂંટ કરવાનો સરસ લાગ જોઇને પોતાના ઘોડેસ્વારો મહિત ચડયો. ટીંબીની સીમમાં રાણીજીના રક્ષકો

---

* ગાયકવાડની ફોજ લઇને બાબા નામનો સેનાપતિ કાઠિયાવાડમા આવેલ. તે એટલો બળશાળી હતો કે એની પાળેલી એક બાકરીની પાછળ બબ્બે આરબો ફરતા એ બકરીને કોઇ સ્પર્શી પણ ન શકે. એક વખત અકસ્માત એ બકરી ભાણ ખાચરના દરબારમા પેસી ગઇ. કાઠીઓ એને રાંધીને ખાઇ ગયા. બાબારાવને ખબર પડતા એણે ભાણ ખાચરને બોલાવ્યા. ભાણ ખાચરે કહ્યું કે. " સાહેબ, મારા માણસોની ભૂલ થઇ. આપને રોષ હોય તો એકને માટે બે બકરી હું આપું." ક્રોધાતુર બાબાએ ભાણ ખાચરને પકડવાનો હુકમ દીધો. પણ ભાણ ખાચરના કાઠીઓ તલવાર લઇ ખડા થઇ ગયા. ધિંગાણું મચ્યું. બાબારાવ નાઠો.

સાથે એનો ભેટો થયો. રાણીજીના થોડાક રક્ષકો ઘવાયા, બીજા નાસી બચ્યા. રઘે હાકલ કરી કે: "દાગીનાની પેટી કાઢી દ્યો."

ત્યાં તો જોગીદાસ ખુમાણનું દળ નીકળ્યું. જોગીદાસને ખબર પડી કે ભાવનગરનાં રાણી લૂંટાય છે! એણે પડકાર કર્યો કે: "ખબરદાર રઘા."

રઘો કહે: "જોગીદાસ, આ તો તારા શત્રુની સ્ત્રી છે"

"એ મારી મા છે, દીકરો માને લૂંટાતી ન દેખી શકે. શત્રુની સ્ત્રી હોય પણ આખરે તો એ અબળા. શરમ છે રઘા!"

રઘાની સાથે ત્રિંગાણું મંડાયું. રઘાનાં ચૌદ માણસો મરાયાં. રઘાનો એક હાથ કપાયો. એ નાસી છૂટયો

રાણીજીના હૃદયમાં તો જોગીદાસ પ્રત્યે બેહદ માન છલકી ઉઠયું. એમણે જોગીદાસને કહેવરાવ્યું: 'ભાઇ, ચાલો મને ભાવનગર મૂકવા."

જોગીદાસે કહાવ્યું: "માતાજી, હજુ તો ત્રણ દિવસ પહેલાં જ મહારાજાના હાથમાંથી બચી નીકળ્યો છું. હું તો ભાવનગર સામે બહારવટે ચડયો છું. મારાથી ભાવનગરમાં ન અવાય."

"ભાઇ હવે બહારવટું નહીં રહે. ચાલો, બીઓ ના."

આખરે શિહોર સુધી જઇને જોગીદાસ રાણીજીને મૂકી આવ્યા. રાણીએ ઘેર જઇને મહારાજાને વાત કરી.

મહારાજાએ જોગીદાસને કહેણ મોકલ્યાં.. જોગીદાસ આવ્યા. બહારવટું પાર પડયું. આંબરડીનાં છ ગામ સ્વીકારીને જોગીદાસ સંતોષ પામ્યા. એ તો પરસ્પર વીરપૂજાનો, ને સ્નેહનો સંતોષ!

જ્યારે જોગીદાસ ખુમાણનું બહારવટું પાર પડયું, ત્યારે વજેસંગજીની કચેરીમાં વજેસંગજી તથા જોગીદાસ ખુમાણ બન્ને ગાદી પર બેઠેલા. એ વખતે મૂળુ વરસડો નામના એક ચારણ આવ્યા. તેને મનમાં સમસ્યા થઇ કે: 'આ બન્નેમાં કોની તારીફ કરૂં? બન્ને સરખા શૂરવીરો છે. એકેયને ઉંચો નીચો કેમ કહેવાય? પછી ચતુર ચારણે દુહો કહ્યો:

" વજો અવરંગશા વડા, દરંગો જોગીદાસ,
" તણુ હાદલ વખતા તણુ, આંખ.ીઆ ઓનાડ.

અર્થ—વજેસંગજી ઓરંગજેમ જેવા છે, ને જોગીદાસ દુર્ગાદાસ જેવો વીર છે. એક વખતસિંહજી સરખા શૂરવીરનો પુત્ર છે અને બાંજો હાદા ખુમાણનો બેટો છે. બન્નેની લડાઇ ઓરંગશાહ અને દુર્ગાદાસ વચ્ચેની લડાઇને યાદ કરાવે છે એમાંથી એકેયમાં કાંઇ કમા નથી. x

પર નારી પેખી નહીં માંટે માણુરા;
સીંઝી રખ ચળીઆ જુવણુ જોગાદાસીઆ.

હે જોગીદાસ! જુવાની (જુવાન) માં તો શૃંગી ઋષિ સરખા પણ પરનારને દેખી ચળી ચાહતા. પરંતુ તારે આત્મ સંયમ એવા અડગ રહ્યા કે તેં એક નજર (નેટ) સરખી પણ પર સ્ત્રીની સામે નથી કરી

ફુંકે ટોપા ફેરતે, રહો છાડયા વાદ,
નાવે કુંડીએ નાગ, જાજડ જોગીદાસીઆ.

(દુશ્મન રૂપી વાદીઓ આ નાગને જોગીદાસ રૂપી નાગને પકડવા મથે છે. પણ એ જબરજસ્ત (જોરાડ નાગ) કંડીઆમાં સપડાતો નથી. ફુંક મારે છે ત્યાં વાદીના માથાના ટોપા દૂરી જાય છે. અર્થાત દુશ્મન હારીને પાછા જાય છે)

મારગ જે મુંબઇ ન , જલમેડાં ન જાય;
શેલે સમદર માંય, જાજડ જોગીદાસીઓ

(કાઠીઆવાડમાંથી મુંબઇને રસ્તે દુશ્મનોના વહાણુ સહીસલામત ન જઈ શકે. કારણ કે આ જોરાવર જોગીદાસ સમુદ્ર તરીને (શેલે) પણુ વહાણોને પકડી પાડે)

જોગા જનમ ન થાત, ઘણુમૂલા હાદલ ઘરે;
તો કાઠી કીં કે'વાત, સામી વડ સૂબા તણી ?

(હે જોગીદાસ! જો અતિ ઉંચા (ઘણા મૂલ્યવાળા) હાદા ખુમાણને ઘેર તું ન જનમ્યો હોત તો, કાઠીઓ મોટા મોટા રાજાઓના પણ વડીઆ (બરોબરીઆ) તરીકેનું નામ

ક્યાંથી કાઢત? અર્થાત, જોગીદાસે મહારાજા વજેસંગજી જેવાને હુંફાવીને જગતમાં એમ જાહેર કર્યું કે કાઠીઓ મોટા રાજાઓની સામે પણ ઝુઝી શકે છે.)

*　　*　　*　　*

એક દિવસ વજેસિંહજી શિકારે નીકળેલા. ઓળખાય નહીં તેવો શિકારી લેબાસ પહેરેલો. સમઢીઆળા ગામના એક ખેતરમાં મોલ ઊભા હતા, અને એમાં પોતે ટુંકો રસ્તો લેવા માટે ઘોડો ચલાવ્યો. ખેતરમાં કણબીની ડોસી ડસેલી. પોતાના મોલ ચગદાતા જોઈને ડોસીએ ઘોડેસ્વારને બે ચાર ગાળો દઈ દીધીઃ "મારા રોયાઃ બાજરો નથી? પીટયા, ખેતરમાં ઘોડો હાંકછ તે લાજતો નથી?"

મહારાજાએ જરા ક્રોધ ભરાઈને કહ્યું: "ડોસી, ગાળો કેમ કાઢ છ? ઓળખ છ? અમે રાજના નોકર છીએ. જેલમાં બેસી દેશું."

"જા જા રોયા! તારા જેવા સપારડા તો કૈંક આવે ને જાય! બાપુ વજેસંગજીના રાજમાં કોનું દેન છે કે કેદમાં પૂરે?"

મહારાજા ચાલ્યા ગયા. મનમાં વિચાર કર્યો કે "વાહ! મારી પ્રજા કેવી નિડર! મારા પર એનો કેવો વિશ્વાસ! એને વધુ નિડર બનતાં શીખાવું."

એણે એ ડોસીના કુટુંબને કાયમની પટેલાઈ આપી અને જમીન પણ ઇનામમાં દીધી.

૩

સંવત્સર ૧૮૬૯ નો દુકાળ મશહુર છે. એ દુઃખના દિવસોમાં, મહારાજાના દરબારમાંથી એક ચારણને રજા આપવામાં આવી. ચારણે દરબારમાં જઈને મહારાજાને દુહો કહ્યો:

પોતાનાં પેરંભ-ધણી, કાઢી ન મેલે કોય
આંડા ઘેલાં હોય, તોય વેંડારે વજપાળદે.

(હે પેરંભ બેટના રાજા વજેસંગજી! જેને પોતાનાં ગણીને એક વાર રાખ્યાં હોય એને તો કોઈ ન કાઢી મૂકે. એને તો આંડાં

ઘેલાં હોય તો યે માણસો નભાવી સખે; તો પછી તું વજપાળદે (વજેસંગજી) ઉઠીને આજ મને, તારા ચારણને કાઢી મૂકોશ ?)

એ દુહાએ મહારાજા પર બહુ અસર કર. ચારણને કાયમ ત્યાં જ રાખ્યો, અને વસ્તીને અન્ન ખવરાવવા પોતાના કોઠાર ખુલ્લા મૂકી દીધા.

સૂવર સિંહની લડાઇ

એક દિવસ વજેસિંહજી ઠાકોર શિહોરના ડુંગરામાં શિકારે નીકળેલા. ત્યાં એક ઠેકાણે એક સિંહને અને સુવરને લોહીલોહાણ બની મરેલા દીઠા. રાજાના મનમાં થયું કે "કેવાં શૂરવીર આ બન્ને પ્રાણીઓ ! બન્ને સામસામા લડીને એક સાથે મર્યા લાગે છે.'

પોતાની સાથે ત્રણ કવિઓ હતા. તેમને આ સૂવર-સિંહની લડાઇનું કંઇક કાવ્ય કરવા કહ્યું. તેમાં મુળુભાઇનું ગીત બહુ સારૂં હતું. પરંતુ મૂળુભાઇએ સૂવર કરતાં સિંહને અધિક વર્ણવ્યો હતો. ઠાકોર કહે કે બન્ને સરખાજ બહાદૂર હતા. માટે બેમાંથી એકેયને હલકો પાડયા વિના વર્ણન કરો. પછી પઢણાના કવિશ્રી જેઠીભાઇ વિકાભાઇએ નીચેનું અતિ ખુબીદાર કાવ્ય બનાવ્યું. અંગ્રેજીમાં આવા કાવ્યને mock heroic (વીર રસની વિડમ્બનાનું કાવ્ય) કહે છે.

ગીત જાંગડું

૧

કોઇ નીકળ્યો સિંહ સેલાન કરવા કજુ,
વદી જે તકે પરભાત વેળા;
હોય મારી તણા વજીતા દીકરા,
ભાંખરે શિયોરે હુવા ભેળા.

૨

બરાસક તઠે વારાહ મુખ બોલીઓ,
તવિજે કઠે ઉગાર તોરો;
સાત પેઢી તણું વેર મું સાંભર્યું,
અજાના મારતલ ! આવ્ય ઓરો.

૩

માઘ કાવા તણી વાત મુખ આણય મા,
કાયર કે અમે ને તે તમે કળાશો;
વાહોરા બચાની આબ્ય ન કરીએ,
મોથના ! ખોદતલ ધૂળ મળશો.

૪

વાઢનો વઢાસણુ ફરી બોલ્યો વડેર,
મલક જાણે અસી રીસ મોરી;
વાદ છાડી કરી રહેને વેગળો,
(નકર) તરત હું કરૂં છું વલે તોરી.

૫

શેર બહાદર નથી નામ કાને સૂણ્યું ?
ભારથે હાથીરા કાંધ ભાંજે;
કરો ઘા મૂજને સોજ કાંશું કરે ?
લડૈયે ખસું તો દૂધ લાજે.

૬

કુળો કરવા કજુ વળ્યા બે કાટકી,
નવે ખંડ રાખવા અમર નામો;
ભુંડણી તણો કંથ મંડાણો ભારથે,
સિંહણી તણા ભરથાર સામો.

૭

કડડ ઘટ બડડ ઘટ ખુબ માર્ચો કુળો,
લખુ મખ જોગણી રગત લીધો
પટાધર થાપ વારાહ નીચ પાછટી,
કાતરડી વડ્ડ સે ઢાહ દીધો.

૮

શંકર રંભ વેમાન જોવે ચડી,
જગત બાખી સરે રંગ જામ્યો;
પંચાણુ મુવો તે વૈકુંઠમાં પધાર્યો,
પ્રાક્રમી સૂર કૈલાસ પામ્યો.

અર્થ

૧. એક દિવસ પ્રભાતે એક સિંહ સેલગાહ કરવા નીકળ્યો. શિહોરના પહાડ ઉપર એક સુવરની સાથે એને ભેટો થયો. બે સુવિખ્યાત મારીઆઇ ભાઈઓ આ રીતે ભેળા થયા (સિંહ અને સુવર બન્ને એક સરખા બળવાન હોય છે. સુવર એટલો બધો જોરાવર હોય છે કે બે વાઘ પાણી પીતા હોય તો એ બેની વચ્ચે જઇને પોતે પાણી પીએ આવા શૌર્યને લીધે સુવરને સિંહની માશીનો દીકરો કહેવાય છે.) કજુ=કાજે, માટે. વજીતા=પ્રખ્યાત ભાખર=પર્વત.

૨. વકરેલો એ વરાહ સિંહને કહેવા લાગ્યો: " વિચારી લે રે, હવે તું બચીને ક્યા જવાનો ? આજ મને આપણી સાત પેઢીનું જૂનું વેર સાંભર્યું છે. હે બાકરના મારનાર ! આંહી આવ એટલે તને હણી નાખું.

બકાછક=વકરેલો. તવિજે=વિચારી લે. મું=મને. મારતલ= મારનાર.

૩. સિંહ ઘુરકીને જવાબ આપે છે: " રે અભિમાની ! જૂનાં વેરનાં બહાનાં આજ શા માટે આપે છે ? ભલે તું શૂરવીર હોય, પરંતુ સામો હું યે કાંઇ બીકણ નથી કે તું મને હબડાવી જઇશ. અમે નહોરવાળાં પ્રાણીઓ છીએ. અમારી છેડ કરવી રહેવા દે નહિતર, હે નદીની અંદર મોથ ખોદનારા, તારૂં મ્હોં ધૂળમાં રોળાશે.

મોથના ખોદતલ=સૂવરને પોતાની દાતરડી વડે નદીના કાદવમાંથી મોથના દૈયા કાપવાનો શોખ હોય છે.

૪. શેરડીના વાડ વાઢી નાખનારો વકરેલ સૂવર ફરી બોલ્યો: " રે નાદાન ! પૂછી જો દુનિયાને કે મારો કોપ કેવો ભયાનક છે. માટે વાદ વિવાદ છોડીને આઘો રહેજે. નહિ તો તારી બુરી વલે કરી નાખીશ.

વાડનો વઢાસણુ=સૂવરને શેરડીના વાડ વાઢવાનો શોખ હોય છે.

જરસ=વકરેલો. અસી=એવી.

૫. સિંહ બોલ્યો: "અમારૂં નામ કોઈ દિવસ બારે કાને નથી આવ્યું લાગતું. અમે 'શેર બહાદૂર' કહેવાઇએ. યુદ્ધમાં અમે હાથીનાં કાંધ ભાંગી નાખીએ. તારી મરજી હોય તો આવી જા. કર ઘા. એમાં વિચાર શું કરી રહ્યો છે? રણક્ષેત્રમાંથી જો હું પાછા પગ કરૂં તો મારી જનેતાનું દૂધ લાજે.

સોજ=વિચાર. કાંશું=શા માટે

૬. પછી તો બન્ને જણા યુદ્ધમાં ઉતર્યા. બન્નેને પોતપોતાનાં નામ જગતપર અમર રાખવાં હતાં. એક તરફથી કુંડણનો ભરથાર સૂવર અને બીજી બાજુ સિંહણનો સ્વામી સિંહ બન્ને સમસામાં મંડાયા.

કુળો=યુદ્ધ

૭. ધિંગાણું જામ્યું. એક પછી એક બન્ને જણા જમીન પર પછડાવા લાગ્યા, કડડ બડડ અવાજ થવા લાગ્યા. લોહીની ધારાઓ ચાલી.

લ.ખો. જોગણીઓએ એ લોહીમાંથી પોતાનાં ખપ્પર ભર્યાં. આખરે સિંહે સૂવરને એક પ્રચંડ થપાટ મારીને નીચે પછાડયો. એજ પળને સૂવરે પણ પોતાની દાતરડી સિંહના પેટમાં ઘોંચી દીધી. બન્ને લોહીલોહાણ બનીને પડયા.

લખુમખ=લ.ખો. ગુજરાતીમાં બોલાય છે કે: "લાખો મોઢ" "હજારો મોઢે": અથાત્ લાખો અને હજારો. રગત=રક્ત. પટાધર=થોમાવાળો સિંહ. પાછટી=પછાડી.

૮. શંકર અને અપસરાઓ વિમાનમાં બેસીને આકાશમાંથી આ દ્વંદ્વ યુદ્ધ જોઈ રહ્યાં હતાં. આખા જગતની અંદર રંગ જામ્યો હતો. પછી તો સિંહ (પંચાણ)મરીને વૈકુંઠમાં-વિષ્ણુના ધામમાં ગયો અને પરાક્રમી સૂવરને શંકરે કૈલાસમાં બોલાવી લીધો. બન્ને જણાંને જૂદે જૂદે સ્થળે રાખ્યા. કારણ એક સ્થળે રહે તો ત્યાં પણ લડી મરે.

× × × ×

એ પરાક્રમી અને અતિ ઉમદા રાજાનાં નામ સાથે ચાર લોકોએ નીચે મુજબનું ગીત રચીને જોડી દીધું છે:

ગીત જાંગડું

૧

પલા આટકચે કો'ક દી' વેર કરવાં પડે, નાળ ગોળા તણો પાર નાવે;
જે સમે શ્રીધણું થાય શકત્યું જમે, એ સમે ઘાયે રજપૂત આવે.

૨

કેસરીસિંહ ને બીઓ રજપૂત કળ, હૈયેથી ન કે કોઇ' હારે;
ભરે આઘા તકે, નકે પાછા ભરે મરે કાં વેરનાં બાણુ મારે.

૩

ડગે અસમાણ(તો)ભુજ બળે ટેકા દીએ, જમીનો પીઠ ભુજબળે જાકે;
પંડ ગર મેર બર મર જેવાં પંખાં, પટાળા નરહથા એમ પાકે.

૪

કહો હવ ઠાકરો, કલે કેહડી કરી, અળામાં ઝળેળી સૂર ઉગો;
એર ભરીઅલ થકો જતિ હનુમાન જ્યું પાદથા મો'લ તતકાળ પૂગો.

૫

વળી જૈમલ તણી તપાસો ક્ષત્રીવટ, રીઅણ સર પથાન જગ ચા રહીઆ;
ગજપથા લાખ રજપૂત કયમ કર ગણે, દાન એમલ અણે શીષ દઇઓ.

૬

અસરરા સાણુ ઘમસાણુ પાટણુ અથા, જમીં પર મંડાણો પ્રુફાણુ જાડો
હિન્દુવટ રાખવા લાઠીઆ હમીરે, આપીઓ શીષ જડધાર આડો

૭

ત્રણું સર મેલતાં જળ છેઠે તરત, હારનો ઇરાદો નોય હાડે;
લાખ વાતું થીએ નકે ઓળા લીએ, ચાય તેમ કરે રજપૂત ચાડે.

૮

પટાવત કવ્ય તણુા કરે બમણા પટા, જાણુતલ ક્ષત્રીવાટ તણા જાદુ;
ખાગ ને ત્યાગ અત્રવટ બાધે ખવે, એહ રજપૂતનો ધરમ આદુ.

૯

વંશ છત્રીસને કહે ગોહેલ વજો, નોય રજપૂત ત્યાં કાંઇ નોય;
નાલ રજપૂતની વાદ કરતા નથી, હોય રજપૂત ત્યાં જૈમજ હોય.

પલા=થોભા. નાળ=તોપ બીઓ=બીજો કળ=કુળ.
આઘાતકે=આગળ પગલાં અસમાણુ=અસમાન. જાકે=પકડી રાખે.

પંડ=પોતે. ગર મેર-ગિરિ મેરૂ. પખાં=પક્ષ=માતૃપક્ષ, ને પિતૃપક્ષ. પટાળા=પટ્ટાવાળા=શોભાવાળા. નવ હથા=નવ હાથ ઉંચા. કેહડી=કેવી. અળા=પૃથ્વી સૂર=સૂર્ય. રીઅણુ સર=પૃથ્વીને માથે. ગજપશા લાખ= લાખપસાવ નામનું દાન ચારણોને અપાતું. એ દાનમાં એક લાખ રૂપીઆ, એક ગામ અને એક હાથી હોય. એભલ અણુ=એભલ વાળાના પુત્ર અણુાએ. અસરરા=અસૂરોન =મુસલમાનોના. સાણ=સૈન્ય. અયા=આવ્યા. પ્રુહાણ=રણસંગ્રામ. જાડો=મોટો. જડધાર=જટાધારી= શંકર. ત્રણું=ઘાસનું તરણું. ઓળા=ઓથ. ચાડે=ચાડથી, ચાડના માર્યા. પટ વત=શોભાવાળા ખાગ=તરવાર. તાગ=ત્યાગ=દાન. નાલ=નિર્માલ્ય.

અર્થ

૧

જે ક્ષત્રી પોતાના ક્ષાત્રવટના અભિમાનમાં પોતાના શોભા ખંખેરતો હોય તેને કોઇક દિવસ જરૂર કોઇની સાથે લડવું જ પડે એ લડાઇઓમાં બેસુમાર તોપો બંદુકો ગડગડે હજારોની કતલ થાય, ગીધડાં માંસ ખાવા દોડયાં આવે, અને જોગણીઓ ખપ્પર ભરવા આવે. એવા ઘિંગાણાની અંદર તો ખરો રજપૂત જ યુદ્ધ ખેલવા આવે. બીજાની તાકાત ન ચાલે.

૨

એવા બેજ શુરવીરો આ જગત પર છે કે જેનું હૃદય કદી પરાજય ન સાંખી શકે—પશુઓમાં કેસરીસિંહ, અને મનુષ્યોમાં સાચો ક્ષત્રી કુળનો આદમી. એ બન્ને શૂરાઓ સામાં પગલાં માંડે. પાછું ડગલું ન દે. કાં તો મરે, અગર પ્રાણઘાતક બાથ્થી દુશ્મનને સંહારે; પણ નાસે નહીં.

૩

જો આકાશ ડગે તો ભુજબળના ટેકા આપે, ને જો ધરતી રસાતાળે ચાલી જતી હોય તો ભુજથી પકડીને રોકી રાખે. સાચો રજપૂત પોતેજ મેરૂ ગિરી જેવો મહાન હોય, અને એનાં બન્ને કુળ—માતૃકુળ અને પિતૃકુળ-પણ મેરૂ સમાં જ મહાન્ હોય. બન્ને પક્ષો એવાં હોય તો જ સાચા શોભાદાર અને નવ હાથ ઉંચા યોદ્ધાઓ પાકે.

૪

યાદ કરો રજપૂતો, એ કુલાજી રઠોડનાં પરાક્રમો. જગત ઉપર એ તો એક સૂર્યની માફક ઝળહળ્યો હતો. હનુમાનજી સમો એ મહા શૂરવીર હતો, અને રોષથી ભરપૂર હતો. જેસલમીરનાં પુત્રી ભટીઆણીજીનું સતીત્વ એણે રક્ષેલું. (પ્રચલિત કથા છે કે ઔરંગઝેબના શાસન દરમ્યાન જે કોઇ ક્ષત્રીકન્યા પરણતી તેને લગ્ન પછીના પહેલા નવ દિવસ બાદશાહનું શયન-ગૃહ સેવવાની આજ્ઞા હતી. ભટીઆણીજી મહા સતી હતાં. એમને તેડવા પણ બાદશાહની સેના આવેલી. પણ એમણે કુલાજી રઠોડને પોતાનો વીર કહી વ્હારે આવવા કાગળ લખેલો. જેસલમીરથી દિલ્હી જતાં રસ્તામાં એક દેવાલયની અંદર કુલાજી અને એના યોદ્ધાઓ પહોંચ્યા. ભટીઆણીજીના તંબુમાં કુલાજી નારીવેશે પાલખીમાં બેસી દાખલ થયો. ભટીઆણીજી એ પાલખીમાં બેસી મોગલ ચોકી પહેરામાંથી બહાર નીકળ્યા. કુલાજી નારી વેશે ઔરંગઝેબને નવરોઝનો સ્વાદ ચખાડવા ગયો. રાત્રિએ બાદશાહની છાતી પર કટાર લઇને એ વીર ચડી બેઠો હતો.

હવે ક્ષત્રીવીર એભલવાળાની ઉદારતા જુઓ. એણે તો પોતાના પુત્ર અણાનું માથું ચારણીને દાનમાં દીધેલું. તો પછી લાખપશા જેવા સામાન્ય દાનની ક્ષત્રીઓને શી ગણતરી હોય?

એ વીર

એભલવાળો

તળાજાનો રાજા હતો. પુત્રના શિરનું દાન દેવાની કથા નીચે પ્રમાણે છે,

ગામના એક શેઠે કુંભાર પાસેથી ઠામડાં મગાવ્યાં. બદલામાં જુવાર આપવા માંડી. કુંભાર બોલ્યો કે: "એ જાર તો મારાં ગધેડાં યે ન ખાય."

આવો જવાબ સાંભળી શેઠને કોપ થયો, પોતાના મિત્ર એક જતિ હતા તેમને કહ્યું કે: "એવો મંત્ર કરો કે જગત

આખાના ઢાંકણ રૂપ આ જુવાર માતાને અપમાન દેનારાઓને એક કણ પણ ન મળે ”

જતિએ એક તાવીજ કરી આપ્યું. એક હરણને પકડી, એની શીંગડીમા કાણું પાડી, એ તાવીજ શીંગડીમા નાખી, બંધ કરી હરણને છૂટું મૂકી દીધું. તે દિવસથી વરસાદ બંધ પડ્યો. ઉપરા ઉપરી સાત સાત વરસ સુધી આકાશમાંથી જળનું એક બિન્દુ પણ વરસ્યું નહીં. પ્રજાનો સંહાર નીકળી ગયો.

રાજા એભલને કાને વાત આવી કે, જંગલમા એક હરણ ભટકે છે. એની શીંગડીમાંથી સતત પાણીની ઝીણી ધારા વહે છે. એ જ્યાં જ્યાં ચરે છે, ત્યાં એ [illegible], એટલે જમીન પર એટલી જગ્યામાં લીલા ઘાસની [illegible] ઊગી નીકળે છે. હરણ એ ઘાસ ખાય. જ્યારે બીજા ઘાસનું એક તરણું પણ બીજા પશુઓને નથી મળતું.

રાજાને સમજ પડી કે એ હરણની શીંગડીમા કોઈએ ભારે મેલા મંત્રથી બાંધ્યુ હશે. હરણને પકડવા રાજા સૈન્ય લઈ નીકળી પડ્યો.

હરણ હાથ આવ્યો. એની શીંગડીમાંથી તાવીજ બહાર કાઢતાં તો સાત સાત વરસના વરસાદ આકાશમાંથી મંડાણા. ધરતી પર જળ-પ્રલય જેવું બન્યું. પોતાના સાથીઓથી વિખૂટો એ ઘોડેસ્વાર રાજા રસ્તો ભૂલ્યો. સાંજ પડી. એ બેભાન હાલતમા ઘોડાની ડોક સાથે સાથે એના હાથની મડાગાંઠ બંધાઈ ગઇ.

દબવત એ ઘોડેસ્વારને પીઠ પર ઉપાડી ઘોડો ઘોર અંધકારમાં ચોમેર ભટકે છે, પણ ક્યા યે માર્ગ સૂઝતો નથી. એવામાં દૂર દૂર દીવા તબકતા દેખાયા. ઘોડો ચાલતો ચાલતો એ દિશામાં ગયો. જુએ ત્યાં પહાડની ધાર પર ગીચ ઝાડી વચ્ચે એક ન્હાનું નેસડું હતું.

એક ઝુંપડીની ઓસરીએ જઈને ઘોડો ઉભો રહ્યો થોડી વારે ઝુંપડામાંથી એક સ્ત્રી બહાર આવી. એણે જોયું તો ઘોડા ઉપર બેહોશ બનીને મડાગાંઠથી ઝકડાલો એક આદમી !

બાઇમાંને એણે નીચે ઉતાર્યો. ઘરમાં લઇ ગઇ. દેવતા કરીને એ બેશુદ્ધ શરીરને શેકવા લાગી. બહુ શેક્યું, પણ શુદ્ધિ આવી નહીં. એ સ્ત્રી શું કરે ?

તત્કાળ એ નારીને ઇલાજ સૂઝ્યો. એણે વિચાર્યું કે "હું પરમ પવિત્ર છું, દેવીપુત્રી ચારણી છું મારે આંગણે આ માનવીને મરવા કેમ દઉં ? પ્રભુને સાક્ષી રાખી એક ક્ષત્રીને બચાવવા હું આ ભયાનક ઇલાજ કરું છું. પ્રભુ ! મારી રક્ષા કરજે !

ચારણીએ વસ્ત્રો ઉતાર્યાં. પથારીમાં એ ક્ષત્રી–દેહને સૂવાડ્યો પોતે અંગ આલીંગન દઇને સૂતી. એના માનવ–દેહની ગરમી ધીરે ધીરે ક્ષત્રીની શરદી તોડવા લાગી. બેશુદ્ધ શરીર ગરમ થવા લાગ્યું. છાતીમાં ને નાડીમાં ધીરા ધીરા ધબકારા થવા લાગ્યા.

આખરે ક્ષત્રીને પૂરી શુદ્ધિ આવી, ચારણી ઝડપથી ઉઠીને વસ્ત્રો પહેરી દૂર ઉભી રહી.

આંખો ખોલીને રાજા વિસ્મયભરી નજરે નિહાળી રહ્યો. ચારણીએ એને બધી વાત કહી. રાજાએ પણ પોતાની ઓળખાણ આપી. શરીરમાં સંપૂર્ણ કૌવત આવતાં સુધી થોડા દિવસ એ ત્યાં રહ્યો. બન્ને બહેન ભાઇ બન્યા.

જતી વખતે રાજાએ કહ્યું: "બ્હેન, તારા ગુણનો તો બદલો ન જ દેવાય. પણ કદી ખપ પડે ત્યારે તળાજે આવીને ઉભી રહેજે."

એ ચારણીનું નામ

સાંઇ નેહડી.

ડુંગરોમાં પોતાનાં ઢોર લઇને નેસડાં બાધી બધાં ચારણો રહેતા હતાં દુકાળ પડવાથી ઢોર હાંખર લઇને પુરૂષો બધા પરદેશ ગએલા. ઓરતો જ ઘેર રહેલી. પોતાના ધણીની ગેરહાજરીમાં આ પ્રસંગ બન્યો.

વરસાદ થયો, એટલે ચારણો ઢોર લઇને પરદેશથી પાછા વળ્યા. સાંઇના પતિને કાને પાડોશીએ ફુંકી દીધું કે; " કોઇ ફૂંકડા મરદને તારી સ્ત્રીએ ઘરની અંદર ઢાંસેલો ! "

ચારણના હૃદયમાં વ્હેમનું વિષ રેડાયું. પોતાની સ્ત્રીને એ ટાણે કટાણે મર્મ-કટાક્ષો કરવા મંડયો. ચારણી ચુપ રહીને જ બધાં વેણ સાંભળ્યે જતી.

એક દિવસ ચારણ ગાય દોતો હતો. ચારણીના હાથમાં વાછડું હતું. અચાનક વાછડું ચારણીના હાથમાંથી છોડાવીને ગાયના આઉમાં પહોંચ્યું. ચારણ ખીજાયો. બધા દિવસની રીસ એ સમયે બહાર આવી. ચારણીને એણે 'બ્રષ્ટા' કહી, એભલવાળાનો પ્રસંગ સંભારી આપ્યો. હાથમાં શેલાયું (નોંજણું) હતું, તે લઇને સાંઈના શરીર પર પ્રહાર કર્યો.

ચારણી ધૈર્ય હારી બેઠી. પાસે જ દૂધનું બોઘરૂં પડેલું તેમાંથી અંજળી ભરીને બોલી: ' હે ચારણ, આજ સુધી તો સહેવાયું. હવે બસ ! જો હું પવિત્ર હોઉં તો આ દૂધને છાંટે છાંટે તારે શરીરે રક્તપીત થજો." એમ કહીને અંજળી મારી. ચારણને રોમે રોમે આગ ચાલી. રોગ ફાટી નીકળ્યો.

થોડા વખતમાં તો ચારણનું શરીર સડી ગયું; લોહી શોષાઇ ગયું. આંસુ સારતી સારતી સ્ત્રી ગંધાતા શરીરની ચાકરી કરે છે. આખરે એક દિવસ એક કંડીઆમાં રૂનો પોલ કરી, અંદર પોતાના સ્વામીના શરીરને સંતાડી, કંડીઓ માથા પર ઉપાડી સતી સાંઇ તળાજે પહોંચી.

રાજાએ બ્હેનને ઓળખી, આદર સત્કારમાં ઓછપ ન રાખી. પરંતુ બ્હેનની પાસે કંડીઆની અંદર શું હશે ? કંડીઓ કેમ એક ઘડી પણ રેઢો મૂકતી નથી ? છાનીમાની ઓરડામાં બેસીને કેમ ભોજન કરતી હશે ? ઓરડાની અંદર એ ઝીણી ઝીણી વાતો કોની સાથે કરતી હશે ?

એવી અનેક શંકાઓ રાજાને પડી. એણે એકાંતે જઇને બ્હેનના મનની વાત પૂછી.

કહેને કુંડીઓ ચોળી ગંધાતા અને ગેગી ગયેલા એ ચારણનું શરીર બતાવ્યું. રાજાના મ્હોંમાંથી નિઃશ્વાસ નીકળી ગયો.

" બહેન, આ દશા ?"

' ભાઇ, એ તમારે ખાતર. "

ચારણીએ બધી વાત કહી સંભળાવી

' હવે કાંઇ ઇલાજ ?"

" તેટલા માટેજ તમારી પાસે આવી છું '

" ફરમાવો. '

" બની શકશે ?"

' કરો શરણું."

" ઇલાજ એકજ છે, ભાઇ ! બત્રીસલક્ષણા પુરુષના લોહીથી આ શરીરને નવરાવું તો જ ... શકે '

" કહો, કોણ છે બત્રીસલક્ષણો ? પલવારમાં હાજર કરું."

" એક તો તું, ને બીજો તારો દીકરો આપ."

" વાહ રે બહેન ! ધન્ય ભાગ્ય મારા કે મારું રુધિર આપીને હું તારો જીવ અમર કરીશ. '

એ યુવાન કુમાર ... પણ ... આ પુણ્ય તો મનેજ લેવા દો "

આખરે પિતાએ રાજીહોંશેજ તલવાર ... પેટના એકના એક પુત્રનું માથું વધેર્યું. ચારણીનો ... એ લોહીમાં સ્નાન કરીને સાજો થયો.

પણ એ તો ચારણી ! ચારણે કદી કોઇનાં પ્રાણ કઢાવ્યા નથી. બાળાનું માથું ધડ પર ચોંટાડી, સતીએ એની ગરદને હાથ ફેરવ્યો, એટલે બાળો ઉઠીને બેઠો થયો.

આજ પણ સાંઇ નેસડીનો ટીંબો તળાજાથી શેઢે આવે ચારણોના બાબરીઆત ગામ પાસે ખરો છે. અને પિતા પુત્ર બીજાના દુહામાં અમર બન્યા છે.

" સરઠો કરો વિચાર, બે વાળામાં કયો વડો;
" સરનો સોંપણહાર, કે વાઢણહાર વખાણીએ."

અર્થ—હે સોરઠના લોકો, આ બે વાળમાંથી મોટો કોણ, તે કહો. માથું દેનાર પુત્ર મહાન્? કે પુત્રનું માથું સ્વહસ્તે કાપી દેવાનું હિંમત કરનાર પિતા મહાન્?

૬

ઇ.સ. ૧૫૦૦ની આસપાસ મુસલમાનોની સેના લઇને બાદશાહ મહમદશાહ બેગડો સોમનાથ પાટણનું શિવાલય તોડવા ચડી આવ્યો ત્યારે લઠીના રાજા ભીમજી ગોહિલના એક પરાક્રમી પુત્ર હમીરજી ગોહીલે સોમનાથ જઇને શંકરને પોતાનું મસ્તક ચડાવી શત્રુઓ સામે લડવાની પ્રતિજ્ઞા કરી અને છેવટે એ પ્રતિજ્ઞા પૂરી કરી *

હમીરજી

ની કથા આ પ્રમાણે છે: દુદોજી અને અરજુજી નામના પોતાના બન્ને ભાઇઓ જુનાગઢના રાવ પાસે રહેતા. પોતાની ઉમ્મર નની હોવાથી પોતાના ભાભી પાસે પોતે પોતાને ઘેર અર્ઠીલમાં રહેતા. મુસલમાનની સેના સોમનાથનો નાશ કરવા આવે છે, એ વાત સાંભળીને એણે પોતાની ભાભીને કહ્યું: "ક્ષત્રીનું બીજ જો રહ્યું હોય તો આજે મુસલમાનો આપણાં દેવાલયો ન તોડી શકે."

ભાભી કહે: "તમે ખરા ક્ષત્રી હો તો શામાટે ઘેર બેસી રહ્યા છો?"

---

*(૧) ફાર્બસ કૃત 'રાસમાળા" માં લખ્યું છે કે હમીરજી મહમદ બેગડાની ચડાઇ વખતે થઇ ગયા. કેટલાક ચારણો પણ એજ મત ધરાવે છે.

(૨)કલાપી કૃત "હમીર–કાવ્ય" માં કલાપી એવા નિર્ણય પર આવ્યા છે કે હમીરજી મહમદ ગીઝનીની ચડાઇ વખતે ૧૦૨૪માં હતા.

(૩)'ગોહેલ વીર હમીરજી' ના લેખક એમ માને છે, અને 'કાઠીઆવાડ સર્વ સંગ્રહ' માં પણ એમ લખ્યું છે કે હમીરજી ૧૩૯૮ની અંદર અમદાવાદના સુબા મુઝફરખાનની ચડાઇ વખતે કામ આવ્યા.

સાંભળી યુવાન હમીરજી ચાલી નીકળ્યા.
ભાભીનું મેણું સાંભળી યુવાન હમીરજી લાલબાઇ નામની
રસ્તામાં એક સમઢીઆળા ગામ આવ્યું, ત્યાં પોતાના મૃત્યુ પામેલા
એક ચારણી ડોશી બહુજ મોટે અવાજે બોલ્યા: "માતા,
દીકરાના મરશીયા ગાતી હતી. હમીરજી ગમશે"
આવા મારા મરશીઆ ગાશો? મને બહુ તારા મર-

ચારણી બોલી. "બાપુ, તું નાનો બાળક છે. મરશીઆ તો
શીયા શીદ ગાઉં? તારી અમર કાયા રહે.
મરેલાના હોય.

"મા; હું મરવા જ જાઉં છું. જીવતો પાછો નથી આવવાનો;
શંકરની કમળ-પૂજા કરવાની મારી પ્રતિજ્ઞા છે. માટે સંભળાવો."

"જા બાપ, સોમનાથમાં તું લડતો હઇશ, ત્યારે તારી પાસે
આવીને હું મરશીઆ સંભળાવીશ"

હમીરજી ગયા. વચમાં (શિહોરની પશ્ચિમે સરોડ નામના ડું-
ગરમા વેગડા નામના એક ભીલ સરદારની એને મુલાકાત થઇ.
વેગડાની જુવાન કન્યા પર હમીરજી મુગ્ધ રહ્યા. એની સાથે
પરણ્યા. પછી તરત વેગડાના ત્રણસો કામઠાવાળા ભીલોને સાથે
લઇ પાટણ પહોંચ્યા. લડાઇ જામી. હમીરજી કિલ્લાની અંદર
ગયા. બહાદૂર વેગડો બહાર યુદ્ધ ચલાવી રહ્યો
હતો. હમીરજીએ વેગડાને બારીની અંદર આવી જવાનું કહ્યું.

વેગડો વીર કેવો જવાબ વાળે છે!—"હમીરજી! મારું
નામજ વેગડો (લાંબા શીંગ વાળો બળદ) છે! મારાથી બારીમાં
પેસાય નહીં.

એ રીતે બહાર લડીનેજ વેગડો મરાયો

"વેગડ વડ ઝુંઝાર, ગઢ બારીએ ગયો નહીં,
"શીંગ સમારણહાર, અંબર લગે અડાવીઆં.

અર્થ—એ સમર્થ યોદ્ધો વેગડો કદીએ ગઢમાં ન પેસી
ગયો. એણે તો પોતાનાં શીંગ છેક આકાશે અડકાવ્યાં. અર્થાત્
એ [illegible] બીજે પણ યુદ્ધમાં અપૂર્વ ટેક રાખી.

સોમનાથની મૂર્તિ સામે બેસી, પોતાને હાથે પોતાનુ માથું ઉતારી, સોમનાથજીને ધરીને હમીરજીનુ ધડ હાથમાં તલવાર લઈ યુદ્ધમાં ગયું.

એ વખતે ચારણ ડોસી લાલબાઇએ રણક્ષેત્રમાં આવીને હમીરજીના મરશીઆ દુહા કહ્યાઃ

વેલો આવ્યે વીર સખાતે સોમૈયા તણી
હીલોળવા હમીર ભાલાં અણીએ ભીમાઉત

અર્થ—હે હમીરજી ! તારા ભાલાંની અણીએ શત્રુઓને મારવા તું આ સોમનાથજીની મદદે વહેલો આવી પહોંચજે.

પાટણ આવ્યાં પૂર ખળકુળતાં ખાંડાં તણાં,
શેલે માંહી શૂર મૈંસાસણ શો ભીમાઉત.

અર્થ—સોમનાથ પાટણમાં તલવારોનાં પ્રચંડ પૂર આવી પહોંચ્યા. પરંતુ ભીમજી ગોહિલનો પુત્ર હમીરજી તો એ પૂરની અંદર બળવાન પાડાની માફક તરી રહ્યો છે.

વેળ તાહળી વીર, આવીને ઉવાટી નહીં
હાકમ તણી હમીર, ભેખડ હૂતી ભીમાઉત.

અર્થ—તારી શક્તિરૂપી વેળ આવી, પણ એણે ઉવાળ ન કાઢયો, એટલે કે કાંઠેથી છલકીને બહાર ન નીકળી શકી. કારણ કે સામે મોટા સૂબાની ફોજ રૂપ ભેખડ હતી.

પડે શંકર પૂજીઓ માથું ઉતારી હાથ
ધડ લડીયું ભારાથ, ભાલે ચડીને ભીમાઉત
વન કાંટાળાં વીર જીવીને જોવાં થયાં
આંબો અળવ હમીર ભાંગ્યો મોરી ભીમાઉત

અર્થ—હમીરજી રૂપી આંબો હજુ તો મ્હોરતો હતો ત્યાં જ ભાંગી પડયો. એટલે હવે અમારે તો જીવીએ ત્યાં સુધી કાંટાનાં વન જ જોવાનું રહ્યું.


૭

એવા સાચા ક્ષત્રીઓનાં માથાં ઉપર જો કદી એક ઘાસનું તરણું મૂકયું હોય, તો તુરત જ જવાળા

સળગી ઉઠે, એવી તો આગ એના અંગમાં ભરી હોય છે, 'હારશું' એવી તો એના હૃદયમાં ક્યાંય શંકાયે ન હોય. ગમે તેવી મુશ્કેલીઓ આવે તોયે રજપૂત કદી કોઈનો ઓથ ન લે. ચડને ખાતર તો રજપૂત ચાહે તે કરે.

૮

ખરા ક્ષત્રીનો તો આદિથી જ ધર્મ છે કે ખંભે તલવાર લટ-કાવવું, અને દાન દેવું. આ બધી કાંઈ નિર્માલ્ય રજપૂતની વાતો નથી.



રા' નવઘણ

લગભગ સંવત્સર અગીઆર સોની આ કથા છે. જુનાગઢની ગાદી ઉપર તે વખતે રા' નવઘણના પિતા રા' [illegible]આસ રાજ્ય કરતા હતા.

નવ નવ વરસો થયાં પટરાણીના પેટમાં ગર્ભ બંધાઇ રહ્યો છે, પણ પ્રસવ થતો નથી. દિવસ અને રાત એ રાણી વેદનની ચીસો પાડે છે. એનું શરીર છેક હાડપિંજર બની ગયું છે. વૈદો કે હકીમોના હજારો ઇલાજ એળે ગયા છે. કારણ સમજાતું નથી રાણીના પ્રાણ છૂટતા નથી, ગર્ભ પણ છૂટતો નથી. દેશ બધા ઉપર ઉદાસી છવાણી છે.

[illegible]ણીએ [illegible]જાજીની પાસે [illegible] માગી કે "હવે મને કાશી પહોંચાડી આપો ત્યાં જઇને કાય[illegible] [illegible]રી નાખીશ."

[illegible] [illegible]પી પાલખી[illegible] [illegible] એ ડાડકના માળખા [illegible] [illegible] [illegible]

[illegible] માનના મંદિર પાસે પડાવ નાખ્યો [illegible] રાણીને [illegible] દિવસ એક પળવાર પણ આંખ [illegible] [illegible]ચાની, તેને બદલે તે જગ્યાએ તો મીઠી ઘસઘસાટ ઉંઘ આવી [illegible]; અને ઉંઘમાં દેવીએ સ્વપ્નું દેખાડ્યું. સ્વપ્નામાં આવીને દેવી કહી [illegible] કે 'હે રાણી, તારી [illegible] કુયોગે એક [illegible] પાસે કામણ [illegible] [illegible] તારો ગર્ભ અટકાવ્યો છે. મી[illegible] એક [illegible] પૂતળું પાણીઆરાની નીચે [illegible] દાટ્યું છે એ પૂતળાને જ્યાં સુધી પૃથ્વી પરનાં હવા પ્રકાશ નહીં લાગે ત્યાં સુધી તારો ગર્ભ નહીં છૂટે. માટે આવતી કાલે સવારે ગામમાં માણસો મોકલીને ખોટા ખબર ફેલાવજે કે "દીકરાનો જન્મ થયો" એ વાત સાંભળીને તારી શોક્યો ભાન ભૂલીને પૂતળું પૃથ્વીમાંથી ઉખેળશે. એજ પળે તારે પેટે એક મહા ક્ષત્રી પુત્ર જન્મશે."

સવારે રાણી ઉઠ્યાં. પેટમાં બહુ જ શાંતિ લાગી. સ્વપ્નું યાદ કર્યું ને એણે જુનાગઢ જન્મના સમાચાર કહાવ્યા. પુત્ર-જન્મની ખુશાલીથી આખું ગામ ગાજી ઉઠ્યું. રાણીની શોક્યોને શંકા પડી.

ગભરાટમાં રાણીએ ખાડો ખોદ્યો. પૂતળાને પૃથ્વીનો પ્રકાશ લાગ્યો. એટલે તેજ પળે જંગલમાં છેડેલી પટરાણીને કુમાર અવતર્યો. રાણાજીને પાછા જુનાગઢ લાવ્યા. નવ નવ ચોમાસા સુધી ગર્ભમાં રહેલા એ કુમારનું નામ પાડ્યું નવઘન. ઘન એટલે ચોમાસું. એવી સમસ્યા નામની અંદર સચવાઇ.

દિલ્હીના તખ્ત પર તે વખતે અનંગપાળ તુમાર* રાજા રાજ્ય કરતો હતો. એની વૃદ્ધ માતા જુનાગઢના ગિરનારની જાત્રા કરવા આવેલાં. દામોદરજીમાં નહાવા જતાં, જુનાગઢનાં દરબારી નોકરોએ રાજમાતાની પાસેથી નહાવાનો કર માગ્યો. રાજમાતાએ કર ન આપ્યો. નહાયા વિના એને પાછા વળવું પડ્યું. પોતાની માતાના એ અપમાનનો બદલો વાળવા અનંગપાળે એક સેના જુનાગઢ જીતવા માટે મોકલી. વાણિઆના સંઘને વેશે સેનાએ ઉપરકોટમાં પોતાનો ગુપ્ત દારૂગોળો પહોંચાડી દીધો. રાજાએ ભોળવાઇને એ સંઘવેશધારી દુશ્મનને ઉપરકોટમાં ઉતારો આપ્યો. સંઘના સરદારે આખા શહેરને જમવા નોતર્યું.

રાજાને અને એના તમામ રસાલાને પણ બોલાવ્યા. પછી દગાથી કાપી નાખ્યા. જુનાગઢ સર થયું. રાણીઓ રાજમહેલમાં જ સળગી મરી. ફક્ત દસ મહિનાના બાળક નવઘણને ઉપાડીને જ એક દાસી નાસી છૂટી

ગિરના એ આલિદર બોડીદાર ગામના આહિર દેવાત બોદડને ઘેર અંધારી રાતે એ દાસી નવઘણને ઉપાડીને પહોંચી

---

* ફાર્બસકૃત 'રાસમાળા'માં વળી એમ લખે છે કે નવઘણનો પિતા રા' ખ્યાસ ઉર્ફે મહીપાળ ઇ. સ ૧૧૦૩ થી ૧૧૧૦ સુધી હતો. તેના વખતમાં અણહિલવાડ પાટણથી જાત્રાએ આવેલી સોલંકી રાજાની રાણીઓનું સોમનાથમાં અપમાન થવાથી દુર્લભસેન સોલંકીએ લશ્કર મોકલી જુનાગઢ જીતી લીધેલું.

ગઇ. જઇને દેવાતના ખોળામાં બાળકને મૂકી દાસી બોલી કે: " આ જુનાગઢનો ધણી છે. આયર, આજ તારી રાજભક્તિની કસોટી છે. "

દેવાત બોદરો આખી ગીરના આયરોનો મુખી હતો. મોટો માલધારી હતો. એક પળમાં તો એણે બધી ગણતરી કરી નાખી. એને ખબર હતી કે " જો દુશ્મનોને મારા ઉપર વ્હેમ આવશે તો મારો જીવ લેશે. " પણ આ બાળક તો પોતાનો ધણી! પોતાની નસોમાં એ ધણીનું લોહી હોઇ [illegible] એ ધણીને ઉગારવામાં જીવને વ્હાલો કેમ ગણાય?

બાળકને તેડી દેવાત ઘરમાં ગયો. પોતાની સ્ત્રી સૂતી હતી. આયરાણીના બન્ને સ્તન ઉપર પડખાં પડયાં બે બાળકો ધાવતાં હતાં. એક દીકરો અને બીજી દીકરી. દીકરાનું નામ ઉગો, અને દીકરીનું નામ જાહુલ.

દેવાતે અવાજ કર્યો 'લે આયરાણી, આ આપણો ધણી."

આયરાણીને વાત સમજાઇ. તુરત જ [illegible] ઉપરથી દીકરી જાહુલને ઝાટીને આઘે ફેંકી દીધી, અને એ સ્તન પર નવઘણને વળગાડ્યો.

દેવાતે પૂછ્યું. 'કેમ, ધાવે છે?" આયરાણીએ કહ્યું "હા.'

'બસ, હવે ફિકર નહિ."

તે દિવસથી જાહુલનું ધાવણ બંધ થયું. ઉગો અને નવઘણ એ માતાની છાતીપર એક સાથે એકજ સરખી ધારા પીતા ઉછરવા લાગ્યા. બાળકોને ભોંયરામાં જ રાખવાં પડતાં. બહાર એક પણ માનવીને આ વાત માલુમ નહોતી.

નવઘણ પાંચ વરસનો થયો ત્યારે જુનાગઢના નવા સુબેદારને જાણ થઇ કે મરેલા શત્રુનો વારસદાર દેવાત બોદરના ઘરમાં છે. (એ બાતમી દેનાર દેવાતનો ભાઈ હતો. એ ખુટયો હતો; તેથી અત્યારે પણ એના વંશના "મસોયા" આયરોની દીકરીને 'સોરઠીઆ' આયરો નથી પરણતા.) દેવાતને ઘેર સુબેદાર આવીને ઉભો રહ્યો. કુમારની માગણી કરી. પણ દેવાતે

તો એક જ ઉત્તર દીધો કેઃ “હું નથી જાણતો. મારે ઘેર કુમાર નથી.”

પછી તો સુબેદારે દેવાતના શરીર પર સિતમ શરૂ કર્યો. એને મનાવવા માટે ભયાનક મારપીટ કરી આખરે દેવાત માની ગયો. પોતાને ઘેર માણસ મોકલીને આયરાણીને કહેવરાવ્યું કે નવઘણને મોકલે. સાથે સાથે સમસ્યા કહેવરાવી કે “‘રા’ રાખીને વાત કરજે.” સુબેદાર સમસ્યામાં સમજ્યો નહિ.

આયરાણીએ પોતાના જ દીકરા—એકના એક લાડીલા દીકરાને [illegible] રાજકુમારના સુંદર [illegible], કપાળે ચાંદલો [illegible] ઓઢાડ્યાં, અને [illegible] નવઘણને તેવા આવનારા [illegible] સાથમાં [illegible] સોંપી [illegible]. “[illegible]

[illegible] થી નવઘણને [illegible] તો [illegible] [illegible]”

[illegible] તેણે [illegible] [illegible] [illegible]

[illegible] ઉત્તર દીધો [illegible]”

[illegible] તો [illegible] એક [illegible] પુત્ર [illegible]. લોહીની [illegible] દેવાતના [illegible]. એ [illegible] હતા કે દેવાતે દગો કરીને નવઘણને બદલે પોતાનો બાળક તો નથી દીધો ને! પરંતુ દેવાતનું [illegible] વદન તો અખંડ હાસ્ય કરતું ખીલ્યું હતું. એના એક રોમાંચ પણ કમ્પતું નહોતું. સુબેદાર સમજ્યો કે એમાં કાંઈ કપટ નથી.

પરંતુ દેવાતની અડગતા જાણનારા લોકો પણ સૂબેદારના કાન ભંભેરવા હાજર હતા. એ લોકોએ સૂબેદારને કહ્યું: “સાહેબ,

દેવાતને તમે ઓળખતા નથી. નક્કી એણે નવઘણને સંતાડયો છે. ”

“ ત્યારે આ હત્યા કોની થઇ ? ”

“ એના પોતાના છોકરાની. ”

“ જુઠી વાત. દેવાત તો હસતો ઊભો હતો. ”

“ દેવાતને એવા સાત દીકરા હોત તો એ સાતને સ્વહસ્તે પણ એ કેસી નાખે. પોતના ધણીને ખાતર દેવાત લાગણી વિનાનો પાષાણ પણ બની શકે ”

‘ ત્યારે હવે શી રીતે ખાત્રી કરશું ? ’

“ [illegible] દેવાતની ઘરવાળીને અને એના પગ નીચે આ કપાયેલા માથાની [illegible] ચંપાવો. જો ખરેખર આ એનો પેટનો જણ્યો મર્યો હશે, તો [illegible] માતાની આંખોમાં પાણી આવશે [illegible] આંખો ઉપર પગ [illegible] જનેતા ચીસ પાડશે ”

[illegible] એને [illegible] “ જો આ તારા [illegible] એ [illegible] પગ [illegible] ”

દેવાત [illegible] એના માથા પર [illegible]

[illegible] દેવાતને આજ સુધી ખબર નહોતી. [illegible] વહતે આયરાણીએ ઊનાની [illegible]. સૂબેદારને [illegible] થઇ કે [illegible], [illegible] દુશ્મન ગયો [illegible] નવા રાજ્યના [illegible] પ્રજા જન [illegible] ઉચે ચડી !

× × × ×

પાંચ વરસનો નવઘણ જોતજોતામાં તો પંદર વરસની વયે પહોંચ્યો. એ રાજકુમારનું ફાટ ફાટ થતું બળ હવે તો ભોંયરામાંથી બહાર નીકળવા ચાહતું હતું. પણ દેવાત એને કેમ નીકળવા દે !

એક વખત તો કુમાર જબરદસ્તી કરીને ગાડા પર ચડી બેઠો. ખેતરમાં ગયો. દેવાત ઘેર નહોતો–ખેતર હતો. કુમારને જોઇને એને બહુ ફાળ પડી. પણ પછી તો ઇલાજ ન રહ્યો.

સામે ? સાંતી ઉભું હતું. નવઘણ ત્યાં પહોચ્યો. સાંતી હાંકવા લાગ્યો. થોડે આઘે ચાલતાં જ સાંતીના દંતાળની અંદર જમીનમાં કાંઇક ભરાયું ! બળદ કેમેય કરતાં પણ ચાલ્યા નહીં. કુમાર માટી ઉખેળીને એ ત્યાં તો દંતાળની અંદર એક પીતળનું કડું ભરાઇ ગયેલું ! ઉંચકતાં ઉચકાય નહીં, અને જમીનમાં બહુ ઉંડું એ કડું કોઇ ચીજના સાથે ચોટયું હોય એમ લાગ્યું.

અજ્ઞાન કુમારે દેવાતને બોલાવીને એ બતાવ્યું દેવાત સમજી ગયો. તે વખતે તો સાંતી હાંકી બધાં ઘેર ગયા. પણ રાત્રીએ ત્યાં આવવાને દેવાતે ખોદાવ્યું. અંદરથી સોનામહોરોભર્યા સાત ચરૂ નીકળ્યા ! દેવાતે જાણ્યું કે "ખરા ! હવે આ રાજાનો સમય આવી પહોચ્યો."

દેવાતે બાદલના વિવાહ આદર્યા. ગામે ગામના આગેવાનોને કંકોતરી મોકલી કે 'જેટલા મરદો હો તેટલા આવી પહોંચજો, સાથે એકેક હથીઆર લેતા આવજો"

પ્રચંડ પહાડ સમાં શરીરોવાળા, ગીરના સિંહોની સાથે યુદ્ધ ખેલનારા સેંકડો આહીરોની દેવાતને આંગણે જમાવટ થઇ- સહુની પાસે કાટેલાં તુટેલાં જૂનાં પુરાણાં કે સજેલા નવાં એકેક હથીઆર રહી ગયા છે ! એ લોકોની ભોગળ સમી ભુજાઓ ચાહે તેવી કાટેલી કે બુંઠી તલવારને ઘાએ પણ સેંકડોને કાપી નાખે ! એવી એ ભુજાઓ નવઘણ- આખો ઇતિહાસ કહેવામાં આવ્યો. આહીરોની સેના જુનાગઢ પર ચડી. વચ્ચે એક ઘોડા ઉપર એ બાળક રાજા શસ્ત્રો સજી સવાર થએલો.

દેશ બધામાં ખબર પ્રસર્યા કે નવઘણ જીવતો નીકળ્યો છે ને આજ જુનાગઢ પર જાય છે. ગામે ગામથી આપોઆપ યોદ્ધાઓ છૂટયા. નવઘણે જુનાગઢ સર કર્યું. વૃદ્ધ દેવાતે

કુમારને હાથ પકડી ગાદી પર બેસાડ્યો. આયરાણી માતાએ કપાળે તીલક કર્યું.

જાહલના પણ વિવાહ થયા. નવઘણે જુનાગઢના રાજભંડાર બ્હેનના વિવાહ માટે ખુલ્લા મુક્યા અને વળાવતી વખતે બહેનને પૂછ્યું: "બ્હેન, કાપડામાં શું આપું?"

બહેને જવાબ દીધો કે: "આજ તો કાપડું નથી જોતું, ભાઈ! વખત આવશે ત્યારે માગી લઈશ."

* * * *

રા' નવઘણ ગાદીએ બેઠા પછી તો ઘણાં વરસો વહી ગયાં. વૃદ્ધ દેવાત અને આહેર પત્નિ મરણ પામ્યાં. બહેન જાહલ પોતાના પતિ સાથે સુખમાં રહેતી. પરંતુ સમય જતાં રા' એ બહેનના સમાચાર લેવાનું ભૂલી ગયો. દેશમાં દારૂણ દુકાળ દાટી નીકળ્યો. જાહલ અને એનો સ્વામી છેક કંગાલ બની ગયાં.

પલવાર વિચાર આવ્યો કે ભાઈ નવઘણની પાસે જઉં? પણ ના. આવા દુઃખી વખતમાં દીન વદને ભાઈને ગામ જવામાં કેટલું નાનમ થાય! પેટને ખાતર નવઘણનાં ઓશીઆળાં કેમ થવાય!

ધણી ધણીઆણી ઢોરને લઈ ચાલી નીકળ્યાં. સિંધમાં પહોંચ્યાં. ત્યાં ઝુંપડું બાંધીને વગડામાં પોતાનાં ઢોર ચારવી રહેવા લાગ્યાં.

એક વખત જાહલ અંગ ઉઘાડું કરીને નહાવા બેઠેલી. બાપના સુખી ઘરમાં ઉછરેલી એ યુવતીનું સૌંદર્ય આંજી નાખે તેવું હતું. એ તો આહીરાણીનું,—અહો! ગિરના પહાડોનું છલકતું રૂપ! કનકની કોઈ વિશાળ સુંવાળી પાટ ઉપર ફણીધર કાળો નાગ પડ્યો હોય, એવો એ ઉઘાડી ચળકતી પીઠ પર ચોટલો પડ્યો હતો. એ મોહક રૂપ એક અસૂરની આંખે ચડ્યું. એ અસૂર સિંધનો મ્લેચ્છ રાજા હમીર સૂમરો. સૂમરો ત્યાંથી ઘોડે ચડી નીકળેલો. સૂમરો બોલ્યો કે: "મારે એને પરણવું."

સૈન્ય આખું જાહુલની ઝુંપડીને વીંટળાઇ વળ્યું. આહેરણ સતીને સૂમરાની કુમતિના ખબર પડયા. એ અનાથ યૌવના શું કરે! સામે થાય તો ઇજ્જત હણાતાં શી વાર લાગે?

એને સાંભર્યો એનો ભાઇ નવઘણ. યાદ આવ્યું કે કાપડુ માગવાની ઘડી આવી પહોચી. ચતુર નારીએ તુરત જ સૂમરાને કહાવ્યું કે: "સુખેથી હું તમારી સાથે પરણીશ. અમારે આહેરોને એમાં કંઇયે વાંધો નથી, મારા તો સદ્‌ભાગ્ય કે રાજાનુ મ[illegible]ગું આવ્યું પણ છ મહિનાનુ મારે વ્રત [illegible] કૃપા કરી છ મહિના જાળવો."

સૂમરો [illegible] મીઠા જવાબથી ભોળવાયો એણે હા પાડી. જાહુલના નિ[illegible] ચોપાસ ચોકી પહેરા ગોઠવાઇ ગયા.

જાહલે પોતાના ધણીને કહ્યું "સંસતા [illegible] સાબદા થા. લે આ કાગ[illegible] નવઘણને હાથો હાથ પહોંચાડ. એ વારે આવ[illegible], નહીં તો છઠ્ઠા મહિનાને છેલ્લે દિવસે હું [illegible] કરી [illegible] જા."

[illegible] એ દીનહીન [illegible] આ કામ [illegible] વટ [illegible] રોજ [illegible] પર [illegible] તમે [illegible] વેચા[illegible]. એ [illegible] ત્યાં [illegible] "મને દે," મને દે' એવી [illegible] થવા લાગ્યા. બધાને મન [illegible] રાજાને [illegible] અપાં[illegible] સંભાળથી ઘોડાને રાખીએ [illegible]."

સંસતીઆ તો સીધો નવઘણના પોતના ઝપડા નામના ઘોડાને તબેલેજ પહોચ્યા. એને માલુમ હતું કે રાજા સાત દિવસે ઝપડા પાસે આવશે. સાતમે દિવસ રાજાજી ઘોડાં જેવા આવ્યા. એ કંગાલ કોઇનો રોકયો રોકાયો નહીં રાજાની પાસે પહોંચ્યો, મહિનાઓ થયાં જર્જરિત બની ગએલો એક કાગળ

રાજાના હાથમાં ધર્યો. તરૂણ રાજા મહેનત કરીને ઉકેલવા લાગ્યો. એ કાગળમાં દુહા લખેલા:—

માંડવ અમારે માલતાં, બંધવા દીધલ બોલ;
(આજ) કર કાપડની કોર, જાહલને જુનાના ધણી.

("હે ભાઇ, તે દિવસે મારા માંડવા નીચે તેં મને વચન દીધેલું કે: "બહેન તું માગીશ ત્યારે કાપડું આપીશ.' હે જુનાગઢના ધણી, આજ જાહલને કાપડું કરવા આવ પહોંચ.)

દુહો વાંચીને રાજાને જાહલ સાંભરી. ભાઇને બહેન સાંભરી. બહેનને આજસુધી મેં કાં વિસારી હતી એ સાંભર્યું. આગળ વાંચવા લાગ્યો.

નવઘણ તમણે ને, થાનોરવ ઠરીઆં નહીં;
(કાંઉ) બાળા બાળાપ લ્યે, અણધાવ્યાં ઉજર્યાં અમે.

(હે નવઘણ ! તારા ઉપરની પ્રીતિને કારણે તો માતાના થાનેલા (સ્તન) ઉપર હું ટકી નહીં. તને ઉછેરવા ખાતર માએ મને અધી ફેંકી. હું તો ધાવ્યા વિના ઉગરી. એમાં મારૂં બાળાપણ શી રીતે સુધરે ?)

રાજાની આંખોમાં આંસુ દેખાયાં. આગળ વાંચ્યું.

"ઉગો આડો આપીઓ, વાહલ માંયલો વીર;
સમજયે માંય શરીર, નવઘણ નવસોરઠધણી."

(તને બચાવવા માટે કો મારા સગા ભાઇ ઉગાને અમારે આડો દેવો પડેલો. એ ઉપકાર આજે તું મનમાંજ સમજી લેજે.)

"તું નોતે જે નુંઈ, તે તું હુતે હુય;
" વીર વમાસી જોય, નવઘણ નવસોરઠધણી.

(હે વીરા ! તું નહોતો ત્યારે જે નહોતું બન્યું, તે આજ તું જીવતો બેઠે છે,ા છતાં બન્યું. હે સોરઠના ધણી, જરા વિચારી જોજે કે તારી કીર્તિને આ કેવું કલંક લાગ્યુ કહેવાય.

નવઘણની છાતી ભેદાવા લાગી મનમાં થયું કે બહેનને એવી શી ભીડ પડી હશે ! આજ આ બધા ઉપકારો બહેન કાં યાદ કરાવે ! આગળ ચલાવ્યું.

કુવે કાદવ આવીઆ નદીએ ખુટ્યાં નીર;
સોરઠ સડતાળો પડયો, વર્તવા આવ્યાં વીર.

અર્થ—સોરઠ દેશમાં સડતાલીસો દુકાળ પડયો. કુવામાં કાદવ જ રહ્યો. નદીનાં નીર ખુટ્યાં. તેથી, હે ભાઇ ! આખરે આંહી ગુજરાનને માટે આવવું પડયું.

સોરઠ સડતાળો પડયો, ધારણ જો રહી ધીર;
સંધમાં રોકી સૂમરે, હાલવા નો દે હમીર.

કાબલીયા નજરૂં કરે, મુંગલ ને મીયાં;
અસરાણ ઉર પીયાં, નવઘણ નીકળાયે નહીં.

(હે નવઘણ, કાબુલીઓ, મુંગલો અને મીયા મારા પર કુડી નજર કરી રહ્યા છે. અસૂરોની છાતી નીચે હું દબાએલી પડી છું. નીકળાતું નથી.)

વાંચીને રાજાના રોમાંચ ખડાં થયાં. સંસતીઆને ઓળખીને ભેટી પડયા. બધી હકીકત પૂછી નવ લાખ ઘોડેસ્વારેને સાથે લઇ તત્કાળ એ તરૂણ રાજા સિંધ પર ચડયો. છ મહિનાની મુદત તો હવે વીતવા આવી હતી. નવઘણનો જીવ ઝંપતો નહોતો. બહેનને કાપડું કરવા વખતસર નહીં પહોચાય તો ! એ જ એની ઝંખના હતી. સેના ઝપાટાભેર પ્રચંડ વેગથી ચાલી નીકળી હતી.

છંદ સારસી.*

૧

નત્ય વળાં નત્ત્ળાં દીયણ નરહી, વળાં પૂરણ વરૂવડી.
નવ લાખ ઘોડે ચડયે નવઘણ સૂમરા ઘર સલ્લહે;
સર સાત ખળભળ, શેષ સળવળ, ચાર ચકધર ચળવળે.
અણુરૂપ આયો શંધ ઉપર અળાં રજ અંબર અડી:
નત્ય વળાં નત્ત્ળાં દીયણ નરહી વળાં પૂરણ વરૂવડી.

* 'હરિગીત' ને મળતો જ આ છંદ છે.

અર્થ—જે વખતે રા' નવઘણ નવલાખ ઘોડેસ્વારો લઇને સૂમરાની ધરતી (ઘર) ઉપર ચડાઇ કરવા નીકળ્યો, તે વખતે સાત સમુદ્રો ખળભળી ઉઠયા, શેષનાગ સળવળાવા લાગ્યા, અને ચારે ખંડ ચળવળ્યા. સિંધ દેશ પર જ્યારે આ રૂપે રા' ચડયો, ત્યારે ધરતી પરથી આકાશે આંધી ચડી. હે માતા વરૂવડી ! ભૂખ્યાંને સદા ભોજન દેનારા હે નરા ચારણની પુત્રી, તારૂં કલ્યાણ થાઓ !

વળી=ગાળુ=ભોજન. નવળી=ગાળુ વિનાનાં, ભૂખ્યા. નરહી=નરા ચારણની પુત્રી. સર=સમુદ્ર, અળા=પૃથ્વી.

૨

બાચૂત રમવા વેશ બાળે નેશ હુતે નીકળી;
માહેશ ડાડો, શેષ મામો, એક બઉં પખ ઉજળી.
દેશોત નવઘણ જમત જણ દન ચાડય છોટી ચરૂવડી;
નત્ય વળાં નવળાં દીયણ નરહી વળાં પૂરણ વરૂવડી.

બાચૂત=સખીઓની સાથે. નેશ=નેસડું ગામડું. હુતે=માંથી. દેશોત= રાજા. ચાડય=ચડાવી.

શંકર જેનો દાદો અને શેષનાગ જેનો મામો મનાય છે, એવી બન્ને ઉંચા પક્ષની એ ચારણ-કન્યા વરૂડી, ખોડ ગામને પાદર પોતાની સખીઓને લઇને રમવા નીકળેલી દૂરથી નવ ઘણની ફોજને એણે આવતી દેખી. પોતાની સાત બ્હેનોની સાથે એ ચારણ-પુત્રી નાની નાની ઘોલકી કરીને, નાની કુરડીમાં અનાજ રાંધીને જમણ ભાતાની રમતો રમતી હતી. પોતાને મન થયું કે રા' ને પણ શીરામણ કરાવ્યા પછી જ જવા દઉં."

પોતાનો પાલવ પાથરીને રસ્તામાં રા'ના ઘોડાની સામે ચારણી બાલિકા ઉભી રહી. રા'એ ઘોડો થંભાવીને ચારણીને નમસ્કાર કર્યા. કન્યા બોલી: ' બાપ નવઘણ, નીચે ઉતર. શીરામણ લીધા પહેલાં ન જવા દઉં.

" પણ માતાજી, મારી સાથે નવ લાખ માણસો છે."
" શંકર એ બધાને શીરામણ પૂરશે."

એ દેવી-પુત્રીની બાળ-ચેષ્ટાઓમાં રાજાને શુભ પ્રભાવ ભાસ્યો. એ ઘોડા પરથી નીચે ઉતર્યો. વરૂડી માતાએ પોતાની ઘોલકીની અંદર નાનકડા ચુલામાં દેવતા પેટાવીને નાની કુરડી ચડાવી રાંધવા માંડ્યું.

૩

દળ વાટ વ્હેતે કીયો દવીઅણ, થાટ કુણ સર થંભવે;
મખ નાટ બોલ્યો ભાટ મતસે હાટ બળ હટ કણ હુવે.
ફેરવે અણ દન ભાટ ફુડચી ઘાટ અવળે તે ઘડી;
નત્ય વળાં નવળાં દીયણ નરહી વળાં પૂરણ વરૂવડી.

દળ=લશ્કર. દવીઅણ=દુવેણ=ખરાબ વચન. થાટ=સેના. કુણ સર=કોના સારૂ. મખ=મુખ. નાટ=ખરાબ. ભાટ=ભાડી, જ. મત=બુદ્ધિ અણ દન=એ દિવસે.

જે વખતે રસ્તામાં સેના થંભી ગઇ તે વખતે ફુડચી નામનો એક ભાટ લશ્કરમાંથી પોતાનું મ્હોં જરા મરડીને, ત્રાંસી નજરે ગુમાનથી વરૂવડીની સામે જોનો જડ બુદ્ધિનાં ખરાબ વચનો કાઢવા લાગ્યો કે: “ એવી તે શી જરૂર પડી છે કે આખું લશ્કર એક નાની છોકરીને ખાતર થંભી ગયું ? આંહી તે શું કોઇ વેપારીની દુકાન છે કે અનાજ લેવા આપણે ઉભા રહ્યા ? ” એવાં તોછડાં વચન ઉચ્ચારતાં જ ફુડચી ભાટનું મરડાયેલું મ્હોં એમ ને એમ રહી ગયું. સીધું થયું જ નહીં. શા માટે એમ થઇ ગયું તેની ખબર ફુડચીને ન પડી.

શવદેવ બેનડ આપ સમવડ ચોજ રાખણ વડ ચડી;
તાંસળાં કીધાં પાન ત્રોડી, ઘણું સમસર તણ ઘડી
તોય કળા વરવડ ધ્રપે કટકળ કીયા તૃપતા કૂલડી;
નત્ય વળાં નવળાં દીયણ નરહી વળાં પૂરણ વરૂવડી.

ચોજ=આબરૂ. ઘણું=મોંઘું, દુકાળનું. સમસર=સરસ. તોય=તારી. ધ્રપે=ધરાવી દીધા.

એટલા બધા મહેમાનોને પીરસવાનાં વાસણો ક્યાંથી કાઢવાં ? એ વિચાર કરીને વરૂવડીની સરખી વયની બ્હેનપણી શવદેવ પોતાની

આબરૂ સાંચવવા વડ ઉપર ચડી. ચડીને ડાળી હલાવી ડાળીમાંથી તૂટી પાંદડાં બધાં તાંસળાં બનીને જમીન પર પડયાં. તમામને તાંસળાં આપીને વરૂડી દેવીએ કુલડીમાંથી રાંધેલું અનાજ તમામને પીરસ્યું. એ અક્ષય-પાત્રમાંથી અન્ન ખુટયું નહીં. એવા આકરા દુષ્કાળના વરસમાં નવ લાખ યોદ્ધાઓને જમાડનારી દેવી ! તને નમન છે.

૫

કાપડી છો લખ જાત્ર હાલ્યા, એહુ વહેતા આવિયા;
દોહણે હેકણ તેજ દેવી, પંથ વહેતા પાહિયા.
સત ધર્મે વરૂવડ કિરણ સૂરજ, મસ્ત નવખંડ માંવડી;
નરા વળાં નવળા દરશણ, ચારણી વળાં પૂરણ વરૂવડી.

આવિયા=આવ્યા. દોહણે હેકણ=એક જ દોહણામાં. પાહિયા=જમાડયા.

આની જ રીતે છ લાખ બજાણીઆ બાવાઓને પણ રસ્તામાં રોકીને એક જ દોણીના દૂધમાંથી વરૂડી દેવીએ ભોજન કરાવેલું. ધન્ય છે તારા દરશનને, માતા ! તારી કીર્તિ નવ ખંડની અંદર સૂર્યની પ્રભાની માફક ફેલાઈ વળી છે."

પરંતુ પેલા કુંવરી બાઈની ગમ્મત તો બાકી જ રહી. એને લાગ્યું કે ચારણ-કન્યા તરછોડવા લાયક, મશ્કરી કરવા લાયક અજ્ઞાન બાલિકા નથી પણ માનવી રૂપે કોઈ જગદંબા છે, એણે સ્તુતિ ગાવનું શરૂ કર્યું.

છપ્પય છંદ

૧

આંચ ચલણુ ઉત્પન્ન, નામ જીણ ધર્યો નરૂપી;
જીણુ પાવસ પોખીઓ પેહવ હેકે પર કૂંપી.
અનળ મીયણુ ઉઠ્યેં ઓથ પ્રવતાચળ આઇ;
અંચળો કીધ અવન્ન ધન્યો આસત ધાવાઇ.
ચારણી દેવ્ય ચરતાહ નમો, ઢાળ સંઘ પરચો દીઅણુ;
પવણુ ખટ્ટ એમ પ્રણુવે, સદા માત તોરે શરણુ.

આ ઢાળને સાંથેલું કાવ્ય કહેવામાં આવે છે.

આંચ=છ.ચા=ખાં } છાંખડા
ચખણ=ચાખડી=ખડા } ચાખડા

વરૂડીના પિતાનું નામ ચાંખડો નરો હતું.

નરૂપા= રૂડી. વરૂ'નો અર્થ ખરાબ રૂપવાળી, અર્થાત નરૂપી થાય.
પાવસ=વરસાદ, મેઘ=ઘન

'ઘા' ઉપરથી "નરઘા" સૂર વાય છે. એટલે પાવસ=નવઘણ.

પોખીઓ=ગોખ્યો. પોહવ=રાજા. હેક પર કુંપી-એક કુલડી ઉપર. અનળ=અગ્નિ. મીવંદ=પૃથ્વી. પ્રવનાચળ=પર્વત. ગિરનાર. અંચળો=ઓઢણું. અવન=પૃથ્વી. ધાવાઈ=ધાવ ને રહી. કકગ=કુકુગ=કપડું. એ ઉપરથી કકળ સંઘ=કાપડીઓની જમાત

પવણ=પવન=વા } વ.છો
ખટ=છ=છો }

કુડચી ભાટનું નામ 'વાઘેર' હતું. કુડચી એની અટક.

અર્થ—હે માતા! તું નરા ચાંખડાને ઘેર અવતરી, 'વરૂડી' નામ ધર્યું. એક કુલડી ઉપર રાજા નવઘણના આખા સૈન્યને જમાડ્યું, તું પૃથ્વીની અંદરની અગ્નિમાં વિહરી, પછી પૃથ્વીમાંથી બહાર નીકળી ગિરનારની ઓથમાં આવી વસી. બાળપણમાં સૂતાં સૂતાં તેં ધરતીનું ઓઢણું કરીને ઓઢેલું, અને સતને ધરીને તું રહેતી. માતાનું ધાવણ તને નહોતું મળ્યું. ધન્ય છે તને. તારાં એ ચરિત્રને નમન છે. તેં છ લાખ કાપડીઓના સંઘને પણ જમાડી પરચો દીધો. વાઘો કુડચી પ્રણામ કરીને કહે છે કે માતા, મને સદા તારું શરણ હોજે.

વરૂડીની જન્મ-કથા.—એના પિતા જુનાગઢમાં કાંઈ કામ પ્રસંગે ગએલા. પાછળથી માતાને પ્રસવ થયો; પણ કન્યાનું શરીર અતિશય કદરૂપ! મ્હોંમાં લોઢાના બે દાંત! કુટુંબીઓને ફાળ પડી કે એ કોઈ ડાકણનો અવતાર હશે; એટલે એ કન્યાને તુર્ત જ જમીનમાં ખાડો કરીને દાટી દીધી. જુનાગઢમાં પિતાના સ્વપ્નામાં જઈને કન્યાએ કહ્યું, 'મેં તારે ઘેર જન્મ લીધો છે, પણ મને ધરતીમાં દાટી દીધી છે. તું આવીને બહાર કાઢ." ચારણ ઘેર આવ્યો. દાટેલી જગ્યા ખોદી જોઈ. અંદર બાલિકા રૂપે એ માતા રમતી

દેખાઇ. બહાર કાઢીને એનું નામ પાડ્યું વરૂડી; કારણ કે એનું શરીર કદરૂપ હતું.

(વરૂડી=ન રૂડી=કદરૂપી.)

પવણ નીર તેં કદ્ધ, ઇશ મથ્થે જડ અખ્ખી;
બ્રહ્મ તાય બ્રહ્માણી, નામ જીણ વરૂવડ દખ્ખી.
રીઅણ ગીઅણ પઠુરે, ચંદ સૂરજ કર થપ્પે;
અવિચળ ધ્રુવ ગિરિ મેરૂ શેષ સર સાત સમપ્પે.
ચોરાશ સિદ્ધ ચોરાશણી અગમગતી તું અણુવડી.
ચાંખડા–શધુ, ફગી ચવે, વંદ વડાડો વરૂવડી.

કદ્ધ=કીધા જડ–જટા. તાય-તુંજ રીઅણ=પૃથ્વી. ગીઅણ=આકાશ. થપે=સ્થાપ્યા ચાંખડા-શધુ=ચાંખડ ની દીકરી.

અર્થ—હે માતા! પવન અને પાણી તેં જ પેદા કર્યાં. (આઇ શક્તિના અવતાર ગણીને આ સ્તુતિ કરે છે.) શંકરને માથે જટા પણ તેં જ બાંધી. તું જ બ્રાહ્મણી છો. તેં પૃથ્વી અને આકાશ બનાવ્યા અને ચંદ્ર સૂરજ બનાવીને આકાશમાં સ્થાપ્યા. શેષનાગ અને સાત સમુદ્ર પણ તેં જ ઉત્પન્ન કર્યા. હે ચોરાશી સિદ્ધોની શક્તિ ધરાવનારી! તારી ગતિ આ રીતે અગમ્ય છે. હે ચાંખડાની પુત્રી, મારી ગરદનનો વાંક હવે ટાળી દે."

ખટ સુંદર ચગળી ખડી, સાવળ વાઇ સપ્રે;
મરખટ ઓરંગ મે', તેં વાકુળીઓ વરૂવડી.

ખટ=૬ }
સુદ =રૂડી } =છરૂડી=ચરૂડી=કુરડી. ચગળી=ચુગળી=ચાડી. 'ચાડી' શબ્દ ચારણી ભાષામાં "ચડાવી" એ અર્થમાં વપરાય છે દાખલા તરીકે વરવડીના પહેલા કાવ્યમાં " ચાડ છોટી ચરૂવડી."

ખડી=ઉભી રહી. સાવળ=સાદ. સપ્રે=પ્રીતથી.

મર=ત્રણ }
ખટ=છ } =નવ }
ઓરંગ=લાખ }
મે=ધન } =નવલાખ ઘોડેસ્વારોવાળો નવઘણ

વાકુળીઓ=બોલાવ્યો.

અર્થ—હે વરૂવડી, ચુલા પર ચરૂડી ચડાવીને તેં પ્રીતેથી શીરામણુ કરવા માટે નવઘણને બોલાવ્યો.

ઘેંડાધરો વરૂવડી, નવગ્રહ ગરનારાં;
સીરામણુ સે'લું કીયું, જે તે જનવારા.

(નવઘણના નવલાખ યોદ્ધાઓને પાણી પૂરૂં પાડવા માટે વરૂડીએ 'ઘોડાધરો' નામની નદી બનાવી. અને બધાને શીરામણુ પહોંચાડયું. વરૂવડીના એ અવતારની જય હજો.)

સવારે ઘૃત સેવ, બાલ બપોરે લાપશી;
દુધે ને ભાતે દેવ્ય, દે વીઆળો વરૂવડી.

વીઆળે=વાળુ

આઇ ઉતરતા, કાંસેલી પાંખા કીઆ;
વાનાં વરણુ તણાં, તેં વાધાર્યાં વરૂવડી

પાંખો=કટેવાળો. વાનાં=ચારણુ પણું આબરૂ.

અર્થ—હે આઈ (માતા)! ચારણુ જાતિ રૂપી વાસણુ ઉપર કીર્તિરૂપ જે કટેવાળો હતો તે ઘણા દિવસ સુધી સત રૂપી કસોટીના તાપથી ઉતરી ગયો હતો. તે કટેવાળો તેં ફરીવાર બાટો કર્યો, આપણા વર્ણની આબરૂ તેં વધારી,

કાજળકાં ઘડ ઘડ કટક, પાહાડકી પોખે
ચાલી ચોંપ કુયેં, રૂપાળી દેવા રજક.

કાજળ=ધન, કાં=ના } =નવઘણનાં. કટક=સૈન્ય.

પાહુડકી—પાડા=વિભાગ. ચારણુ જાતિના સાડા ત્રણુ પાડા છે. તેમાં પ્રથમ પાડો નરા ચારણોનો કહેવાય છે. વરૂડી પિતા નરા હતા. આંહી 'પાહડકી' શબ્દ વરૂડીને સંબોધીને વપરાયો છે.

પાહાડકી=નરા ચારણુની પુત્રી. પોખે=તેં પોખ્યા. ઘડ ઘડ કટક=સૈન્યના પ્રત્યેક શરીરને. અર્થાત, આખા સૈન્યને.

અર્થ—હે નરા ચારણુની પુત્રી, તેં નવઘણના આખા સૈન્યને પોખ્યું. ઉતાવળ કરીને તું તારો પરચો બતાવવા ચાલી.

એવી એની સ્તુતિઓને અંતે ફરચી ભાટની ગરદન ફરી સીધી થઇ. ફરીવાર સેના કુચ કરવા સજ્જ થઈ. નવઘણે ચારણ કન્યાના ચરણમાં માથું નમાવી રજા માગી.

વરૂડી પુછે છે. "કટક લઈને કયા જવું છે બાપ ?"

"આઈ! સિંધમાં મારી બહેન જાહલનું શિયળ રક્ષવા."

"પણ શી રીતે જઈશ ? આડો દરિયો ઘુઘવાટા કરે છે."

"આપની કૃપા હશે તો દરિયો પણ માર્ગ દેશે"

"બહુ સારૂં, બાપ, સુખેથી જા. ડરીશ મા. તારા ભાલાની અણી પર બેઠીને મારા બાળો દરીઓ શોષી લેશે. થડકયા વિના પાણી માં ઘોડો નાખજે. તારા ઘોડાના રમમાં છાપછળીઆં બોલશે, પછવાડેની ફોજના પગમાં ખેપટ (ધૂળ) ઊડતી હશે."

નવઘણ ચાલી નીકળ્યો. કિનારે આવીને જુએ તો સમુદ્રમાં દાનવની સેના સમાં પ્રચંડ મોજાં ગાડો પાડીને ઊછળી રહ્યાં છે. રા'એ તો એ અગાધ સાગરમાં અશ્વ હાંકયો. ભાલાની અણી ઉપર 'કાળીદેવ' નામનું પક્ષી બેઠેલું દેખાયું. પાણીએ રસ્તો દીધો. રાક્ષસી મોજાં કોઇ આજ્ઞાંકિત સેવકોની પેઠે મન્ને બાજુ પર ખસીને ખડા રહ્યાં. હણહણાટી દેતો ઝપડો ચાલ્યો. પાછળ આખી સેના ચાલી દેવીએ કહેલું તે સાચુ પડયું. એ સાગરનાં પાણી શોષાઇ ગયાં. આજે એ સ્થાનને 'કચ્છનું રણ' કહી ઓળખવામાં આવે છે.

સામે પાર સિંધમાં ઉતરીને રા'એ ખડગ ચલાવ્યું સુમરાને આપેલી અવધ પૂરી થવાની તૈયારી હતી. જાહલ છેલ્લી વાટ જોતી હતી. ત્યાં તો ભાઈનાં ભાલાં ઝબકયાં.

નવઘણ ઘોડા ફેરવે, (એને) ભાલે વરૂવડ આઇ;
માર બાણું લખ સંધવો, (મને) વિસરે વાહલભાઇ.

નવઘણના ભાલા ઉપર વરૂવડી દેવી બેસી ગયાં હતાં. જાહલ કહે છે, "હે નવઘણ, બાણું લાખ સંધી સૈન્યને સંહારી નાખજે. એટલે મને મારો ભાઇ વાહલ (અથવા ઉગો) મરી ગયો છે તેનો ઓરતો નહીં રહે.)"

બહેનને ઉગારીને ભાઈ પાછો પોતાને દેશ વળ્યો.

સિંધમાં સોનાની ઇંટો પડેલી હતી. નવઘણે હુકમ કર્યો કે તમામ યોદ્ધાએ અકેકેક ઇંટ ઉપાડી લેવી. ભોડ ગામમાં જઈને વરૂડી માતાની દેરી ચણાવવું. તમામે અકેકેક ઈંટ ઉપાડી લીધી. પણ રાજાના રાગા અચપ પરમારે અહંકાર કરી ઉદ્ગાર કાઢ્યો કે 'હું રાજાનો સાળો ! આ હાથ ઇંટો ઉપાડવા માટે નથી, ખડગ ચલાવવા માટે છે. નહીં ઉપાડું."

વરૂડીના ધામે સેના આવી પહોંચી. પાદરમાં બધી ઈંટો એકઠી કરીને દેરી બંધાવી. રાએ આવીને જોયું તો આખી દેરીમાં એક ઈંટ જેટલી જગા ખાલી પડેલી. એણે પૂછ્યું. "આ એક ઈંટ કેમ ખૂટે છે?"

માણસોએ જવાબ વાળ્યો કે "માતાનો દીવો કરવા માટે એ તો ગોખલો રાખ્યો છે."

"એ ઠીક. પરંતુ એ એક ઈંટ ક્યાં ગઈ?"

માણસો મુંઝાયા. ઉત્તર ન આપી શકાયો. આખરે માલુમ પડ્યું કે મિથ્યાભિમાની અચપ પરમારે પોતાના ભાગની ઈંટ ઉપાડવામાં હીણપદ માન્યું છે.

એ નવી ચણાવેલી દેરીના ઉંબરમાંજ નવઘણની તલવારને ઘાએ અચપનું મસ્તક કપાઈને નીચે પડ્યું. સેના જુનાગઢ તરફ ચાલી નીકળી.

વરૂડી માતા એ દેરી પાસે આવ્યાં. જોયું તો અચપનું માથું ને ધડ રઝળતાં પડેલાં. પોતાની દેરી પર ક્ષત્રીયનું લોહી છંટાયેલું એ દેવીથી ન સહેવાયું અચપે પોતાનું અપમાન કરેલું એ ઇતિહાસ માતાને કાને આવ્યો. તો યે એ નિરભિમાની ચારણીનું મન ન દુભાયું. એણે એ ધડ પર મસ્તક મૂકી હાથ ફેરવ્યો. અચપ સજીવન થયો.

હાથમાં ભાલો ઉઠાવી ઘોડો દોડાવતો, લોહીનો તરસ્યો અચપ નવઘણની પાછળ પડ્યો. બરાબર જુનાગઢના ઝાંપામાં એણે નવઘણને પડખે ચડીને ભાલાનો ઘા કર્યો.

પરંતુ નવઘણના એ મહા ચતુર અશ્વ ઝપડાએ, ભાલાનો પડછાયો જોયો કે તત્કાળ કુદીને એ દૂર ખસ્યો. ભાલો પરબારો પૃથ્વીમાં ગયો. અચપને પકડી લીધો.

એ પ્રસંગે મીશણ કુચાળા નામના ચારણે દુહો કહ્યો કે:

જડ ચૂકયો ઝપડા જકી, ભાલા અચપકા;
માતા લીએ વારણાં, નવઘણ ઘર આયા.

(અચપના ભાલનો ઘા ઝપડા ઘોડાએ ચુકાવી લીધો, તેથી નવઘણ રાજા જીવતા ઘેરે આવ્યા, ને માતાએ ઓવારણાં લીધાં.)

*   *   *   *

અણુ ગરથ આણુએ સએ એકુણ, પોરસે ઢળા પોખીઆ;
કે વાર જીમણ પ્રવે કટકાગ, સમંદ્ર પડ કર સોખીઆ.
અણરૂપ ઉઠી નાખ્ય અખાઃ, સજળા જળણ સગ ચડી;
નત વળાં નવળાં હિયણ, નરહી વળા પૂગણ વરૂવડી.

અર્થ—આ રીતે બહુ હેશ કરીને તે મોટા સૈન્યને જમાડયું, અને સમુદ્રને શોષી લીધો.

કામઈ તુંહી તુંહી કરનલ, અધ દેવી આવડી;
સઅદેવ તુંહી તુંહી એગુલ, ખરી દેવ ખમડી.
વડદેવ વડીઆ પાટ વરૂવડ, લીય નવલખ લોબડી;
નાય વળા નવળાં હિયણ, નરહા વળાં પુગણ વરૂવડી.

(કામઈ, કરનલ, રૂવદેવ, એરલ અને ખોડીઆર*-એ તમામ દેવીઓ રૂપે તું લીલા કરી રહી છો હે વરૂડી દેવી! 'નવલખ લોબડીઆળી' નામની વિખ્યાત એ તમામ આરણી દેવીઓ તારાં જ જૂદાં જૂદાં સ્વરૂપો છે.

---

*ખોડીઆર દેવી એક પગે ખોડાં હોવાથી તેને 'ખુમડી' એવું નામ અપાયું છે.

આઠ પહોર

પહેલો પહોરો રેનરો, દિવડા ઝાકમઝોળ;
પીયુ કંટાળો કેવડો, ધણ કંકુની લોળ.

દુજો પહોરો રેનરો, વધીઆ નેહ સનેહ;
ધણ ત્યાં ધરતી હો રહી, પીયુ અષાઢો મેહ.

ત્રીજો પહોરો રેનરો, દિવડા સાખ ભરે;
ધણ જીતી પીયુ હારીઓ, રાખ્યો હાર કરે.

ચોથો પહોરો રેનરો, બોલ્યા કુકડ કાગ;
ધણ સંભાળે કચવો, પીયુ સંભાળે પાગ.

પાંચમો પહોરો દિવસરો, ધણ ઉભી દરબાર,
રૂમઝુમ રૂમઝુમ હો રહી ચુડાં કંગણ હાર.


છઠ્ઠો પહોરો દિવસરો, કરીઆ ભોજનવાર;
તન ચોખા મન લાપસી, નેણાં ઘીની ધાર.

સાતમો પહોરો દિવસરો, પીયુજી વાડીએ જાય;
પીયુજી લાવે આંબફળ, ધણ ઘોળે પીયુ ખાય.

આઠમ પહોરે દિવસરે, ચડી દીવડે વાટ;
ધણ મલકે ને પીયુ હસે (તમે) ફેર [illegible]

એ રાત્રિને પહેલે પહોરે રંગભૂમિમાં દીવા ઝળકતા [illegible] કેવડા સરખો સુવાસભર્યો ને સુંદર લાગતો હતો, અને પત્ની કંકુમાંથી નીકળેલી મનોહર મૂર્તિ જેમ હોય, એવી દેખાતી હતી. (ધણ = [illegible]). બીજે પહોરે થયો ત્યાં તો એ અજાણ્યાં યુગલની વચ્ચે પાર વાર પ્રીતિ વધી પડી. તરસી ધરતી ઉપર અષાઢીલો મેઘ વરસી રહે, તેવી રીતે પ્રીતિની તરસી એ પત્ની ઉપર પતિની પ્રેમ–ધારાઓ વરસવા લાગી. ત્રીજે પહોરે દીવડાઓની સાક્ષી રાખીને પ્રીતિના ખેલ ખેલાયા. પત્ની પાસે પતિ હારી ગયો. હારેલા પતિને કબજામાં શી રીતે રાખ્યો? હૈયાનો હાર કરીને. ચોથે પહોરે તો પ્રભાત પડ્યું. કુકડા કાગડા બોલ્યા. સ્ત્રી પુરુષે વસ્ત્રો ધર્યાં. પાંચમે પહોરે પત્ની ઘરને દરવાજે ઉભી રહી. એના હાથમાં ચૂડીઓ રણઝણતી હતી. છઠ્ઠે પહોરે ભોજન કર્યાં. તનરૂપ ચોખા, મનરૂપ લાપસી અને તેમાં આંખોનાં અમીરૂપી ઘીની ધારાઓ પડી. સાતમે પહોરે પતિ વાડીએ જઇને કેરીઓ લાવ્યા. પત્ની એ કેરીઓ ઘોળતી જાય ને પતિ ચૂસતો જાય. આઠમે પહોરે ફરી વાર દીવડાની અંદર વાટ પેટાવી. પતિ ખડખડ હસે છે. પત્ની ધીરું ધીરૂં મલકે છે.

કેમ સાહેબ, આ વાત તમારા ધ્યાનમાં ઉતરે છે?



ફક્ત છ જ આનામાં મનપસંદ

"રીસ્ટવોચ" મેળવવાની યોજના.

અજબ થશો નહી, તદન સાચીજ વાત છે.

અમારી કંપની તરફથી દશહજાર કુપન પાસ કઢાડેલાં છે. તેમાંથી ૬૦૦૦ વેચાઈ ગયાં છે. બાકી ૪૦૦૦ રહેલાં છે.

તેમાંથી દરરોજ વેચાતાંજ જાય છે વહેલો તે પહેલો, મોડું કરશો તો પસ્તાશો. ૧૦,૦૦૦ પુરાં થયે મળશે નહી માટે આજેજ ૧॥ ≈ મોકલી કુપન પાસ [illegible] ગાવો. જે [illegible] દરેક ટીકીટ છ આનાની કીમતે તમારા દોસ્ત બીરાદરોમાં વેચી નાખો [illegible] રૂ. ૧ [illegible] વસુલ થશે તમે જેમને [illegible] તેઓ તેમને અમારી ઉપર રૂા. ૧॥ મોકલવા કહેવું. [illegible] મારી ચાર [illegible] કરનાર દરેક ઘરાક અમારી ઉપર દોઢ રૂપીઆ પ્રમાણે [illegible] મનીઓર્ડર મોકલે એટલે તમારા ચારે ઘરાકને અમે બીજા પાંચ [illegible] કુપન પાસ મોકલશું; અને તમને ૬૦ આના [illegible] એક રીસ્ટવોચ મોકલશું મનીઓર્ડર [illegible] કરેલી ટીકીટનો નંબર [illegible] આંકડા [illegible] આંકડો લખજો એટલે

આંખોને ઉડી વળગે તેવાં મનપસંદ

નીકલનાં, સીલવરનાં, [illegible]નાં, ગોળ, ચોરસ, [illegible], આઠ ખુણાનાં, [illegible] સદાં, સેકન્ડવાળાં, રેડીયમ, છાપનાં વગેરે વિગેરે સારી જાતમાંથી [illegible] એક રીસ્ટવોચ મોકલવામાં આવશે પસંદ નહી પડે તો પાછું રાખવાં [illegible] રાખજો કોઈ [illegible] રીસ્ટવોચ **ગીની** કરતાં નાનું અને બે રૂપીઆભાર વજનમાં છે. પટા પેટી અને ચાર વર્ષની ગેરંટી સાથે આપશું.

તા૦ ક૦— [illegible] વગર જોઈતું હશે તો રૂા. [illegible] મા મળશે.

વી. પી પોસ્ટેજ રૂા ૦—૬—૦ વધારે.

વધુ હકીકત જાણવા માટે અડધા આનાની ટીકીટ મોકલી કેટલોગ મંગાવો.

મનીઓર્ડર મોકલવાનું અને "રીસ્ટવોચ" મેળવવાનું ઠેકાણું:—

દીસાવર એન્ડ કંપની, પાયધુની જંક્શન નં. ૩. મુંબઈ.

વગર હજામે વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ

બાદશાહી સાબુ—સફાઇથી વાળ દુર કરવા માટે જગપ્રસિદ્ધ છે.

બાદશાહી સાબુ—વાપરવાથી ચામડી બળતી નથી અને કાળી પડતી નથી.

બાદશાહી સાબુ—હિંદુસ્તાનમાં હજારો દુકાનો પર મળે છે.

બાદશાહી સાબુ—હરવખતે વાપરવાથી કાંઇ નુકશાન થતુ નથી.

બાદશાહી સાબુ—વાપરવા ખાસ ભલામણ કરવામાં આવે છે

બાદશાહી સાબુ—વાપરનારાઓ સંપૂર્ણ સંતોષ પામ્યા છે અને તેને માટે કલકત્તા તથા કરાચીના પ્રદર્શનમાંથી સોનાના ચાંદ મળેલા છે

બાદશાહી સાબુ—સ્વદેશી સાબુ છે અને મગરૂર થવા જેવું છે કે સ્વદેશી સાહસમાં હિંદુસ્તાનમાં તેમજ હિંદુસ્તાન બહાર સારી નામના મેળવી છે

બાદશાહી સાબુ—ત્રણ ગોટીના બાક્સનો રૂા ૧) પો ૦।
ડઝન ગોટીના ,, રૂા ૩) પો માફ.

ગ્રાહકોને ચેતવણી—બાદશાહી સાબુની વધુ ખપતી જોઇ કેટલાક દગાખોર હલક વેપારી બાદશાહી સાબુ મળેલો હોય છતા તેને બદલે પોતાની બનાવટનો યા બીજી બનાવટનો હલકો માલ વધુ નફો મેળવવા માટે ગ્રાહકોને ઉંધુ સમજાવી આપવાનો પ્રયત્ન કરે છે અને સાબુના બાક્સમાં સરખાપણું હોય છે જેથી અજાણ લોક તેવા દગાખોર વેપારીથી ફસાય છે માટે તેવી બનાવટથી સાવચેત રહેવુ

સી. સી. મહાજન એન્ડ કું.

મુંબઇ નં. ૨





અમદાવાદમાં એકલા જાણીતા સાયન્ટીફીક રીતે આંખો તપાસી ચશ્મા બનાવનારા.



પેશોતન એમ૦ દસ્તુરની કું૦

આંખો સાયન્ટીફીક રીતે તપાસી ચશ્મા બનાવનારા.

પરવર ડી. એન્ડ કુંપની—૫૦૨, ત્રણ દરવાજા—અમદાવાદ

શા માટે સરટીફીકેટ વગરના બીન અનુભવીઓ પાસે હલકા ચશ્મા લઈ આંખો બગાડો છો કે જ્યારે **મી. પેશોતન** તમારી આંખો છેલ્લામાં છેલ્લી રીતથી તપાસી મનપસંદ દરેક કીસમની કમાનોમાં ઉંચામાં ઉંચા ફર્સ્ટ કોલીટી બલ્જીઅન પેબલના તેમજ દરેક જાતનાં કમ્પાઉન્ડ સીલીન્ડર, સાદા તેમજ રંગીન ચશ્મા, બાઇફોકલ ચશ્મા બનાવી આપે છે. તડકાથી તેમજ ધુળથી બચાવવાના પંસ ગોગલ્સ એમ્બુલેટ વગેરે ઘણાજ કિફાયતે મળી શકશે **ઇનશાનની નકલી આંખો** પણ જ સકાઇથી બેસાડી આપવામાં આવે છે

એ માટે મી. પેશોતન પચીસથી વધુ વરસનો અનુભવ ધરાવવા ઉપરાંત સારા સરટીફીકેટો ધરાવે છે, તેમજ ટુંક વખતમાં ગુજરાતના લોકોએ તેમની પાસેથી સારો સંતોષ મેળવ્યો છે એજ એમની ખાત્રી કરી આપે છે. એમની એકજ મુલાકાતથી તમને પૂરતો સંતોષ મળશે.

આંખો માટે અકસીર દવા.

ક્રેનોલ—આંખમાં ફુલું પડયું હોય, ખીલ થયા હોય, પડ બંધાઇ આંખ ઉઘડતી નહીં હોય એ વગેરે માટે આ દવાના બબ્બે ટીપાં વાપરવાથી ટુંક વખતમાં આરામ થાય છે. **કિંમત રૂ ૧.**

પર્લ—નામની દવા બુઢ્ઢા તેમજ જુવાનોને આંખમાંથી ચીકણું વહેતા પાણી, આંખો લાલ થવી, સુજવી, આંખો આવવી તથા તેમાં ખજવાળ આવવી વગેરે દરદોને તરત આરામ કરે છે. **કિંમત રૂ. ૦–૧૨–૦**

ટપાલ ખરચ આગમજથી મોકલી આપવો વી૦ પી૦ થી મોકલીશું.

કોલેજો, હાઇસ્કુલો, કલબો અને જીમખાનાને માટે ખાસ

અમૂલ્ય લાભ અને ઉત્તમ તક

અમારે ત્યાં ક્રિકેટનો તમામ સામાન ટેનીસ રેકેટ, બેડમીનટન, ક્રિકેટ-બોલ, ફુટબોલ વગેરે ઘણી જાતનો અને સારા ઉંચા મેકરનો ઘણીજ કિફાયત કિંમતથી મળી શકશે. એક વખત મંગાવવાથી ખાત્રી થશે.

પરવર ડી. એન્ડ કુંપની.